प्रस्तावना.

કેટલાક સમય પૂર્વે " વચનામૃત " નામે એક લઘુ ગ્રન્થ શ્રીમદ્ મુનિ શ્રી બુદ્ધિસાગરજીએ રચ્યો હતો અને તે પ્રગટ થઇ ગયો છે, તે ગ્રન્થ તથા જુદા જુદા પ્રસંગે જુદા જુદા સ્થાને, તેઓશ્રીએ લખેલા અને પ્રગટ થયેલા લેખો—અમૃત વચનો—આ વચનામૃત ગ્રન્થમાં દાખલ કરી આ ગ્રન્થને શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળાના ૨૨ મા ગ્રન્થ તરીકે મંડળે પ્રગટ કર્યો છે.

ગ્રન્થમાં સમાયેલા વિષયો વાંચકોને જુદો જુદો રસ પ્રાપ્ત કરાવે તેવા છે, તે સાથે ઉપયોગી અને મનનીય છે. ત્યાર બાદ અત્યંત ઉપયોગી એવા ત્રણ ગ્રન્થો કે જેની ત્રણ ત્રણ આવૃત્તિઓ પ્રગટ થઈ છે, તે " ગુણાનુરાગ " " આત્મધર્મ સ્વરૂપ ભાગ ૧ લો " તથા " ભાગ બીજો " આ ગ્રન્થ ભેગા પ્રગટ કર્યા છે.

શેઠ નગીનદાસ કપુરચંદ ઝવેરીના સુપુત્રોએ પોતાના પિતાશ્રીના સ્મરણાર્થે રૂ. ૩૦૦) ની મંડળને સહાય કરી છે, જે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. કારણ કે પોતાના પૂજ્ય સ્નેહીઓનું સ્મરણ આવા ગ્રન્થો દ્વારા રાખવું તે સર્વોત્તમ છે.

સ્વ. શ્રી જ્ઞાનેશ્વરી હતા, તે સાથે ઉત્તમ પ્રતિભાશાળી હતા; તેમના વિ[illegible] કલમે ટૂંકું આપ્યું છે, ત્યાં એક નોંધના મથાળા નીચે જે કંઇ સ્મરણ[illegible] આવ્યું ટૂંકું નોંધ્યું છે, જે તરફ વાંચકોનું ધ્યાન ખેંચી વિરમીએ છી[illegible]

ચંપાગલી, મુંબઈ.
પોષ સુદ ૧
વિરસંવત ૨૪૩૪.

લી.
अध्यात्मज्ञानप्रसारक मं[illegible]

લાખ રૂપીનું ઘણું કામ તેઓ જાહેર કાર્યોમાં ખર્ચ્યું છે, અને તેજ પ્રમાણે ખાનગી કામોમાં પણ લગભગ એકલાખ રૂપિઆ કરતાં વધુ ખર્ચ્યું હોય છે. ખાનગી કામોમાં દેખીતી રીતે પ્રમાણે ન થતાં કામો છે.

૧. પાલીતાણા ખાતે સંવત ૧૯૫૬ ના દુષ્કાળ વખતે હજારો મનુષ્યોને રસ્તામાટે અનાજ પુરૂ પાડી ત્યાંના લોકો વચ્ચે પોતાનું નામ અમર કરી ગયા છે. તેમની ઉદારતાનો લાભ ત્યાં હમેશ મળે છે અને ત્યાગીઓ ને સાધુ વૈરાગીના કાર્યને અનુમોદે છે. આ અવસરે તેમને આશરે રૂ. ૧૫૦૦૦) ખર્ચ થયું હતું.

૨. મુંબઈ શ્રી શાન્તિનાથજીના દેરે શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિમા પધરાવી તેમાં તથા હીરાનો એક મુગટ કરાવ્યો તેમાં રૂ. ૨૦૦૦૦) થયા છે.

૩. મુંબઈ શ્રી શાન્તિનાથજીના દેરે બે આંગીની ઓરડીઓ લાખ છે, તેનાં બારણાં માટે તથા એક મુગટ પણ શ્રી સાગરસંઘનું લખણ છાપ છે તેના ખર્ચ માટે રોકડેથી રૂ. ૧૩૦૦૦) ની રકમ આપેલી છે.

૪. સુરત મધ્યે શ્રીમદ્ મુનિશ્રીમોહનલાલજીની ઇચ્છાનુસાર એક પુસ્તક ભંડાર સ્થાપ્યો છે, તેમાં મકાન અને પુસ્તકોમાં લગભગ રૂ. ૧૫૦૦૦) ખર્ચ્યા છે.

૫. મુંબઈ મધ્યે શ્રીમદ્ મુનિશ્રીમોહનલાલજી સ્મારક ફંડમાં રોક દેવકરણ મુળજી પછી રૂ. ૨૫૦૧) ની રકમ તેઓ તરફથી ભરાણી છે; જે ફંડ હાલ પોણા લાખનું થયું છે.

૬. સુરત પાસે કતાર ગામે દેરાસર અને ધર્મશાળા નવીન બંધાવી છે, જેમાં મુખ્ય કામ ખર્ચેલું છે, તેમાં રોકડનો આવેલની અર્ધી રકમ છે, તે સાથે પ્રતિમા બેસાડવામાં, નોકારસી કરવામાં રૂ. ૧૧૦૦૦ ખર્ચેલ છે.

૭. સં. ૧૯૬૨ માં સુરતખાતે એક જીવ દયા ફંડ રખાવ્યું છે, જેમાં પોતે પ્રથમ રૂ. ૫૦૦૦) ભર્યા છે અને તે ફંડ હાલ પચાસ હજાર રૂપીઆનું થયું છે; જેનાથી જાનવરોનાં કાર્યો થાય છે.

૮. કતાર ગામ ખાતે દર વર્ષે કારતક સુદી ૧૫ મે ત્યાં જતા સંઘને તેઓ તરફથી ભાતું અપાય છે, જે માટે રૂ. ૫૦૦૦) આપેલા છે.

૯. સુરત પાંજરાપોળને રૂ. ૭૦૦૦) ની રકમની જમીન બક્ષીસ કરેલી છે.

૧૦. સુરત મધ્યે શ્રીમનમોહનપાર્શ્વનાથના દેરે માગશર વદ ૧૦'મે શ્રી પાર્શ્વનાથનું જન્મ કલ્યાણક હોવાથી તે દીવસે આંગી પુજા અને સ્વામી વચ્છળ કરવા રૂ. ૫૦૦૦) ની રકમ આપેલી છે.

૧૧. સુરત ગોપીપરા મધ્યે એક નવીન ધર્મશાળા બંધાતી છે, તેમાં રૂ. ૨૦) હજાર ખર્ચ થયા છે, તેમાં અડધી રકમ તેઓ તરફથી અપાએલ છે.

૧૨. પાલીતાણામાં જાત્રાળુઓ માટે એક ધર્મશાળા બંધાતી છે, જેમાં રૂ. ૨૦૦૦૦) અર્પેલા છે.

૧૩. ધર્મચંદ ઉદેચંદ ફંડનું મંદિરોદ્ધાર ફંડમાં રૂ. ૨૫૦૦) આપેલા છે.

હવે જાહેર કાર્યોમાં કરેલ મદદ હમારી જાણ બહાર રહી જાય છે, એમ હમારૂં માનવું છે; કેમકે તેમનાં શુભ કાર્યો હમેશાં ચાલુજ હતાં. દ્રવ્યમાં સુખી હતા તેજ પ્રમાણે પુત્રોના પરીવાર વડે પણ સુખી હતા. મોટા પરીવાર છતાં બધા સંપથી બેઠા છે, એ શેઠશ્રીની પુન્ય પ્રકૃતી કંઈ જેવી તેવી ન કહેવાય. આ ગ્રન્થના પ્રગટાર્થે રૂ. ૩૦૦) ની મદદ તેમના સુપુત્રો તરફથી મળી છે. આવા દાનેશ્વરી નરરત્નો જૈન કોમમાં હજારો જન્મે અને જૈન ધર્મની ઉન્નતીમાં મદદ કરતા રહે, તેમ ઇચ્છીએ છીએ.

મુંબઈ } લી.
ચંપાગલી. } अध्यात्मज्ञानप्रसारक मंडळ.

अनुक्रमणीका.



શ્રીમન્મુનિ શ્રી બુદ્ધિસાગરજી રચિત.

વચનામૃત.

ૐ નમઃ

સંસારમાં અનુપમ સત્ય સુખ અનિત્ય સુખને માટે પ્રયત્ન કરો તે
અનુભવ છે. ખરી સાંસારિક સુખને સત્ય ગણી જીવો પ્રયત્ન કરે છે, અને
કરતે પૌદ્ગલિક સુખની ઇચ્છા આત્માના સુખેની દૃષ્ટિ થતી દેખાવમાં
આવતી નથી. આત્માનું સ્વરૂપ જ્યાં સુધી ભાસ્યું નથી; ત્યાં સુધી હું કોણ
કેમ ભેદ કોણથી થઈ છું તે જાણ્યું જાણે નથી. જડ ચેતનની
ભિન્નતાની પ્રતિ પુદ્ગલને પોતાનું માની તેમાં પોતાનું હિત છે એવી
અવસ્થા હોય છે.

જ્યાં સુધી પૌદ્ગલિક પદાર્થોમાં મારૂં અને મમત્વ બુદ્ધિ રહે છે ત્યાં
સુધી ધર્મ આવે તથા હાથમાં રહેશે એ રીતે શું કરવું!

સ્ત્રી, ધન, કુટુંબાદિ, પરિવારને પોતાનાં માની જડ દૃષ્ટિથી થાય છે. જે
વસ્તુ મારી: હું પોતે આત્મા છું, અજ છું, અવિનાશી છું, સદા શાશ્વત
છું, જે જે પદાર્થોનો સંયોગ થાય છે, તે તે પદાર્થ મારા નથી, હું તે
પદાર્થોથી જુદો છું. હું અનંત જ્ઞાનમય છું અરૂપી છું, સ્પર્શાદિક નથી
અપેક્ષાએ ભિન્ન છું અને પર્યાયોની અપેક્ષાએ હું અનિત્ય છું. આત્મા
પોતાના સ્વરૂપમાં રમણ કરે (ઉપયોગથી) ત્યાર પછી તેને સંસારથી પ્રાપ્તિ થાય
પરમાત્મપદ પ્રાપ્ત થયું છે, તે આત્મ જ્ઞાન થયું છે. આત્મા પોતે વૈરાગ્યથી
વિચારે કે, હું ક્યાંથી આવ્યો? અનાદિકાળથી અનંતવાર ભમ્યો, પુણ્યોદયે
મનુષ્ય શરીર પામ્યો તો વિચાર કે ત્યારે શું કરવું જોઈએ છે. ત્યારે શ્રી
સદ્ગુરુ હવે હું સંસારમાં કેટલો કાળ ભમીશ! સંસારમાં શું સાર
છે? તેની પ્રાપ્તિ કરે છે! જેના માટે તું અહોનિશ પ્રયત્ન કરે છે,
તે વસ્તુઓ ક્ષણિક છે, આ દેખાતું શરીર પણ ક્ષણિક છે. કંઈ સ્થિર નથી.
ક્યાં નથી. ક્ષણ માત્ર એવો પ્રમાદ કેમ કરાય છે. આત્માને
વિચારો કે એવો તે જીવ મરી જાય છે કે, સર્વ મારૂં છે અને હું

તેનો છું એમ પુનઃ પુનઃ માને છે. શત્રુ ઉપર દ્વેષ કરે છે અને મિત્ર ઉપર પ્રીતિ કરે છે. પણ તત્ત્વથી વિચારતાં આત્માનો કોઈ શત્રુ પણ નથી અને કોઈ મિત્ર પણ નથી. પુદ્ગલદ્રવ્યથકી આત્મદ્રવ્ય ભિન્ન છે. પુદ્ગલ દ્રવ્યનો જડ સ્વભાવ છે અને आत्मद्रव्यनो જ્ઞાનાદિ સ્વભાવ છે. તત્ત્વથી વિચારતાં જડ વસ્તુ ઉપર आत्मद्रव्य અહંભાવ ધારણ કરે તે કેવું અજ્ઞાન!

જે મહાત્માઓ સિદ્ધિપદ પામ્યા છે તે પુદ્ગલ ઉપરથી **ममताभाव** ઉતારવાથી પામ્યા છે. અને જે જીવો ચાર ગતિમાં ભટકે છે તે પુદ્ગલ વસ્તુને "મારી માનવાથી" ભટકે છે.

સોનું, રૂપું વગેરેની વૃદ્ધિથી જે જીવો હું મોટો છું અને મારા સમાન કોઇ નથી એમ મનમાં ધારે છે તે જીવો ભૂલ કરે છે.

રાગ, દ્વેષ, અદેખાઇ, મમતા, નિંદા, એ સર્વેનું ઉત્પત્તિ સ્થાન પુદ્ગલ વસ્તુ છે. પુદ્ગલને પોતાનું જે ભવ્યો માનતા નથી તેનો કોના ઉપર રાગ થાય? અને કઈ વસ્તુ ઉપર દ્વેષ થાય? પોતે મનમાં વિચારે કે હું કોના ઉપર દ્વેષ કરૂં? જે વસ્તુ ઉપર દ્વેષ કરૂં છું તે વસ્તુ પુદ્ગલ છે કે ચૈતન્ય છે એમ વિચારતાં આત્મા, બાહ્ય પ્રવૃત્તિથી શાંત પડશે. અને તેને વિચાર થશે કે અહો સંસારમાં હું કેટલી ભૂલ કરૂં છું!

શું પુત્રો મારૂં ભલું કરવાના છે? કદાપિ નહીં. કોઇ કોઇનું ભલું કરવા સમર્થ નથી. શું મારે આ દેખાતું ઘર, સ્ત્રીઓ, હવેલીઓ, દુકાનો કુટુંબ પરીવાર મરતી વખતે સાથે આવશે? કદાપિ નહીં આવે. આત્મા એકલો પરગતિમાં જશે, અને એકલો પરગતિમાં સુખ ભોગવશે. આ દેખાતી વસ્તુઓમાંથી કોઇ વસ્તુ સાથે આવનાર નથી. આ સંસાર અસાર છે. તે દિવસને હું ધન્ય માનીશ કે જ્યારે હું વૈરાગ્ય ભાવે સંસાર ત્યાગી, આત્મ સ્વભાવમાં રમીશ. તે દિવસને હું ધન્ય માનીશ કે, જ્યારે આત્મતત્ત્વની પ્રાપ્તિમાં મારૂં ચિત્ત લાગશે. આ સંસારમાં કેવલ દુઃખનો પ્રાગ્ભાર છે. ફક્ત એક આત્મહિત કરવું તેજ સાર છે. આત્મા હવે કેમ આળસ કરે છે? શું સંસારમાં અમર રહેવાનો છું? તારી પરભવમાં શી ગતિ થશે? **चेत चेत काळ झपाट्टा देत.** તું ક્યાંથી આવ્યો અને ક્યાં જઇશ તે વિચાર. આયુષ્ય સમયે સમયે ઘટે છે. **धर्म कर धर्म कर.**

પરમાત્મા સદૃશ અંતરાત્મા જાણે છે કે હું અરૂપી છું, અજર છું, અવિનાશી છું, અખંડ છું, અનાદિ છું. અનંતસુખમય છું, શરીર, મન, લેશ્યા, વાણી તે થકી હું ભિન્ન છું. છતાં પણ અનાદિકાળથી ચેતન પરભાવયોગે ભૂલ કરે છે. ભાગ્યેજ આત્માને ભવનો ભય લાગતો હશે. પૌદ્ગ-

ચિર સુખમાં ભ્રમ થયેલો આત્મા, પોતાને ઓળખવા કરવાં આપ્યો અને છે અને ધર્મ અર્થ તરફ લક્ષ આપતો નથી. જ્યારે હું અમર છું એવા સ્થિરતાથી દૃઢ સંસ્કાર કરી કલ્પિત વસ્તુઓમાં આત્મા, અહંના ભાવે સહુ માત્ર ધારણ કરે છે. સ્ત્રી, પુત્ર, ધનાદિક પરવસ્તુઓના લોભે કરી આત્મા, ક્રોધ, માન, માયા, આદિ કષાયોની પરંપરાને વધારી કર્મથી ભારે થાય છે, શરીરમાં રહેલા આત્માનેજ એમ પૂછે કે, હે ચેતન તને સંસાર ખારો લાગે છે કે મુનિ! જો સંસાર ખારો લાગ્યો હોય તો તું ઇષ્ટ કર્ષિતત્વ સમજ્યો નથી એમ જણાય છે. અને જો તને મુક્તિ પામવાની ઇચ્છા હોય તો કેમ પરવસ્તુને પોતાની માની મુક્ત છે! લાભ દેખીને નાશ થાય તેમ કેમ પ્રવૃત્તિ કરતો નથી! જળમાં જો કમળ રહે છે તોપણ તે જળથી ન્યારું રહે છે, તેમ તારી ઇચ્છા કેમ થતી નથી! ઘડીમાં રોઇ કરે છે, ઘડીમાં હસે છે. એમ જુદા જુદા ભાવ ધારણ કરે છે એ સર્વે બહિરાત્મપણાનું લક્ષણ છે. પરની નિંદા કરવી, આરંભ કરવી, એ સર્વ બહિરાત્માનું લક્ષણ છે. પરમાં આત્મપણાની બુદ્ધિ થાય છે, તેનો ત્યાગ કર. અને આત્મામાં અનંત સુખ છે, તે પોતાનું છે, તેમ નિશ્ચય કર. જે જે વસ્તુઓ આંખે દેખાય છે, તે થકી હું ન્યારો છું. એમ પુનઃ પુનઃ મનમાં આવનાર હશે તેથી પણ અમર થકી વિચાર, કે મારી કોઇ નિંદા કરે છે. અમર મને બચાવે છે, અમર આ કોઇ ભૂંડું કરે છે. એ સર્વે આત્માને ધરે કે પુરુષને ધરે! આત્માની નિંદા કરવાને કોઇ સમર્થ નથી આત્માનું કોઇનાથી શું થવાનું નથી. નિંદા અથવા સ્તુતિ એ શરીરની ઉપાધિ છે. ચિદ્ પરમાત્માની કોઇ નિંદા કરો અથવા સ્તુતિ કરો, પણ તેથી ચિદાનંદ રૂપોને નિંદા અથવા સ્તુતિથી કંઇ પણ નથી. તેમ આત્મા ધરે તો તેને પણ છે. શરીરમાં ભાડૂતે રહેલો આપણો આત્મા, શરીર એકલો ક્યારે ત્યાગ કરશે, અને અશરીરી ક્યારે થશે! એ આત્મા ક્યાં સુધી પંચ પ્રકારનાં શરીરરૂપ કેદખાનામાં પડેલો છે, ત્યાં સુધી [illegible] સ્વપદ મુનિપદ કેવી રીતે મેળવી શકે! જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી કર્મનું કામ કરીને કરી શરીર અને શરીરથી ઇંદ્રિય સુખ દુઃખનો ઉત્પન્ન અને પાછાં તેજ શરીર, કર્મ એમ અનંતકાળથી થતું આવ્યું છે. અને ઇષ્ટ ક્યાં સુધી થશે! જ્યાં સુધી આત્માએ શરીરનો સંબંધી ભાવ પરવસ્તુથી મોહબુદ્ધિ છે, ત્યાં સુધી અંતરથી મોક્ષ કરી શકે તો નહિ જવું શક્ય! બહિરાત્મ અવસ્થામાં આત્મા ભટકે છે, તેને દુઃખો સહન કરવા પડે છે. જેમ જેમ સમ્યક્ત્વ, પરમ આત્માનું ધ્યાન ધરે

છે, તેમ તેમ આત્માને અનહદ સુખ ઉત્પન્ન થાય છે, તે પોતે જાણે છે. બીજાને કહેવું અશક્ય છે. સ્વાનુભવ પ્રમાણ ભૂત છે. અમુક શત્રુ છે, અમુક મારૂં હિત કરનાર છે; એ પ્રત્યય પણ જૂઠો છે. આત્મા સર્વે સિદ્ધ સમાન છે, ભિન્ન ભિન્નપણું દરેક જીવોનું દેખાય છે. તે કર્મથકી છે. કર્મ કલંક, આત્માથકી ટળતાં અંતરાત્મા તેજ પરમાત્મા રૂપે થતાં પશ્ચાત્ કોઇનું ધ્યાન કરવાની જરૂર પડતી નથી. પરમાત્મપદ એજ હિતકારી છે પરમાત્મપદ પામવા દરેક જીવો ઇચ્છા કરે છે. પરમાત્માનું સ્મરણ કરે છે. પણ પરમાત્મા કોને કહેવા? તે કેવા છે? પરમાત્મા અને તારામાં શો ફેર છે? પરમાત્મપણું આત્મામાં રહેલું છે કે-બીજે ઠેકાણે ઇત્યાદિ વિશેષ સ્વરૂપ સમજતાં, પરમાત્મપણું આત્મામાં ભાસતાં આત્મા તેજ પરમાત્મા રૂપે થશે. इति.

હવે આત્મા સંબંધી વિવેચન કરતાં કહેવાનું કે, આત્મા તેજ પરમાત્મા રૂપે થાય તેજ આત્માની મુક્તિ જાણવી. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં કર્મ લાગ્યાં છે. તે પ્રદેશોથકી કર્મને છૂટા પાડવા માટે શ્રી તીર્થંકર મહારાજાએ ધર્મના બે પ્રકાર બતાવ્યા છે. ૧ શ્રાવક ધર્મ. ૨ સાધુ ધર્મ. શ્રાવકને બાર વ્રત પાળવાનાં હોય છે. અને સાધુ મહારાજાને પંચમહાવ્રત પાળવાનાં હોય છે. એ બે પ્રકારના ધર્મ, તીર્થંકર મહારાજાએ કેવળજ્ઞાનથી કથન કર્યા છે. માટે મુક્તિ અભિલાષી ભવ્યજીવોને તે બે ધર્મમાંથી કોઈ પણ ધર્મ આદરવા યોગ્ય છે. કારણ કે જાણ્યાનું ફળ વિરતિપણું છે, અને વિરતિનું ફળ કર્મની નિર્જરા છે, અને નિર્જરાનું ફળ મોક્ષ છે, એમ તીર્થંકર મહારાજા કહે છે. જે જીવો છતીશક્તિએ વિરતિપણું આદરતા નથી તેઓએ જાણ્યાનું ફળ મેળવ્યું નથી. જે જીવોએ જૈન ધર્મને ઓળખ્યો છે, ધર્મની શ્રદ્ધા કરી છે તેમને જો વિરતિપણું પ્રાપ્ત થશે નહીં તો બીજા કોને થશે? પુરૂષાર્થપણું ફોરવે નહી તો પછી શી રીતે કર્મનો નાશ થઇ શકે? આળસુ થઇને બેશી રહેવાથી કાર્ય સિદ્ધ થતું નથી. આત્મામાં તિરોભાવે અનન્ત શક્તિ રહેલી છે. પુદ્ગલદ્રવ્ય કરતાં પણ આત્માની શક્તિ અનન્ત છે. તે શક્તિ, ઉદ્યોગ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. જેમ જેમ આત્મા આત્મસ્વભાવે રમે છે અને પરભાવનો ત્યાગ કરે છે, તેમ તેમ કર્મોનો નાશ થાય છે અને કર્મ નાશ થતાં આત્મ શક્તિ પ્રકટ થતી જશે. એ આત્મશક્તિ આત્મામાં છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, પણ આત્મામાં છે. જ્ઞાનાદિક ગુણો આધેય છે અને આત્મ આધાર છે. આત્માને છોડી જ્ઞાન બીજે ઠેકાણે રહેતું નથી, કારણ કે ગુણ, ગુણિને છોડી બીજે ઠેકાણે રહેતો નથી. આત્મામાં રહેલ જ્ઞાનગુણની એવી શક્તિ છે કે,

લોકાલોકનું સ્વરૂપ સમ્યક્ રીતે જાણી શકે છે, પણ આત્મા હાલ શું કરે ! કર્મથી ઘેરાએલો છે તેથી આત્મા પોતે રાંક જેવો બની ગયો છે. દરેક આત્માઓની સ્થિતિ તો જુઓ. કેવી કેવી પુદ્ગલોની આકૃતિઓ ધારણ કરી આત્માઓ શરીરને વિષે રહ્યા છે. વસ્તુતઃ વિચારી જોતાં પુદ્ગલ સ્વરૂપ શરીરો વિનાશી છે. આત્માઓએ એવાં અનંત શરીરો ધારણ કર્યાં. ચૌદરાજ લોકમાં એવી કોઈ જગ્યા નથી કે જ્યાં આત્મા ગયા વિના રહેલો હોય. આ આત્માએ ચૌદરાજ લોકમાં રહેલા પુદ્ગલ દ્રવ્યોને આહારપણે પરિણમાવ્યા તોપણ હજી આત્મા, પુદ્ગલ રૂપ એકથી જુદો થાય છે. અહો ! આત્માની કેવી સ્થિતિ ! સંસારમાં રહેલા અનંત જીવોની સાથે દરેક દરેક જીવ સાથે આત્માએ અનન્ત વાર સગપણ કર્યાં. દુનિયામાં જેટલી જાતિ કહેવાય છે તેટલી સર્વ જાતિમાં આત્મા ઉત્પન્ન થયો, આત્મા બટાટા રૂપે થયો, આત્મા લસણ રૂપે થયો, આત્મા ડુંગળી રૂપે થયો, આત્મા ઝાડ રૂપે થયો, આત્મા જાનવર રૂપે થયો, આત્મા જલચર રૂપે થયો. આત્મા, દેવલોકમાં ઉત્પન્ન થયો. નરક ગતિમાં જઈ આવ્યો. ચારે ગતિમાં અનંત અનંત વાર વિચિત્ર શરીર ધારણ કરી આત્મા ભટકતો ભટકતો અત્યંત દુઃખ પામ્યો. હજી પણ ચાર ગતિના ફેરા ટળ્યા નથી તોપણ આત્મા તો ધન, સ્ત્રી, પુત્ર, ઘર, હાટ વગેરે ને પોતાનું માની પોતાનું આત્મહિત વિસરી ગયો, તે પોતાની ભૂલ હે આત્મા, તું પોતે દેખ.

આત્મા પોતે વિચારે કે, સારાં નરસાં જે કર્મ તું કરે છે તે તારે ભોગવવાં પડશે. સૂત્રકૃતાંગ સૂત્રમાં કહ્યું છે કે—एक्को करेइ कम्मं, फलमवि-तस्स इक्क समणुहवइ, एक्को जायइ मरइ य, परलोयं एक्कउ जाइ—ભાવાર્થઃ- એકલો જીવ કર્મ કરે છે, અને તેનું ફળ પણ જીવ એકલો ભોગવે છે. એકલો ઉત્પન્ન થાય છે અને એકલો મરે છે, અને પરલોકમાં પણ એકલો જાય છે; પણ સગા સંબંધી કોઈ સાથે આવતું નથી. આત્મા, ઉદાસીન ભાવે વિચારે તો આ સંસારમાં સર્વ વસ્તુઓ વૈરાગ્યનું કારણ છે. દરેક વસ્તુથી વૈરાગ્ય થઈ શકે. કહ્યું છે કે यथाप्रकारा यावन्तः संसारावेशहेतवः तावन्तस्तद्विपर्यासाः निर्वाणावेशहेतवः ॥ ભાવાર્થ, જેટલા પદાર્થો દેખવાથી સંસારની વૃદ્ધિના કારણો થાય છે તેટલાજ પદાર્થો મોક્ષ સુખ પ્રાપ્તિના કારણ ભૂત છે. આ સંસાર, સ્વપ્નમાં દેખાએલી વસ્તુના જેવો ક્ષણિક છે. स्वप्ने दृष्टं यथा पुंसः, क्षणनाशं सुखादिके। प्रबुद्धस्य न तत् किंचित्, तथैव विरक्ते सुखम् ॥—ભાવાર્થ, સ્વપ્નમાં કંઈ સારી વસ્તુ દેખવામાં આવે તો તે જેમ ત્યાં સુધી સ્વપ્ન રહે છે ત્યાં સુધી સુખના માટે થાય છે,

તેમ આ સંસારમાં વિષયોથી થયેલું સુખ પણ થોડી વાર રહે છે, અને અંતે દુઃખજ ભોગવવું પડે છે. ખસની ચળથી ખણવાથી આત્માને જરા સારૂં લાગે છે, પણ પશ્ચાત્ ખસની વૃદ્ધિ થવાથી દુઃખ ભોગવવું પડે છે. જ્યાં જીવ, અત્યંત સુખની આશાથી રાગ કરે છે ત્યાં કોઈ વખત દ્વેષ પણ થાય છે. સંસારમાં સૌ સ્વાર્થનું સગું છે.

दुहा.

स्वार्थीयों संसार त्यां, सुखनी क्यांथी आश;
स्वारथ आप स्वरूपनो, करतां कर्म विनाश. ॥ १ ॥
स्त्री धन माहरुं माहरुं, करतो जीव दुःख पाय;
मारुं माहरी पास एम, समजंतां शिव पाय. ॥ २ ॥
पर पुद्‌गलनी आशमां, जीव भटके निशदिन;
पण आशा वयुं सिद्धशे, कर्म गति ज्यां हीन. ॥ ३ ॥
चेती शके तो चेत ले, जावे फोगट काल;
मृत्यु माथे गाजतुं, तेनो कर तुं ख्याल. ॥ ४ ॥
राजा रंक मरी गया, तुं पण जाइश भाइ;
अंध थइ संसारमां, मोघो करे सगाइ. ॥ ५ ॥
धर्म कर्म एक सार छे, ते तुं हृदये धार;
आत्मस्वभावे स्थीर थइ, शाश्वत शिव घर प्यार. ॥ ६ ॥

આ સંસારમાં મનુષ્ય દેહે જીવ જ્યારે માતાના ઉદરમાં ઉત્પન્ન થયો, ત્યાં ગર્ભનું દુઃખ અનંત ભોગવ્યું. ઉંધે મસ્તકે આ જીવ માતાના પેટમાં રહ્યો. ત્યાં બોલી પણ શકાય નહીં. વિષ્ટા અને મૂત્રમાં આ જીવ લપટાઇ રહ્યો હતો, અને હાલ તે દુઃખ વિસરી ગયો. બાલ્યાવસ્થા પણ અજ્ઞાન દશામાં ગાળી. જીવ શી વસ્તુ છે? જીવ ક્યાંથી આવ્યો અને ક્યાં જશે? મારી સાથે શું આવશે? તેનો વિચાર બાલ્યાવસ્થામાં થઇ શક્યો નહીં. યુવાવસ્થા જીવે પ્રાપ્ત કરી, પણ હજી તત્ત્વની વાત ઉપર જીવ લક્ષ આપતો નથી. અરે, હવે ક્યારે તત્ત્વનો વિચાર જીવ કરશે, અને એની પરભવમાં શી ગતિ થશે? ક્રોધ, માન, માયા અને લોભ તો આત્માને વારંવાર છેતરે છે. આત્મા છેતરાય છે, પણ આત્મા! તું હવે વિચાર કે એ, કષાયના યોગથી તું ચાર

ગતિમાં ભમે છે. અનાદિ કાળથી એ તારી સાથે લાગ્યા છે. એ કર્મ અભવ્ય જીવ આશ્રી અનાદિ અનંતમાં ભાંગે છે. ભવી જીવ આશ્રી અનાદિ સાંત ભાંગે છે. સંસારનું મૂળ કર્મ છે. કર્મ રૂપ બીજનો નાશ થવા આખા સંસારનો નાશ થવાનો. ચાર ગતિરૂપ જે સંસાર છે તેનો કોઈ દિવસ નાશ થતો નથી પણ ચાર ગતિરૂપ સંસારમાં ભટકવાનો નાશ થાય છે એમ સમજવું. મનુષ્યને પણ અને રાગ દ્વેષાદિ નાશ થાય તેમ કરવાનું છે. શ્રી વીતરાગ એક ઉપાધ્યાય કરે છે. ઘણી વાર ઘણા પાપનો નિશ્ચય મ મનાયે ધાર, ત્યાં કોઈને કેવું, પરંતુ કોણ દરકાર. ॥ ૬ ॥ ઉપદેશ ભગવંતે કથન કરેલાં તત્ત્વો જાણી સારી આદરવા યોગ્ય હોય તેને આદરવાને યોગ્ય હોય તેનો ત્યાગ કરવો. આ તીર્થંકર મહારાજાએ અનન્ત ઉપને જે વસ્તુનું જેવું સ્વરૂપ જાણ્યું તેવું પ્રકાર્યું છે. નિગોદાદિનું સ્વરૂપ આપણે દેખી યુક્તિપૂર્વક સમજવામાં આવે નહીં તોપણ સત્યમય તે જાણવું. અહો!! વિચારો કે, તીર્થંકર મહારાજાના વચનો સાંભળી સમજી પ્રભુ, નિંદા વગેરેમાં નગમો વચન આવ્યું તો પછી જાણવું તે પણ નહીં જાણવા જેવું થશે. કાલ જે શુભ કૃત્ય કરવાનું હોય તે આજ કરી લેવું. ઘડી એકનો ભરોસો નથી. સમયે સમયે કરી આયુષ્ય ઘટતું જાય છે. વચન વહી જશે. મનનું ચિન્તવ્યું મનમાં રહેશે માટે હે ચેતન! પ્રમાદાદિ નિદ્રાનો ત્યાગ કરી તારું ભલું કરવા ઉઠ. તારું ભલું તારા વિના બીજાથી થવાનું નથી. આ દેહ પાંચે છે તે પડેશે તું શું કામ કરવો હતો ! સારૂં કે ખોટું ! તે કામ પરમાત્મા રૂપે આવશે કે નહીં ! એક દિવસમાં સર્વેની પણ ત્રણ અવસ્થા થાય છે. તો તું ચેતન મનમાં વિચાર કે, તારી ઘડી પછી કેવી અવસ્થા થશે. આયુષ્યનો ભરોસો નથી. દાન, શીયળ, તપ, ભાવ, એ ચાર ભેદે કરી ધર્મ આરાધન કરી લે. એજ સાર છે.

દાન, શીયળ તપ અને ભાવના એ ચાર પ્રકારે ધર્મનું સાધન કરવું તે પણ પરમાત્મપદ પામવાને માટે. પરમાત્મપદની આકાંક્ષા રાખી ધર્મ કૃત્ય કરવું સફળ થાય છે. કીર્તિદાન, ઉચિતદાન, આ બે પ્રમાણે પણ ઘણી વાર કર્યું તેનો પાર આવ્યો નથી. અને આત્મા હજી ભમે છે તેનું કારણ પણ તેજ છે. અભયદાન અને સુપાત્ર દાન થકી આત્મા પરમાત્મપદ પામી શકે છે. અભયદાન બે પ્રકારે છે. ૧ દ્રવ્ય અભયદાન, ૨ ભાવ અભયદાન પ્રાણીઓના પ્રાણનું રક્ષણ કરવું અર્થાત્ પ્રાણીઓને મારતાં અટકાવવાં તેને દ્રવ્ય અભયદાન કહે છે. જ્ઞાનનો અભ્યાસ કરાવવો, જીવોને આત્માના સ્વરૂપની સમજણ પાડવી, નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, સાતનય, સપ્તભંગી વગેરેનું સ્વરૂપ

સમજાવવું, અને કુદેવ, કુગુરૂ અને કુધર્મની ખરાબ પ્રવૃત્તિ, જીવોને લાગેલી છે તેનો ત્યાગ કરાવવો, તેને ભાવ अभयदान કહે છે. વળી अभयदानના બે ભેદ છે. ૧ स्वअभयदान ૨ परअभयदान.

પોતાનો આત્મા मिथ्यात्व, अविरति, कषाय અને ત્રણ યોગે કર્મ ગ્રહણ કરતો ચાર ગતિમાં ભટકે છે. તેનું કારણ ઉપરના હેતુઓ છે. મિથ્યાત્વાદિક શત્રુઓ અનાદિ કાળથી આત્માને ચાર ગતિમાં રખડાવે છે. અને मोक्ष જતાં અટકાવે છે. સર્વ સંસારી જીવોના તે શત્રુઓ છે. એ શત્રુઓનો ત્યાગ કરવો તે પોતાના આત્માને अभयदान આપ્યું કહી શકાય છે. વળી બીજા પણ યોગ્ય જીવોને આત્માનું સ્વરૂપ સમજાવવું, અને ભવ્યોને સત્બોધ આપવો, કે ભવ્ય જીવો તમો કર્મના યોગે ચોરાશીલાખ જીવયોનિમાં ભટકો છો. અને તે કર્મ બંધનું કારણ પણ मिथ्यात्व, अविरति, कषाय, અને त्रण योग છે. એનો તમો ત્યાગ કરશો, અને સ્વસ્વભાવે રહેશો તો તમો પોતપોતાના આત્માઓને લાગેલાં કર્મ દૂર કરી શકશો, એમ બીજાઓને કહેવું તે पर अभयदान જાણવું. ધર્મ ધર્મ પોકારતું સર્વ જગત્ ફરે છે. પણ ધર્મનો સાર વિરલા જાણી શકે છે. શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે, स्वगुण रक्षणा तेह धर्म, स्वगुण विध्वंसणा ते अधर्म। भावअध्यात्म अनुगत प्रवृत्ति, तेहथी होय संसार छित्ति ॥ १ ॥ આત્માના જ્ઞાનાદિ ગુણોનું રક્ષણ કરવું, અર્થાત્ કર્મના આચ્છાદનથી આત્માના ગુણો ઢંકાયા છે, તે જ્ઞાનાવરણીયાદિ કર્મનો નાશ કરવો, અને પોતાના ગુણોનો કર્મથકી નાશ થવા દેવો નહીં, તેનું नाम धर्म છે. જો કે आत्माना ગુણોનો નાશ થતો નથી, તોપણ કર્મની વર્ગણાઓવડે આત્માના ગુણો, પોતપોતાનું જે જે કાર્ય છે, તે તે બજાવી શકતા નથી. તેની અપેક્ષાએ ગુણોનો નાશ સમજવો. જેમ સૂર્યના પ્રકાશનું આચ્છાદન વાદળાં કરે છે, પણ તેથી કંઈ સૂર્યનો પ્રકાશ સર્વથા નાશ પામતો નથી. કર્મનો એવોજ સ્વભાવ છે કે તે આત્માના ગુણોનું આચ્છાદન કરે છે. દરેક આત્માઓ, કર્મના યોગે ભવમાં ભટકે છે. એ કર્મ બીજ બળી જાય છે તો ઉપાધિ સર્વ ટળી જાય છે. એ કર્મની ઉપાધિથી જન્મ જરા મરણ વગેરે અનેક દુઃખો આત્મા પામે છે. અનંત શક્તિનો ધણી આત્મા છતાં બિચારો અહો આ શરીરમાં વસ્યો છે. કેવી વિટંબણા! કર્મની ગતિ ન્યારી છે.



दुहा.

न्यारी कर्म गति जिहां, उद्यमथी शुं थाय;
पण उद्यम करवा थकी, भावी सर्व पलाय. ॥ १ ॥
उद्यम खड्ग कर ग्रही, कर्म रिपु कर नाश;
नाश कर्म रिपु थया, सदा त्रिभुवन दास. ॥ २ ॥
खातुं पीतुं पहेरतुं, रमतुं भमतुं दुःख;
आशे आप विचारतां, होवे शाश्वत सुख. ॥ ३ ॥
बहिरातम भावे सदा, जीव भटके संसार;
अन्तर आतम पद लही, पामे भवजल पार. ॥ ४ ॥

કોઇ સુખની આશાએ દેશ વિદેશ ગમન કરે છે, દાસપણું કરે છે, રાત્રિ દિવસ સુખની આશાએ મનમાં અનેક પ્રકારની ચિન્તાઓ કરે છે, અનેક પ્રકારના વ્યાપારો કરે છે; પણ પુરૂષ યોગે સમજણ થાય તો સમજી લેવું કે, આ દુનિયામાં દ્રવ્ય પદાર્થમાં સુખ નથી પણ દ્રવ્ય પદાર્થો પૌદ્ગલિક સુખનું સાધન છે. આત્મા, દ્રવ્ય પદાર્થ થકી અળગો છે. દ્રવ્ય પદાર્થ પૌદ્ગલિક સુખનું કારણ છે. પૌદ્ગલિક સુખ સાદિ સાંત ભાંગે છે પૌદ્ગલિક સુખથકી આત્માને ખરી શાંતિ થતી નથી. કારણ કે પૌદ્ગલિક સુખનો અનુભવ તો આત્માએ અનન્તવાર દેવલોક વિગેરેમાં કર્યો પણ તે થકી આત્મા શાંતિ પામ્યો નહીં. શાંતિ પણ પામવા યોગ્ય તો સહજ શુદ્ધસ્વરૂપ છે. પુણ્ય અને પાપનો સર્વથા ક્ષય થયેથી તાત્વિક સુખ આત્માનું પ્રકાશી છે. તાત્વિક સુખ આત્માને વિષે પ્રગટ થયેથુ સાદિ અનન્તમે ભાંગે છે. અન્યથા. પહેલાં જે તાત્વિક સુખ તિરોભાવે હતું. તેનું આવિર્ભાવે થવું. તેનેજ સુખ ઉત્પન્ન થયું એમ વ્યવહાર છે. બાહ્ય પદાર્થોમાં સુખ નથી એવી દૃઢ ભાવના આત્મામાં કરવી. બાહ્ય પદાર્થોના ઉપભોગમાં દુઃખ છે એવી દૃઢભાવના આત્મામાં કરવી. એ બે પ્રકારની ભાવનાઓનું વારંવાર સ્મરણ કરવું અને એમ કરવાથી આત્માની પરભાવમાં પ્રવૃત્તિ થશે નહીં. પ્રવૃત્તિ ત્રણ પ્રકારની છે ૧ દુષ્ટ પ્રવૃત્તિ. ૨ શુભ પ્રવૃત્તિ. ૩ પરમાર્થ સંવરપ્રવૃત્તિ આ ત્રણ પ્રવૃત્તિઓથી હાલ પણ પ્રાણિ દુષ્ટ સ્વભાવે કર્મ કરે છે, અર્થાત્ દુષ્ટ પાપ પ્રવૃત્તિમાં પ્રવર્તે છે. હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ, ક્રોધ, માન, માયા, લોભ, ખેદ, મત્સર, નિંદા વગેરે પાપ પ્રવૃત્તિ દુષ્ટ આત્માથી કરી અશુભ કર્મ ઉ.

સંચય કરી નરક નિગોદમાં દુઃખનો અનુભવ કરવા જાય છે. દાન, તપ શુભ ભાવરૂપ પ્રવૃત્તિ, જીવ કરતો છતો સારી ગતિમાં જાય છે. અને ત્યાં પુણ્યનાં ફળોયાં ભોગવી અવર ગતિમાં ઉત્પન્ન થાય છે. પુણ્ય અને પાપ પ્રવૃત્તિઓનું સ્વરૂપ ચેતન સમજ્યો ત્યારે તે આશ્ચર્ય પામી મનમાં વિચારવા લાગ્યો કે અહો! અહીં મેં બે પ્રકારની પ્રવૃત્તિમાંજ ભવોભવ ગાળ્યા છે. અનાદિ કાળથી એ બે પ્રવૃત્તિઓ મેં આદરી છે. હજી પણ હું તેમને વળગી રહ્યો છું. એ બે પ્રવૃત્તિઓ હેય છે. પુણ્ય અને પાપનેજ લક્ષી જે હું પ્રવૃત્તિ કરૂં છું. તે યોગ્ય નથી એમ કરતાં હું સંસારમાંથી છુટી શકીશ નહીં, કારણ કે એ બે પ્રવૃત્તિઓ સંસાર વૃક્ષના મૂળ સમાન છે. હવે ત્યારે ચેતનને મનમાં થાયું કે; ત્યારે એ બે પ્રવૃત્તિઓનો ત્યાગ કરી પરમાર્થપ્રવૃત્તિ કે જે ઉત્કૃષ્ટ અર્થ મોક્ષ તેના માટે પ્રવૃત્તિ કરવી તે યોગ્ય છે. તે પરમાર્થ પ્રવૃત્તિ કરતાં પહેલાં અહંકાર, મમકાર, નિંદા, આપવડાઇ, પરદોષકથન, સાંસારિક મોટાઈ, ક્લેશ, દુષ્ટ વચન વદવું, મનમાં માઠું ચિંતવવું, અદેખાઈ, કુડકપટ, લોભ, મોહ, ઇત્યાદિ દોષોનો ત્યાગ કરી શુદ્ધ [illegible] માત્મા, પરમાર્થ પ્રવૃત્તિ કરી શકે છે. વૈરાગ્ય, શમ, ક્ષમા, નિર્લોભતા, ઉદાસીનતા, અહિતાત્મભાવનો ત્યાગ, દેવ ગુરૂ ધર્મની શ્રદ્ધા, મોક્ષની ઇચ્છા, ઇત્યાદિ ગુણો પ્રાપ્ત થતાં આત્મા તે પરમાર્થ પ્રવૃત્તિવન્ત થાકે યદી શુદ્ધ પરમાત્મ સ્વરૂપ પોતાનું પોતાનામાં પ્રગટાવી જન્મ મરણાદિ રોગોનો ત્યાગ કરી શાશ્વત શાન્તિપદ જે મોક્ષ તેમાં વિરાજે સર્વતત્ત્વદર્શીનો અધિકારી બને છે. સાધનતત્વનું મુખ્ય કારણ પરમાર્થ પ્રવૃત્તિ છે. વીતરાગ આજ્ઞા મુજબ પુણ્ય પાપ પરિહારક શુદ્ધ ચારિત્રની કરણી રૂપ પરમાર્થ પ્રવૃત્તિને પામેલા જીવો અનન્ત મુક્તિમાં ગયા, જાય છે, અને જશે. ઉપાદેય તેજ છે.

આત્મતત્ત્વવિત્ મહાત્માઓએ મોક્ષતત્ત્વ ઉપાદેય જાણી પરમાર્થ પ્રવૃત્તિથી તે પરમાત્મતત્ત્વ હૃદયે સ્થિર સ્થાપ્યું. હિતાહિત જાણનાર કૃત્યાકૃત્ય જાણનાર આત્મા છે. ચાર ગતિમાં ફરનાર પણ આત્મા છે ચારગતિથી છુટનાર પણ આત્મા છે. એ આત્મતત્ત્વ શુદ્ધ નિર્મળ થાય તેમ સાનુકૂળ ક્રિયા, દાન, તપ આદિનું આરાધન કરવું જોઈએ. આ જગતના વ્યવહારથી મનુષ્યો સુખનાં સાધનભૂત, લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, ધન, યશ, મેડી, ગૃહ, શિષ્ય વગેરે પ્રાપ્ત કરવાને જીવ પુનઃ પુનઃ ઇચ્છા કરે છે. તથાપિ સર્વને તે સર્વથી શા હેતુથી ભળ્યું શાન્ત નથી અને મોક્ષ નથી તે તે શી રીતે મળે તેનો યોગ્ય વિચાર વિવેક દૃષ્ટિ કરીને ઉપાદેય હેયનું વિચારવું. તથા આ લોકમાં

મેરૂને પિંડાલ ઉત્તવાની આશા જ્યાં સુધી શમાતું નથી. અને ઇચ્છા વિના પ્રભુને ખીલારૂં ધો છે. તો એ જીવન મરણ વાધી મળે છે અને જીવન મરણ વાળી ટળે છે. તેનો જ્ઞાનદૃષ્ટિથી વિચાર કરી આશય સ્પીતિ કામ કરવા પ્રયત્ન કરવો જોઇએ. કોઇ વચન આત્મા શીઘ્ર કરે છે. કોઇ વચન દમે છે, કોઇ વચન રૂદન કરે છે. તેનું મુખ્ય કારણ શું છે તે જાણી તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો. આ શરીર નાનાથી મોટું કેવી રીતે થયું અને તેમાં હાનિવૃદ્ધિ કેવી રીતે થાય છે. તેનો વિચાર કરી હેયનો ત્યાગ કરી ઇષ્ટમાં પ્રવૃત્તિ કરવી. પરમ પુરૂષાર્થને સાધી લેવામાં અગાધ એવું આ મનુષ્ય શરીર પુનઃ પુનઃ પ્રાપ્ત થશે. એવો નિયમ નથી તેથી સદા દુર્લભ એવા આ મનુષ્ય શરીરને પામીને પ્રમાદ રહિતપણે પરમપદને સાધવાના નિશ્ચયવાળા થઇને યોગ્ય સાધનોને સેવવાં જોઇએ.

આ સંસારમાં અનેક જન્મ પામીને પણ જ્યારે આ સંસારના વિષય પદાર્થની પ્રબલ આસક્તિથી મનુષ્ય મુકાય છે, ત્યારેજ આત્મા, મુક્તાત્મના આધારને પામે છે માટે કાલાંતરે પણ જે સેવ્યા વિના દુઃખનો અંત આવવાનો નથી એવાં મુક્તિ સુખનાં સાધનોને આગ્રહથી સેવવાં જોઇએ.

આ મનુષ્ય લોકમાં વસનારા ભવ્યો! તમો આ લોકનાજ ક્ષેત્ર સુખની ઇચ્છાએ આયુષ્ય ગાળશો નહિ. પુનઃ પુનઃ આવી લેણ સામગ્રી પામવી દુર્લભ છે. હે ચેતન! તું મનમાં સમજ કે કોઇનું અહિત ન કરવાથી તથા ન ઇચ્છવાથી તેમજ સર્વ જીવોનું કલ્યાણ ઇચ્છવાથી આત્મા નિર્મળ થશે. તદ્દારા પરસ્પરના દ્વેષનો ત્યાગ કરીને પોતાનું હિત સાધવાને નિર્મળ થા. હે આત્મન્, નિર્મળતા અનંત છે. અનુભેય છે. તું અષ્ટકર્મથી મલીન થયો છે. શુદ્ધ નિર્મળતા તો તું આત્મ સ્વભાવે રમીશ તોજ મળશે. તેકમાં પડેલી ઓખીની પેઠે જો પરભાવે રમીશ તો મલીનતા પામીશ.

दुहा.

आशा तृष्णा योगथी, मन ज्यां त्यां भटकाय;
पर आशा ते दुःख छे, पण ते नवी समजाय. ॥ १ ॥
पर आशाथी राग द्वेष, शोक हर्ष मन थाय;
पर वस्तु नहि आत्मनी, समजुनेज जणाय. ॥ २ ॥
हुं न्यारो पर वस्तुथी, शुद्धानन्द स्वरूप;
सकळ सिद्धि भंडारहुं, शिवरमणीनो भूप. ॥ ३ ॥

कोनी साथे हुं वदुं, रमुं रमुं हुं केम;
रमतो रमतो हुं नहि, निश्चयनयथी एम. ॥ ४ ॥
आतमध्याने हुं रहुं, ए मुज शुद्ध स्वभाव;
आत्यन्तिक सुख ऊपजे, निर्मल शिवसुख दाव. ॥ ५ ॥
एवुं हित नहि आत्मनुं, तो तुं बाळ समान;
मरणां मरतांन जीवडा, दुःखी थइ नादान. ॥ ६ ॥
ज्ञान ध्यान चारित्रथी, आत्महित थानार;
बुद्धि सुख शाश्वत लही, पामे भवजल पार. ॥ ७ ॥

મનરૂપી માંકડું જેમણે વશ કર્યું છે, અને જેઓ આત્મતત્વમાં વીતરાગ આજ્ઞા મુજબ વ્યવહાર નિશ્ચયનયાનુસારે યથાયોગ્ય પ્રવૃત્તિ કરે છે, તેઓ કર્મ કટકનો નાશ કરી अनंत, पूर्ण, अज, अविनाशी, सनातन, शाश्वत पद मुक्तिने પામી રહે સુખી થાય છે. એ પદની કોને ઈચ્છા ન હોય પોતાને તથા પરને એ પદ માટે આશ્વાસન થાઓ. અને તે માટે यत्न मङ्गलकांक्षा.

મનરૂપી માંકડું જેણે વશ કર્યું, એવા મહાત્માઓ शाश्वतपद પામી શકે છે, કહ્યું છે કે—

मन मरणे इंद्रियमरणं, इंद्रिय मरणे मरंति कर्माणि;
कर्म मरणेन मुक्तो, तस्मा मनमारणा विंति. ॥ १ ॥
मन एव मनुष्याणां, कारणं बन्ध मोक्षयोः ।
बंधकार्यासक्तं बन्धाय, मोक्षायैर्विषक्तं स्मृतम्. ॥ २ ॥

મન નાશ થવાથી ઇંદ્રિયો મરે છે. અને ઇંદ્રિયો જ્યારે સ્વવિષયથી વિરામ પામે છે ત્યારે કર્મનો નાશ થાય છે. અને કર્મનો નાશ થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. [illegible] મન [illegible] ઉત્પન્ન કરાવે છે. [illegible] વિચાર કરે છે [illegible] મન [illegible] ભાડે ફરી આવે છે. [illegible] મનમાં [illegible] નહીં અને જે [illegible] કરે છે, અને आत्मतत्त्वे [illegible] છે, તેનું મન વશ [illegible] થાય છે. [illegible] મન [illegible] નહીં. કહ્યું છે કે, विषयेषु हि संसारे, [illegible] [illegible] મન [illegible] છે. અને [illegible]

સાતમી નરકમાં લઇ જાય છે અને તેજ મનથી આત્મા, પરમાત્મપદ પામી મુક્તિપુરીમાં જઈ વસે છે. ઘણો ખરો વ્યવહાર મનોદ્વારા સંસારી જીવો કરે છે. ઘોડાના કરતાં પણ મનની ગતિ અધિક છે. તારના કરતાં પણ મનનો વેગ અધિક છે. સમુદ્ર તરવો સહેલ છે. પણ મન વશ રાખવું મુશ્કેલ છે. એક ઘડીમાં મનમાં જેટલા વિચાર થાય છે તેનો પાર પણ આવતો નથી. કોઈ પણ કાર્યમાં મન ગુંથાયુંજ રહે છે. તંદુલીયો મચ્છ, મનના અશુભ વ્યાપારથી સાતમી નરકમાં જાય છે. શરીર એક ઠેકાણે હોય છે, પણ મન તો અનેક ઠેકાણે ભમતું હોય છે. અહો એ મનને સ્થિર કરવું તેજ મહાયોગ છે. મનમાં કોઈ વખત સ્ત્રીની ચિન્તા થાય છે. ઉત્તરોત્તર અનેક પ્રકારની ચિંતાઓ થયા કરે છે, અને મનથી, આત્મા, કર્મરાશિ ગ્રહણ કર્યા કરે છે. મન વચન અને કાયાના યોગમાં પણ મનોયોગ મોટો કહ્યો છે એ મન જેણે વશ કરી આત્મ સ્વરૂપમાં લક્ષ રાખ્યું છે તે મહાત્માઓને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ.

આ સંસારરૂપ કારાગૃહમાં કંઇ પણ સુખ નથી. ફક્ત જીવ, તેમાં સુખથી ફસાય છે. સંસારમાં ધન, પુત્ર, પરિવારથી પોતાની મોટાઈ માનવી તે કસાઇના ઘેર વૃદ્ધિ પામતા બોકડાની પેઠે જાણવું. આ સંસારમાં કેટલાક જીવો પ્રજા રહિત હોવાથી દુઃખી થાય છે તથા કેટલાક, દુર્ગુણી સ્ત્રીયોના વચન પ્રહારોથી દુઃખી થાય છે, કેટલાક કુલક્ષણવાળા પુત્રથી દુઃખી થાય છે, કેટલાક, ધન કમાવાની ચિંતાથી અહર્નિશ સંતપ્ત રહે છે. કોઇ તો ધનવાન્ તથા પ્રતિષ્ઠાવાન્ છતાં પણ પોતાના દુષ્ટ સ્વભાવથી દ્રવ્યનો દુરૂપયોગ કરી ઉત્તર કાળમાં દુઃખરૂપ ફળને આપનાર પાપ કર્મોને રચે છે. કેટલાક તો અનેક પ્રકારના રોગોથી પીડાતા નિરર્થક જીંદગી ગાળે છે, કેટલાક ધન રક્ષણમાંજ જીવિતવ્ય ગુમાવી ચિંતામણિ રત્ન સમાન નર જન્મ હારે છે. ધનવાનો, તેમજ રાજાઓ અગ્નિ, ચોરના ભયથી સદા ચિંતા કર્યા કરે છે. અને વિચારતાં એમ જણાય છે કે, ધનવંતો કોઇ ચિંતા રહિત નથી. એટલું તો ઠીક પણ સ્વપ્નાવસ્થામાં તેઓ ધનના વિનાશની શંકાવાળા હોવાથી નિર્ભય હોતા નથી, તો જાગૃતાવસ્થામાં ક્યાંથીજ હોય ? વળી ધનવાન્ પુરૂષો, લોભી, તૃષ્ણાવાળા, ઇર્ષ્યાવાળા તથા અભિમાની પણ હોય છે; જેથી તે દુર્ગુણો તેમને વિના અગ્નિએ બાળીને ભસ્મ કરનાર છે, તેઓ મહત્ત્વે પાપના સમુહને પણ અધિક કરે છે. તેથી પરલોકમાં પણ દુઃખના ભોક્તાજ થાય છે. કોઇ વીરલા ધનવંતો, ધનનો સન્માર્ગે સદુપયોગ કરી જીવનની સાફલ્યતા કરે છે. બાહિર ધનાદિ ઉપર મમત્વ ભાવ હોવાથી આત્મિકસ્વરૂપનું ચિંતવન થતું નથી, કારણ કે ધનની ચિંતા વિઘ્નરૂપે આડી આવે છે, માટેજ ચક્રવર્તિ

એવા રાજાઓ પણ સાંસારિક ઋદ્ધિને તૃણવત્ ગણી શ્રમણધર્મ અંગીકાર કરીને ઉત્તમગતિ ભજનારા થયા છે. ધન પ્રમુખાદિ છતાં ચૈતન્ય લક્ષણવાળા આત્માને પણ લક્ષ્મી ભમાવે છે, અને મોહાંધજીવો તેનેજ ખરો સાર નહીં માને છે, પણ અને એ પરંતુ વસ્તુ ખરી આઈ સાથે આવતી નથી. હે ચેતન! તું કેમ તેમાં મુઝાય છે? બાહિર લક્ષ્મીથી પોતાને મોટા માનનારાઓ મોક્ષરૂપ મેવાને પામી શકતા નથી, પણ જેઓ આત્મામાં જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ અનંત લક્ષ્મી માની તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, તેઓ મોક્ષરૂપ મેવાને પામી શકે છે. બાહ્યલક્ષ્મીથી અહંકારી થઈ જાય છે અને અન્તરલક્ષ્મીની ઋદ્ધિથી જીવ નમ્ર બને છે. અને સર્વ જીવોની સાથે કરૂણા દૃષ્ટિથી આત્મભાવ રાખે છે. બાહ્ય લક્ષ્મીની ઋદ્ધિ, પુણ્ય સંયોગે જે જીવો પામ્યા છે, ત્યાં નિરાભિમાન થઈ દેવગુરુ ધર્મમાં વિનયવાળા હોય છે, તેમનેજ હિત સેવા ભરે છે. થઈ પામ્યા ત્યાં પણ જે વીર પુરુષો, જળ પંકજની પેરે તેનાથી ન્યારા રહીને સ્વઆત્મહિત ચૂકતા નથી, તેઓ સાધનપણું પામી શકે છે. ખરેખર લક્ષ્મી મનને ફેરવી નાખે છે, અને જો તેનો ભોગ ભર્યો ન હોય તો તેને કુમતિના હેતુ રૂપ તે થાય છે. આત્માથી બાહ્યલક્ષ્મી ભિન્ન છે. ભ્રમણાકારિક છે, માટે તેનો ધર્મમાર્ગે સદુપયોગ કરવો તેજ આત્મહિત માટે છે. ધન, યૌવન, અને નાદ, એ ત્રણમાંની ગમે તે મતિ ભ્રષ્ટની થાય છે, માટે વૈરાગી જીવો તેને પોતાની કરી માનતા નથી, અને તેથી સ્વહિત સાધે છે. બાહ્ય ઉપાધિ જેમ ઓછી તેમ સમાધિ વિશેષ થાય છે. નિરુપાધિ દશામાંજ તાત્વિક સુખ છે. તથાપિ માટે પ્રયત્ન કરવો જોઈએ. મોહસાગરને ઉદાસીનભાવે તરવા પ્રયત્ન કરવો, તેમજ સ્વસ્વરૂપમાં રમણતા કરવી. પરભાવનો ત્યાગ કરવો. મનની ચંચળતા ત્યાગી સ્થિર મનોદ્વારા આત્મ ગુણ ચિંતવન કરવું જોઈએ. ક્ષણે ક્ષણે આત્મા ભાવમાં રમે છે કે રસ રસમાં રમે છે! તે ઉપયોગથી જોવું, એમ પુનઃ પુનઃ આત્મ નીરીક્ષણ કરતાં, પાપકર્મોથી આત્મા, હળવો થઈ પરમાત્મસ્વરૂપધ્યાનદ્વારા ઉજ્જ્વલ જેમ ભમરી સંગથી ભમરી રૂપે થાય છે તેમ આત્મા, પરમાત્મપદ પામી અનંત સુખનો ભોક્તા થાય છે. એમ.

दुहा.

संसारे सुख बिन्दुसम, भ्रमथी भूल्या लोक;
सुख आशाए दुःख सही, जन्म गमावे फोक. ॥ १ ॥

मधु बिन्दु दृष्टान्त जिम, तिम संसारे सुख;
अनुभवथी जोतां थकां, संसारे बहु दुःख. ॥ २ ॥
मोह तृष्णा अभिमानथी, सहुजन दुःखी थाय;
त्याग करी जीव तेहनो, अजरामर पद पाय. ॥ ३ ॥

આ સંસારમાં આત્મા, મોહની કેફથી અસત્ય વસ્તુને સત્ય તરીકે જાણી ભ્રમથી ભૂલ્યો થકો સાંસારિક સુખને સત્ય સુખ તરીકે જાણી મુંઝાય છે. અને સત્ય વીતરાગ કથિત તત્ત્વથી અજાણ્યુ રહી अजागल स्तनवत् સ્વ-આયુષ્ય નિરર્થક ગુમાવી અધોગતિ પ્રાપ્ત કરે છે. જીવ, સુખની આશાએ બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે, પણ મોહાંધ આત્મા જાણી શકતો નથી કે સુખ તો કેવળ શુદ્ધ આત્મામાં રહેલું છે. કોઇ પણ જડ પદાર્થમાં સુખ રહેતુ નથી, તેમજ શરીરમાં સુખ રહેતુ નથી. જો શરીરમાંજ સુખ રહેતુ હોય તો મૃત શરીરમાં તેની ઉપલબ્ધિ થવી જોઇએ, પણ થતી નથી; માટે સિદ્ધ થાય છે કે સુખ એ આત્માનો ગુણુ છે. सुख गुण છે, અને आत्मा गुणी છે. સુખ અનંત છે, સુખ અરૂપી છે, સુખ શાશ્વત છે. સુખ અનાદિ કાળથી આત્મામાં છે. કર્માવરણનેલીધે સંસારી જીવોને સુખ તિરોભાવે છે, અને કર્મનાશથકી સુખ આવિર્ભાવરૂપે પ્રકાશે છે, તાત્વિક સુખ આત્મામાં રહ્યું છે. અને તેની પ્રાપ્તિ અન્તરાત્મપણાથકી છે. કસ્તુરીઆ મૃગ જેમ મૃગમદ–ગંધ લેવા વનમાં ભટકે છે, પણ જાણતો નથી, કે મૃગમદ તો મારી પાસે છે. તેમ આ બાહ્યાત્મા અન્ય વસ્તુઓમાં સુખ છે, એવી ભ્રાંતિથી તેને પોતાની માની મકલાય છે. અને અન્ય વસ્તુઓના નાશથી પોતાનો નાશ માને છે. હે આત્મન્! શુદ્ધ બુદ્ધિથી વિચાર કે કેવળ તું માયાના પાસલામાં ફસાયો છે. અને હાલ મનુષ્ય જાતિરૂપ સામગ્રી પામી વીતરાગ ધર્મનું સેવન કરતો નથી, તો અંતે તું પશ્ચાત્તાપ કરીશ. જળ તરંગવત્ આયુષ્ય સ્થિતિ છે. સમયે સમયે આયુષ્ય ઘટતુ જાય છે. વારંવાર ધર્મ સામગ્રી પામવી દુષ્કર છે. કહ્યું છે કે—

नपुणो पुणोवि एवं, नुहमंभावेमि जीवमामग्गिः
नारे हरिंमि कइं। पमाय मटगाग उम्मत्तो. ॥ १ ॥
नन्धाइविविंचियनम्बर, फलेहिकोनाम पाविऊनिंत्तिं।
मुविगोवन्द्ध अष्येग, ईमगेको विमंताओो ॥ २ ॥

સુવોવરનાં જળમાં પરોવાં ગારાના પ્રતિબિંબથી ને જાણ્યાના કારણથી



ઉદ્યમથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, પણ મનોરથોથી માત્ર કાર્ય સિદ્ધ થતું નથી. (ઉદ્યમ હીન સુતેલા સિંહના મુખમાં હાથીઓ કંઇ પ્રવેશ કરી શકતા નથી.) ઉદ્યમ કરવાથી અલભ્ય વસ્તુની પણ પ્રાપ્તિ થાય છે. ભાવી-ભાવ ઉપર આધાર મૂકી ઉદ્યમ હીન થવું નહિ. ઉદ્યમ બે પ્રકારનો છે. પ્રશસ્યઉદ્યમ ૨ અપ્રશસ્યઉદ્યમ. ધર્મ માર્ગમાં ઉદ્યમ કરવો તે પ્રશસ્ય ઉદ્યમ છે. અધર્મ માર્ગમાં ઉદ્યમ કરવો તે અપ્રશસ્ય ઉદ્યમ છે. જ્ઞાન, દર્શન ચારિત્રાદિગુણોની પ્રાપ્તિ ઉદ્યમથકી છે. કેટલાક જીવો એમજ માની બેસે છે કે-ભવસ્થિતિ પરિપક્વ થયા વિના ઉદ્યમ કરેલો નિષ્ફલ જાય છે. એમ માની આત્માને ચારગતિ ભવભ્રમણમાં ઉતારે છે. ભવસ્થિતિ પરિપાક થઈ છે કે નહિ તે વિશિષ્ટ જ્ઞાનવિના જાણી શકાતું નથી. માટે ઉદ્યમ ત્યાગવો નહિ. ઉદ્યમ એટલે પુરૂષાર્થ તે વિના મુક્તિની પ્રાપ્તિ નથી. માટે ધર્મ માર્ગમાં યથાશક્તિ ઉદ્યમ કરવો. ધર્મ, દોલત કરતાં અત્યંત અધિક છે. જે જગ્યાએ જવાથી આત્મહિત થતું ના હોય, અને ધર્મ થકી ભ્રષ્ટ થવાય, તે જગ્યાનો ત્યાગ કરવો. દુનિયામાં કોઇ સુખી થાય છે, કોઈ દુઃખ ભોગવે છે, તે પ્રત્યક્ષ પુણ્ય પાપનું ફલ જાણવું. કાયા અનિત્ય છે. ભાડાની કોટડી સમાન છે, ક્ષણ ભંગુર છે. સાત ધાતુથી બનેલી છે. એની વૃદ્ધિ અને હાનિ થયા કરે છે, રોગોનો પ્રવાહ કાયાની પુંઠે લાગ્યો છે. એ કાયાની એક દિવસ સ્મશાનમાં રાખ થઈ જશે અને તે રાખની માટી થઈ જતાં તેથી લોકો પોતાનાં ઘર બાંધશે. આ દુનિયામાં જેટલા મનુષ્યો જન્મ્યા તેટલા સર્વે આજ સુધી રહ્યા હોતતો ચાલવાની જગ્યા પણ મળી શકત નહીં. પણ કાળ સર્વેનું ભક્ષણ કરતો જાય છે. મનુષ્ય દરરોજ જાણે છે કે હું મોટો થતો જાઉં છું પણ જ્ઞાની જાણે છે કે દરરોજ આયુષ્ય ખુટવાથી નાનો થતો જાય છે. જેવું શરીર અંદરનું છે તેવું બાહ્ય કર્યું હોય તો વૈરાગ્ય થયા વિના રહે નહીં. અરણિના કાષ્ટમાં અગ્નિ વ્યાપીને જેમ રહ્યો છે, તલમાં જેમ તેલ વ્યાપીને રહ્યું છે તેમ શરીરમાં આત્મા વ્યાપીને રહ્યો છે. કોઇ મતવાદી આત્માને અણુરૂપ માને છે, પણ તે યુક્તિ વિકલ છે. અણુરૂપ આત્મા તો રૂપી ઠરે છે અને આત્મા તો અરૂપી છે. તેથી તે અણુરૂપ નથી. કેટલાક મતવાદી આત્માને વ્યાપક માને છે. પણ આત્મા વ્યક્તિરૂપે કરી વ્યાપક નથી. વ્યાપક અને નિત્ય એવા આત્માને બંધમોક્ષ ઘટી શકે નહિ. કારણ કે એકાંત નિત્ય આત્માને સુખ દુઃખનો ઉપભોગ ઘટી શકતો નથી. यदाहुःनित्यस्य हि लक्षणं अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपत्वम् ततो यद्यात्मा सुखमनुभूय स्वकारण-

સુજ્ઞો ધાર રાખો કે આત્મા સારા નિમિત્ત સંયોગે ધર્મ ધ્યાન ધ્યાવે છે. હાલના વખતમાં શુક્લ ધ્યાનનો વિરહ છે. તોપણ ધર્મ ધ્યાન તો છે. સત્સંગ કરવો એ ધર્મ સાધન કરવામાં અત્યુત્તમ કારણ છે. જેની સંગતિથી આત્મા આર્તધ્યાન અને રૌદ્રધ્યાન વાળો થાય, તેની સંગતિ ત્યાગવી. જેવાં જેવાં નિમિત્ત મળે છે તેવો તેવો આત્મા થઇ જાય છે. શિલાને [illegible] કિરણોનો સ્પર્શ થતાં ઉષ્ણ થઈ જાય છે, અને રાત્રિએ શીત ઋતુમાં શીત પુદ્ગલોનો સંયોગ થતાં શિલા ટાઢી થઈ જાય છે. તેમ આ આત્માને વૈરાગીની સંગતિ થવાથી આત્મા વૈરાગી થવા પામે છે. અને આત્માને નિરાગીની સંગતિ થતાં નિરાગી પણ થઈ જાય છે. નિમિત્ત કારણો પણ અત્યંત બળવાન છે.

દુહા.

સત્સંગત જો પામીએ, પ્રગટે પુણ્ય પસાય;
કારણે કારજ નીપજે, વાદળને જેમ વાય.

મોટા પુણ્યના યોગે સત્સમાગમ થાય છે. સત્પુરૂષોનો સમાગમ થતાં આત્માના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન થાય છે પશ્ચાત્ આત્મા જાણે છે કે અહો મેં અત્યાર કાળ અજ્ઞાન દશામાં ગુમાવ્યો, હું પર વસ્તુમાં મુજપણાની ભ્રાંતિ કરૂં છું. પણ પર વસ્તુ જે પુદ્ગલ તે મારૂં નથી. એ પુદ્ગલ દ્રવ્યની સંગતિ કરવી સારી નથી. શરીર, રૂપ, રોગ, મેદ, કર્મ એ સર્વે પુદ્ગલ દ્રવ્ય છે. તે આત્મદ્રવ્ય નથી. તે તે થકી ભિન્ન છે. આત્મા પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છે. આત્મા અરૂપી છે અને પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. તો રૂપી દ્રવ્ય સાથે અરૂપી એવો આત્મા તેને સંગતિ કરવી ઘટતી નથી. પુદ્ગલ અને આત્માની ભિન્ન જાતિ છે અને એ પુદ્ગલ દ્રવ્ય આત્માને દુઃખદ છે. માટે બહુધા પુદ્ગલ દ્રવ્યની [illegible], તેમ મમતા ત્યાગ કરી શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરો. એ પુદ્ગલદ્રવ્યની સાથે પ્રીતિ કરતાં દુઃખ [illegible] એ નહીં છે. કારણ પુદ્ગલ દ્રવ્ય નાશવંત [illegible] મટી વૈરાગી [illegible] છે [illegible] કે-અનંત અનંત [illegible] છે. આનંદઘનજી મહારાજ કહે છે કે તેનું શુદ્ધ આલંબન લેવું. શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળરે; તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી સાલરે. શાંતિ ॥ ૧ ॥ દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાનરે; જોગ સામર્થ્ય ચિત ભાવથી, ધરે મુગતિ નિદાનરે. શાંતિ ॥ ૨ ॥ ઇત્યાદિ વચન મનન કરવા યોગ્ય



કરવાની ઇચ્છા હોય તો અનાદિકાળની મિથ્યા ટેવ ટાળ. વેર વિરોધ તથા તે થવાના સંયોગોનો ત્યાગ કર. સહાય ટંટા ઝઘડા થાય તેમ કર નહીં. અંતરંગ રાગદ્વેષાદિ શત્રુઓનો નાશ થયા વિના મુક્તિ મળવાની નથી. હે ચેતન! તારૂં જાણ્યું ખરૂં ક્યારે કહેવાય કે તું જ્યારે શત્રુમિત્ર ઉપર સમભાવે વર્તે તો. હે ચેતન! કોઇની સાથે તું મનમાં વૈરભાવ રાખીશ નહીં. તારૂં તારી પાસે છે. તે પામવા પ્રયત્ન કર. સર્વ જીવો સિદ્ધ સમાન છે, તારો કોઇ શત્રુ નથી. એમ ચિત્તમાં ધારણ કર. ધર્મના કૃત્યોનો નાશ થાય. તેમ આચરણ રાખ નહીં. મોટા મોટા ઘણા જીવો ચાલ્યા ગયા. તેની આગળ તું શા લેખામાં છે. કલેશ સ્વપર થાય તેવા સંયોગોનો ત્યાગ કર. નહીંતો યાદ રાખ કે મરણ બાદ તારૂં કોઈ શરણ નથી. સાંસારિક ખટપટો ત્યાગીને જે મુનીશ્વરો પરના જીવને મન વચન અને કાયાથી અપ્રીતિ નહીં કરતાં છતાં વિચરે છે, તેમને ધન્ય છે, તેમને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ. મન, વચન અને કાયાથી અન્ય જીવોને પીડા, અપ્રીતિ ઉત્પન્ન કરી હોય તો નમ્રતા લાવી હે આત્મા તું ખમાવ. જે જીવો ક્રોધ, માન, દંભ, કદાગ્રહ, કપટ, મમતા ત્યાગી આત્મસ્વરૂપે રમે છે અને બીજાની નિંદા કરતા નથી તે, અભ્યંતર શત્રુઓને જીતી સનાતન શિવપદ પ્રાપ્ત કરે છે. તે પ્રમાણે સ્વપરને થાઓ.

આત્મ સ્વરૂપની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી અનાદિ અજ્ઞાનનો નાશ થતો નથી. કહ્યું છે કે—

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा,
तथा देहांतरप्राप्ति र्धीरस्तत्र न मुह्यति ॥
वासांसि जीर्णानि यथा विहाय,
नवानि गृह्णाति नरोऽपराणि तथा शरीराणि विहाय—
जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥ २ ॥

જેવી રીતે દેહની બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ અવસ્થાત્રય નિયમાનુસાર પ્રવર્તે છે. તેમ દેહીનું પણ અન્ય દેહમાં કર્માનુસાર સંક્રમણ થાય છે. જેમ મનુષ્ય જૂનાં વસ્ત્ર કોરે મૂકી બીજાં નવાં ગ્રહણ કરે છે; તેજ પ્રમાણે દેહી જીવ પણ એક દેહને મૂકી બીજો દેહ ધારણ કરે છે. બૃહદારણ્યકમાં અન્ય વાદીઓએ કહ્યું છે કે—स एष एव महानज आत्माऽजरोऽमरोमृतोभयो ब्रह्म—(આત્મા મહાન્ અજ, અજર, અમર, અમૃત, અભય બ્રહ્મ છે.) કઠોપનિષદ્‌માં કહ્યું છે કે—न जायते म्रियते वा विपश्चित् अजो नित्यः शाश्वतोऽयं पुराणः જે આત્મા જન્મતો કે મરતો નથી, તે અજ

સ્યાદ્વાદીના આત્મ પ્રાપ્તિ કરતાં વિકલ્પની સંકલ્પ શ્રેણીઓ નાશ પામે છે. આધિ વ્યાધિ અને ઉપાધિઓ નાશ પામે છે. આત્માને સત્ અસત્ આદિ પક્ષોથી જાણવો જોઇએ. સંસારમાંથી નિવૃત્તિ થયા બાદ આત્મગુણની પ્રગતિ થાય છે. આત્માના અનંત ગુણો આત્મતત્ત્વ નિર્મળ થવાથી આવિર્ભાવે થાય છે. સમયે સમયે આત્મોપયોગ થવો જોઇએ. હે આત્મન્! તું મોહદશાનો ત્યાગ કર. પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયોથી વિરક્ત થા. સાંસારિક સુખને કાકવિષ્ટા સમાન જાણી સચ્ચિદાનંદ આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર. ત્રૈલોક્યના સુખ કરતાં પણ આત્માનું એક ક્ષણનું સુખ અધિક છે. એ આત્યંતિક સુખ બજારમાં, ગિરિમાં, ગુફામાં નથી, કિંતુ આત્મામાં છે, અને તે જ્ઞાન ગુણે લક્ષ્ય છે. આત્મા ઉપર પ્રીતિ થતાં બાહ્ય પદાર્થો પરથી મમતા ઘટે છે, અને સમતા આત્મામાં પ્રગટે છે. રોવું, શોક, હાસ્ય, કૌતુકાદિક, એ સર્વ રોગનો આત્મતત્ત્વજ્ઞાનથી નાશ થાય છે. હજારો પુસ્તકો વાંચો વા કળામાં કુશળ થાઓ, પણ જ્યાં સુધી આત્માને અંતઃકાર નિમગ્નતાને જાણ્યો નથી, ત્યાં સુધી શી રીતે ભવજલપાર પામી શકાય. શ્રી જીનેશ્વર મહારાજાએ પ્રરૂપેલાં નવ તત્ત્વનો સમ્યગરીતે અવબોધ થતાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. મારે રે જીવ! કેમ તે જાણવા પ્રયત્ન કરતો નથી, અરે તેં પ્રમાદ દશામાં આત્મહિત ખોયું. આત્મા સ્વરૂપયોગે જાગ, જાગ. પરભાવ ત્યાગ કર, સ્વસ્વભાવમાં રમણ કર. અસ્થિર સંસારમાં જીંદગીનો ભરોસો નથી. કે ક્યારે કેવી થાશે. હાથે તે સાથે. શું સંસારમાં મારાં ઘર હાટ, પુત્ર, પરિવાર, પોતાનાં થયાં છે? ના, નથી થયાં. તો ત્યારે શી રીતે થવાનાં. શ્રદ્ધા ભક્તિથી સદ્ગુરુ વચનામૃત હૃદયમાં ધારણ કર! ભાગ્યથી પણ પ્રાપ્ત શ્રી સદ્ગુરુને મોક્ષ પ્રાપ્તિના ઉપાયોની પૃચ્છા કર. શું નિત ઉપર સમભાવ ધારણ કરીને ઉદાસીન ભાવે રહે. ક્યાં ક્રોધ કરે છે? શું માન કરે છે? કેમ કપટ કરે છે? કોની ઉપર મમતા કરે છે? કોનાથી તું મોટો છે? તેનો વિચાર કર. સર્વ આત્મા સિદ્ધ સમાન સત્તાએ છે. સર્વ જગત્ જીવ અને અજીવથી પરિપૂર્ણ છે. અનંતા જીવો છે. તેમાં તું એકેક ક્ષુદ્ર બિન્દુમાત્ર છે. ચોરાશી લાખ જીવયોનિમાં પુનઃ પુનઃ ભમતાં ત્યાં કોઇ સ્થાન બાકી નથી. તે શા કારણથી? આ મારું અને આ તારું એ વિવેક અભાવથી બનાય છે. આત્માશ્રય સંગ મમત્વ કરતાં આયુષ્ય ખૂટે છે. ક્ષણ ક્ષણમાં આત્મોપયોગ કરી જે જીવ આત્મધ્યાન કરે છે, તે પાપ ક્ષય કરે છે, અને જે કરશે તે પણ પામશે.

सांख्यैर्ध्यानैर्महाकष्टैर्विविधैः
नाप्नोति शिवमानन्दं चेतसा मुक्तो भव ॥ १ ॥

વિષયરૂપ કુમાર્ગથી મનરૂપ લગામથી ખેંચી સાધુ વા શ્રાવક ધર્મરૂપ માર્ગમાં આત્મારૂપ રથીને શરીરરૂપ રથ દ્વારા વહન કરાવે તો મુક્તિ નગરની પ્રાપ્તિ આત્મા જલ્દીથી કરે છે. આ શ્લોકનો સમ્યગ્દૃષ્ટિ યથાર્થ અર્થ જાણી શકે છે, તે સ્વાત્મહિતમાં પ્રવૃત્તિ કરે છે. મન અને ઇંદ્રિયોએ સહિત આત્મા સંસારી કહેવાય છે. પણ જ્યારે મન ઇંદ્રિયથી પૃથક્ આત્મા થાય છે, ત્યારે તેને પરમાત્મા સિદ્ધ બુદ્ધ કહે છે. આત્માને સત્ અસત્ નિત્ય અનિત્ય આદિ વિકલ્પોથી જાણી, શરીર મન વાણી લેશ્યાથી આત્મા પૃથક્ જણાય, એવા આત્માને અંતરાત્મા કહે છે. જિનાજ્ઞા મુજબ જિનોક્તતત્ત્વ જાણ્યા વિના યથાયોગ્ય અંતરાત્મત્વ પ્રાપ્ત થતું નથી, અને જિનોક્તતત્ત્વ જ્ઞાન વિના દૃઢ સમાધિથી કંઇ પણ આત્મહિત થતું નથી. अत एव अन्तरात्मपदप्राप्त्यर्थम् सम्यक्त्वं ज्ञातव्यं શરીરની પુષ્ટિ થતાં પોતાની પુષ્ટિ માને, શરીર રોગી થતાં પોતાને રોગી જાણે, શરીરનો નાશ થતાં પોતાનો નાશ જાણે, શરીરથી પૃથક્ આત્માને માને નહિં, અને તેનું જ્ઞાન પણ હોય નહીં, એવા જીવોને બહિરાત્મપણું હોય છે, તેવા બહિરાત્મિઓ મિથ્યાત્વી જાણવા. તેવા જીવો ગમે તો રંક તરીકે હોય, અગર શેઠ શાહુકાર, પ્રધાન, રાજા કે મોટા વિદ્વાન્ તરીકે હોય, તોપણ ચાર ગતિમાં પુનઃ પુનઃ પર્યટન કરશે. રાગ દ્વેષ, કલહ, મારૂં તારૂં ઇત્યાદિ દોષના ધારણ કરનારાઓ બહિરાત્મી જીવો હોય છે. તેમને જન્મ જરા મૃત્યુના રોગો લાગુ રહે છે. તેવા બહિરાત્મી જીવોને રાગ દ્વેષ લાગ્યો રહે છે, અને તે જીવો સદ્‌ગુરૂનું વચન નહીં માનતાં તેમની નિંદા કરી ભારે થાય છે, અને પોતાને મોટા માને છે, તેનું ફળ એજ થાય છે કે નરક નિગોદનાં રૌરવ દુઃખ ભોગવવાં પડે છે. માટે હું કર્તા આદિ અભિમાનનો ત્યાગ કરી આત્મા પોતાને શરીર, વાણી, મન, ઘર, પુત્ર, અને સ્ત્રી થકી જુદો જાણી પોતાના સ્વભાવમાં રમે અને પરસ્વભાવનો ત્યાગ કરી શ્રી સદ્‌ગુરૂને સેવી આત્મહિતમાં પ્રવૃત્તિ કરે, તો અજરામરપદ પામે.

શ્લોક ॥ नाहं देहश्चिदात्मेति बुद्धिर्विद्येति भण्यते अविद्यासंततेर्हेतु विद्या तस्या निवर्तिका ॥१॥ હું દેહસ્વરૂપ નથી, પણ હું શરીરમાં કર્મ સંયોગે રહેલો છતો પણ તે થકી ન્યારો જ્ઞાનદર્શનચારિત્ર ગુણવિશિષ્ટ છું, અનંત ગુણનો હું ભોક્તા છું, સર્વ વસ્તુનો જ્ઞાતા હું છું, आत्म व्यक्तिथी હું સર્વત્ર વ્યાપક નથી, હું अमूर्त છું. એમ શુદ્ધ આત્મસ્વરૂપ ધ્યાવવું તેનું નામ વિદ્યા યા જ્ઞાન છે. વ્યવહાર અને નિશ્ચયનયાનુસારે આત્મસ્વરૂપ તથા જીનોક્તતત્ત્વનો યથાયોગ્ય અવબોધ, તેનું નામ જ્ઞાન જાણવું. મતવાદીઓ

છે. ક્રોધથી અસત્ય વદવું પડે છે, ક્રોધથી અન્ય જીવોનો નાશ થાય છે, ક્રોધથી અનંત પાપ કર્મ ગ્રહાય છે. માટે હે શિષ્ય! જો તારે કર્મ થકી રહીત થઈ સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવી હોય તો ઉપશમભાવે આત્માને ભાવી ક્રોધ શત્રુનો નાશ કર. તે વખત એમ ચિંતવન કરકે હે આત્મન્ તું અન્ય ઉપર ક્રોધ કેમ કરે છે! તારૂં બગાડવા કોઈ સમર્થ નથી. તારૂં અનિષ્ટ સ્વકૃત અશુભ કર્મોદયથી થાય છે, અન્ય તેમાં નિમિત્તમાત્ર છે. ક્રોધ કરવાથી તું કર્મ ગ્રહણ કરી વિવિધ દુઃખ પામીશ, માટે આ વખતે શમભાવે ક્રોધનો ત્યાગ કરી ઉપશમ ભાવ રહેનાર જીવો મુક્તિ ગયા, જાય છે, અને જશે, માટે હે શિષ્ય! એ પ્રમાણે ક્રોધનો ત્યાગ કરી શમભાવે રહેવું, તેમાં આત્મહિત છે.

વળી સદ્‌ગુરૂ મહારાજ શિષ્યને કહે છે કે—હે શિષ્ય રાગાદિક શત્રુઓનો વિનાશ સમ્યગ્‌જ્ઞાનની પ્રાપ્તિ વિના થતો નથી. આત્મસ્વરૂપ જાણીને સન્માર્ગે પ્રવૃત્તિ કરવાથી સ્વતઃ કર્મકલંક વિખરે છે. અજ્ઞાનાવસ્થામાં જ્ઞાનને અભાવે સંસાર વૃદ્ધિ મૂળ હેતુઓને સેવવામાં આત્માને પ્રવૃત્તિ થાય છે. यतः अन्नाणंधो जीवो' पडिओ मोहाडविए मज्झंमि नाणगई अलहंतो किंदुक्खंजंन पावेइ ॥ અજ્ઞાને અંધ બનેલો જીવ મોહઅટવીમાં પડયો છતો શું દુઃખ નથી પામતો! અલબત સર્વ દુઃખ પામે છે. અનંતકાળ અજ્ઞાનાવસ્થામાં ગયો. હજી જો સદ્‌ગુરૂના વિનયદ્વારા જીવ સ્વરૂપનું જ્ઞાન નહીં મેળવે તો કોણ જાણે ક્યાં સુધી સંસારમાં પરિભ્રમણ કરશે. માટે દેહનો સંગ ત્યાગ કરવાની તિવ્રરૂચિ થઈ હોય તો હે શિષ્ય! તું સદ્‌ગુરૂનો વિનય કરી જીનોક્તકથિત સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત કર. यतः विणओ सव्वगुणाणं मूलं संनाणदंसणाइणं मुक्खस्स य ते मूलं, तेण विणिओ इहपसत्थो ॥१॥ विणओ सासणे मूलं, विणओ संजओ भवे, विणयाओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ॥ २ ॥ સર્વ ગુણોનું મૂળ વિનય છે. વિનયવાન્ સર્વ ગુણવાન્ થાય છે. જ્ઞાન દર્શનની પ્રાપ્તિ પણ વિનય વિના દુર્લભ છે. મોક્ષમાર્ગનું મૂળ વિનય છે. જેમ મૂળ વિના વૃક્ષ હોય નહીં, તેમ વિનય વિના બીજા ગુણોની પ્રાપ્તિ થાય નહીં. જૈનશાશનનું મૂળ વિનય છે. વિનય વિના પ્રાણીનો ધર્મ અને તપ ક્યાંથી હોય! અલબત આ સર્વ વાક્યો સદ્‌ગુરૂનો વિનય કરવો તેમ આદેશે છે. ગુરૂનું વચન અંગીકાર કરવું, તેમના આદેશનો ભંગ કરવો નહીં. ભક્તિ અને બહુ માનપૂર્વક શ્રી સદ્‌ગુરૂને સેવવા, તેમની નિંદા પ્રાણાંતે પણ કરવી નહીં. સદ્‌ગુરૂના ગુણોને પ્રશંસવા, જેની સદ્‌ગુરૂ તરફ ભક્તિ નથી તેની દેવ તરફ ક્યાંથી હોય! શ્રી સદ્‌ગુરૂ જંગમ તીર્થ છે. તેમના વિનયથી સાક્ષાત્ અને

પરંપરા એ ક્રમ થાય છે. यतः विणयाओ नाणं नाणाओ दंसणं दंसणाओ च-रणं चरणाहिंतो मुक्खो मुक्खे सुक्खं अणाबाहं ॥ વિનયથી શ્રી સદ્ગુરુ પ્રસન્ન થાય છે, અને તેમની શિષ્ય પ્રતિ કૃપાદૃષ્ટિ રહે છે. તેથી તેને જ્ઞાન ખરા દિલથી આપે છે. જ્ઞાનથી પ્રાપ્તિ થતાં દર્શનની પ્રાપ્તિ થાય છે, અને શ્રદ્ધાપૂર્વક દર્શનથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે, અને ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થતાં આત્મા અનંતસુખનો ભોક્તા થાય છે. માટે હે શિષ્ય! વિનયમાં તત્પર રહેવું. અનાદિકાળથી આત્મા અને કર્મનો સંબંધ क्षीरनीरसंयोगवत् થયો છે. મોહોદયે આત્મા અશુદ્ધ પરિણતિમય થઇ કર્મ સંચય કરે છે, અને તેથી ભવભ્રમણનો કર્તા બને છે. આત્મા મોહને લીધે અહિતમાં પ્રવૃત્તિ કરે છે. यतः अनादिकर्मसंयुक्तत्वात् तन्मोहात् संप्रवर्तते अहितेऽप्यात्मनः प्रायो व्याधिपीडित चित्तवत् ॥ १ ॥ અહિત કાર્યમાં આત્મા ક્લિષ્ટ કર્મોદયથી પ્રવર્તે છે, અને તેથી પશ્ચાત્ ક્લિષ્ટ કર્મોપાર્જન કરે છે. વ્યાધિ પીડિત મનુષ્ય જેમ અપથ્યને અહિત તરીકે જાણતાં છતાં મોહથી અપથ્યનું ભક્ષણ કરી દુઃખરાશિને ભોગવે છે, તેમ अशुद्ध परिणाम विशिष्ट આત્મા આરંભમાં પ્રવૃત્તિ કરતો છતો જન્મ જરા મરણના દુઃખની પરંપરાને વધારે છે. મોહમદિરાથી જીવ સ્વસ્વરૂપ ભૂલી મૂઢ બની પરવસ્તુને પોતાની માને છે. નાચે છે, કૂદે છે, રડે છે, પીટે છે, દેવને કુદેવ માને છે, કુદેવને દેવ માને છે, ગુરુનો અનાદર કરે છે, ધન ધાન્યાદિકના ક્રમ સંચયથી પોતાને સુખી માને છે. પુત્ર જન્મથી હર્ષ માને છે. વળી તેજ પુત્ર મરણથી રુદન કરે છે. સ્ત્રીને પરણી સુખી પોતાને માને છે. પશ્ચાત્ તેના મરણથી દુઃખી બની શોક કરે છે. જડ સ્વરૂપ બાહ્ય પદાર્થોને પોતાના માની મગરૂર છે. એ સર્વ મોહનો પ્રભાવ છે. આકાશની આઠની પેઠે આ સાંસારિક વસ્તુઓની સ્થિતિ છે તેની આશામાં મોહી અજ્ઞાની જીવ રાત્રિ દિવસ મારૂં તારૂં કરતાં રઝળે છે. સર્વ જગત્ મોહથી મુંઝાયું છે. વીરલા અધ્યાત્મીઓ સ્યાદ્વાદ ધર્મને જાણી મોહ મહાભટનો પરાજય કરે છે, ભાવ ક્ષણિક વસ્તુઓમાં રાગદ્વેષ નહી ધરનારા જીવો મોહને હઠાવી નિ-ર્વિપદ પામ્યા, પામે છે, અને પામશે. આ સ્વરૂપ જાણવાની ખાસ અગત્ય જાણી જે ભવ્યો આત્મહિતમાં પ્રવૃત્તિ કરે છે, તે સદ્ગતિ પ્રાપ્ત કરે છે.

परगुणपरिपुलोकिनः परदोषेक्षणदक्षः तत्परोऽपि पुरुषः स्वेषु वदे मनु-ष्येण कल्पनात् ॥ १ ॥ પારકા દોષ જોવામાં નિપુણ જે મનુષ્ય વાપરવામાં આવે છે. તે જો પોતાના દોષ જોવામાં વાપરે તો શીઘ્ર એ સંસાર બંધનથી મુક્ત ન થાય? કેટલાક આત્માઓ પ્રતિદિને મનોભાવે મુક્ત

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

હોય છે, જેવા જેવા સંયોગો જીવ પામે છે, તદનુસારે સારી યા નઠારી પ્રવૃત્તિ પ્રવર્તે છે. અશુભ સંયોગથી જીવને ઘણું ખમવું પડે છે. નિંદા, ચોરી, વ્યભિચાર, હિંસા, અને વ્યસન આદિ અશુભ સંયોગથી દુઃખ પ્રાપ્ત થાય છે. તે કારણથી સર્વજ્ઞ મહારાજા સત્સંગમનું અત્યંત ફળ દર્શાવે છે. શ્રી સદ્ગુરુ સમાગમના સમાન અન્ય સત્સંગતિ નથી. મોક્ષની પ્રાપ્તિમાં, ગુણની પ્રાપ્તિમાં, ધર્મની પ્રાપ્તિમાં, વિનયની પ્રાપ્તિમાં, વિવેકની પ્રાપ્તિમાં, અને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં, સત્સંગમની મુખ્યતાએ જરૂર છે.

दुहा.

स्त्री धन पुत्र कुटुंब सब, प्राप्ति तेनी सहेल;
भाव चिंतामणि सारिखो, सत्संगम मुश्केल. ॥ १ ॥
सद्संगति सद्गुरुतणी, करतां नाशे पाप;
क्लेश शोक संताप सहु, नाशे आपोआप. ॥ २ ॥
तन मन धनथी गुरुतणी, भक्ति करो धरी भाव;
भवजल पार पमाडवा, श्री सद्गुरु छे नाव. ॥ ३ ॥

અનાદિ ભવસંચિત પાપકર્મ પણ શ્રી સદ્ગુરુની સંગતથી ટળે છે, શ્રી સદ્ગુરુની પાસે જતાં પ્રથમ તો વિનયની ઉત્પત્તિ થાય છે, અને ત્યારબાદ શ્રી ગુરુના ઉપદેશામૃતથી મિથ્યાત્વ રોગ નાશ પામે છે. એક તરફ સર્વ ગુણો અને એક તરફ શ્રી સદ્ગુરુ સમાગમ છે. સદ્ગુરુ શ્રી જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તનારા હોય છે. દેશો દેશ ભમી ચારિત્ર ધર્મને પાળે છે. જો પ્રથમ ધર્મવંત થવાની મરજી હોય તો પહેલાં શ્રી સદ્ગુરુની વાણી સાંભળી તેમના ઉપર ભક્તિ પક્કી રાખવી. શ્રદ્ધા અને બહુમાનથી સેવાયેલ સદ્ગુરુજી મનોવાંછિત આપે છે. ગુરુ ઉપર પૂર્ણ શ્રદ્ધા, ભક્તિ, અને બહુમાન વિના દેવ ઉપર શ્રદ્ધા ભક્તિ યથાતથ્યરીત્યા સંભવતી નથી. શ્રી સદ્ગુરુ સદ્ધર્મની પ્રાપ્તિ કરાવે છે. અનાદિ કાળથી ચેતન ભટક્યો પણ હજી પાર આવ્યો નહિ તેનું કારણ પણ કુસંગ છે. મહા પુણ્યોદયે ગુરુનો સમાગમ થાય છે, તે પામ્યા છતાં જ્યારે જીવ કોરા ઘડાની પેઠે આચરણ કરે, તેમાં પોતાનોજ દોષ છે. ગીતાર્થની સમજણ આપનાર ગુરુ છે. અહો ગુરુનો કેટલો ઉપકાર! તેમનો ઉપકાર કોઈ પણ રીતે વળે તેમ નથી. यतः समकित दायक गुरुतणो पच्चुवयार न थाय, भवकोडाकोडी करी, करतां कोटी उपाय. હે જીવ! હવે સદ્ગુરુ વચનાનુસારે ધર્મ માર્ગે ચાલ. ધન વયથી ગુરુને

ગુરૂ સન્મુખ બેસીશ નહીં, અવિનયથી ગુરૂનું અપમાન કરીશ નહીં. ગુરૂના દોષો તરફ દ્રષ્ટિ આરોપણ નહીં. ક્રૂર આંખે સામું નહીં જોતાં પોતાનું આપણું સામું જોવાની ટેવ પાડ. સર્વ સુખી વીતરાગ છે. પોતાનામાં દોષ છતાં તું પારકાં સામું કેમ નિહાળે છે! હે જીવ તું આઠ કર્મથી સંયુક્ત છે. ત્યાં બીજામાં જોવાનો તું ગયો છે કે અહંતા ધારે છે! પોતાના દોષ દેખવાની ટેવ રાખ. પારકાના દોષ દેખવા કરતાં જો પોતાના દોષ દેખે છે, તો સુખી થઇશ. સદ્ગુરૂનો સમાગમ થતાં પારકા દોષ દેખવાની ટેવ ટળે છે. અને સદ્ગુણ પ્રાપ્ત થાય છે. અને સદ્ગુણ પામવાથી કર્મનો નાશ થતાં મુક્તિપદની પ્રાપ્તિ થાય છે. હે ચેતન! દોષ ટાળવાની ઇચ્છા જ્યારે હોય તો તું પોતાને પૂછ્યા કર કે આત્મા તું કોણ છે? તારૂં કોણ છે! તું સુખી છે, કે અસુખી છે! સ્વસ્વભાવે રમે છે કે પરભાવે રમે છે! પરભાવમાં રમે તે સુખી શી રીતે કહેવાય! તું શામાં પ્રવૃત્તિ શા કારણથી કરે છે! હે ચેતન! તેં પોતાના કેટલા ગુણો આવિર્ભાવે કર્યા છે! તું પોતાનો કાળ પ્રમાદ દશામાં ગાળે છે કે આત્મ સાધન દશામાં? હે ચેતન તારે શું કરવા યોગ્ય છે! શું પરિહરવા યોગ્ય છે! એમ શાંત ચિત્તથી પોતાના આત્માને પ્રશ્ન કરતાં સદ્ગુણી થવાની ટેવ પડશે, અને સદ્ગુણ પ્રાપ્ત થતાં શિવ સનાતનરૂપ આત્મા પામી અનંત સુખમય થશે.

असारमेव संसारस्वरूपमिति चेतसि विभाव्य शिवदे धर्मे यत्नं कुरुत हे जनाः ॥ १ ॥ અનિત્ય-અસાર આ સંસારનું સ્વરૂપ જાણીને હે ભવ્યો! મોક્ષને આપનારા એવા સ્યાદ્વાદ ધર્મને વિષે યત્ન કરો. કાયિક, વાચિક અને માનસિક, પ્રબલપણે શ્રી સદ્ગુરૂનું અવલંબન કરી ક્ષણે ક્ષણે આત્મસ્વરૂપે સ્થિર થઇ વ્યવહારનય અવલંબી નિશ્ચયનય હૃદયમાં ધારણ કરી વર્તવું એજ મનુષ્યાવતારનું કર્તવ્ય છે. કૃતકર્માનુસારે યથાયોગ્ય નિમિત્ત કારણોની પ્રાપ્તિ થાય છે. પુનઃ પુનઃ મનુષ્ય જન્મ પ્રાપ્તિ દુર્લભ છે, જોત જોતામાં અંજલી જલવત્ આયુષ્ય ખૂટી જશે, જે દિવસ ગયો તે પાછો આવનાર નથી. કાલે કરવા ઉપર જે કાર્ય રાખ્યું હોય, તે આજ કરી લેવું. સુખ દુઃખની પ્રાપ્તિમાં અન્યો તો નિમિત્ત માત્ર છે. અમુકે મારૂં બગાડ્યું, એમ હે ચેતન તું મનમાં લાવીશ નહીં. યતઃ जं जेणकयं कम्मं पुव्वभवे इह भवे व संतेणं तं तेण वेअव्वं निमित्तमित्तो परो होइ ॥ १ ॥ પૂર્વભવમાં વા આ ભવમાં પણ જેણે જે કર્મ કર્યા છે, તે તેણે અવશ્ય ભોગવવાં પડે છે. કોઈ એવો જીવ નથી કે સંસારમાં રહ્યો છતો કર્મ થકી નહીં લેપાતો હોય. શ્રી જિનેશ્વર કથિત શ્રાવક ધર્મ અને યતિધર્મનું અવલંબન

[illegible]

... કરી અનંત મુક્તિમાં આત્મા વસે.

પંચાશ્રવનો ત્યાગ કરે, પંચ મહાવ્રતધાર;
પંચ સુમતિ ત્રણ ગુપ્તિના, ધારક શ્રી અણગાર. 1.
પંચ મહાવ્રત આદરી, કરેચ અભિગામ;
રાગ દ્વેષ બન્ને નહીં, તેને કરું પ્રણામ. 2.
મુનિવર સંયમ પાળતા, નિરતિક કરી ત્યાગ;
પ્રતિબંધ નહિ કોઈનો, તે મુનિ મહા સૌભાગ્ય. 3.
આત્મસ્વરૂપ સમજે નહીં, ચસવે હાડમાર;
મમત મનમાં બહુ કરે, નહ ભવ અરદહમાર. 4.

કેશ લોચ કરતો ફરે, મનમાં અતિ મકલાય;
ભાવ લોચ યાવત્ નહીં, તાવત્ ભવ ભટકાય. ૫.
બાહ્ય પરિગ્રહ ત્યાગતા, મુનિપણું માને મન;
અભ્યંતર પરિગ્રહથકી, વિરમ્યા નહીં તે અવંન્ધ. ૬.
ક્રિયા કરી નિંદા કરે, કાકવૃત્તિ મન જાસ;
સાધુ થયા તો શું થયું, ત્રણ ભુવનના દાસ. ૭.
જપ તપ ક્રિયા અનુસરે, સત્ય નહીં ઉપદેશ;
જિનઆણા ઉત્થાપ તો, પામે તે બહુ કલેશ. ૮.
બાહ્ય ત્યાગ દેખાડતો, મન ધરતો અભિમાન;
કપટ કરી પર છેતરે, તે મુનિ છે નાદાન. ૯.
પરનિંદા સ્તુતિ આપની, કરતા જનની પાસ;
તે મુનિ તર્યા કિમ તારશે, જસ પર પુદ્ગલ આશ. ૧૦.
ક્રોધ લોભ ભય હાસ્યનો, જેને છે પર ભાવ;
તર્યા નહિ તે મુનિવરા, ભવજલમાંહિ નાવ. ૧૧.
આપ વચનને થાપતા, સત્ય વચન કરે દૂર;
જિન વાણી સમજે નહીં, મનમાં છે બહુ કૂર. ૧૨.
ગચ્છતણી મમતા ધરે, સંઘાડાનો રાગ;
તેહ મુનિ શું તરી શકે, રાગતણો ત્યાં ડાઘ. ૧૩.
ગાડરીયા પ્રવાહની, આચરણા ધરી ચિત્ત,
મુનિ વેષ જે પહેરતા, તે શું ? હોય પવિત્ત. ૧૪.
આત્મસ્વરૂપને ઓળખે, પર પુદ્ગલ નહીં આશ;
તે મુનિવરને વંદીએ, તેના થઇને દાસ. ૧૫.
ચાર નિક્ષેપા જાણતા, ઉત્સર્ગને અપવાદ;
વ્યવહાર નિશ્ચય જાણતા, જાણંતા સ્યાદ્વાદ. ૧૬.
નવ તત્ત્વાદિક જાણતા, રમતા આત્મ સ્વરૂપ;
તે મુનિવરને વંદતાં, પડીએ નહિ ભવ કૂપ. ૧૭.
આત્મસ્વભાવે સ્થિરતા, પર પુદ્ગલ નહિ આશ;
તે મુનિવર નિત્ય વંદીએ, તસ વચને વિશ્વાસ. ૧૮.
બાર ભાવના ભાવતા, માધ્યસ્થાદિક ચાર;
તે મુનિવર નિત્ય વંદીએ, તરીએ ભવજલ પાર. ૧૯.
ગામોગામે વિચરતા, એકજ નહીં જસવાસ;
તે મુનિવર નિત્ય વંદીએ, ભાવ ધરી ઉલ્લાસ. ૨૦.

વિવેક વૈરાગ્યે સદા, ધર્મ તત્ત્વ મન વાસ;
પર ચિંતા જેને નહિ, કરીએ તસ વિશ્વાસ. ૨૧.
અનંત પુણ્યોદયથકી, સદ્ગુરૂ સંગમ થાય;
પામી સદ્ગુરૂ સંગતિ, ભવિ મનમાં હરખાય. ૨૨.
કુગુરૂ સંગતિ પરિહરિ, ભજો સુગુરૂ સંતાન;
કુગુરૂ કાળા નાગ સમ, નહીં કરીએ તસ માન. ૨૩.
જ્ઞાન ધ્યાન અર્પણ કરે, સદ્ગુરૂ ઉચ્ચસ્વભાવ;
તેઃસદ્ગુરૂ નિત્ય સેવીએ, ભવજલમાંહિ નાવ. ૨૪.
સદ્સંગતિ સદ્ગુરૂતણી, કરતાં આત્મસ્વરૂપ;
પામી શાશ્વત સુખ લહે, ધ્યાવે સચ્ચિદ્રૂપ. ૨૫.

અમુક માણસ મારો શત્રુ છે, અમુક જન મારૂ ખરાબ કરનાર છે, ઇત્યાદિ
વાણો નિમિત્ત માત્ર છે. કર્મ વિના કોઇ દુઃખ દેવા નિમિત્તભૂત થતું નથી. એ
કર્મની વિચિત્ર ગતિ છે. ક્ષણમાં કર્મે રંક રાજા તરીકે બને છે. ક્ષણમાં
રાજા રાજ્યથી ભ્રષ્ટ થઈ રંક તરીકે બને છે. ક્ષણમાં નિરોગી પણ રોગી
તરીકે બને છે. એ સર્વ કર્મનો પ્રપંચ છે. કર્મ આગળ કોઇનું ડહાપણ ચાલતું
નથી. કર્મે નળરાજાને વનવાસ જવું પડયું. કર્મે રામને વનમાં ભટકવું
પડયું. કર્મે શ્રી મહાવીર સ્વામીને ઘોર ઉપસર્ગ સહન કરવા પડયા. શુભ કર્મો-
દયની વખતે સારી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને સારાં નિમિત્ત કારણોનો સંયોગ
મળે છે. અશુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે બુદ્ધિ વિપરીતપણાને ભજે છે અને
ખરાબ સંયોગની પ્રાપ્તિ થાય છે. પાપ અશુભ કર્મ છે, અને પુણ્ય શુભ કર્મ
શુભાશુભ કર્મ ક્ષયથી મુક્તિ છે. આ જીવે કર્મવડે ચૌદરાજ લોક:
એકે પ્રદેશ અનંતવાર જન્મ મરણે સ્પર્શ્યો પણ હજી તે સંસારમ
ભટકે છે તેનું કારણ કર્મ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગે પુદ
ગલ પરમાણુ સ્કંધોનું કર્મરૂપે પરિણમન કરતો અનાદિ કાળથી પુનઃ પુનઃ
ચતુર્ગતિરૂપ સંસારમાં આ જીવ પરિભ્રમણ કરે છે. હે ચેતન! હવે મનુષ્યાવ-
તાર પામી પ્રમાદ કરીશ નહીં, અને સંસારની મોહજાળમાં ફસાઇ નરક
ગમન કરીશ નહીં. વારંવાર મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે. કોઇની સાથે
સાંસારિક વસ્તુઓ ગઇ નથી અને જવાની નથી. પુત્ર, ધન, અને સ્ત્રીને દેખી તું
શું મોહ કરે છે! અરે જીવ તું જરા વિચાર કે એ કંઇ તારૂં નથી. તારી
વસ્તુ તારી પાસે છે. તેની જો ખોજ કરે તો વારંવાર જન્મ મરણ કરવું
પડે નહીં. સ્મશાન વૈરાગ્યે તારૂં કંઇ દિન વળવાનું નથી, તથા ફક્ત
વો સારો છે, ફક્ત નો ખોટો છે, ઇત્યાદિ પરભાવમાં રમવાથી તારૂં કંઇ

ऋतुवंती नारीनां कर्त्तव्यो.

રાગ ગોડી

જે ઋતુવંતી નારીરે એતો પરિહરે, બીજે વસ્ત્રે અડકે નહીં એ. ૧
હિંડે નહિં તે નારિરે, સંધ્યા રાતિ સમ નક્ષત્ર માલા નવિ જુવે એ. ૨
રાત્રિ ન કરે આહારરે, પુષ્પ તે પરિહરે, આંખે અંજન નવિ કરે એ. ૩
વળિ વિલેપન વારેરે, દંતધાવન નહીં, સ્નાન શુદ્ધિ તેને નહીં હિ. ૪
ન કરે પુષ્ટ આહારરે, દર્પણ નવિ નિરખે, ધાતુને પાત્રે નવિ જમે એ. ૫
માટી કાષ્ટ પાષાણરે, ભાજન તેહનાં ભોજન હોય તેમાં કરે એ. ૬
ચોથે દિન એકાંતરે, સ્નાન મજ્જન કરે, અવર પુરૂષને નવિ જુવે એ. ૭
સુંદર કરી શણગારરે, નિજ નર નિરખંતી ગર્ભ અનુપમ ઉપજે એ. ૮
સોલ દિવસનો કાલરે, સ્ત્રી રહે ઋતુવંતી પછે ગર્ભ ન ઉપજે એ. ૯
ચોથ વાસરે ગર્ભરે, જે પણ ઉપજે અશુભ અલ્પતસ આઉખુ એ. ૧૦
૫૮ આઠે દસ બારરે, ચઉદસ શોલકે બાલ અનુપમ ઉપજે એ. ૧૧
પહોર પછી મધ્યમાંહિરે, ગર્ભ ધરે સહી સમ દીવસે સૂત ઉપજે એ. ૧૨
વિષમ દીન એકી જાણરે, ભોગ તવ નવિ ભજે વીર્ય પુત્રી ઉપજે એ. ૧૩
દીવસ નહિં સંભોગરે, ગર્ભ નિર્બલ હોવે, માર્ગ પણ તેહનો નહીં એ. ૧૪
સ્ત્રી ઋતુવંતિ જયારે, બાર વર્ષ પછી પ્રસવે પંચાવન લગે એ. ૧૫
સોલ વરસની નારિરે, પુરૂષા પંચવીશ તેહનો સુત સુંદર હોવે એ. ૧૬
ટાળો ભોગ વિલાસરે, નક્ષત્રજ રેવતી, બાલ જન્મ સુળી હોશે એ. ૧૭
નરનું વીર્ય વિશેષ પર, તો સુત ઉપજે રક્તપણે પુત્રી કહી એ. ૧૮
શોણિત શુક્ર સમભાગરે, તેહથી સ્ત્રી તણે બાલ નપુંસક ઉપજે એ. ૧૯

ચોપાઈ.

બાલ નપુંસક ઉપજે, શોણિને શુક્ર સમભાગ;
ગર્ભ વિચાર શ્રવણે, સુણી આણો મન વૈરાગ્ય. ૧.
ગર્ભતણો વળી કહું વિચાર, ઉપજવાનો ઠામ અસાર;
શોણિત શુક્રતણે સંયોગ, ઉદરે ઉપજે કરતાં ભોગ. ૨.
રક્તમાંસ અને અંધકાર, ગર્ભતણે રહેવાનો ઠાર;
પાપે પડીઓ પરવશ જંત, આતમ ભોગવે દુઃખ અનંત. ૩.
કલલ દીવસ સાત તું થયો, સાતે બુદ બુદ થઇને રહ્યા;
માંસપિંડ મહીને બંધાય, પલ પણ ભાખે જિનરાય. ૪.
બીજે માસે પેશી જે વળી, ત્રીજે માસે કાંઇક બડો માય;
ધરે દંમ ડોહલો ઈરયા, કુખે જીવ ઉપન્યા હોય જીરયા. ૫.

રોષે ભરે આઠક વિસ્તરે, માથ તણાં અંગ મોટાં કરે;
ડાબે સ્ત્રી જમણે નર હોય, વચ્ચે વસે નપુંસક સોય. ૬.
પાચમે પાંચ અંકુરા લેય, બે પગના બે કરના હોય;
મસ્તકનો અંકુરો એક, નિશ્ચે થાનક હોય ઈસ્યો વિવેક. ૭.
આપણી પિત્ત અને લોહી ધરે, દીન દીન કાયા પરોણી કરે;
કર્મ જોરે નિરંધી મરે, કોઈક જીવ નરકે અવતરે. ૮.
એમ માસે પેશી પંચાસ, રોમ નાડિ હોયે કાનસે;
નવમે નાડીને ધમણી કરે, કોઈ કોઈ રાગ વિસ્તરે. ૯.
સર્વ શરીર પૂરૂં હોય, નિસ્ચે માસ આઠમો હોય;
જિસ્યે ઉંધે માથે ઉદર રહે, નરકનથું દુઃખ તિહાં પણ સહે. ૧૦.
કોઈ કોઈ હોય તાતી કરી, સુગંધિ બહુ પરાક્રમી;
આઠ ગણું દુઃખ તે થકી હોય, ગર્ભનરી વેદના બહુ હોય. ૧૧.
માતૃપિતાનો નિદ્રા જેમ હોય, માયે રોતે બાળક સોય;
એવી પેરે જીવ ઉદરમાં રહે, પરવશ પડ્યો કોને કહે. ૧૨.
કોઈક કર્મ વિરાધ્યો ઘણી, ગર્ભ માંહે પામે વેદની;
એક ભીડ બે ભવ કરે, ચોવીસ વર્ષ ઉદર રહે. ૧૩.
જઘન્ય તો અંતર્મુહૂર્ત સાર, ભગવતિ ભાખ્યાં વર્ષ બાર;
કાયસ્થિતિ વર્ષ રહે ચોવીસ, માનવ ગર્ભ ભગવંત કહે ઇશ. ૧૪.
તિર્યંચ ગર્ભ વિચારજ કહે, જઘન્ય તો અંતર્મુહૂર્ત રહે;
ઉત્કૃષ્ટ તો રહે એમ (વર્ષ) આઠ, પછે કહે ભગવતિ વાટ. ૧૫.
એમ તણો ગર્ભ કેતો રહે, જઘન્ય તો અંતર્મુહૂર્ત કહે;
ઉત્કૃષ્ટ તો રહે ષટ માસ, રોઈ રોઈ કીધો ગર્ભવાસ. ૧૬.
તે માટે કરો તત્ત્વવિચાર, જન્મતણું દુઃખ છે અપાર;
ઉદરથકી વેદનાઓ ગુણી, અથવા મદનગુણી પણ સુણી. ૧૭.
કોડિ સુઈ ઝાઝેરી લેય, જન્મનાં વેદન ભાખી સોય;
મરણ જીવ પ્રસવતો મરે, જન્મતણું દુઃખ સહુના શિરે. ૧૮.
કેટલાક જીવને કર્મ અનંત, કાપી નાખ્યા લીધે અંત;
કેટલ સહે છે ગર્ભજ થકી, ભમતાં જીવો થાય દુઃખી. ૧૯.
એવાં ગર્ભનણાં દુઃખ જાણી, ઉત્તમ નર ચેત્યા નીરંગ;
જંબુ કુમાર ધરે આચાર, પરણી તે ન રહ્યા સંસાર. ૨૦.
નેમિનાથ નહિ પરણ્યા નાર, ગર્ભનણાં દુઃખ હિયે વિચાર;
ગર્ભનણાં દુઃખ કહ્યાં અપાર, દેખી ચેત્યો મેઘ કુમાર.
આઠ નારિ અતિ રૂડી નાર, વીર હાથે લેઈ દીક્ષા સાર. ૨૧.

ભાવાર્થ—ઋતુવંતી સ્ત્રી નીચે મુજબ વર્તે. અન્ય વસ્ત્રને સ્પર્શ કરે નહીં, સ્પર્શ ઋતુવંતી સ્ત્રીને કરવું કરવું નહીં, તેમ રાત્રીને વિષે પણ સમજવું. નક્ષત્રની શ્રેણી આંખે દેખે નહીં, રાત્રીએ ભક્ષણ કરે નહીં, પુષ્પ પણ રાખે નહીં, આંખે અંજન આંજે નહીં, વિલેપન તથા દંત ધાવન કરે નહીં, સ્નાન શુદ્ધિ પણ ઋતુવંતીને નિષેધ છે. ઋતુવંતી સ્ત્રી માદક પુષ્ટ આહાર ખાય તે અનુચિત છે. પુનઃ પુનઃ ઋતુવતીને પોતાનું મુખ દર્પણમાં નિરખવું નહીં, ધાતુ પાત્રમાં ભોજન કરે નહીં; માટી, કાષ્ટ, ચિનાઈ વાસણ વિગેરેમાં ભોજન કરવું. ચતુર્થ દિવસે સ્નાન મંજન એકાંત જગ્યાએ વિવેક પૂર્વક કરે. પશ્ચાત સુંદર શૃણગાર સજી પોતાના પતિનું મુખ નિરખે તો સુંદર ગર્ભ દૈવયોગે ધારણ કરે. ઋતુવંતી સ્ત્રીને ગર્ભધારણ કરવાની સોળ દિવસની મર્યાદા છે, કેટલેક સ્થાને ઋતુવંતી સ્ત્રીઓ ધાતુ પાત્રમાં આહાર કરે છે, તે अनिष्ट છે. ચોથા દિવસે ગર્ભ ઉત્પન્ન થાય તેનું અલ્પાયુષ્ય કહ્યું છે, ૭, આઠ, બાર અને ચૌદમા દીવસે અનુપમ બાળક દૈવયોગે ઋતુવંતી સ્ત્રી ધારણ કરનારી થાય છે. સોળ વર્ષની સ્ત્રી અને પચીસ વર્ષનો પુરૂષ તે થકી જે ગર્ભ ઉત્પન્ન થાય છે, તે पराक्रमी નીવડે છે. સાંપ્રતકાળમાં જૈનોમાં બાર બાર વર્ષની છોકરીઓ અને તેર ચૌદ વર્ષના છોકરાઓ ઘર-સંસાર ચલાવે છે તેથકી જે બાળ બચ્ચાંની संतति થાય છે તે मंदबल અને सत्त्वहीन નીવડે છે. વળી તેનાથી જે संतति થાય છે તે વળી તેના કરતાં बलहीन, पराक्रमहीन બને છે અને તે થકી व्यावहारिक વા धार्मिक મહાકાર્યો બની શકતાં નથી. ઘણાંખરાં માબાપો પોતાના પુત્રોને लाडमां ને लाडमां પૂર્વાપર વિવેક શૂન્યતાથી લાકડે માંકડાની પેઠે પરણાવી બાળ-લગ્નની કુટેવને વૃદ્ધિ પમાડે છે. કેટલાક વૃદ્ધ થએલા પુરૂષો संतानની લાલ-સાથી છોકરીના બાપને પૈસા આપી વા હરેક રીતે પરણે છે, પશ્ચાત્ થોડા સમયમાં परलोक પધારે છે. તે થકી પણ कन्याविक्रय, वृद्ध विवाह આ બે રોગો અનેક રોગોને ઉત્પન્ન કરી જૈનોની વસ્તિના વધારાને બદલે ઘટાડો કરે છે. કાઠીઆવાડ વગેરે સ્થળે કેટલાક અજ્ઞજનો પોતાની છોકરીના પૈસા ખાય છે તે महा अधम कृत्य છે. જૈનોને આવાં કૃત્ય કરવાં અનુચિત છે. કન્યાવિક્રય સંબંધી અમોએ એક પુસ્તક બનાવ્યું છે. જે હવે થોડા વખતમાં બહાર પડશે. છે તે થકી સર્વ હકીકત જાણશો. ઉપરની ચોપાઈ શ્રાવક કવિ રીખવદાસ કૃત છે. સમજણ સુગમ જાણી વિશેષ વિવેચન કર્યું નથી. ક્ષણિક સાંસારિક તુચ્છ વિષય સુખની લાલસાએ आत्महित कृत्य વિસરવાં નહીં. અનંતકાળ કર્મ યોગે વિચિત્ર જન્મ ધારણ કરી ગર્ભની વેદનાઓ આ જીવે

[illegible] કરી અને [illegible] ત્યાં સુધી [illegible]. અનંતી વેદના [illegible] તેમ પ્રગતિ કરી [illegible] [illegible] છે. [illegible] આ આત્મા [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] છે. [illegible] છે. [illegible] [illegible] નહીં. [illegible] તેની [illegible] છે. અનુભવ [illegible] તેનું [illegible] [illegible] છે. [illegible] આત્મિક [illegible] પદ

([illegible])

અપૂર્વ અવસર સમકિત મહાર્મ લહી,
વેદી પામીશ કર્મ મર્મ વંઝણએ;
આદિ અનંતિ સ્થિતિ ભાંગી એ કદા,
હંસ અનાદિ ભાંતપણું દુઃખ ટાળશે. અ. ૧
દુઃખ સુખ સમભાવે વેદું હું આતમમાં,
શત્રુ મિત્ર પુત્રાદિકપર સમચિત્તએ;
અઠ્ઠેગતિ ઉદક થાય સુખકારૂં લહી,
દર્શન મોહની ટળતાં થાઉં પવિત્રએ. અ. ૨
અનંત બળકારક ક્રોધાદિક થઈ હણી,
આતમભાવે થાઉં હું સમ સ્થિરએ;
અંતઃદ્રષ્ટિથી આતમને દેખતી,
હંસે અનાદિ પર પરિણતિ ભવપીરએ. અ. ૩
આતમ અસંખ્યપ્રદેશ દ્રષ્ટિ દેતો,
સંયમ હેતુ પામી થાવ ધીરએ;
બારહભાવને ધારી એવી એ થકો,
ધર્મ ધ્યાનના વેગે સંવર વીરએ. અ. ૪
રોગ શોક વિયોગાદિક દૂરે ટળ્યા,
નિરાગી નિઃસ્નેહી અપ્રતિબદ્ધએ;
નિર્લેપી આકાશની પેરે સંગથી,
ક્ષપક શ્રેણી શુક્લ પરિણામે લહશે. અ. ૫
ભિન્ન ભિન્ન સ્વરૂપ આતમનું ઓળખ્યું,
દુઃખકારક દળીયા પર પુદ્ગલ સંગએ;
આતમ અનુભવ સાગર કલ્લોલે ચઢ્યો,
ઉછળીને રમતા ત્યાં જ્ઞાન તરંગએ. અ. ૬

આત્મસ્વરૂપે આરોહણ ગુણ ઠાણનું,
કર્મ પ્રકૃતિ વિચિત્ર ઝરતી જોયજો;
સોહં સોહં લાગી તાળી ધ્યાનની,
તત્ત્વમસિપદ સમ્યગ્ ત્યાં અવલોયજો. અ. ૭
ધર્માસ્તિકાયાદિક પાંચે દ્રવ્યનું,
ભિન્નપણું મુજ આતમ દ્રવ્યથી હોયજો;
તેના ગુણપર્યાયાદિક પણ ભિન્ન છે,
અસ્તિપણે વસીયા સ્વદ્રવ્યમાં સોયજો. અ. ૮
નાસ્તિકતા તેની છે આતમ દ્રવ્યમાં,
સ્વગુણની અસ્તિતા આતમ અનંતજો;
અસ્તિતા નાસ્તિતા સમકાલે રહી,
વાચ્યાવાચ્યપણે ભાખે ભગવંતજો. અ. ૯
દ્રવ્ય ગુણપર્યાય સ્વરૂપનાં ચિંતના,
પુદ્ગલથી ન્યારો મુજ આતમ દ્રવ્યજો;
સ્વપર પ્રકાશક ભોગી છે નિજ ઋદ્ધિનો,
કરે પ્રવૃત્તિ તત્ત્વવિવેચક ભવ્યજો. અ. ૧૦
કાળ અનાદિથી લાગ્યાં જે ઘાતીયાં,
કર્મતણો ગુણ ઠાણે બારમે અંતજો;
કેવલ દર્શન ક્ષાયિક વીર્ય ધરી વરે,
સયોગી ગુણ સ્થાનક તેરમું કંતજો. અ. ૧૧
દગ્ધ રજ્જુવત્ વેદનીયાદિક ચારનાં,
સ્થિતિનું હોવે ત્યાંહી જેટલું માનજો;
ભોગવી ચૌદમું ગુણઠાણું ઉલ્લંઘતાં,
સિદ્ધ બુદ્ધ પરમાતમ શ્રી ભગવાન્જો. અ. ૧૨
મનવચ કાયા કર્માષ્ટકની વર્ગણા,
પુદ્ગલ સંગનો જરા નહીં સંબંધજો;
જન્મ જરા મરણાદિક સહુ દૂરે ગયું,
ગયો અપૂર્વ આતમ કર્મ સંબંધજો. અ. ૧૩
આવિર્ભાવે ભાસી ગુણની સંતતિ,
સહજાનંદે વિચરે આતમ ભૂપજો;
પૂર્વ પ્રયોગને ગતિ પરિણામે સિદ્ધમાં,
પહોંચ્યો ચેતન ટળી અનાદિ ધૂપજો. અ. ૧૪

સાદિ અનંતિ સ્થિતિ આતમપદતણી,
પરકારક પરિણમતાં આતમરૂપએ;
નિરાકાર સાકાર સ્વરૂપ દો ચેતના,
ચિદાનન્દ ગુણધારક શ્રી ચિદ્રૂપએ. અ. ૧૫
સહસ ઇન્દ્રા આયુષ્ય પૂરવ કોડનું,
કેવલજ્ઞાની કહેતાં ન લહે પારએ;
વ્યવહાર નિશ્ચય નય બેને અવલંબતાં,
બુદ્ધિસાગર શાશ્વત પદ સ્વીકારએ. અ. ૧૬
માણસા પાસે માણેકપુરાએ રહી,
સંવત ઓગણીશ બાસઠની શુભ સાલએ;
વૈશાખ વદી તેરસે મધ્યાને રચ્યું,
ગાતાં ધ્યાતાં થાયે મંગલ માલએ. અ. ૧૭

આ સ્તવનના ભાવથી સન્ત જીજ્ઞાસુઓને આત્મરુચિ ઉદ્ભવે છે. તેનું મનન કરતાં, સ્મરણ કરતાં, તેનેજ સત્ય માનતાં અવર વસ્તુ ઉપરથી મમતા ઉતરે છે, અને આત્મા પોતાના સ્વરૂપમાં રમે છે, અને સદ્ગુરૂ મહા પુન્યોદયથી સ્વયં અનુભવે છે. એવી પ્રાપ્તિ સર્વને થાઓ.

સમ્યગ્ દર્શનના અભિલાષી જીવોએ ષટ્સ્થાનકનું ચિન્તવન કરવું.

પ્રથમ સ્થાનક—આત્મા છે. ઘટ-પટ દંડાદિકનું જેમ અસ્તિત્વ છે, તેમ આત્માનું અસ્તિત્વ છે. જડત્વ યોગે ઘટપટાદિકની સિદ્ધિ થાય છે, તેમ પોતાનો પ્રકાશ કરનારી અને અન્યનો પ્રકાશ કરનારી એવી ચૈતન્ય સત્તાના પ્રત્યક્ષ ગુણ યોગે આત્માની સિદ્ધિ થાય છે. આત્માને દેહ જાણી શકતું નથી. કારણ કે દેહમાં જ્ઞાન ગુણ નથી, માટે દેહથી ભિન્ન આત્માની સિદ્ધિ થાય છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત ઇંદ્રિયો આત્માને જાણી શકતી નથી. શ્વાસોશ્વાસ રૂપ પ્રાણ તે પણ આત્માને જાણતો નથી. તે તો એક આત્માની સત્તાથી પ્રવર્તે છે, નહીં તો જડરૂપે પડ્યા રહે છે. જાગ્રત સ્વપ્ન અને નિદ્રા એ ત્રણે અવસ્થામાં આત્મા વર્તતો છતાં, તે તે અવસ્થાઓથી જુદોજ રહે છે અને તે અવસ્થા નાશ પામે છતે પણ જેનું અસ્તિત્વ છે, અને જે તે અવસ્થાને જાણે તેજ આત્મા જાણવો. કોઈ કાળે જેમાં જાણપણાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જે જાણપણાના સ્વભાવે યુક્ત છે, તે ચેતનઃ એમ બંનેનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે.

દુહો.

જે જેની શંકા કરે, તેહીજ પોતે આપ;
શંકાનો કરનાર તે, ચેતન ગુણ અમાપ.

આત્માની શંકા આત્મા સ્વયમેવ કરે છે, જે શંકાનો કરનાર છે, તેજ આત્મા છે. પોતાનામાં અનંત ગુણો રહેલા તે અનાદિકાળ કર્મના યોગે તિરોભાવે રહ્યા છે, તેનો અનુભવ થાય તો હસ્તામલકવત્ સર્વ જગતનો દ્રષ્ટા આત્મા થાય; એ આત્માનું સ્વરૂપ ધ્યાનયોગે સત્ય ભાસે છે, ત્યારે તેની જ્ઞાન-પૂર્વક શ્રદ્ધા થાય છે. પ્રતિ શરીર ભિન્ન ભિન્ન આત્માઓનું અસ્તિત્વ છે. સર્વનો એક આત્મા નથી. જો સર્વનો એક આત્મા હોય તો બીજા પુરૂષને દુઃખ થતાં વા સુખ થતાં પોતાને દુઃખ સુખની લાગણી થવી જોઇએ, અને થતી તો નથી. માટે પ્રતિ શરીર ભિન્ન ભિન્ન આત્મા માનતાં અને ભિન્ન ભિન્ન કર્મ લાગેલું માનતાં સર્વ શંકા ટળે છે, અને અનુભવમાં પણ તેમ ભાસે છે. એમ પ્રથમ સ્થાનક સ્વબુદ્ધિ અનુસારે વિચારતાં આત્મસ્વરૂપ પ્રગટે છે. તેની વિચારણામાં જે આનંદ થાય છે, તે આનંદનું સુખ આત્માજ જાણે છે.

परोपकाराय सतां विभूतयः પરોપકારને માટેજ સત્પુરૂષો તન મન અને ધનને ધારણ કરી પોતાનું જીવન સફળ કરે છે. દુનિયામાં ઉત્પન્ન થઇ કંઈ પણ આત્મહિત કર્યું નહીં, પરોપકાર કર્યો નહીં, તે મનુષ્યનું આયુષ્ય અજાગલસ્તનવત્ નિષ્ફલ જાણવું. તેં શું પરોપકાર કૃત્ય કર્યું? તારી સાથે તારી લક્ષ્મી ક્યાં સુધી આવશે? કુટુંબ કબીલો તારો સગો ક્યાં સુધી છે! વીજળીના ચમકારાની પેઠે ક્ષણિક આયુષ્ય વિષે શો ભરોસો, તે હે ચેતન! વિચારી જો! સમુદ્રમાં, નદીઓમાં ઉડતી લહેરીઓની દશાની પેઠે તેં સંસાર સમુદ્રમાં અનેકવાર જન્મ મરણ કર્યાં. વક્તા ગયા, શ્રોતા ગયા, રાજા ગયા, રંક ગયા, દુઃખી ગયા, તારી કાયા અમર રહેવાની નથી. જળમાં મીઠાને પીગળતાં શી વાર? કોઇનાં શરીર દટાયાં, કોઇનાં મશાણમાં બળે છે, કોઇ શરીરની રાખ થઇ ગઇ, માટીનું શરીર માટી ભેગુ મળી જશે, પાણી વલોવ્યાં માખણ નીકળશે નહીં. જન્મ્યા તેટલા અવશ્ય મરી જવાના. તારા દેખતાં તારૂં આયુષ્ય ખુટે છે. નિંદા, દ્વેષ, અદેખાઇ, મમતા માયામાં કેમ લપટાય છે? એથી તારૂં હિત નથી. તત્ત્વની બુદ્ધિથી સદ્ધર્મ ગ્રહણ કરી લે? તરવું કે બુડવું તારા સ્વાધીન છે, તારૂં હૃદય તું કેવો છે તેની સાક્ષી પુરે છે. અન્ય ગમે તેમ કહો. માટે પ્રમાદ ત્યાગી ધર્મ કર કે જેથી **परमपदमय** તારા **आत्मा** ભાસે.

श्री अरिहंतनी प्रतिमा भावअरिहंतनी બુદ્ધિથી **आराध्य मान्य पूज्य** છે. **श्री अरिहंत** ભગવાનના ચારે નિક્ષેપા **सापेक्ष बुद्धिथी परमा-त्मपद** લક્ષ્ય સમજી **आराध्य** છે, **यतः जत्थयजं जाणिज्जा निखेवं निखिवे निरवसेसं जथ्थयनहुजाणिज्जा चउक्कयं निखिवेतत्थ ॥ १ ॥** જગમાં

જેટલા પદાર્થ છે તેના ઉપર અનેક નિક્ષેપા અવતરે છે તે અનુક્રમાનુસારે અવતારીએ. ઘણા નિક્ષેપા ન જાણીએ ત્યાં ચાર નિક્ષેપા અવશ્ય ઉતારવા. શ્રી તીર્થંકર ભગવાન ઉપર ચાર નિક્ષેપા અવતરે છે. નામ અરિહંત, સ્થાપના અરિહંત, દ્રવ્યઅરિહંત અને ભાવઅરિહંત. શ્રી અરિહંત ભગવાન માતાના ઉદરે ઉપન્યા. જન્મ પામ્યા પશ્ચાત્ છપ્પન દિશિકુમારીકા સૂતીકર્મ કરવા આવી. ચોસઠ ઇંદ્ર મળી મેરુ શિખરપર લેઈ જઈ જન્મસ્નાત્ર કર્યું. પશ્ચાત્ અનેક ઓચ્છવ કર્યા. બારમે દિવસે નામ દીધું. ઋષભાદિક વર્ધમાન પર્યંત તે નામ અરિહંત જાણવા તથા અરિહંત જાણી તેમની કોઈ પણ વસ્તુમાં સ્થાપના કરી. તે સ્થાપના અરિહંત. તીર્થંકર ભગવાને ત્રીજા ભવમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું, ત્યારથી તે કેવળજ્ઞાન ના ઉપજે ત્યાં સુધીની સર્વ અવસ્થા દ્રવ્યઅરિહંતની જાણવી. મોક્ષગમન બાદ તીર્થંકરનું કલેવર તે જ્ઞાયકશરીર દ્રવ્યારિહંત. દેવલોકમાં તથા નરકમાં તીર્થંકર ભગવાન્ જે છે તે ભાવ્ય શરીર દ્રવ્યારિહંત જાણવા. કેવળજ્ઞાન ઉપન્યા પશ્ચાત્ અરિહંત તીર્થની સ્થાપના કરે છે દેશના દેઈને ભવ્યાત્માઓને પ્રતિબોધતા એવા અને ચોસઠ ઇંદ્ર પૂજિત ચાર અતિશયે સહીત અને સમવસરણમાં બેઠા તેમને ભાવઅરિહંત જાણવા. જેટલા તીર્થંકર મહારાજાઓ સમવસરણમાં બેસી દેશના દે છે તે સર્વ તે કાળે ભાવઅરિહંત જાણવા. तं महा फलं खलु अरिहंताणं भगवंताणं नाम गोयस्स वि सवणयाए, એ સૂત્રના આલાવાના અનુસારે શ્રી અરિહંતનું નામ આરાધ્ય જાણવું. તેમનું નામ સાંભળવાથી પણ મહાફળ થાય છે તો તે નામનું સ્મરણ ધ્યાન કરવાથી આત્મહિત થાય તેમાં શું આશ્ચર્ય! આપણે નવકાર ગણીએ છીએ તેપણ પંચપરમેષ્ઠિનાં નામનેજ વાંદીએ છીએ. નવકારરૂપ પંચપરમેષ્ઠિના નામથી ભૂત પ્રેત, પિશાચ, અને વિષ આદિ નષ્ટ થાય છે, માટે નામનિક્ષેપે અરિહંત આરાધ્ય માનીએ નહિ તો નવકાર ગણવો નિષ્ફળ જાય; માટે નામનિક્ષેપો માન્ય આરાધ્ય સમજવો, તેમજ સ્થાપનાનિક્ષેપ ભગવાનની પ્રતિમા પ્રમુખ આરાધ્યપૂજ્ય છે. દેવલોકમાં જિન પ્રતિમા આગળ વિજય દેવતાએ એકસોને આઠ નવાં નવાં કાવ્ય કરી ભાવતીર્થંકરની બુદ્ધિનો આરોપ સ્થાપનામાં કરી સ્તવ્યા છે, નમુત્થુણં કહ્યું છે. નમુત્થુણં કહ્યાનું ફળ ઉત્તરાધ્યયના ઓગણત્રીસમા અધ્યયનને વિષે કહ્યું છે કે—થયથુઇમંગલેણં भंते जीवे किं जणइ? थयथुइमंगलेणं नाणदंसण चरित्त बोहिलाभं जणइ. સ્તવ થોય મંગળથી જ્ઞાનદર્શન ચારિત્ર અને બોધિ લાભની પ્રાપ્તિ થાય છે. વીતરાગ વચનાનુસારે અરિહંત ભગવાનની મૂર્તિ માનનીય છે.

નવકાર એ અક્ષર રૂપે પંચપરમેષ્ટીની સ્થાપના છે. ને જેમ માન્ય છે, તેમ પ્રતિમા પણ માન્ય પૂજ્ય સમજવી. નવકારથી જેમ ભાવ અરિહંત આદિનું સ્મરણ થાય છે, તેમ જિન પ્રતિમાથી ભાવજીનની સ્મૃતિ આવે છે. તેમના ગુણોનું સ્મરણ થાય છે, અને ચિંતવના થાય છે કે ભગવાન્ નિરાગી હતા. અને હું રાગી છું. ભગવાનનો શત્રુ મિત્ર ઉપર સમભાવ હતો પણ મને તો રાગ દ્વેષ થાય છે. અહો હું તેમના કરતાં કેટલો હીન છું. ભગવાનને કોઈ વસ્તુ ઉપર મમત્વ ભાવ હતો નહીં અને મને તો વારંવાર મારૂં તારૂં, અગર તમારો, આ શ્રાવક મારા, અમુક સાધુ મારા, અમુક તો બીજાના, અમુક પુત્ર મારો, બીજો અન્યનો, આ ઘર બીજાનું, આ જ્ઞાતિ મારી અને આ અન્યની એવી બુદ્ધિ થયા કરે છે તેથી હું સમયે સમયે સાત આઠ કર્મ બાંધુ છું. ભગવાનનું જ્ઞાન આત્મસ્વભાવે પરિણમ્યું હતું. મારૂં જ્ઞાન તો રાગદ્વેષમાં પરિણમ્યું છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—यज्ज्ञानमेवन-भयति यस्मिन्नुदिते विभातिगगणः तमसः कुतोऽस्तिशक्तिर्दिनकर किरणाग्रतः स्थातुं ॥ તે જ્ઞાનજ નથી કે જેનો ઉદય થતાં રાગદ્વેષ વૈરીઓ પ્રાદુર્ભવે છે અંધારાની શી શક્તિ છે કે, સૂર્યના કિરણ આગળ રહી શકે, તેમ સત્જ્ઞાન થતાં રાગદ્વેષાદિ શત્રુઓ પરાભવ પામે છે. અહો ભગવાનની કેવી ક્ષમા, કેટલી સહનશીલતા. મારામાં તો તેનો અંશમાત્ર પણ જણાતો નથી. કોઇ આવું અવળું અપમાનથી ભરેલું વચન બોલે છે તો ઉંચો નીચો થઇ જાઉં છું, કોઇ મારૂં બગાડે છે વા નિંદા કરે છે તો તેનો નાશ કરવા ઉંચો નીચો લાલચોળ બની જાઉં છું. ભગવાને મોહ રાજાને રોવરાવ્યો. ને મોહરાજા ઘડીમાં-પલકમાં મને રોવરાવે છે, અને ગાંડા જેવો કરી મૂકે છે, ભગવાને લોભરૂપ સ્વયંભૂરમણ સમુદ્રને તર્યા પણ હું તો આ મારૂં, તારૂં, આ ઘર મારૂં, આ ધન મારૂં, જાણે મરતાં સાથે ના લેઇ જાઉં એવી બુદ્ધિથી સંસારમાં રાચ્યો, માચ્યો. અને મારાપણું તેને માની સંસાર સમુદ્રમાં ગોથાં ખાઉં છું. અહો ભગવાન્ તું ક્યાં ને હું ક્યાં-ભગવાનમાં તો અનંત કોટી સૂર્ય કરતાં પણ અધિક લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન હતું અને મારો આત્મા તો આગીયાના પ્રકાશ જેટલું પણ જ્ઞાન ધરાવતો નથી. ભગવાન્ તો પોતાને ઉંચ નીચ માનતા નહોતા અને હું તો ઉંચો, બીજા નીચા. એમ જાતિ અભિમાનમાં મગ્ન થયો છું. ભગવાન્ સંસારથી અલિપ્ત હતા. અને હું તો પામર છું, અરે હું કેટલો દુઃખી? ભગવાન વાયુની પેઠે અપ્રતિબદ્ધપણે સ્વયમ્ ઇર્ષ્ઠ વિચરતા હતા અને હું તો શ્રાવકનો જાતિ દાસ હોઉં. એમ બનો છું. ભગવાન્ કોઇની નિંદા કરતા નહોતા, અને

હું તો શામી રીતે પ્રભુની નિંદા કરું વિઘ્નને મુખમાંથી કાઢી દેવાંજ્ઞાન
ભારી કરતાં પણ ખોટું ગર્યું છું. ક્ષમાંજળરત્નમાળિકા નામના ગ્રંથમાં
જિનવચનાર્થરૂપ કહ્યું છે કે—જ્ઞ. શુચિ. રિટ માનસંશુદ્ધ એમ પવિત્ર
છે, તેના ઉપરમાં લખાયું છે કે જેનું મન પવિત્ર છે તે ભલે ગમન, વચન,
આલિંગ, દેવપૂજન, અને પવિત્ર દેવ તેપણ જેનું મન દયા, ક્ષમા, મન, વૈરાગ્ય,
અને ભક્તિ વડે પવિત્ર છે તેજ પવિત્ર ગણાય. કાંઈ ન્હાવા ધોવાથી
પવિત્રપણું નથી. જે ભક્તિરાગના ભાવે કહે છે તે પવિત્ર છે. ભગવાનની
વાણી અમૃત સમાન હતી. અને મારા વચન તો મોહમાયાથી ભરેલું છે, ભો
માયામાં અને પ્રપંચમાં ફેંકો કર, ભગવાનને ભોમા હતા. દેવતાઓ, અને
શાલ્મલી માનના પૂરતા હતા તોપણ સંસારનો નાશ કર્યો અને હું તો ઘરના
કાંઈ ફેરી કરતાં હોય તોપણ રોગ કંઈ કરતો નથી. મારી કેટલી દુર્દશા!
ભગવાનની ભાષા નિર્વિકારી હતી, મારી ભાષ વિકારવાળી છે. મારી કર
ગતિ થઈ. હું મોઢું છું કર અને ગર્યું છું કાંઈ, ભગવાન ઉપાધિથી રહીત
હતા, અને હું તો ઉપાધિ સહીત છું ભગવાને આત્મામાં ગુણ દેખ્યું
અને હું તો પુદ્ગલ વસ્તુમાં સુખની આશા રાખું છું. પુદ્ગલ સમધી
સુખને ભગવાન કામ વિષ સમ લેખતા હતા અને હું તો અમૃતસમ દેખુ
છું. ભગવાનની કાયા પવિત્ર અને મારી કાયા અપવિત્ર, ભગવાનની વાણી
પવિત્ર અને મારા વચન તો મધુના પાણી સરખું છે. ભગવાનનો આત્મા
પવિત્ર અને હું તો આઠ કર્મથી વીંટાએલો છું. ભગવાનના અહંકાર ન
ટોની માયામાં તો અહંકાર નો ભાર છે ભગવાન ઘાલ્યા મરતા, ત્યારે હું
તો ભરાય ચાલું છું. ભગવાનને તો ભોગ હતા પૂરતા હતા, પણ મને તો
એક અન્ન પણ પૂરતું નથી. ભગવાનની મહત્તા દૃષ્ટિ તો મારી મહત્તા
દૃષ્ટિ. ભગવાનનું ચારિત્ર પવિત્ર, તો મારું ચારિત્ર અપવિત્ર. આ આત્મામાં
અને ભગવાનમાં આકાશ અને પાતાળ જેટલો ફેર છે. મારા સર્વ ગુણો
કર્મથી અવરાયા છે. માટે હે ભગવન્ હું ત્યે તારું સ્મરણ કરું તો તારા
જેવો હું પણ થાઉં. આ પ્રમાણે જિનપ્રતિમા દેખી પ્રભુના ગુણોનું સ્મરણ
કરી નિંદા રહિત થઈ સમભાવે આત્મ સ્વરૂપ ભાવવું.

સ્થાપનાસત્યજિનપ્રતિમા જિનસારિરેતી શ્રી સર્વજ્ઞ પ્રણિત સ્યાદ્વાદ
સૂત્રોમાં કથી છે. ધર્મધ્યાન આલંબન પ્રતિ પ્રતિમાની ખાસ જરૂર છે. શ્રી
વીતરાગની પ્રતિમાના આકારો વૈરાગ્યોદ્ભવ પ્રતિ હેતુભૂત છે, એ પ્રતિમામાં
મહત્ આશ્ચર્ય છે કે—જેના એટલે પ્રતિમાના સાદૃશ્ય આકૃતિવાળા મત્સ્યોને
અવલોકી અન્ય મત્સ્યો જાતિસ્મરણ જ્ઞાન પામે છે. અને પૂર્વભવની ખાતી

થતાં ધર્મ તરફ તેમની પ્રિતરૂચિ પ્રેરાય છે, અને અનન્તાનન્દ અંગીકારી પાદ્મલિક સુખાસ્રય રૂપ દેવગતિ પામે છે. તો મનુષ્યો તેને દેખી આત્મહિત પ્રાપ્તિ કરે, એમાં શું આશ્ચર્ય! જ્ઞાની પુરૂષોને રાગનાં કારણો પણ વૈરાગ્યને પરિણમે છે અને અજ્ઞાનીને વૈરાગ્યનાં કારણો પણ રાગને પરિણમે છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે-જ્ઞાની આત્માર્થી પુરૂષોને જિનપ્રતિમા મહારની અભિરૂચિ રૂપ થાય તે સત્ય છે, તેમાં યત્કિંચિત્ સંદેહ નથી. આત્મસાધક મહાપુરૂષોને જિનપ્રતિમા મોક્ષની પ્રાપ્તિમાં નિમિત્ત કારણરૂપે જણાય છે. એ પ્રતિમાને પૂજતાં સ્મરતાં મોક્ષની પ્રાપ્તિમાં નિમિત્ત કારણપણે પરિણમે છે. અને તેથી અનંતકર્મની નિર્જરા થાય છે. વાર રાખવું કે જે વડે અજ્ઞાની જનોને છે તેથી જ્ઞાની જુદી છે. આત્માને વીતરાગ ભગવંતના ગુણ જાણી જિનપ્રતિમાને વિષે માર્ગાનુસારી આરોપ કરી ભાવતાં પૂજતાં પરમાત્મ અનંતગુણાલયની પ્રાપ્તિ થાય છે. પ્રભાતે અનંત જીવો એ જિનપ્રતિમાના આલંબનથી તમારું અમુક તર્યા (નિરતિ પદ પામ્યા) તરે છે અને ભવિષ્યકાળે તરશે.

> પવિત્રસ્ય પરાન્સ્યન્તે. તત્ર વગમ્યનાથનં ॥
> મનઃશુદ્ધિ ગમનસ્ય, તથા તાર્ગ વિદુર્બુધાઃ ॥ ૧ ॥

ચિત્ત મનની શુદ્ધિ વિના [illegible] થાય છે. તેમજ અન્તઃકરણ રૂપ મનની શુદ્ધિ સર્વ [illegible] નિશ્ચિતપણાથી થાય છે. મનના અશુભ [illegible] [illegible] થાય અને તેમ મનના શુભ [illegible] [illegible] કરી તે મન શુદ્ધ છે. [illegible] મનના નિર્મળતા છે તે તેને [illegible] [illegible] [illegible] મનના મલીનતા છે. [illegible]

[illegible]

કરવાની છે, તેમાં મનોબળનો દૃઢ સંકલ્પ કરવો યોગ્ય છે. અશુભ માર્ગે મનનો વ્યાપાર થતો અટકાવવો જોઈએ. કારણ કે તેથી અશુભ કર્મનું ગ્રહણ થાય છે. સિદ્ધચક્રનું આરાધન વા નવકારનું ધ્યાન પણ મનોબળના દૃઢ સંકલ્પથી વિશેષ ફળદાયક થાય છે. જે અભ્યાસીઓ મનના નબળા હોય છે તેનાથી દૃઢતાવિના કંઈ શુભ કરી શકાતો નથી. લબ્ધિઓ વગેરે ઉત્પન્ન થાય છે તેમાં પણ મનોબળની મુખ્યતા છે. દેવતાનું આરાધન કરવું, મંત્ર જપવા, અને જાપ કરવો. તેમાં પણ મનોબળની ખાસ જરૂર છે. દૃઢસંકલ્પ શ્રદ્ધાપૂર્વક કરવાથી શાંતિયો વાડીના વિઘ્ન પણ ઝાટકથી અટકે છે, તે મેં નજરે જોયું છે. દરેક બાબતમાં દૃઢસંકલ્પની જરૂર છે, જો તમો બીજાના ઉપર મનોબળનો મેસ્મેરીઝમ કરી દેવ આરોપ કરો તો તેનું મન પણ તમારા પ્રતિ તેવું વલણ પ્રાયઃ ધારણ કરશે. શરીરનું વજન સ્થિતિ પણ મનના લીધે છે, તમારા મનમાં જો દ્વેષ અને ક્રોધ ધરો તો નેત્રવિકાર અને મુખવિકારને શરીર ધારણ કરશે. તમો જો શાંતિમાં—સમાધિમાં રહો તો શરીર પણ શાંત સ્થિર અવસ્થા ધારણ કરશે. મનની ચપળતાથી શરીરની ચપળતા ઉદ્ભવે છે. મન પોતાનો વ્યાપાર ક્યાં કરે છે, માટે મનને યોગીશ્વરો પરમાત્મા સ્વરૂપના ચિંતનમાં લય પમાડે છે. વિકલ્પો રોકી અને વિકલ્પો રોકાણીએ દૃઢ મનોબળના દૃઢ સંકલ્પથી અભ્યાસંયમ ધારવું કહ્યું. આત્માનો ખરેખરો મંત્રી મન છે. આત્માનું મુક્તિ માર્ગમાં ગમન કરવા પ્રતિ મન સહાયકારી છે, હૃદયમાં નવકમળ કરીની રચનાએ નવપદનું ચિંતવન કરવું તેમાં મનોબળની જરૂર છે. અને તેથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અને તેથી આભ્યંતર મનનો નાટક સિદ્ધ થતાં ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. આમીશની ઓળી કરી નવપદનું શ્રીપાળ રાજાએ શ્રદ્ધાપૂર્વક દૃઢસંકલ્પથી આરાધન કર્યું હતું તો અવશ્ય રોગની સિદ્ધિ થઈ હતી. તેમ હાલના વખતમાં શ્રદ્ધા અને દૃઢ સંકલ્પથી નવકારનો જાપ અને નવપદનું આરાધન જે અભ્યાસીઓ કરે છે તે વાંછિત ફળ પ્રાપ્ત કરે છે.

દુહા.

દુગ્ધ નીર સંયોગવત્, ચેતન પુદ્ગલ સંગ;
થયો અનાદિ કાળથી, કરતાં કર્મ કુરંગ. ૧
તેથી અવળી પરિણતે, કર્તા કર્મ કહાઉં;
સવળી પરિણતિ જો હુએ, શુદ્ધ નિરંજન થાઉં. ૨

પુદ્ગલ ખાવું પહેરવું, પુદ્ગલ વસતિ મહેલ;
વાસ વસી તેમાં મુધા, માની સુખની સહેલ. ૩
રહ્યું હવે નહિ પુદ્ગલે, જેની કુડી ચાલ;
સંગે તેની માહરે, થવું પડ્યું બે હાલ. ૪
મિત્ર નહીં તે માહરો, અવળો તાસ સ્વભાવ;
પરપુદ્ગલ મમતાથકી, બનીયો એહ બનાવ. ૫

આ પ્રત્યક્ષ ઘટપટ દંડાદિ વસ્તુ ચક્ષુના વિષયગોચર થાય છે તે પૌદ્ગલિક વસ્તુ જાણવી. અને તે આત્મદ્રવ્યથી ભિન્ન છે. એમ શ્રી સર્વજ્ઞ મહારાજા શાસ્ત્રમાં કથે છે. પુદ્ગલ સ્વરૂપ જે ધન ધાન્યાદિકમાં મારાપણાની બુદ્ધિથી રાચતાં માચતાં આત્માના ગુણો હણાય છે. હે ચેતન ! તું પર વસ્તુને પોતાની માની તૃષ્ણા જાલમાં ફસાય છે. સ્વઆત્મસુખનો અજાણ બની વિવેક નયનશૂન્યાત્મા બની અત્રતત્ર ઐહિક સુખની ભ્રાંતિએ ભ્રમણ કરતો મનોરાજ્યની સંકલ્પ વિકલ્પ શ્રેણીએ ચઢ્યો છતો સ્વપ્ન ઇન્દ્ર મહણ પુરૂપ ચપલવત્ ક્ષણિક તુચ્છ સુખની લાલસાએ જડરૂપ પૃથ્વીને પોતાની માની તદર્થે સહસ્ત્રશઃ જીવ ઘાતક બની સ્વમહત્વતામાં અન્ય બન્ધોને લઘુ ગણી પરવસ્તુમાં મમતાનો દૃઢભાવ સંકલ્પી રાત્રી દિવસ અસત્ આચરણોમાં ગુમાવીને હે આત્મન્! તું મનુષ્ય જન્મ હારે છે પોતાનાથી અત્યંત ભિન્ન પૃથ્વી, ધન, અને મહેલ આદિ વસ્તુઓ કોઇની થઇ નથી અને થવાની નથી. અમુક વસ્તુ મારી છે એમ માનવું તે કેવલ ભ્રાંતિ છે. હે જીવ! તું મનમાં વિચાર કે ઘરબાર, સગાંસંબંધી કોઇનાં થયાં નથી અને થવાનાં નથી. આ શરીર પણ તારૂં નથી. અનન્તા તેં શરીર ધારણ કર્યા અને અનંતાં મૂક્યાં પણ જે વસ્તુ આત્માની નથી તે આત્માની શા રીતે થાય! હે જીવ! તેં કોઇને મિત્ર કર્યો અને કોઇને તું શત્રુ માને છે. તે પણ તારી ભ્રાંતિ છે. તારો કોઇ શત્રુ નથી, તારૂં બગાડવા કોઇ સમર્થ, નથી આત્માને સુખ દુઃખમાં અન્ય તો નિમિત્ત માત્ર છે. ક્રોધ માનાદિક કરતો તું કર્મ જાળમાં સપડાય છે. વળી હે ચેતન! તું વિચાર કે, જે ઘર, હાટ, મહેલ, બંધાવતાં, રક્ષણ કરતાં આત્માએ જરા પણ શાંતિ લીધી નહીં તે ઘર હાટ મૂકી, સગાં સંબંધી મૂકી જીવ મરવા સમયે ટમટમ જોતો જીવવાની સહસ્ત્રશઃ આશાઓ કરતો પણ પરભવમાં ચાલ્યો જાય છે. અને સાથે કોઇ પણ વસ્તુ આવતી નથી. જ્યાં જે વસ્તુ તે તેને ત્યાં રહે છે. અનન્તાભવ કર્યા પણ કોઇ વસ્તુ સાથે આવી નહીં. તો હવે ચેતન વિચાર કે તારી સાથે શું આવનાર છે! પૌદ્ગલિક વસ્તુ ઉપર રાગ દ્વેષ કરવો! કેટલીક વસ્તુઓને સંયોગ થાય છે અને

કેટલીક વસ્તુઓનો વિયોગ થાય છે. સગાંસંબંધીની પ્રીતિ પણ સ્વાર્થને લીધે ક્ષણિક છે. સત્ય આદેય એક આત્મતત્વ છે. બાહ્ય પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ થાય છે તેનો નાશ થઇ અંતર આત્મતત્વમાં મારાપણાની બુદ્ધિ થાય તો પરમાત્મપદ પામી શકાય. આત્મા અને કર્મ રૂપ પુદ્ગલ દ્રવ્યનો અનાદિ કાળથી દુગ્ધનીર સંયોગવત્ સંબંધ થયો છે. રાગ અને દ્વેષથી આત્માની અશુદ્ધ પરિણતિ થાય છે. તેથી સંસારમાં કર્મનો કર્તા બની પરિભ્રમણ કરે છે અને જો આત્માની સવળી પરિણતિ થાય તો કર્મનો ક્ષય કરી પરમાત્મપદ પામે. અતીતકાળે અનંત જીવો આત્મસ્વરૂપે રમવાથી પરમાત્મપદ પામ્યા અને પામશે. મુક્તિસાધક ભવ્યાત્માઓને શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ થાઓ એજ સ્વપરહિતાકાંક્ષા.

૧ નમ્રતાથી બોલો ! અંતઃકરણના ઉંડા કુવામાંથી નીકળતી આ એક સદૈવ બાગન છે, તેથી જે સારૂં થાય છે અને આનંદ ઉપજે છે તે અનંત સિદ્ધિ બનાવી આપશે.

૨ આડાં અવળાં ફેંકેલાં તીરો ધનુર્ધારીએ નહિ ધારેલે ઠેકાણે વાગે છે અને જેમ તેમ બોલેલાં વચનો હૃદયને જખમી કરે છે.

૩ ઈશ્વરનું અતિ મૂલ્યવાન અને શોભાયમાન આભૂષણરૂપ તમારા મિત્રોની પસંદગીમાં ઘણી કાળજી રાખજો. સોબત સારી કરો જેથી તમે સારા થશો.

૪ પાતકી મનુષ્યોના માર્ગને અનુસરો નહી અને ખરાબ માણસને રસ્તે જાઓ નહીં તેથી દૂર રહો. તે પાસે થઇને પણ નીકળ નહી.

૫ સારી રીતિએ મનન કર અને સત્ય માર્ગ જાણી લે, પછી આગ્રહ રાખ અને તારી શક્તિ પારખ. ઉતાવળ કર નહિ. ઉતાવળથી અને અવિચારથી કરેલા એક કૃત્યનો અંદેશો ઘણા વર્ષોથી પણ પુરો પડી શકતો નથી.

૬ આરામ લે નહિ, ઈશ્વર ઝડપથી ચાલ્યુ જાય છે. મૃત્યુને શરણ પડેલાં હિંમતથી કાર્ય કર.

૭ જો હિંમત ગઈ તો પછી બધુ ગયું તે કરતાં તો જન્મ ન લીધો હોય તે સારૂં

૮ જો અંતઃકરણ શુદ્ધ હોય અને પ્રીતિ દૃઢ હોય તો કોઇ પણ બાગન કદી બહુ અવળા પડતી નથી.

૯ ઘણા મનુષ્યો કોઇ પણ દિવસ પોતાની હાનિનો શોચ કરતા નથી. પણ પોતાને થતા નુકસાનનો ઇલાજ કેમ થાય, તેની શોધમાં આનંદથી રહે છે.

૧૦ જેના અંતઃકરણના કાર્યો તું જોઈ શકતો નથી, તેની ટીકા કર નહિ.

૧૧ પરોપકાર બુદ્ધિ અદેખાઈ કરતી નથી. પરોપકાર બુદ્ધિ દુઃખ સહન કરે છે.

૧૨ જો તમારી ફતેહ થાય તો તેથી તમે ગર્વિષ્ટ થાઓ નહિ. ગર્વ એ નાશનો કર્તા છે અને કડક મીજાજ એ પડતીનો અગ્રગામી છે.

૧૩ સ્વર્ગ અને નરકનો જે વારંવાર વિચાર કરે છે તેનું મૃત્યુ અવશ્ય સુધરે છે.

૧૪ હલાહલ જાતનું ઝેર છે તેના કરતાં ક્રોધ મહાન્ વિષ છે.

૧૫ મનુષ્ય કૃત્યોમાં ભરતીઓટ થયા કરે છે. ભરતી વખતે જે લાભ લે તેનો ઉદય થાય છે. જેઓ ગફલત કરે છે તેઓની જીંદગીની સઘળી મુસાફરી ખાબોચીયાં અને દુઃખમાં પુરી થાય છે.

૧૬ જે કાર્ય કરવાનું છે, અને જેથી આત્મહિત છે, તેવા કાર્યમાં પ્રમાદ કેમ કરવો જોઇએ ?

૧૭ સમય આવ્યા વિના કાર્ય સિદ્ધિ થતી નથી, માટે સમતાની જરૂર છે.

૧૮ સમયે સમયે આત્મ સ્વરૂપનો ઉપયોગ ગણવો જોઇએ.

૧૯ મોજાની પેઠે વિભાવ દશાથી પોતાને મોટો માનવો એ ક્યાં સુધી બની શકે ?

૨૦ પરમાર્થ બુદ્ધિ આભવ અને પરભવમાં હિતકારી છે.

૨૧ દરેક કાર્ય સૂક્ષ્મ દીર્ઘ દ્રષ્ટિથી અવલોકી વિવેકપૂર્વક કરવાથી વિશેષ લાભ થાય છે.

૨૨ ઉદ્યોગ અને મહેનત સદા જે પુરુષો ધારણ કરે છે, તેને દુઃખના માર્યું થતાં ક્લેશ ભોગવવો પડતો નથી.

૨૩ દુનિયા દોરંગી છે, માટે સાવચેતીથી ચાલવું.

૨૪ જેને માટે અમૂલ્ય વખત રોકવો જોઇએ, તેને માટે કોઈ વીરલા વખત રોકતા હશે.

૨૫ વિજ્ઞાનીને જે કાર્ય કરવાનું છે. તેનું ભાન કોઇકનેજ હોય છે.

૨૬ કર્મના ઉપર આધાર રાખી ઉદ્યમ ત્યાગવો એ બુદ્ધિમાનને છાજતું નથી.

॥ ૐ ॥

तारणी तेथी पार उतरणी.

આ નાની સરખી હિંસા વિસ્મરણીય નથી, એક રજ પાણીને એમ અલ્પ રાખીએ કે કીડીઓ ચડશે, અને તેનું ભક્ષણ કરીશું, તો તે આશા નિરર્થક છે. વિષ ભક્ષણ કર્યા બાદ જીવવાની આશા રાખવી, તેના સરખી પાપ કૃત્ય કરીને સારા ફળની ઇચ્છા રાખવી તે વ્યર્થ છે. એ વાતનું સરખું દૃષ્ટાંત સમજવા અર્થે કહું છું કે—કર્મનું બીજ હોય, તેને ભાવના રૂપી પાણીએ તો તે કર્મથી ઉત્પન્ન થનાર ફળમાં જે ફેર થશે, તે વાત રૂપ ઘટે. કદી સંસારની ભાવના કયાં કેવી રીતે થાય ને સૂક્ષ્મ ઉચિત વિચાર્યા વિના સમજાતું નથી. તે દૃષ્ટાંત પ્રમાણે આ ભવ આ ભવમાં જે કૃત્ય કરાય છે, તેનાં ફળ પરભવમાં ભોગવવાં પડે છે. બુદ્ધિમાનો આ દૃષ્ટાંત યથાર્થ સમજી શકે છે. જે કર્મ કરાય છે તે અવશ્ય ભોગવવાં પડે છે; માટે જ્ઞાની પુરુષો ભવભ્રમણ હેતુ જૂઠ પાપ કૃત્યથી દૂર રહે છે. એક પેટ ભરવાને અર્થે હિંસા કરીએ, અસત્ય વચન બોલીએ, ચોરી કરીએ અને વિશ્વાસઘાતી થઈએ તો તેનું ફળ ભોગવ્યા વિના છૂટકો થતો નથી; માટે મનુષ્ય જન્મ પામી સારાં કૃત્ય કરવાં કે જેથી પરભવમાં દુઃખ ભોગવવાં પડે નહીં. દરેક મનુષ્યની પાસે ત્રણ પ્રકારનું ધન રહેલું છે. એક મનરૂપ ધન, બીજું વચનરૂપ ધન, અને ત્રીજું કાયરૂપ ધન. પ્રથમ મનથી સર્વ જીવોનું શુભ વાંછવું. મન ચંચળ અશ્વ સમાન છે, વળી મન મર્કટ સમાન છે, તેને વશ રાખવું. મનના વિકલ્પ સંકલ્પથી થતા અનેક પ્રકારના જેવી દયા હોય નહીં. વળી વચનથી કોઈ જીવની લાગણી દુખાય એવું વચન બોલવું નહીં. અમૂલ્ય વાણીને સારા માર્ગે વાપરવી, પ્રભુનું નામ વાણીથી ઉચ્ચારવું, ઉત્તમ પુરુષોના ગુણનું ગાન કરવું. ભવ્ય જીવોને મુક્તિ માર્ગનો ઉપદેશ આપવો, કાયાથી અન્ય જીવોનું ભલું થાય, એમ કાયાને પ્રવર્તાવવી નહીં, ભવ્ય જીવોના ઉપકારાર્થે કાયાને પ્રવર્તાવવી એમ ત્રણ પ્રકારનું ધન જેની પાસે છે, તે ભીખારી શી રીતે કહેવાય? દુનિયાના વ્યવહારમાં લોક તેને ભીખારી કહે, તેથી તેનું કંઇ ન્યૂન થતું નથી. દુનિયામાં ભીખારી લોકો પ્રતિ ગૃહસ્થ વર્ગ ધિક્કારની નજરથી જુવે છે, પણ સમજતા નથી કે ભીખારી લોકો તવંગરના ઘેર માગવા જાય છે, તે પોતાના માટે નહીં, પણ તવંગરના માટે જાય છે,

श्लोक.

द्वारं द्वारमटन्तो हि, भिक्षुकः पात्रपाणयः ॥
दर्शयन्त्येव लोकानां, मदत्तस्येदृशं फलम् ॥ १ ॥

કારણકે ભીખારીઓ તવંગરને એમ કહે છે–કે હે તવંગરો! તમો પૂર્વભવની કમાણીથી સારી રીતે ભોજન કરો છો, મોજશોખ મારો છો, ગાડીમાં બેસી ફરો છો, માન સન્માન પામો છો, પણ આવતા ભવે આવાને આવા પૈસાદાર સુખી રહેવું હોય તો અમારી ગરીબ સ્થિતિ ઉપર નજર કરો. અમારી પાસે પૂરતાં વસ્ત્ર નથી, ખાવાને અન્ન નથી, અમે લૂખું અન્ન ખાઈ જીંદગી ગુજારીએ છીએ. પૂર્વભવમાં અમે તમારા જેવા હતા, પણ કંજુસાઇ કરી ગરીબ જીવોનો ઉદ્ધાર કર્યો નહીં, તેથી અમે પોતે ગરીબ થયા છીએ; માટે અમો તમને પુણ્ય કરાવવા વાસ્તે તમારે ઘેર આવ્યા છીએ, માટે અમો કહીએ છીએ કે–आपजो चापजी! ત્યારે તમો ધક્કા મારીને કાઢી મૂકો છો. તે अमने કાઢી મુકતા નથી पण तमो तमारा पुण्यने કાઢી મુકો છો. જેવા અમને કાઢો છો તેવા પરભવમાં તવંગર લોકો તમને કાઢી મૂકશે. અમારી તરફ તમને દયા આવતી નથી, તેથી અમને હરકત નથી, કિંતુ પરભવમાં તમારી ઉપર દયા કોઇને આવશે નહીં. અમે અમારા પેટની દયા કરવા આવીએ છીએ એટલું સમજવાનું નથી; કિંતુ તમારા પેટની દયા ભેગી કરવા આવીએ છીએ, તે તમારાથી સમજાતું નથી. કોઇ લક્ષ્મી સાથે ગયા નથી, अने कोइ લઈ જવાના નથી. માટે તમારી પાસે જે પૈસા છે તેને સારા માર્ગે વાપરો, નહીં તો परभवमां નિર્ધન થવું પડશે. કેટલાક જીવો રાજાને ત્યાં જન્મે છે અને કેટલાક જીવો ભીખારીને ત્યાં જન્મે છે તેનું કારણ સારાં અને નઠારાં કર્મ જાણવાં. અહો! કર્મની કેવી વિચિત્ર દશા છે. ઘડીમાં કર્મ રંક બનાવે છે, કર્મો અવશ્ય સારાં નરસાં ભોગવવાં પડે છે, એમ જાણી आत्मार्थी जीवोए परमार्थ कार्यमां જીવતર વ્યતીત કરવું, અને પરોપકારી કૃત્યથી મનુષ્ય જન્મ સાર્થક કરવો.

आत्माभिमुखता सेववी.

ભવ્ય! સદાકાળ તું પોતાના ચૈતન્ય સ્વરૂપનો વિચાર કરી પરમાં ઉત્પન્ન થતી અહંવૃત્તિથી દૂર રહેવા પ્રયત્ન કર. જગતના જીવોનાં એક સરખાં કર્મ નથી, એક સરખા વિચાર નથી, એક સરખા આચાર નથી, એક સરખા ઉચ્ચાર નથી, એક સરખા વેષ નથી, એક સરખાં રૂપ નથી, એક સરખાં શરીર નથી, એક સરખાં મન નથી, એક સરખાં વચન નથી, જગતના જીવોને એક સરખાં સુખ નથી તેમ એક સરખાં દુઃખ નથી, એક સરખા રાગ દ્વેષ નથી, તેમ એક સરખી ઇચ્છા નથી. આવી ભિન્નતા શું જગત્ જીવોની સદાને માટે રહેવાની કે ભિન્નતાનો નાશ થવાનો? ઉત્તરમાં કહેવાનું કે કર્મની વિચિત્રતાથી ભિન્નતા પણ કર્મની હયાતી પર્યંત ભિન્ન

રહેવાની. ત્યારે શું જગતના જીવોની એક સરખી પ્રવૃત્તિ થવાની? ઉત્તરમાં કહેવું થશે કે-ક્ષાયિક ભાવે આત્મ ગુણની પ્રાપ્તિ વિના નિજ ગુણની એક સરખી પ્રવૃત્તિ થતી નથી. એક સરખી પ્રવૃત્તિ તે પણ આત્મ ગુણનીજ ગ્રહણ કરવાની છે, પણ સર્વ જીવો ક્ષાયિક ભાવની પ્રાપ્તિ કરે એ પણ અશક્ય છે. સર્વ જીવો સમકિતી થઈ જાય એ પણ બનવું અશક્ય છે. ઉપ દેશ વગેરે આત્મ ગુણોની પ્રાપ્તિમાં નિમિત્ત કારણ છે. ત્યારે શું આપણે જીવોને નિરોગ બનાવી શકીએ કે નહીં? આ પણ કથન સર્વના માટે અશક્ય છે. પ્રથમ તો પોતાના આત્માને સુખી બનાવ્યો નથી. પોતાનો આત્મા બહિરાત્મ ભાવથી અનેક પ્રકારના વિકલ્પ સંકલ્પ તથા સદોષ આચરણોને પ્રતિદિન સેવ્યા કરે છે. સિંહની પેઠે ગર્જના કરી અનેક પ્રકારના ભાષણો આપે છે પણ અંતરમાં જોવું હોય તો મોટી પોલ હોય છે. બાહ્ય જગતના જીવોને અનેક પ્રકારની વિદ્વત્તા તથા ચતુરાઈ દેખાડવા આત્મા પ્રયત્ન કરે છે પણ અંતરના કામ, ક્રોધ, લોભ, મોહ, અને મત્સરનો નાશ કરવા બીલકુલ પ્રયત્ન કરતો નથી. દુનિયામાં મહત્તા મેળવવા તથા સ્વાર્થ સાધવા માટે જે કંઈ કરે છે તેટલું આત્માની મહત્તા તથા આત્મ ગુણોની પ્રાપ્તિ માટે કંઈ પણ પ્રયત્ન કરતો નથી. બાહ્ય કીર્તિ માટે જેટલો પ્રયત્ન કરે છે તેના અષ્ટમાંશ ભાગ પણ પોતાના આત્મ ગુણ માટે પ્રયત્ન કરતો નથી. બીજાની નિંદા કરવામાં અને અમુકની હલકાઈ કરવામાં જેટલી હુંશીઆરી જીવ ધારણ કરે છે તેનો શતાંશ પણ પોતાના દોષો જોવામાં અને અવગુણથી બની પોતાની હલકાઈ જોવામાં પ્રયત્ન કરતો નથી. આનું કારણ અજ્ઞાન વિના અન્ય કંઈ નથી. અજ્ઞાનથીજ આવી બહિરાત્મ ભાવની પ્રવૃત્તિઓ થયા કરે છે, અજ્ઞાનથીજ જીવ પારકી પંચાતમાં પડી આત્મગુણથી ભ્રષ્ટ બને છે, અજ્ઞાનથીજ પોતાના આત્મામાં સુખ છે એમ સમજાતું નથી. અજ્ઞાનથીજ અન્યના દોષો જોવામાં કાગડાના જેવી દૃષ્ટિ ધારણ કરી વારંવાર પોતાના મનને નિંદામાં પ્રવર્તાવી પોતે નિંદક બને છે. જો બહિરાત્મા અંતરાત્માનું અને પરમાત્માનું જ્ઞાન સદ્ગુરુ ઉપદેશ દ્વારા થાય તો આવી દોષ પ્રવૃત્તિઓની નિવૃત્તિ થયા વિના રહે નહીં; માટે ભવ્ય જીવે સમજવું કે, બાહ્ય વસ્તુમાં લક્ષ્ય દેવાથી બહિરાત્માની પુષ્ટિ થાય છે. માટે ક્ષણે ક્ષણે આત્માનું સ્વરૂપ સ્મરણ કરવું. કાયા, મન, અને વાણીથી અસંખ્ય પ્રદેશી આત્મા લક્ષ્ય ધારી તેનું સેવન કરવું. આત્મા તેજ હું છું. અન્ય વસ્તુ રૂપ હું નથી એમ દૃઢ નિશ્ચય કરી ખાતાં પીતાં, હરતાં, અને ફરતાં હરેક કાર્ય કરતાં, અંતરમાં લક્ષ્ય દેવું. આ બાહ્ય વસ્તુઓ તે હું નથી. આત્મા તેજ હું છું તો આત્મ સન્મુખ દૃષ્ટિ દેવી તેજ કર્તવ્ય છે એમ વિવેકથી વિચારવું.

स्वदेश अने परदेश ज्ञान.

આ જગતમાં સત્સજ્ઞાન મળેતો સર્વેને સ્વદેશ અને પરદેશનું ભાન થાય. અનાદિકાળથી જીવો મોહ માયાથી જડભૂત આ દેખાતા દેશને પોતાનો દેશ માને છે અથવા જે દેશમાં પોતાનો અવતાર થયો હોય તેને પોતાનો દેશ માને છે. દરેક મનુષ્યો આમ જન્મ દેશને પોતાનો દેશ કલ્પી દેશાભિમાની બને છે. હિંદુસ્તાનમાં જન્મેલા પોતાના દેશની ઉન્નતિ ચાહે છે. ઇંગ્લાંડમાં જન્મેલા પોતાના દેશની ઉન્નતિ ચાહે છે. આફ્રિકાના વતની દેશાભિમાની એમ ઇચ્છે છે કે અન્ય સર્વ દેશોને અમે વશમાં કરીએ. અમેરિકાના લોકો દેશાભિમાનથી, તન મન ધનથી દેશોન્નતિ કરવામાં તત્પર રહે છે. એમ દરેક દેશના લોકો પોતપોતાનાથી દેશની ઉન્નતિ માટે મસ્તક આપે છે, લડાઇયો કરે છે, અન્ય દેશને પોતાના કબજામાં રાખવા અનેક પ્રકારનાં કપટો તથા અન્યાય માર્ગોનું આચરણ કરે છે. જેમ મોટા મત્સ્ય નાનાં મત્સ્યને ગળે છે તેમ બળવાન્ દેશાભિમાની નિર્બળ દેશવાળાને પરતંત્ર ગુલામ બનાવે છે. આવી સ્થિતિ અનાદિકાળથી થાય છે અને થશે. તેમાં વખત વખતની છાંયડીની પેઠે કોઇની એક સરખી સ્થિતિ રહેતી નથી. આવા બાહ્યના માયિક દેશોમાં અહંત્વ બુદ્ધિ ધારણ કરવાથી જીવને જરા પણ સુખ થતું નથી, કારણ કે જે વસ્તુમાં સુખ નથી ત્યાંથી સુખ કેમ પ્રાપ્ત થાય? બાહ્ય કહેવાતા યુરોપ અને અમેરિકા વગેરે દેશો તે ખોટા દેશ છે. મિથ્યા બુદ્ધિથી તે દેશને પોતાના દેશ કલ્પ્યા છે અને તેથી જીવ, દેશમમત્વથી લાખો પ્રાણીઓની હિંસા કરે છે. અનેક પ્રકારનાં યુદ્ધો કરવાનું કારણ પણ બાહ્ય દેશમમત્વજ છે. ગમે તેટલા ઉપાયો કરો પણ બાહ્ય દેશ પૃથ્વી વગેરે પોતાના થયા નથી અને થશે પણ નહીં. આ પૃથ્વી ઉપર લાખો રાજાઓ થઈ ગયા, લાખો મનુષ્યો થઈ ગયા પણ મરતી વખતે કોઇ પણ દેશ તેમની સાથ પગલું માત્ર પણ ભર્યું નહીં. જડ દેશથી સુખ ઉત્પન્ન થતું નથી. જડ દેશ તે સ્વદેશ નથી પણ પરદેશજ છે. એશિયા, યુરોપ, આફ્રિકા અને અમેરિકા વગેરે સર્વ દેશ જડ હોવાથી પરદેશ છે અને જે અરૂપી આત્મ સ્વરૂપમયજ છે, અને એવો તે દેશ તો જ્ઞાનચક્ષુથી દેખાય છે. જ્ઞાનચક્ષુથી આત્મ દેશ પોતાનો લાગે છે. આવા આત્મ દેશના જ્ઞાન વિના અને તેની પ્રાપ્તિ વિના કદાપિ સુખ થયું નથી અને થશે નહીં. જે જે યોગિયો, મહાત્માઓ, અને પ્રભુ ભક્તો થઈ ગયા છે તેમણે આવો અંતરનો આત્મદેશ સેવેલો છે અને તેથી તેઓ ધ્યાન, ધારણા અને સમાધિથી પોતાના દેશમાં

મેળે અનંત સુખ ભોગવ્યા કરે છે. આમ દેહ મમતાથી રાગ, દ્વેષ, ક્રોધ, કપટ, લોભ, અભિમાન, વિષય, આળસ અને મદ વગેરે કરી અનેક પ્રકારનાં કર્મે બાંધી દુર્ગતિ દુઃખ પામવા પડે છે. આમ દેહ મમતાથી જ્યાં સુધી પણ ઉપાધિ રહિતપણું પ્રાપ્ત થતું નથી અને ઉલટું ચિત્ત ચંચળ રહે છે, ત્યારે જેણે ઉલટું આત્મદેહ મમતાથી રાગ દ્વેષાદિ સર્વ પ્રકારના દોષો ત્યજ્યા છે અને અનંત સુખનો અનુભવ થાય છે. નિરુપાધિ દશાથી આત્માના અસંખ્ય પ્રદેશમાં રમતા અનંત સુખને ત્યાં પ્રાપ્ત થાય છે. સુખ દુઃખ- એમ દેહમાં રહેલો છે તે પરદેશ મમતાથી પ્રતિબદ્ધ નથી. પોતાના પરદેશમાં પોતાનો દેહ કલ્પવાદિક. ૪

અહો! હવે આત્મ દૃષ્ટિ જ્ઞાન દર્શન ચારિત્ર સુખમય આત્મદેહ કરું નહીં જેથી આત્માનુભવથી નહીં કરવું જેને ઠર્યું અને ઇ- અનો. હવે પોતાનો દેહ સમજીને જેવ ! ત્યાં દેહમાં જન્મમરણ અને નથી. તેથી આત્મદેહને ઉદ્દેશી કહ્યું છે કે,—

नहिं पंचभूतका वासा, हमारा देश बहु ख्यासा;
हमारो देश जे जाणे, अनंतां सुख ते माणे. १
अनंत सुखनो बरे पागा, सदा शुद्धबुद्ध निरधारा;
म्हे देश ते महाराणा, अवर सहुं नाणा नाहाना. २
सदा ज्यां योगियो जागे, नहिं कोइ दुश्मने थोले;
नहिं ज्यां कर्मनुं नाम, अतुल घन शुद्ध गुण तोले. ३
अनंत देशी अविनाशी, परमपद एज विश्वासी;
धरो हंसा अनन्त देश, अरपी आत्मना वेशे. ४

આત્માના અસંખ્ય પ્રદેશની શુદ્ધનિશ્ચયનયથી જેવાં આવી સ્થિતિ છે, તેવી સ્થિતિ જ્ઞાનાવરણીયાદિ અષ્ટકર્મ ક્ષય કરી સંગ્રામ કરી મેળવે. "મારો દેશ અરૂપ છે" આ વાક્ય પુનઃ પુનઃ આત્મદેહનું સ્મરણ કરાવે છે, અને તે અરૂપ દેહનું છે એમ પણ જણાવે છે. આત્મ દેહમાં અનંતવાર જન્મ ધારણ કર્યાં પણ જરા માત્ર સુખ થયું નહીં. માટે હે નિર્મળ દેહના વાસી! આત્મા આપ જગતમાંથી ઉપયોગ સંહરી પોતાના શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ રાખશે, પોતાના આત્મદેહમાંજ

પોતાના આત્મદેશને કર્મશત્રુ હરાવીને તાબે કરજે, પોતાના આત્મદેશમાંજ જ્ઞાનદર્શન ચારિત્ર ગુણથી ખરી સ્વતંત્રતા સમજજે. પરપૌદ્ગલિક દેશ જડ અને દુઃખદાયક સમજી હવેથી તું પોતાના દેશને ભૂલીશ નહીં. સદા આત્મદેશમાં રમનારા ભવ્ય જીવો અનંત સુખને પામ્યા અને પામશે.

स्वमत तत्त्वो ॥

૧ જગત્ અનાદિ કાળથી છે.
૨ જગતને ઉત્પન્ન કોઇ કરતું નથી.
૩ દુનિયાનો પ્રલય થતો નથી, અને પ્રલય કરનારો કોઇ નથી.
૪ કર્મ, જીવોને અનાદિ કાળથી લાગ્યું છે.
૫ જીવોનાં કર્યાં કર્મ પ્રમાણે ન્યાય કરી સુખ દુઃખ આપનાર અન્ય ઇશ્વર નથી. સ્વતંત્ર કર્મના યોગેજ જીવો સુખી દુઃખી થાય છે.
૬ મુક્તિમાં ગએલા જીવો પાછા સંસારમાં આવતા નથી અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરતા નથી.
૭ મુક્તિમાં બીરાજમાન સિદ્ધના જીવો નિરાકાર છે, અનંત જ્ઞાની છે, અનંત સુખયુક્ત છે.
૮ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્વ છે. દશમું તત્વ નથી.
૯ મુક્તિમાં ગએલા જીવો પરમાત્મા કહેવાય છે. ઇશ્વરોને મન નથી, ઇચ્છા નથી, રાગ નથી, અને દ્વેષ પણ નથી.
૧૦ સ્યાદ્વાદમત પ્રમાણ છે. સ્યાદ્વાદમત એકાંત ગ્રાહી નથી. માટે તેનું નામ अनेकान्तमार्ग કહેવાય છે.
૧૧ દરેક પદાર્થોમાં પોતાના ધર્મે अस्तित्व રહ્યું છે, અને દરેક વસ્તુમાં પરધર્મની અપેક્ષાએ नास्तित्व રહ્યું છે, એ પ્રમાણે એક પદાર્થોમાં अस्तित्व અને नास्तित्व એ બે ધર્મ રહે છે.
૧૨ જીવો અનાદિ કાળથી છે, તેમને ઉત્પન્ન કરનાર કોઇ નથી.
૧૩ જે જીવો કર્મનો સંપૂર્ણ નાશ કરે છે તે મોક્ષમાં જાય છે, અને ઇશ્વર તરીકે ઓળખાય છે. કર્મનો નાશ થયા બાદ દરેક પરમાત્માઓની પદવી સરખી છે. પશ્ચાત્ કોઇ નાનું મોટું રહેતું નથી.

પરમાત્મા એકાંતે સર્વ જગત વ્યાપક જે અદ્વૈતવાદીઓ સ્વીકારે છે તે સિદ્ધાંત જૈનોને માન્ય નથી. જીવાત્માઓને પરમાત્માના અંશ

તરીકે અદ્વૈતવાદીઓ માને છે, તે યુક્તિવિરુદ્ધ છે. જૈનો તે વાત માનતા નથી. પરમાત્માના અંશ રૂપે જીવો નથી એમ જૈનો સ્વીકારે છે.

પ્રકૃતિ ૨૪ અને પુરુષ એક સાંખ્ય સ્વીકારે છે. તે જૈનોને માન્ય નથી.

જે જીવો ઈશ્વરપદને પામે છે એટલે જે જીવો મોક્ષે જાય છે, તે શરીર ધારણ કરી શકતા નથી, અને તે પાછા સંસારમાં જન્મ લેતા નથી.

જીનેશ્વર ભગવાને યતિ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે પ્રકારનો ધર્મ કથન કર્યો છે.

સ્થાવર અને ત્રસ એમ બે પ્રકારના દુનિયામાં જીવો છે.

દેવલોક અને નરક, ઈત્યાદિ ભગવંતે કથન કર્યા પદાર્થો સત્ય છે.

પૃથ્વી ફરતી નથી. ચંદ્ર, સૂર્ય ફરે છે, એમ માનવું શાસ્ત્રાનુસારે છે.

સપ્તનય, સપ્તભંગી, ષડ્દ્રવ્ય, નવતત્ત્વ, અને ચાર નિક્ષેપા ઈત્યાદિ સિદ્ધાંત સર્વજ્ઞ કથિત છે.

રાગ અને દ્વેષ રહિત દેવ જાણવા.

પંચમહાવ્રત ધારણ કરે, વીતરાગ વચનાનુસારે ચાલે અને અનેકાંત ધર્મનો ઉપદેશ આપે તે ગુરુ જાણવા.

જગતમાં પડતા પ્રાણીઓને ધારી રાખે અને સદ્ગતિ આપે તે ધર્મ છે.

શુદ્ધદેવ, શુદ્ધગુરુ અને શુદ્ધ ધર્મની શ્રદ્ધા તેનું નામ સમકિત જાણવું.

અનાદિ કાળથી જૈનધર્મ ચાલ્યો આવ્યો છે, તેના પ્રવર્તાવનાર તીર્થંકર ભગવંતો છે.

બૌદ્ધધર્મમાંથી જૈનધર્મ નીકળ્યો નથી. જૈનધર્મમાંથી બૌદ્ધધર્મ નીકળ્યો છે. સત્ય જૈનધર્મ છે.

રાગ, દ્વેષનો ત્યાગ કરવો એ જિન વચન છે.

હિંસા કરવી નહિ, સત્ય વચન બોલવું, ચોરી કરવી નહિ, ન્યાયથી ધન ઉપાર્જન કરવું, દુઃખી જીવો ઉપર દયા લાવવી, ગુણીના ગુણ ગાવા, એ જૈનોનું કર્તવ્ય છે.

ધર્મને ઢોંગ તરીકે માનનાર પૂંછ વિનાનો રાસભ જાણવો.

કર્મનો કર્તા આત્મા છે, અને કર્મનો ભોક્તા પણ આત્મા છે. અને કર્મનો નાશકર્તા પણ આત્મા છે.

જીવ, કર્મના યોગે ચાર ગતિમાં ભમે છે. કર્મનાશથી મુક્તિપદ પામે છે, કેટલાક કહે છે કે સર્વ જગત વિષ્ણુમય છે, એમ કહેવું જૈનસિદ્ધાંતથી વિરુદ્ધ છે.

૩૪ સંસાર અસાર છે. આત્મહિત કરવું તે સાર છે.

૩૫ સુખનો આપનાર ધર્મ છે, અને દુઃખનો આપનાર અધર્મ છે. મારાથી વીતરાગ વચન વિરૂદ્ધ જે કંઇ લખાયું હોય તેનો મિચ્છામિદુક્કડં દઉં છું. કોઇ પણ મતવાદીનું મન દુઃખવવા મેં પ્રયત્ન કર્યો નથી, પરંતુ સત્ય સમજાવવા મારો પ્રયત્ન છે. કોઇની લાગણી દુઃખવવાનો પ્રયત્ન નથી. આ લેખમાં મતિ દોષથી કોઈ ઠેકાણે સ્ખલના થઈ હોય તેની પંડીત પુરૂષોએ ક્ષમા કરવી. ભૂલ સુધારી વાંચવી. નિન્દા કરવી એ સારા માણસનું કામ નથી. સત્ય ધર્મને આદરવાથી મુક્તિ મળી શકે છે.

असारमेव संसार–स्वरुपमिति चेतसि;

विभाव्य शिवदे धर्मे, यत्नं कुरुत हे जनाः ॥ १ ॥

અનિત્ય અસાર આ સંસારનું સ્વરૂપ જાણીને હે ભવ્યો! મોક્ષને આપનારા એવા સ્યાદ્વાદ ધર્મને વિષે યત્ન કરો. કાયિક, વાચિક, માનસિક પ્રયત્નદ્વારા શ્રી સદ્ગુરૂનું અવલંબન કરી ક્ષણે ક્ષણે આત્મ સ્વરૂપે સ્થિર થઇ વ્યવહારનય અવલંબી નિશ્ચયનય હૃદયમાં ધારણ કરી વર્તવું, એજ મનુષ્યાવતારનું કર્તવ્ય છે. કર્માનુસારે યથાયોગ્ય નિમિત્ત કારણોની પ્રાપ્તિ થાય છે. પુનઃ પુનઃ મનુષ્ય જન્મ પ્રાપ્તિ દુર્લભ છે. જોતજોતામાં અંજલી જલવત્ આયુષ્ય ખુટી જશે. જે દિવસ ગયો તે પાછો આવનાર નથી. કાલે કરવા ઉપર જે કાર્ય રાખ્યું હોય તે આજ કરી લેવું. સુખ દુઃખની પ્રાપ્તિમાં બીજા તો નિમિત્ત માત્ર છે. અમુક મારો વૈરી છે, અમુકે મારૂં ખરાબ કર્યું એમ હે ચેતન! તું મનમાં લાવીશ નહીં.

यतः जं जेण कयं कम्मं, पुव्वभवे इहभवे वसंतेणं;

तं तेण वेइअव्वं, निमित्तमित्तो परो होइ ॥ १ ॥

પૂર્વભવમાં યા આ ભવમાં વસતાં જેણે જે કર્મ કર્યા છે, તે તેણે અવશ્ય ભોગવવાં પડે છે. કોઇ એવો જીવ નથી કે સંસારમાં રહ્યો છતો કર્મથકી, નહીં લેપાતો હોય. શ્રી જીનોક્ત કથિત શ્રાવક ધર્મ અને યતિધર્મનું અવલંબન કરવાથી જન્મ જરા મરણના રોગો ટળે છે. શ્રી સદ્ગુરૂ મહારાજની વાણી સાંભળી શ્રાવકની કરણી કરે છે તેને શ્રાવક કહે છે. यतः

शृणोति यतिभ्यः सम्यक् समाचारीं स श्रावकः ।

मुञ्चति शुभयोगेन कर्म इति स श्रावकः ॥ १ ॥

[illegible], मउरो [illegible] गोयो;
[illegible] [illegible], [illegible] [illegible] ॥ ० ॥
[illegible], [illegible] [illegible] [illegible];
[illegible] [illegible], [illegible] [illegible] ॥ ० ॥
[illegible] [illegible], [illegible] [illegible];
[illegible], [illegible] [illegible] ॥ ३ ॥

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] विविध [illegible] अनादि [illegible] [illegible] छे. अने [illegible] [illegible] [illegible] थाय छे. [illegible] [illegible] [illegible] [illegible] थाय छे. [illegible] [illegible] [illegible] [illegible] थाय छे. [illegible] [illegible] [illegible] [illegible] आत्मा छे, अने [illegible] [illegible] [illegible] पण [illegible] छे. यत:

[illegible] अयं जीवो, [illegible] जीव [illegible] ।
[illegible] निय [illegible], अणुरु मडु गुण जीवाणं ॥ १ ॥

[illegible] [illegible] [illegible] [illegible] छे, [illegible] छे. [illegible] छे. अनादि [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

जं तेण कयं कम्मं, [illegible] [illegible] [illegible] ।
तं तेण [illegible], निमित्तमित्तो परो होइ ॥ २ ॥

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] छे. [illegible] [illegible] छे, [illegible] [illegible] [illegible] छे, [illegible] [illegible] छे, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] छे. [illegible] [illegible] [illegible] नथी. [illegible] [illegible] नहि बने छे. [illegible] [illegible] बने छे. [illegible] छे. [illegible] [illegible] थतुं नथी. [illegible] [illegible] [illegible] [illegible]

વનમાં ભટકવું પડ્યું, કર્મે કરી શ્રી મહાવીર સ્વામીને ઘોર ઉપસર્ગ સહન કરવાં પડ્યાં. શુભ કર્મોદયની વખતે સારી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને સારાં નિમિત્ત કારણોનો સંયોગ મળે છે. અશુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે બુદ્ધિ વિપરીતપણાને ભજે છે; અને ખરાબ સંયોગની પ્રાપ્તિ થાય છે. પાપ અશુભ કર્મ છે. અને પુણ્ય શુભ કર્મ છે. શુભાશુભ કર્મ ક્ષયથી મુક્તિ છે. આ જીવે કર્મે કરી ચૌદરાજ લોકનો એકેક પ્રદેશ ને અનંતવાર જન્મ મરણે કરી સ્પર્શ્યો, પણ હજી સંસારમાં ભટકે છે, તેનું કારણ કર્મ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગે કરી પુદ્ગલ પરમાણુ સ્કંધોનું કર્મ રૂપે પરિણમન કરતો અનાદિ કાળથી પુનઃ પુનઃ ચતુર્ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. હે ચેતન ! હવે મનુષ્યાવતાર પામી પ્રમાદ કરીશ નહીં, અને સંસારની મોહજાળમાં ફસાઈ નરક ગમન કરીશ નહીં. વારંવાર મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે. કોઈની સાથે સાંસારિક વસ્તુઓ ગઈ નથી. પુત્ર, ધન, અને સ્ત્રીને દેખી તું કેમ મોહ કરે છે ! અરે જીવ ! તું જરા વિચાર કે, એ કદી તારૂં નથી. તારી વસ્તુ તારી પાસે છે. તેની જો ખોજ કરે તો વારંવાર જન્મ મરણ કરવું પડે નહીં. સ્મશાન વૈરાગ્યે કરી તારૂં કંઈ હિત થવાનું નથી. તથા ફલાણો તો સારો છે, ફલાણો તો ખોટો છે. ઈત્યાદિ પરભાવમાં રમવાથી તારૂં કંઇ હિત થવાનું નથી. તું મનમાં જાણે છે કે હું સમજું છું પણ હજુ તે મિથ્યા છે. કારણ કે હજુ તું સ્વાત્મહિતમાં પ્રવૃત્તિ કરતો નથી. કર્મકલંકે કરી રહિત એવું હે આત્મન્ ! તારે વસવાનું સ્થાન તો તું તપાસ. લાંબા લાંબા વાંકા વળેલા હાડકાં લોહી માંસની પેશીઓથી બનેલા શરીરમાં તારો નિવાસ છે. અશુચિનું સ્થાન જોન શરીરમાં તું રહ્યો છતાં પોતાને પવિત્ર ધર્મ વિના શી રીતે માની શકશે. શરીર કુમિત્ર સરખું જાણી જરા માત્ર તેનો વિશ્વાસ કરીશ નહીં. રામ, પાંડવ, અને દુર્યોધન સરખા પણ શરીર મુકી ચાલ્યા ગયા, તો પાણીના પરપોટા જેવું આ દેખાતું શરીર ક્યાં સુધી રહેશે ? વખત જાતો જાય છે. મૃત્યુ એક દિન પામશો. હે જીવ ! તારા દેખતાં હજારો જીવ ચાલ્યા ગયા તેમ, તું પણ જાશે જરૂર. મનુષ્ય ભવમાં પંખીની સ્થિતિને ઓળખનાર હે જીવ ! કંઈ ધર્મ કૃત્ય કરી લે ! અને સદ્ગુરુ સેવન કરી સ્યાદ્વાદ ધર્મનું સ્વરૂપ જાણી આત્મહિતની પ્રવૃત્તિ કર કે, જેથી કર્મ કલંકનો નાશ થતાં સર્વજ્ઞ પ્રદેશો કરી નિર્મલ આત્મા પરમાત્મા રૂપે બની, મોક્ષ સ્થાનમાં સાદિ અનંતમા ભાગે શાશ્વત સ્થિતિ કરે.

દુહા.

સુખ આશા પુદ્ગલ વિષે, ભ્રાંતિ મૂઢ મન હોય;
દુઃખ આશા પુદ્ગલ વિષે, મૂર્ખ ન જાણે કોય. ૧
સુખ આશા પરમાં નહીં, જાણે જે જિન લોય;
ચેતન સુખ આશા મહીં, પરભાવી નહીં થાય. ૨
સુખ દુઃખ સમજણ નહીં, અભ્યાસત્વ વિવેક;
પ્રગટ્યો નહીં જ્યાં મન વિષે, આશ નિરાશિત ટેક. ૩
બાહ્ય ધન મમતા મહીં, અંતર ધન કર ત્યાગ;
ત્યાગ સહજ વિવેક નહીં, તેને નહીં વિરાગ. ૪
ધામધૂમમાં ધર્મ જ્યાં, અંતર નહીં ઉપયોગ;
બાહ્ય દ્રષ્ટિથી દેખનાં, તેજ કર્મનો ભોગ. ૫
જેમ થાશે તેમ થાશતો, ધરા હીનની આશ.
તેથી નિજ સુખ વેગળું, પૂરે નહીં દુઃખ પાશ. ૬
દ્રષ્ટિરાગે ધર્મ જ્યાં, માની બેઠા લોક;
સત્ય ધર્મ સમજે નહીં, તપ તપ જપ છે ફોક. ૭
અંધાધુંધિ ધર્મ જ્યાં, જ્યાં નહિ બુદ્ધિ પ્રચાર;
તરે નહીં સંસારને, મિથ્યાત્વી નરનાર. ૮
મારી મારી સંસારની, નિશ દિન માની જાય.
તેને પોતાની મહીં, ચતુર્ગતિ ભટકાય. ૯
મારી મારી નહીં આત્મની, ચેતન અચલ અપાર.
સમજે તે ભવ સુખ લહી, તોડે કર્મના પાર. ૧૦
સ્વતંત્ર પરતંત્રની, જેને નહીં શુદ્ધ બુદ્ધિ;
સ્વતંત્રાદિ પરમહીં, મનમાં મહે કુબુદ્ધિ. ૧૧
કર્મ વશ નહિ પર પ્રભુ, સ્વતંત્ર તે નિરધાર;
સંસારી પરતંત્ર છે, સમજે છે અણગાર. ૧૨
દુઃખ સહુ સંસારમાં, સુખ એકી છે સિદ્ધ;
સમજે તે ભવિ સુખ લહે, ધ્યાન સાધન રિદ્ધ. ૧૩
વૈરાગ્ય વિણ થાતીને, જે કરશે દઢ ધર્મ;
કર્મ અમેં હારીને, ધ્યાન સાધન શર્મ. ૧૪

साधु कॉन्फरन्स.

પંચમકાળમાં પણ પરમ પવિત્ર પ્રવચન પંથ પરિપૂર્ણ પ્રકાશિત દેખાય છે. મહા પ્રભુજી શ્રીમદ્‌મહાવીરસ્વામીનાં મહાવાક્યો મહત્તાના ધરાવે છે. જગદ્‌ગુરૂ હેમાચાર્ય, હરિભદ્ર, હીરવીજય વગેરેના વિજયધ્વજો કામ કામ ફરફાટ કરે છે. આવા કીમતી અરસામાં જૈન કોન્ફરન્સ ભરવામાં કોઇ મળે એ સોનામાં સુગંધ મેળવ્યા બરાબર છે. જૈન શ્રાવકો દરેક સ્વેગોને દૂર હાંકી, ધર્મનેજા વગાડી પડી, ભ્રાતૃભાવ વધારી, આર્હત શાસનને એક સામ્રાજ્યવત (એકછત્રીરાજ્ય) કરવા પ્રયત્ન કરે છે. ત્યારે મુનિ મહારાજો આવા કાર્યને હાથપર ધરે તો શું ન કરી શકે ! ખરેખર મુનિઓને આમાં પુખ્ત વિચાર કરી મંડળ એકત્ર કરવુંજ પડે. મુનિઓ દરેક બાબતમાં આગેવાન ગણાય છે. માટે આવા કાર્યોની આગેવાની કરવામાં વિભૂષા છે. જેમ જેમ જમાનો બદલાય છે, તેમ તેમ કાયદાઓ પણ બદલાય છે, અને તેથી આપણને વધારે શિક્ષણ મળે છે. આમાં કોઈએ વ્હેમ રાખ્યા જેવું નથી, પણ પ્રેમ રાખી પૂર્ણ કરવું.

વીરવંશી નામ ધરાવી વિક્ષેપ વધારવો એ ભૂષણને ઠેકાણે દૂષણ જેવું ગણાય. આવતા માઘ માસમાં થામોપણીજી સ્થળમાં કોન્ફરન્સ સંબંધી સૂચના થઇ ગઈ છે. તો તેને માટે પ્રેમ ધારણ કરી ધર્માભિમાન લાવી ઉત્સાહી થવું યોગ્ય છે. વિદ્વાન્મુનિ વર્ગ નિખાલસ મનથી અન્યોની વીનતી ધ્યાનમાં લઈ બંધ પડેલા ધર્મદ્વાર ખુલ્લા કરશે; તો પ્રાયઃ આ કાર્ય સહજ અને સરલ જેવું લાગશે. નિયમ છે કે જે કાર્ય નથી થયું, તે કાર્ય પ્રથમ અગમ્ય દેખાય છે. થયા પછી તેની એક પરિસીમા હદ બંધાઇ જાય છે. ઉપકાર વ્રત ધારણ કરશો કે, જેથી આપણા પાંચે મહાવ્રતો બળીષ્ટ થશે. જ્યારે ત્યારે પણ તમારાથીજ થવાનું છે. બીજો કોઈ કરવા આવશે નહીં. માટે હે મુનિરાજો ! સાવધ થાઓ ! સાવધ થાઓ !! સાવધ થાઓ !!!

यतो यतो निश्चरति, मनश्चंचलमस्थिरं ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥

સ્વાભાવિક રીતે ચંચલ એવા મનને સ્થિર કર્યા છતાં, પણ તે સ્થિર ન રહેતાં જે જે વિષય તરફ જાય, તેને વિષયોમાંથી તેને પાછું વાળીને આત્માને વિષેજ સ્થિર કરવું. સર્વ વિષયોમાંથી મનને ખેંચી એક ઠેકાણે જોડવું. સદ્‌વિચારોથી મન નિર્મળ થાય છે, ત્યારે આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે

સહજ બેસાય છે. મનોવશીકરણ એ મંત્ર ઇંદ્રિઓને વશ કરવામાં ઉચ્ચ સાધન છે, અને ઇંદ્રિઓને વશ કરવી એ આપણું મુખ્ય કર્તવ્ય છે, અને તેમનાથી વારંવાર ચેતતા રહેવું. કેમકે મન તથા ઇંદ્રિઓ ઘણાં ચંચલ છે. એકવાર તેમને વશ કર્યા પછી પણ તેમનો વિશ્વાસ રાખવો નહીં. ચંચલતાને દાબવી તેને માટે મનાદિ સાધન તરીકે ગણાય છે. સાધ્ય સાધક સાધનનું યથાર્થ સ્વરૂપ જાણવું જોઇએ. જે ભવ્ય અન્યોન્ય દેખાદેખી તાત્પર્ય સમ-જ્યા વિના કોઇ પણ કાર્યનો આરંભ કરે છે; તેઓ તેનું યથેષ્ટ ફળ પામી શકતા નથી. મનુષ્યોને ક્રોધ, દ્વેષ, અન્યનો તિરસ્કાર, વેર બુદ્ધિ આદિ અયોગ્ય ભાવો ઉપજવામાં હેતુ એ હોય છે; કે અમુક સારું અને અમુક ખોટું. એવી મિથ્યાબુદ્ધિ તેમને બંધાઇ ગએલી હોય છે, અને તેથી કરીને પોતે જેને ખોટું માન્યું હોય છે. તેવો તેમને સહજ પ્રસંગ ઉપજતાં તેઓને ક્રોધ થઇ આવે છે. આ ક્રોધના સમયે તેઓ કોની ભક્તિ કરે છે, કોને દેવ તરીકે માને છે, મારે ઇષ્ટ શું છે, અનિષ્ટ શું છે, કર્તવ્ય શું છે એ આદિ સદ્વિચારોને ભૂલી જાય છે, અને ક્રોધ થતાં એક ક્ષણમાં ગુરુભક્ત યા દેવભક્ત સ્થાને પિશાચ જેવો બને છે. બીજાઓના દોષો, દુર્ગુણો જોઇને મનુષ્ય જે તેના ઉપર ક્રોધે ભરાય છે, અથવા તેને અપ્રીતિનું પાત્ર ગણે છે. તેનું કારણ એ છે કે તે મનુષ્ય પોતાના જેવો નિર્બળ આત્મા છે. તેવું તેનું સ્વરૂપ છે. તેને જાણતો નથી. દોષીના દોષ દેખી તેના ઉપર દ્વેષ બુદ્ધિ કરવી નહીં. જો આપણે તેના દુર્ગુણોનો નાશ કરવા ધારીએ તો તેને જ્ઞાન ધન આપવું, નીતિ માર્ગે શીખવવો, પ્રેમદૃષ્ટિથી તેની તરફ નિહાળતાં અવશ્ય આપણે તેની બુદ્ધિ સુધારીશું. પણ તિરસ્કાર યા ક્રોધથી તથા જ્યાથી કંઈ ફળ થતું નથી. જેમ નિરભિમાન મનુષ્યોને આશ્રય આપવાથીજ માનની ક્ષીણતા દીસે છે. તેમ સદ્ગુણીએ દુર્ગુણીના દોષ ઢાંકવાના પ્રયત્નથીજ અને પોતાના સદ્ગુણોનું ઉત્તમ ઉદાહરણ તેને આપવાથીજ તેનું સદ્ગુણી હોવાપણું સંભવે છે. દોષવાન્ મનુષ્યો દોષ કરે છે. તે પોતાના અજ્ઞાનથીજ કરે છે. દોષને દોષ કરીકે તમે જેમ જાણો છો; તેમ તે જાણતા હોત તો દોષ કરેજ નહીં, અને એવા તમારામાં પણ ઘણા અવગુણો હશે કે જેમાં તમને શુભ બુદ્ધિ હોવાથી તમે તેને જોઇ શકતા નથી. જે સજ્જન મનુષ્ય કદાગ્રહ બુદ્ધિ રહિત દોષને દોષ તરીકે યથાર્થ સમજે છે, તે હમેશાં અવશ્ય તે ત્યાગવા પ્રયત્ન કરે છે. દોષ પોતાનામાં છે કે નહીં તેનું નિરીક્ષણ કરવું એમ કરવાથી શુદ્ધિ થવાશે.

દ્રવ્યક્ષેત્ર ને કાળભાવ, યોગે ધર્મ સધાય;
નિમિત્ત સેવો શુદ્ધ એમ, કર્મ કલંક કપાય.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ યોગે ધર્મ સાધી શકાય છે. હે ભવ્યો! શુદ્ધ નિમિત્ત કારણોને સેવો કે, જેથી આત્માને લાગેલું કર્મરૂપ કલંક દૂર થાય. સુજ્ઞો યાદ રાખો કે, આત્મા સારા નિમિત્ત સંયોગે ધર્મધ્યાન ધ્યાવે છે. હાલના વખતમાં શુકલ ધ્યાનનો વિરહ છે. તોપણ ધર્મ ધ્યાન તો છે. સત્સંગત કરવી, એ ધર્મ સાધન કરવામાં અત્યુત્તમ કારણ છે. જેના સંગે આત્મા, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી મુક્ત થાય, તેની સંગતિ કરવી જેવાં જેવાં નિમિત્ત મળે છે, તેવો તેવો આત્મા થઈ જાય છે. શિલાને સૂર્યના કિરણોનો સ્પર્શ થતાં ઉષ્ણ થઈ જાય છે, અને રાત્રીએ શીત ઋતુમાં શીત પુદ્ગલોનો સંયોગ થતાં શિલા ટાઢી થઈ જાય છે. તેમ આ આત્માને વૈરાગીની સંગતિ થવાથી આત્મા વૈરાગ્ય પામે છે, અને આત્માને મિથ્યાત્વીની સંગતિ થતાં મિથ્યાત્વી પણ થઈ જાય છે. નિમિત્ત કારણો પણ અત્યંત બળવાન છે.

દુહો.

સત્સંગમ જો પામીએ, પ્રગટે પુણ્ય પસાય;
કારણ કારજ નીપજે, વાદળને જેમ વાય.

મોટા પુણ્યના યોગે સત્સમાગમ થાય છે. સત્પુરૂષોનો સમાગમ થતાં આત્માના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન થાય છે. પશ્ચાત્ આત્મા જાણે છે કે, અહો મેં આટલો કાળ અજ્ઞાન દશામાં ગુમાવ્યો. હું પરવસ્તુમાં સુખની ભ્રાંતિ કરૂં છું. પણ પર વસ્તુ જે પુદ્ગલ તે મારૂં નથી. એ પુદ્ગલ દ્રવ્યની સંગતિ કરવી સારી નથી. સુવર્ણ, રૂપુ, હીરા, મોતી, અને કર્મ એ સર્વ પુદ્ગલ દ્રવ્ય છે. તે આત્મદ્રવ્ય નથી. આત્મા તે થકી ભિન્ન છે. આત્મા સર્વ પ્રકારના પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છે, આત્મા અરૂપી છે, અને પુદ્ગલ દ્રવ્યરૂપી છે. તો રૂપી દ્રવ્ય સાથે અરૂપી જે આત્મા તેને સંગતિ કરવી ઘટતી નથી. પુદ્ગલની આત્માથી ભિન્ન જાતિ છે, અને એ પુદ્ગલ દ્રવ્ય આત્માને શત્રુ સદશ છે. માટે શત્રુભૂત પુદ્ગલ દ્રવ્યની સિવાય મમતા ભાવે કયો સુજ્ઞ માણસ કરવા ધારે? એ પુદ્ગલ દ્રવ્યની સાથે પ્રીતિ કરતાં દુઃખ પમાય એ નક્કી છે. કર્મરૂપ પુદ્ગલ દ્રવ્ય સંયોગે આત્મા પોતાનું ભાન ભૂલી ચોરાશી લાખ જીવ યોનિમાં ભટકે છે. સુજ્ઞોએ યાદ રાખવું કે, સત્સંગમ અત્યંત હિતકારક છે. શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે, જેણે શાંતિ સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તેણે શુદ્ધ આલંબન સેવવાં.

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલરે. ૬

દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાનરે;
જોગ સામર્થ્યે ચિત્ત ભાવથી, ધરે મુગતિ નિદાનરે. ૬

સંગતિ ચાર સદ્ગમ કરવા કહેલા છે તે ... સંગતિ ત્યાગ કરવા કહે છે તે માટે. કિંચિત્ પણ વખતમાં આત્મા પરમાત્મ રૂપ થવાની શક્તિ ઉત્પાદન કરે છે. શ્રી સદ્ગુરૂ સમાગમ કરવાથી આત્મ સ્વરૂપ જણાય છે. મિથ્યાત્વનો નાશ કરે છે, અને ઉત્તરોત્તર પદાર્થનું જ્ઞાન થાય છે. એ સર્વ સદ્ગુરૂ સમાગમનું ફળ છે. પ્રદેશી રાજા આત્મા નાસ્તિક પણ કેશીકુમાર સમાગમથી આસ્તિક થયા. તેમજ ઘણા જીવો પણ સદ્ગુરૂ સમાગમથી સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે, અને અનુક્રમે અજર અમર આત્માને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ રત્નત્રયીના ભોક્તા થાય છે. એ સદ્ગુરૂ સમાગમ સાધનને પ્રાપ્ત થાઓ.

પર્યુષણ પર્વ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, સમરી હૃદય મઝાર;
શ્રી પર્યુષણ મહાત્મ્યનું, વર્ણન કરૂં ઉદાર.

અર્હન ભગવાન શ્રી મહાવીર દેવ, તેમનું હાલ જૈનશાસન જયવંતુ વર્તે છે. ૧ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચતુર્વિધ સંઘ પાંચમા આરાના છેડે દુપ્પસહ સૂરિ સુધી, ત્યાં સુધી જયવંત વિદ્યમાન રહેશે.

કલ્પસૂત્ર અને તેની વાચના ક્યારે થઇ?

શ્રીમાન્ મહાવીર નિર્વાણથી, નવસેંને એંશી વર્ષ ગયે છતે, વા નવસેં ત્રાણું વર્ષ ગયે છતે, શ્રી આનંદપુર નગરમાં (વડનગરમાં) ધ્રુવસેન રાજા રાજ્ય કરતો હતો. તેને અત્યંત વલ્લભ સેનાગજ નામે પુત્ર હતો. તે દૈવયોગે મરણ પામ્યો. રાજા અત્યંત શોકાતુર થયો. તેથી ગુરૂ મહારાજ પાસે ધર્મ સભામાં પણ આવી શકતો નહોતો. તે પ્રમાણે પ્રજા પણ શોક કરવા લાગી. પર્યુષણ પર્વ આસન્ન છતાં પણ વ્યવહારીયા શોક વગેરે લોકો ઉપાશ્રયમાં આવતાં અચકાતા હતા. આ પ્રમાણે ધર્મની હાનિ દેખીને ગુરૂ મહારાજ ધ્રુવસેન રાજા પાસે ગયા. રાજાને કહ્યું કે રાજન્! તમો શોકાતુર થયા છો, તેથી નગરના સર્વ લોક શોકાતુર થયા છે, અને ધર્મમાં ખલેલ પડે છે. હે રાજન્! શોક કરવો યુક્ત નથી. આયુષ્ય પુરું થયા બાદ કોઇ રાખી શકતું નથી, સંસારમાં કોઇ કોઇનું નથી. કર્મના યોગે સગા સંબંધીઓ થાય છે, અને તેમનો વિયોગ પણ થાય છે. આયુષ્ય ચંચળ છે. કોઇ દૃ-

નિયામાં અમર રહ્યા નથી અને રહેવાના નથી. સંસારી જીવો બીજાના મરણથી દુઃખી થાય છે. પણ જરા જ્ઞાનથી વિચારે તો માલુમ પડે કે, જેમ તે મરી ગયો તેમ તું પણ મૃત્યુ પામવાનો છે. જ્યાં સુધી કર્મ આત્માને લાગ્યાં છે, ત્યાં સુધી જન્મ મરણ, સમુદ્રના મોજાંની પેઠે થયા કરે છે. સંસાર અસાર છે. એમ કોઇ વિરલા જાણી શકે છે, અને સંસાર સ્વરૂપ અનિત્ય જાણી શોક કરવો, તેમાં શું તે મૃત્યુ પામેલો પુત્ર પાછો આવી શકે તેમ છે? ના નહીં. તો નાહક કેમ શોક કરવો જોઇએ? હે રાજન્! તમો ઉપાશ્રયમાં આવો તો નવમા પૂર્વમાં આઠમા અધ્યયનથી શ્રી ભદ્રબાહુ સ્વામીએ કાઢેલું કલ્પસૂત્ર મહા માંગલીક રૂપ કર્મક્ષય કરનાર છે. તે વાંચું કે જેથી તમારો શોક નાશ પામે. તે વાત રાજાને ગમી, અને અંગીકાર કરી. સભા સહિત રાજા ઉપાશ્રયમાં આવ્યો. ત્યારે નવ વાચનાએ કરી અને પ્રભાવનાએ કરી કલ્પસૂત્ર ગુરૂએ સભા સમક્ષ વાંચ્યું. રાજાનો શોક ગયો. તે દિવસથી સર્વ લોક સમક્ષ કલ્પસૂત્ર વાંચવાની પ્રવૃત્તિ થઇ અને તે પ્રમાણે ગુરૂ પરંપરાએ હાલ પણ તે પ્રમાણે વંચાય છે. એ વાંચવાથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

કલ્પસૂત્ર મન્ત્રમય છે, તે ઉપર એક ડોશીપુત્રની કથા.

કોઇક ડોશીનો પુત્ર વનમાં ગાયો ચારવા ગયો હતો. એક દિવસ તેને સર્પે કરડ્યો તેથી તે બેભાન થયો. તે વાત લોકોના મુખથી તેની માતાએ સાંભળી અને તે વનમાં ગઇ. ત્યાં તેણે પુત્રની બેભાન અવસ્થા જોઇ મોહના વશથી રૂદન કરતી તે પુત્રનું વારંવાર સ્મરણ કરે છે. રે હંસ! રે પરમહંસ! આ પ્રમાણે ચાર પહોર સુધી પોકાર કર્યો. તેથી ડોશીના પુત્રને ઝેર ઉતર્યું, સાજો થયો. સવારમાં માતા અને છોકરો બે જણ ગામમાં આવ્યાં. નગરનાં લોક આશ્ચર્યયુક્ત થયાં, અને મંત્રવાદીઓ કહેવા લાગ્યા કે! હે ડોશી! તેં શો ઉપાય કર્યો કે જેથી વિષ ઉતર્યું. ડોશીએ ઉત્તર આપ્યો. હું મંત્ર જાણતી નથી. તેમ ઔષધ પણ જાણતી નથી. પણ મેં આખી રાત્રિએ રે હંસ! રે પરમહંસ! એમ કરી રૂદન કર્યું, તેથી ઝેર ઉતર્યું. તે સાંભળી મંત્રવાદીઓ બોલ્યા કે એ મંત્ર સત્ય છે. અક્ષર પામે મંત્ર ઉત્પન્ન થાય છે. તેમ આ કલ્પસૂત્ર સાંભળતાં વાંચતાં ભણાવતાં પાપ જાય છે. એવું મહા માહાત્મ્ય કલ્પસૂત્રના અક્ષરનું છે.

પર્યુષણ પર્વ મહિમા.

મંત્રમાં શ્રી પરમેષ્ઠિ મંત્ર, તીર્થમાં શ્રી શત્રુંજય તીર્થ, દાનમાં અભયદાન, ગુણમાં વિનયગુણદાન, વ્રત મધ્યે બ્રહ્મચર્ય વ્રત, સંતોષ મધ્યે નિયમ, તપ-

ધર્મ માટે દિગ્દર્શન, દર્શન માટે જૈન દર્શન ના હીરામાંથી ઝવેરી, જળ માટે ગંગાનદી, પર્વતમાં મેરુ ગિરિ, વનમાં નંદન, ગજ માટે ઐરાવત, વનમાં નંદનવન, હાથમાં ચક્ર, ગ્રહમાં ચક્રવર્તિ, આભૂષણમાં ચિંતામણિ, ઓષધિમાં ચંદ્ર, તેજ માટે આદિત્ય, ધાતુ માટે સુવર્ણ, જ્ઞાન માટે કેવળજ્ઞાન, ધ્યાન માટે શુક્લ ધ્યાન, મણીમાં ચિંતામણિ, શાસ્ત્રમાં શ્રુત, તેમ પર્વ માટે શ્રી પર્યુષણ પર્વ મોટામાં મોટું છે.

શ્રી પર્યુષણ પર્વ દિવસો.

શ્રી પર્યુષણ પર્વ શ્રાવણ વદી બારસના દિવસે (તીથિનો ક્ષય હોય તો અગીઆરસના દિવસે) બેસે છે. ભાદરવા સુદી ૪ ચોથના દિવસે સંવત્સરી પ્રતિક્રમણ, બાર મહીનાનાં પાપ આલોચના નિમિત્ત કરવામાં આવે છે. આગળના ત્રણ દિવસોમાં કલ્પસૂત્ર કેવી રીતે વાંચવું, પર્યુષણ પર્વમાં સાધુ મહારાજે, તથા શ્રાવકોએ કેવી રીતે વર્તવું, તેનું વર્ણન કરવામાં આવે છે. અને પર્યુષણ પર્વમાં અમારીપડહ વગડાવવા એટલે કોઈ જીવને મારવો યા મારવા દેવો નહીં, તે કાર્યનો ઉપદેશ કરવામાં આવે છે.

દશ પ્રકારે મુનીશ્વરનો આચાર.

૧. પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુને શ્વેત વસ્ત્ર, અલ્પમૂલ્ય, માનોપેત શોભે છે, સાધ્વીઓ ચોથ પહેરે, સાડાચાર હાથનો કપડો, એકેક ચાર અંગુલની કરના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોય, એ અચેલકકલ્પ યુક્ત હોય. બાવીસ તીર્થંકરના સાધુઓ ઋજુ અને પંડિત હોય છે. તેથી તે મનગમતા પંચરંગી વસ્ત્ર રાખે માટે તેને સચેલક કહે છે.

૨. ઉદ્દેશિક કલ્પ—બાવીસ તીર્થંકરના વખતમાં કોઈ યા સાધુના માટે કોઈ ગૃહસ્થે આહાર, પાણી, ઔષધ, વસ્ત્ર, અને પાત્ર બનાવ્યા હોય, તે જેના નિમિત્તે બનાવ્યા હોય તેજ સાધુને કલ્પે નહીં. પરંતુ બીજા સાધુને કલ્પે, કેમકે તેને આધાકર્મીક દોષ લાગતો નથી. પણ પહેલા અને છેલ્લા શ્રી વીર ભગવાનના સાધુઓ તથા સાધ્વીઓને બીજાના માટે બનાવેલ આહાર વગેરે સર્વેને કલ્પે નહિ એટલું વિશેષ છે.

૩. જે ઉપાશ્રયનો ધણી હોય તે શય્યાતરી કહેવાય. તે ગૃહસ્થના ઘરનાં વસ્ત્ર પાત્રાદિક સર્વે તીર્થંકરના સાધુને વહોરવા કલ્પે નહિ. અનેક દોષો ઉત્પન્ન થાય છે માટે શય્યાતરીનો પિંડ લેવો કલ્પે નહીં.

૪. રાજપિંડ—જે મોટો છત્રપતિ રાજા હોય તેના ઘરનો પિંડ બાવીસ તીર્થંકરના સાધુઓને કલ્પે પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના વારાના સાધુ

સાધ્વીને રાજાના ઘરનો આહાર કલ્પે નહીં; કારણ કે અપમાન-બીજાના મનમાં અપમંગલ વિગેરે દોષો ઉત્પન્ન થવાથી જૈન શાસનની લઘુતા થાય.

૫. શ્રી વીતરાગના ધર્મને વિષે પુરૂષ પ્રધાન ધર્મ પ્રવર્તે છે, માટે સો વર્ષની સાધ્વી હોય તોપણ એક દિવસના દીક્ષિત સાધુને વાંદે એ કૃતિકર્મ કલ્પ છે.

૬. છઠ્ઠો વ્રત કલ્પ કહે છે. બાવીસ તીર્થંકરના વારાના સાધુ તથા સાધ્વીને ચાર મહાવ્રત રૂપ ધર્મ કહ્યો છે. ચોથું વ્રત અને પાંચમું વ્રત એક કરી માને છે. એટલે સ્ત્રીને પણ પરિગ્રહ માની પરિગ્રહમાં તેનો અંતર્ભાવ કરે છે. કારણ કે જ્યાં સ્ત્રી ત્યાં પરિગ્રહ અને જ્યાં પરિગ્રહ ત્યાં સ્ત્રી હોય છે. માટે બાવીસ તીર્થંકરના સાધુને ચાર મહાવ્રત જાણવાં અને પ્રથમ તથા ચરમ તીર્થંકરના સાધુ સાધ્વીને સ્ત્રી જુદી અને પરિગ્રહ પણ જુદો, માટે પંચ મહાવ્રત જાણવાં. પહેલા અને ચરમ તીર્થંકરના સાધુને છઠ્ઠું રાત્રી ભોજનવ્રત મૂલ ગુણમાં છે અને બાવીસ જીનના સાધુને રાત્રી ભોજનવ્રત ઉત્તર ગુણમાં છે.

૭. જ્યેષ્ટ કલ્પ—પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓને વડી દીક્ષાથી નાના મોટાપણું ગણાય છે. અને બાવીસ તીર્થંકરના સાધુઓને દીક્ષાના દિવસથીજ નાના મોટાપણું ગણાય છે. પ્રથમથીજ વિશુદ્ધ ચરિત્ર પાળે છે માટે.

૮. પતિક્રમણ કલ્પ—બાવીસ તીર્થંકરના સાધુ જ્યારે પોતાને પાપ લાગ્યું જાણે ત્યારે પ્રતિક્રમણ કરે, અન્યથા ન કરે, અને પહેલા તીર્થંકરના સાધુ તથા છેલ્લા તીર્થંકરના સાધુઓ તો પાપ લાગે વા ન લાગે તોપણ પ્રતિદિવસ પ્રતિક્રમણ કરે. બાવીસ તીર્થંકરના સાધુઓ દૈવસિક અને રાઇ એ બે પ્રતિક્રમણ કરે, અને પ્રથમ તથા ચરમ તીર્થંકરને વારે દૈવસિકાદિક પાંચ પ્રતિક્રમણ કરવાનાં કહ્યાં છે.

૯. માસ કલ્પ—શ્રી બાવીશ તીર્થંકરના સાધુઓ ઋજુ અને પંડિત માટે તેમને માસકલ્પ કરવાનો નિયમ નથી. જો લાભ જાણે તો એકજ ક્ષેત્રમાં ઘણા કાળ સુધી રહે, અને પહેલા તથા છેલ્લા તીર્થંકરના સાધુ તો એક માસ પર્યંત રહે. માત્ર ચોમાસામાં ચાર માસ પર્યંત રહે; કેમકે વધારે રહેવાથી ગૃહસ્થ સાથે પ્રતિબંધ થાય, હલકાપણું પમાય. " અતિ પરિચયાત્ અવજ્ઞા " એ વાક્યનો ભાવાર્થ વિચારવા લાયક છે. એક ઠેકાણે રહેવાથી દેશ વિદેશ સંબંધી જ્ઞાન ન થાય. કદાચિત્ દુર્ભિક્ષ વૃદ્ધાવસ્થાદિક કારણે રહેવું પડે તોપણ વસતિપલટણ કરે. પોળ પાડો પલટાવે. ઘર પલટાવે. સંથારાની ભૂમિ પલટાવે. એમ ભાવથી માસ કલ્પ કરે.

૧૦. દશમો શ્રી પર્યુષણ કલ્પ કરે છે. પર્યુષણ પર્વ આવે ત્યારે મુની- રાજ પણ ઉપાશ્રયે રહે તથા [illegible] કરાવે, વર્ષે. કેમકે તે દિવસે પણ અવશ્ય કરવાને કલ્પસૂત્ર વાંચવાનું હોય છે, લોચ કરાવે, [illegible] કાર્ય પણ [illegible] દિવસે [illegible] નહોતા. ચાર કલ્યાણક [illegible] કરવા આદિ ચોથની સંવત્સરી હતી. તે સંબંધે મહિમા [illegible] અને સંવત્સરી પ્રતિક્રમણ પણ પાંચમને દિવસે કરવામાં આવે છે. તેમ કલ્પસૂત્ર પણ વાંચવા આદિ એ બધા દિવસે કરવાનું કહે છે. મુનીશ્વર મહારાજ પર્યુષણ પર્વમાં વિધિ પૂર્વક નિયમ સાથ, અને જે કંઇ લાભ થાય તેમ વર્તે.

આ દશ કલ્પ મુનીશ્વર મહારાજનાં કહ્યાં છે. મુનીશ્વર મહારાજાઓ ધર્મ દેશને દ્વારા ભવ્ય જીવોને ઉપદેશ દ્વારા ઉપકાર કરે છે.

શ્રી પર્યુષણ પર્વમાં આરાધવાનું કૃત્ય.

શ્રી પર્યુષણ આઠ દિવસ આત્માને ઉપકારક છે. એવું એ પર્યુષણ પર્વ છે. ત્યાં જ મહિનાના ધર્મ ધ્યાન ન થાય તો પર્યુષણના દિવસોમાં તો અવશ્ય કરવું જોઇએ. ખાવું પીવું આદિ અનાદિ કાળથી ચેતન કરે છે પણ જીવને સંતોષ થયો નહિ. માટે હે ચેતન! તું વિચાર અને આ દિવસોમાં તો વિરતિનું આદર.

૧ પ્રતિક્રમણ.

પર્યુષણના દિવસોમાં દેવસિ અને રાઇ એમ બે વખતનાં પ્રતિક્રમણ કરવાં. કેટલાક લોક પ્રતિક્રમણ કરવામાં પ્રમાદ કરે છે, પણ તેમ કરવું નહિ. સવારના પહોરમાં ભગવાન [illegible] ઉઠે ત્યારે નહિ તેમ ઉઠી પ્રતિક્રમણ કરવું. સંધ્યા સમયે પ્રતિક્રમણ કરતાં પણ ઉતાવળ નહીં કરતાં પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણથી ઘણાં પાપ નાશ પામે છે, અને સંવર ભાવમાં રહેવાય છે. ચોરાસી લાખ સંવત્સરી પ્રતિક્રમણ શુદ્ધ ભાવે કરવું. ક્રોધ, માન, માયા, અને લોભ, આ ચાર કષાયને ત્યાગવા યત્ન કરવો. વૈરભાવ ત્યાગ કરવો. દરેક જણ સાથે ભાઇચારા રાખવો. સંવત્સરી પ્રતિક્રમણ કરી સર્વ જીવોને ખમાવવા. કોઇની સાથે વિરોધ રાખવો નહીં. વૈરભાવને ત્યાગ ન કરે તો આરાધકપણું થાય નહીં. કોઇ કહેશે કે અમે પ્રતિક્રમણનો અર્થ સમજતા નથી તો શી રીતે પાપ દૂર થાય? તેના ઉત્તરમાં સમજવાનું કે શુદ્ધ ભાવે પ્રતિક્રમણ કરતાં અર્થ સમજાય નહીં

તોપણ યથાયોગ્ય લાભ થઇ શકે છે. પ્રતિક્રમણ કરતાં સારો ભાવ છે તેજ પાપ ક્ષયકારક છે, સમજીને જો પ્રતિક્રમણ થાય તો અત્યંત લાભ થાય. ગુરૂ મહારાજ સમક્ષ પ્રતિક્રમણ કરવાથી વિશેષ ફાયદો થાય છે માટે દરેક શ્રાવકોએ પ્રમાદનો ત્યાગ કરી પ્રતિક્રમણનો લાભ લેવા ચુકવું નહિ; અવસર પાછો આવનાર નથી.

૨. પ્રત્યાખ્યાન (પચ્ચખાણ.)

શ્રાવકોએ નવકારશી, પોરિશી પોરિશી, સાડ્ઢપોરિશી, એકાસણુ; આંબીલ, ઉપવાસ, છઠ્ઠ, અને અઠ્ઠમ આદિ તપ કરવો. છતિ શક્તિ ગોપવવી નહીં. નવકારશીના પચ્ચખાણથી સો વર્ષનું નરકનું આયુષ્ય તુટે છે. પોરીશીના પચ્ચખાણથી હજાર વર્ષનું નરકનું આયુષ્ય તુટે છે. સાર્ઢ પોરિશીના પચ્ચખાણથી દશ હજાર વર્ષનું નરકનું આયુષ્ય તુટે છે. એમ ઉત્તરોત્તર પચ્ચખાણથી ચીકણાં કર્મ પણ નાશ પામે છે. પર્યુષણ પર્વમાં અઠ્ઠમનો તપ કરવાથી અત્યંત લાભ થાય છે. વિષયવાસનાની શ્રેણીઓ નાશ પામે છે. સમભાવે કરી તપ કરવો. તપ કરીને ક્રોધ કરવો નહિ. અઠ્ઠમ તપ ઉપર

નાગકેતુ દૃષ્ટાંત.

ચંદ્રકાંતા નગરીમાં વિજયસેન રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં શ્રીકાંતનામા શેઠ વસતો હતો. તેની શિખી નામની સ્ત્રી હતી. તેને વૃદ્ધાવસ્થામાં ઘણે ઉપાયે પુત્રની પ્રાપ્તિ થઇ. એક દીવસ તે શેઠનું સર્વ કુટુંબ પરસ્પર વાતો કરે છે કે પર્યુષણ પર્વ આવશે ત્યારે આપણે અઠ્ઠમનું તપ કરીશું. તે વાત સાંભળી બાળકને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પૂર્વભવ દીઠો ત્યારે બાળકે પણ મનમાં અઠ્ઠમનું તપ ધાર્યું. તે દિવસથી ધાવતો નથી તે જોઇ માતા પિતા ઘણું દુઃખ ધરવા લાગ્યાં. ઘણા ઉપાય કર્યાં તોપણ સ્તનપાન કર્યું નહીં. પછી તે બાળકને ક્ષુધાના યોગે મૂર્છા આવી તેથી મૃત્યુ તુલ્ય થયો. બાળકને એમ દેખી પિતાનું હૃદય ફાટી ગયું, જીવ નીકળી ગયો, અને કુટુંબ પરિવારે મળી બાળકને મુવેલો જાણી ધરતીમાં ભંડાર્યો. પશ્ચાત્ રાજાને ખબર પડી કે આપણા દેશમાં (નગરમાં) અપુત્રીઓ શ્રીકાંત શેઠ મરણ પામ્યો, માટે તેનું ધન લુંટી લાવવા રાજાએ માણસ મોકલ્યાં. માણસો શેઠને ઘેર આવ્યાં. એવામાં અઠ્ઠમ તપના મહિમાથકી ધરણેન્દ્રનું આસન ચળ્યું ત્યારે અવધિજ્ઞાને કરી સર્વ વૃત્તાંત જાણી ધરણેન્દ્ર ત્યાં બ્રાહ્મણ રૂપે આવ્યા અને રાજાના માણસોને ધન લેતાં અટકાવ્યા. રાજપુરૂષોએ રાજાને ખબર આપી કે તેનું ધન કોઈ બ્રાહ્મણ આવ્યો છે

તે લેવા દેતો નથી. તે સાંભળી રાજા પોતે કહેવા લાગ્યો કે અપુત્રીયાનું ધન લેવાં અટકાવ કરવાનું શું કારણ છે ! ત્યારે બ્રાહ્મણ રૂપે ધરણેન્દ્રે કહ્યું, એનો પુત્ર જીવતાં ધન કેમ કરી લેશો ! રાજા બોલ્યો—પુત્ર કયાં છે ! ધરણેન્દ્રે સર્પના દેખતાં જીવતો બાળક પૃથ્વીમાંથી કાઢી દેખાડયો. ત્યારે રાજાએ વિસ્મયથી પૂછયું "તમે કોણ છો ! આ વાત તમે શી રીતે જાણી !" ત્યારે બ્રાહ્મણે કહ્યું "હું ધરણેન્દ્ર છું. એના અઠ્ઠમના પ્રભાવથી હું અહીં આવ્યો છું." ધરણેન્દ્રે કહ્યું "હે રાજન્, આ પુત્ર મહાપુરૂષ છે. એને સ્વલ્પ કર્મ બાકી છે. આજ ભવે મોક્ષ જશે. તમે એનું યત્ન કરશો. તમને પણ મહા ઉપકાર કરનાર થશે." ધરણેન્દ્રે પોતાના ગળાનો હાર બાળકને પહેરાવ્યો, અને સ્વસ્થાનકે ગયો. પશ્ચાત્ રાજાએ બાળકને હાથી ઉપર બેસાડી મહા આડંબરથી તેના ઘેર આણી કહ્યું કે આ બાળકને સુખમાં રાખશો. સગાં વહાલાંએ શ્રીકાંત શેઠનું પ્રેત કાર્ય કરી તેનું નામ નાગકેતુ પાડયું. પશ્ચાત્ નાગકેતુ અષ્ટમી ચતુર્દશીનો ઉપવાસ, ચતુર્માસીનો છઠ્ઠ અને પર્યુષણનો અઠ્ઠમ કરવા લાગ્યો. અને જીન સેવા, સાધુ સેવા કરતો પરમ શ્રાવક થયો.

એક દીવસ રાજાએ એક પુરૂષને ચોરીનું જુઠું કલંક ચઢાવીને મારી નાંખ્યો. તે મરીને વ્યંતર થયો. તેણે ત્યાં આવી રાજાને લોહી વમતો કર્યો, નગર જેવડી શિલા વિકુર્વી લોકોને બીવરાવવા લાગ્યો. તે જોઈ નાગકેતુએ ઉપદ્રવ હેતુએ તથા ભગવાનના ચૈત્યનો વિનાશ થતો જાણી ભગવંતના પ્રાસાદ ઉપર ચઢીને પડતી શિલાને હાથે ધરી રાખી. એવી તપની શક્તિ દેખી વ્યંતર આવી પગે લાગ્યો. નાગકેતુના વચનથી રાજાને પણ શાતા કરી. ઉપદ્રવ દૂર થયો. નાગકેતુનું રાજાએ સન્માન કર્યું. એક દીવસ નાગકેતુ ભગવંતની પુજા કરતો હતો. ફુલ માંહેલા નાગના સર્પે તેને ડંશ દીધો. શુદ્ધ ધ્યાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાએ રજોહરણ મુહપત્તી પ્રમુખ સાધુનો વેષ સમર્પ્યો. ભવ્ય જીવોને પ્રતિબોધ દેતાં છતાં અનુક્રમે મોક્ષ નગરે પહોંચ્યા. તેમ ભવ્ય જીવોએ યથાશક્તિ તપ કરવામાં પ્રવૃત્તિ કરવી. તપ કરવા ઉપર જે પુરૂષો અરૂચિ કરે છે, અને ખાવા પીવાથીજ કેવળ મોક્ષ મળશે એમ માનનારા જીવો મુક્તિ પામી શકતા નથી, શ્રી મહાવીર સ્વામી જાણતા હતા કે હું આ ભવમાં મોક્ષ જવાનો છું છતાં છઠ્ઠ અઠ્ઠમાદિ તપશ્ચર્યા કરી કર્મનો નાશ કર્યો તો બીચારા પામર જીવો કેમ કરી તપશ્ચર્યા કરતા નથી અને કરનારને અટકાવે છે તે ભવભ્રમણ કરી અનંત દુઃખ પામશે. જિનાજ્ઞાને અવલંબન કરી વર્તવું તેમાંજ હિત છે. આ ઠેકાણે બાહ્ય અને અભ્યંતર બે પ્રકારના તપથી મુક્તિ મળે તેમ સમજવું.

૩. પર્યુષણ પર્વમાં જિનેશ્વરની પૂજા કરવી.

શ્રી પર્યુષણ પર્વમાં વિશેષતઃ કરી જીનેશ્વર ભગવાનની પૂજા કરવી. પૂજા જીનેશ્વરની કરતાં કર્મનાશપૂર્વક આત્મા નિર્મળ થાય છે. સંસાર સમુદ્ર તરવાને માટે વીતરાગની પૂજા વહાણ સમાન છે. પ્રથમ તો જીવ જંતુ વિનાની જગ્યામાં નિરવદ્ય પાણીથી સ્નાન કરવું. થોડું પાણી જેમ વપરાય તેમ વિવેક રાખવો, શુદ્ધ વસ્ત્ર પહેરવાં, પોતાના ઘરનાં કેશર, ધૂપ, દીવો વિગેરે વાપરી પૂજા કરવાથી શુભ ભાવમાં વૃદ્ધિ થાય છે. પરમેશ્વરની પૂજા સ્થિર ચિત્તથી કરતાં અત્યંત લાભ થાય છે. ઘણા લોકો પ્રાયઃ એક પરમેશ્વરની પૂજા કરતાં ઉપરા ઉપરી પડી જવાય, તેમ પણ કરે છે. દીવા ફાનસમાં જયણાથી મકાય તો જીવની રક્ષા થાય. પરમેશ્વરની પૂજા કરતાં પહેરવાનાં વસ્ત્ર શુદ્ધ રાખવાં. ઘીના ચઢાવા વગેરે પણ પ્રભુ પુજાના બોલાવવામાં આવે છે, તેથી દેવ દ્રવ્યની વૃદ્ધિ થાય છે. પહેલી હું પુજા કરૂં, હું કરૂં એમ બોલી દેરાસરમાં કેટલાક મનુષ્યો ગરબડ કરે છે, પણ તે યુક્ત નથી. કેટલાક દેરાસરમાં બોલા બોલી કરે છે, પણ તે યુક્ત નથી. અષ્ટ પ્રકારી, સત્તર ભેદી, એકવીશ પ્રકારી આદિ પૂજાથી આત્મા પોતે પૂજ્ય પદ પામે છે. દેરાસરમાં હાંડી, ગ્લાસ, વિગેરેને સ્વચ્છ રાખવાં. ઘીનાં કોડીયાં ઉટકી સાફ કરવાં, દેવ દ્રવ્ય કેટલું છે, તેની ખબર લેવી એમ શાસ્ત્રો ફરમાવે છે. યાદ રાખો કે પર્યુષણ પર્વની ધામધુમમાં ચોર, ગંઠીયા લોક, દેરાસર વિગેરેમાં પેસી ચોરી કરી જાય છે. એમ કેટલેક ઠેકાણે બને છે. માટે ગફલત રાખવી નહીં. નાના મોટા દરેકે પ્રથમ જીનેશ્વરની પૂજા કરવી જોઈએ. પ્રથમ તો સ્નાન કરવાથી આશ્રવ દુર થાય છે, અને પ્રભુ પૂજાથી કર્મબળ દુર થતાં આત્મા સ્વર્ગ સિદ્ધિનાં સુખ ભોગવનારો થાય છે. માળીઓ પાસેથી ફૂલના હાર લેઈ તેમને પૈસા આપતાં પર્વના વિનોદમાં વાંધો ઉઠાવી ટંટો કરવો નહિ, ફૂલ પણ વિધિપૂર્વક લાવેલાં લેવાં જોઇએ, વિશેષ શું ! જેમ આત્માનું હિત થાય તેમ કરવું. ભાવ પૂજા પણ વિશેષ ભાવથી કરવી તેથી શિવ સંપદા મળશે.

૪. જીનેશ્વર દર્શન.

પ્રતિક્રમણ કરી, બીજા કાર્યમાંથી મન માર્ગમાં ચિત્ત ખેંચી, વિધિ સહિત પ્રભુ દર્શન કરવા સારૂ જતાં શુદ્ધ વસ્ત્ર પહેરવાં. ક્રોધ, માન, માયા અને લોભ આદિ દોષો ટાળી પ્રભુ દર્શન કરવા જવું. દર્શન કરવા જતાં માર્ગમાં પેશાબ વિષ્ટા વગેરેથી પગ ખરાબ થાય નહિ તેમ ચાલવું. પ્રભુનાં દર્શન નિમિત્તે જતાં રસ્તામાં રાજ્ય કથા, સ્ત્રી કથા આદિ વિકથા

કરવી નહિ. હોકી, મોઢો વગેરે ઇત્યાદિને અવસરથી નાશ થાય નહિ તેમ સાચવવું. યથાયોગ્ય સ્થાનકે નિસિહી પાઠ ઉચ્ચરી, દેરાસરમાં પેસી, દેવ દર્શન કરવાં. પ્રભુ પ્રદક્ષિણા દેઇ, પ્રભુ દર્શન કરી, સ્તુતિ કરી, દ્રવ્ય પૂજા આદિ પૂજાનો અનુક્રમ સાચવવો. દેરાસરમાં ચૈત્ય વંદન કરતાં જુદા જુદા એકી વખતે ચૈત્ય વંદન કરે છે તેથી કાકારોળ થાય છે, ગરબડ થઈ જાય છે. માટે તેમ થવું જોઇએ નહીં. ચૈત્યવંદન એક જણ કરે, અને બીજા સાંભળે, તેમ થાય તો સારૂં. ગુરૂ મહારાજ દેરાસરમાં દર્શન કરવા આવ્યા હોય છે તો કોઈ વિરલા તેમનો વિનય સાચવી શકે છે. ગુરૂ મહારાજનો યોગ દેરાસરમાં થયો હોય તો તેમની સાથે ચૈત્યવંદન કરવું. પૂર્વાચાર્યોનાં કરેલાં ચૈત્યવંદન તથા સ્તવનો કહેવાનો અભ્યાસ રાખવો. જેમ ઉલ્લાસથી રહિ ભાવ તેવા સ્તવનો કહેવાં. યાદ રાખો કે મનુષ્ય જન્મ વારંવાર મળનો નથી માટે પ્રભુ દર્શન કરવા જતાં આળસ કરવી નહીં, જિન પ્રતિમા જિન સારિખી; આ વચન પ્રમાણે જે વર્તે છે તે સંસાર સમુદ્રનો પાર પામે છે.

૫ ગુરૂદર્શન.

ગુરૂ મહારાજ સરખા ઉપકારી કોઇ બીજા નથી. શ્રી યશોવિજયજી કહે છે કે સમકિતદાયક ગુરૂતણો પચ્ચુવયાર ન થાય, ભવ કોડા કોડી કરે કરતા કોડી ઉપાય; શુદ્ધ દેવ ગુરૂ ધર્મની શ્રદ્ધા કરાવનાર શ્રી સદ્ગુરૂનો કરોડો વર્ષ પર્યંત કરોડો ઉપાય કરતાં પણ ઉપકાર વાળી શકાતો નથી. ગુરૂ મહારાજ અને શ્રાવકોનામાં બહુ અંતર સમજવું કહ્યું છે કે:—

सावज्जजोग परिवज्जणाओ, सव्वुत्तमो जइ धम्मो ॥
बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥ १ ॥
जह मेरु सरिसवाणि खज्जोय रवियचंदताराणं,
तह अंतरमहंतं, जइ धम्म गिहत्थधम्माणं ॥ २ ॥

સરસવ અને મેરૂનું જેટલું અંતર, ધડી અને ખદ્યોતનું જેટલું અંતર, ગધેડુ અને હાથીનું જેટલું અંતર, તેમ ગૃહસ્થ અને સાધુ મહારાજનું પણ અંતર જાણવું. ગૃહસ્થ સરસવના દાણા સરખો અને ગુરૂ મહારાજને મેરૂ પર્વત કરતાં પણ અત્યંત મોટા જાણવા. કારણ કે શ્રાવક સાવદ્યારંભી છે. અને મુનિરાજ નિરારંભ પ્રશમના રસિક છે. શ્રી ઉત્તરાધ્યયનના પંચમા અધ્યયનમાં બારવ્રત ધારી શ્રાવક અને પંચ મહાવ્રત ધારી શ્રી સદ્ગુરૂ તે બેમાં મેરૂપર્વત અને સરસવના દાણા જેટલું અંતર છે એમ કહ્યું છે. ગૃહસ્થ લક્ષાધિપતિ–કરોડાધિપતિ હોય તોપણ રજોહરણ અને મુખવસ્ત્રિકા આદિ ધારણ કરનાર ગુણવંત

ઇત્યાદિ બ્રહ્મચર્ય વ્રતનો મહિમા અત્યંત છે. વિષય લાલચુ જીવ જો કે બારે મહિના સુધી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી શકતો નથી, તોપણ જો આઠ દિવસ પર્યંત બ્રહ્મચર્યવ્રત ધારણ કરે તો ઘણો લાભ પામી શકે. વિષયને વિષ સરીખા જાણી તેનો આઠ દીવસ ત્યાગ કરે; મદોન્મત્ત અવસ્થાથી જે જીવ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી શકશે નહીં તો અંતે પશ્ચાત્તાપ પામશે માટે આઠ દિવસ પર્યંત બ્રહ્મચર્યવ્રત ધારણ કરવું તે અત્યંત હિતકારક છે.

૮. સચિત્ત વસ્તુનો ત્યાગ.

પર્યુષણ પર્વમાં સચિત્ત વસ્તુનો ત્યાગ કરવાથી અત્યંત લાભ થાય છે. પશુઓ રાત્રી દિવસ અજ્ઞાનાવસ્થાથી વનસ્પતિ વગેરેનું ભક્ષણ કરે છે. એને જ્ઞાન નથી કે વનસ્પતિ વિગેરેમાં જીવ છે. પણ આપણે તો જાણીએ છીએ કે વનસ્પતિમાં જીવ છે; તેનું ભક્ષણ કરવાથી જીવોનો નાશ થશે. એમ જાણતાં છતાં પણ જ્યારે ત્યાગ કરી શકીયે નહીં ત્યારે આપણામાં અને તેમાં શો અંતર કહેવાય ? કછ નહીં. પર્વતિથિએ પ્રાયઃ પરભવ આયુષ્ય બંધ થાય છે માટે તિથિના દિવસે સચિત્ત વસ્તુનું ભક્ષણ વર્જવું. કહ્યું છે કેઃ-

જીવને આયુ પરભવતણો, તિથિ દિને બંધ હોય પ્રાયરે;
તેહ ભણી એહ આરાધતાં, પ્રાણીયો સદ્‌ગતિ જાયરે.

વિરતિ એ સુમતિ ધરી આદરો, ઇત્યાદિ. તિથિના દિવસે પાપનાં કાર્ય કરવાં નહીં. ઘણા ભવ્ય જીવો તો આઠ દિવસ પર્યંત સચિત્ત વસ્તુ વાપરતા નથી. યથાશક્તિ સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો.

૯. દાન.

दानं हि परमो धर्मो, दानं हि परमा क्रिया;
दानं हि परमो मार्ग, स्तस्माद्दाने मनः कुरु ॥ १ ॥
दया स्यादभयं दान, मुपकारस्तथाविधः;
सर्वोहि धर्मसंघातो, दानेन मोक्षमर्हति ॥ २ ॥
ब्रह्मचारी च पाठेन, भिक्षुर्धैव समाधिना;
वानप्रस्थः तु कष्टेन, गृही दानेन शुद्धयति ॥ ३ ॥
ज्ञानिनः परमार्थज्ञा, अर्हन्तो जगदीश्वराः;
व्रतकाले प्रयच्छन्ति, दानं सांवत्सरं च ते ॥ ४ ॥
गृह्णतां प्राणिनं सम्यक्, ददतां पुण्यमक्षयम्;
दानतुल्यस्ततो लोके, मोक्षोपायोऽस्ति नापरः ॥ ५ ॥

દાન તેજ પરમ ઉત્કૃષ્ટ ધર્મ છે, દાન પરમ ક્રિયા છે, દાન તેજ પરમ માર્ગ છે. માટે હે જીવ ! દાન દેવામાં મન કર. અભયદાનથી દયા થાય છે, દાનથી પરોપકાર થાય છે, સર્વ ધર્મ સમુદાયનો દાનમાં અંતર્ભાવ થાય છે. બ્રહ્મચારી પાઠ કરીને અને ગૃહસ્થી દાન કરીને શુદ્ધ થાય છે. ત્રણ જ્ઞાનને ધારણ કરનાર પરમાર્થ જ્ઞાતા શ્રી તીર્થંકર ભગવાન પણ દીક્ષા સમયે દાન કરે છે. દાન ગ્રહણ કરનારને તો દાન ત્રમ કરે છે, અને સાંવત્સરિક દેનારને અક્ષયપુણ્ય પ્રાપ્ત થાય છે. માટે દાન સમાન બીજો કોઇ ઉપાય મોક્ષ પ્રાપ્ત કરવામાં નથી; એમ શાસ્ત્રકાર દાનનો મહિમા વર્ણવે છે.

દાનના પાંચ પ્રકાર છે. ૧ અભયદાન, ૨ સુપાત્રદાન, ૩ ઉચિતદાન, ૪ અનુકંપાદાન, ૫ કીર્તિદાન. અભયદાન અને સુપાત્ર દાન એ બે દાનથી મુક્તિની પ્રતીતિ થાય છે. બાકીના ત્રણ દાનથી મુક્તિની પ્રાપ્તિ નથી. કહ્યું છે કે–धन दानेन च कीर्त्ति सा कीर्त्ति मगनगनमरसंमिन आ सा कीर्त्ति तिहुयणे सयले ॥ કીર્તિની બુદ્ધિથી દાન દેવાથી જે કીર્તિ થાય છે તે દશ યાચકના મધ્યે છે, અને અભયદાનથકી થનાર કીર્તિ તો સમસ્ત ત્રણ ભુવનમાં પ્રસરે છે.

સાત ક્ષેત્રે ધન વાપરવું. જે કાળમાં જે ક્ષેત્ર સીદાતું હોય તેમાં ધન ખરચવાથી વધારે લાભ પ્રાપ્ત છે. નવકારશી વગેરે કરી આત્મહિત કરવા પ્રયત્ન કરવો. જીવોનો નાશ પર્યુષણ પર્વમાં થવા દેવો નહીં. ધનથી વા રાજાની સહાયથી કસાઈ લોકો પર્યુષણ પર્વમાં જીવ મારે નહિ તેમ કરવું. પંખીઓને પણ કોઈ મારે નહિ તેમ કરવું. જીવોને અભયદાન આપવું તે મોટો ધર્મ છે. એક રાજાને રાણીઓ હતી તેમાંથી અણમાનીતી રાણીએ રાજાને કહી ચોરને અભયદાન અપાવ્યું, તેથી ચોર ઘણો આનંદ પામ્યો. તેમ બીજા જીવને મારતાં છોડાવવાં એ મોટું પુણ્ય છે. રાજા અને તેની રાણીઓ અને ચોર સંબંધી અધિકાર અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં આવે છે. શ્રી સદ્ગુરુ પાસે જઈ તે શ્રવણ કરવું. અહિંસા પરમો ધર્મઃ આ વાક્યને સમજી જીવ દયા ચિંતવવી. જામનગરના રાજાએ જાહેર કર્યું છે કે આખા શ્રાવણ માસમાં પર્યુષણના દિવસોમાં જામનગરના રાજ્યમાં કોઇએ જીવ મારવો નહિ. આ હુકમના અમલ માટે પોલીસને દેખરેખ રાખવા ફરમાવ્યું છે. આ ઠરાવ ઘણું અગત્યનો છે. શ્રી હીરવિજય સૂરીશ્વર મહારાજના પ્રતિબોધથી અકબર બાદશાહે પર્યુષણ પર્વ વગેરે ઘણા તહેવારોમાં જીવહિંસા કરવાનો નિષેધ કર્યો છે. હરેક પ્રકારે જીવહિંસા થતી અટકાવવી તે શ્રાવકોનું કર્તવ્ય છે. પુણ્ય યોગે મળેલો પૈસો મૃત્યુ પશ્ચાત્ સાથે આવનાર નથી. માટે તેને ધર્મ

માર્ગમાં ખર્ચવો. એ પૈસો પેદા કરતાં જીવ જૂઠું બોલે છે, હિંસા કરે છે, છળ કપટ કરે છે, અને તેથી અનંત પાપની રાશિનો સંચય કરે છે. તેને ધર્મ માર્ગમાં ખરચી આત્મહિત કરવું. આંધળા, લુલા, ગરીબ લોકોને પણ અનુકંપા બુદ્ધિથી ભોજન વગેરે આપવું, તે યોગ્ય છે. શ્રી સદ્ગુરૂ મહારાજ કે જે તરણ તારણ છે તેમને વસ્ત્ર આહારાદિકથી પ્રતિલાભવાથી મહા લાભ થાય છે. ઉત્તમ પાત્રે દાન આસન્નભવી જીવો આપી શકે છે. શ્રી સદ્ગુરૂ મુનિરાજ સમાન બીજું ઉત્તમ પાત્ર નથી, એમ દાન દેઈ અનંત ધર્મ લાભની પ્રાપ્તિ કરવી તેજ સુજ્ઞોનું કર્તવ્ય છે.

૧૦. પ્રભાવના.

વ્યાખ્યાન ઉઠયા બાદ અગર પ્રતિક્રમણ ઉઠયા બાદ પતાસાં, નાળીએર વગેરેની પ્રભાવના કરવી. સમાન ધર્મી ગરીબ શ્રાવક લોકોને ગુપ્તદાન આપવું જોઈએ, એ મોટી પ્રભાવના છે. કેટલાક લોકો નામના ભૂખ્યા બીજા લોકો પોતાની વાહ વાહ કરે, એવી રીતે ગરીબ શ્રાવક બાધુઓને અન્ન વગેરેથી આશ્રય આપે છે, પણ ગુપ્તદાન આપવું, તે અત્યુત્તમ છે. કીર્તિની બુદ્ધિ વિના જાહેરમાં દાન કરવાથી પણ અનંત લાભ છે. શેઠ હેમાભાઈ તથા પ્રેમાભાઈ વગેરેએ પોતાના સમાન ધર્મીભાઇઓને ધંધા વેપારમાં તથા વિધવાઓને ઘણી મદદ આપી છે, તે પણ પ્રભાવના છે. માટે યથાશક્તિ પ્રભાવના કરવી.

૧૧. આંગી પૂજા, અઠ્ઠાઈ મહોત્સવ.

દરેક દેરાસરે જીનેશ્વરની આંગી રચાવવી, પૂજાઓ ભણાવવી; ઘણે ઠેકાણે દેરાસરે પૂજાઓ ભણાવવામાં આવે છે પણ પૂજામાં શો ભાવાર્થ છે તે કોઈ જાણતું નથી. પણ સમજવું કે-પૂજાના અર્થ વગેરેની સમજણ પૂર્વક પૂજાઓ ભણાવવાથી મનમાં અનંત આનંદ થાય છે. યથાશક્તિ જીનેશ્વરનાં દેરાસરે મહોચ્છવ કરવા.

૧૨. વિધિપૂર્વક શ્રી સદ્ગુરૂ પાસે કલ્પસૂત્ર સાંભળવું.

[illegible]માં કરેલી વિધિપૂર્વક સદ્ગુરૂ પાસે કલ્પસૂત્ર સાંભળવું. કલ્પસૂત્રનો આરંભ અઠ્ઠાઈમાંથી શરૂ થાય છે. કલ્પસૂત્રની પોથી ગુરૂમહારાજ પાસેથી લઈને પોતાને ઘેર લાવવી. રાત્રિ જાગરણ કરવું. પ્રભાતે નગરનાં મોટા મોટાઈથી કુંવારી બાળકને હાથી ઉપર બેસાડી તેના હાથમાં થાળ આપી તે થાળમાં પુસ્તક મુકી ગાજતે વાજતે પુસ્તક પાછું ગુરૂમહારાજને આપીએ. પશ્ચાત્ ગુરૂજી વંચના કરે તે વિધિપૂર્વક સાંભળવી. નાના મોટા

બીજું કરવું તથા સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો. આ કલ્પસૂત્ર પણ નિરાકર છે. મનોવાંછિત પૂરનાર છે. માટે જે અપ્રમત્તપણે, દિન અને નિશા પર્યંત સાંભળે, વાંચે તે થોડા જ ભવમાં મોક્ષપદ પામે એમ કહ્યું છે કે –

एगग्गचित्ता जिणसासणंमि पभावणा पूअपरायणा जे ।
तिसत्तवारं निसुणंति कप्पं, भवन्नवं गोयम ते तरंति ॥

એકાગ્ર ચિત્તથી ભાવ ભક્તિપૂર્વક જે કોઈ કલ્પસૂત્ર સાંભળે છે તે સંસાર સમુદ્રને તરે છે.

અઠ્ઠમ વગેરે જે કોઈથી થઈ ન શકે તેવા ભાવિકોએ જ્યાં મુનિ-રાજ વંચાતું હોય ત્યાં જઈ એકાગ્ર ચિત્તથી કલ્પસૂત્ર સાંભળવું. શ્રીકલ્પસૂત્ર પ્રસંગે ઘરે આવે છે ને ઘણા દેરાસરમાં ઠાઠ પણ કરીને લઈ જઈ મહોત્સવ કરે છે તેમ આપ પણ કરવો.

૧૩. આરંભત્યાગ.

જે વ્યાપારમાં અધિક આરંભ કરવામાં, કરાવવામાં ત્રસ તથા સ્થાવર જીવોનો નાશ થાય તેવા આરંભવાળા કાર્યોનો ત્યાગ કરવો. ખાંડવું, ઘર ચણાવવું, આદિ આરંભ કાર્યોનો ત્યાગ કરવો. ખોદવું, ભઠ્ઠીઓ કરવી એ આરંભથી ઘણું પાપ કર્મમાં આત્માને બાંધવું પડે અને તેથી જીવો પ્રાયઃ દુઃખ પામે. તે ઘણું અનેક દુઃખ દેશે માટે તેમનો ત્યાગ કરી, પર્વના દિવસોમાં ઉત્તમ જીવો આરંભ કરીને નહીં અને ઘરનાં કામ કરાવે નહીં. મોટી તિથિના દિવસે તે હિંસા સર્વ નિષેધ કરે છે. તેમનાં જ્યાં પણ જો તે પ્રમાણે વ-ર્તવામાં નહીં આવે તો તેનું ફળ અને પોતાને ભોગવવું પડશે.

૧૪. ચૈત્ય પરિપાટી.

ભાદરવા શુદિ ચોથના દીવસે કલ્પસૂત્ર શ્રવણ કરી બારસાસૂત્ર પૂર્ણ થયેથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘે દેરાસરે પ્રભુનાં વિધિપૂર્વક દર્શન કરવાં.

૧૫. ક્ષમાપના.

ભાદરવા શુદિ ચોથના દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરી આ વેર વિરોધ શમાવી, ફરીથી વેર વિરોધ નહીં કરવા નિમિત્તે પરસ્પર ખમાવવું. મૃગાવતીએ જેમ ચંદનબાળાને ખમાવી ક્ષમાપના કરી તથા ઉદાયી રાજા અને ચંડપ્રદ્યોતન રાજાએ જેમ વેર ઝેર શમાવી, પરસ્પર ક્ષમાપના કરી, તદ્વ

મોક્ષાભિલાષીઓએ પરસ્પર ખમવું અને ખમાવવું. પરંતુ સુજ્ઞો ! યાદ રાખજો-કુંભારના મિચ્છામિદુક્કડં પેઠે નહિ થાય હો ! !

૧૬. અગત્યની સૂચના.

પર્યુષણ પર્વ દિવસો સર્વ દિવસ કરતાં અત્યુત્તમ છે તો તે દિવસમાં નાના અને મોટાઓએ, છોકરા અને છોકરીઓએ બાજી રમવી નહીં જોઇએ, કચ્ચાંએ રમવું નહી જોઈએ, જુગાર પત્તાં વગેરેથી રમવું નહીં. ધર્મના દિવસોમાં ધર્મનુંજ સાધન કરવું જોઇએ. આઠ દિવસમાં ક્લેશ કરવો નહીં, કડવું વચન બોલવું નહીં, ક્ષમા કરવી.

૧૭. સાધર્મ્ય વાત્સલ્ય.

ભાદરવા સુદી પાંચમના દિવસે સાધર્મ્ય વાત્સલ્ય કરવું, જૈન યાચકોને દાન આપવું, એમ જે ભવ્યો સમ્યક્‌વિધિએ કરી પર્યુષણા પર્વનું ભાવ-પૂર્વક આરાધન કરનારા છે તે જીવો કર્માષ્ટક દૂર કરી શાશ્વતપદ પામ્યા અને પામશે. ધર્મારાધન પૂર્વક પરમાત્મપદ સ્વપરને પ્રાપ્ત થાઓ એજ મહાકાંક્ષા

जैनसूत्रमां मूर्त्ति पूजा.

श्लोक.

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु;
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥ १ ॥

મને વીરપ્રભુ ઉપર પક્ષપાત નથી તેમ કપિલશાસ્ત્ર-અન્ય બૌદ્ધશાસ્ત્ર વગેરે ઉપર દ્વેષ નથી. કિંતુ મારે તો જેનું વચન યુક્તિવાળું-સર્વજ્ઞત્વ દર્શાવે છે તેનો મારે અંગીકાર છે.-શ્રી हरिभद्र सूरि.

હવે મૂળ ઉદ્દેશ મથાળાથી વાંચતાં માલુમ પડશે કે जैन सूत्रमां मूर्त्ति पूजा એટલે જૈન સૂત્રોમાં શ્રી તીર્થંકર ભગવતોની પ્રતિમાનું પૂજન સ્તવન કહ્યું છે કે કેમ તે અત્રે દર્શાવવાનું છે.

દુનિયામાં અનેક પ્રકારના મતભેદો છે અને તે પ્રવાહની અપેક્ષાએ અનાદિ કાળથી ચાલ્યા કરે છે, અને અનેક રૂપાંતરને પામે છે તોપણ તે સર્વેનો સમાવેશ ત્રણસો ત્રેસઠ પાખંડીઓના મતોમાં થાય છે. જુઓ સૂત્રગડાંગ સૂત્ર વગેરે. હવે ત્યારે તે ત્રણસો ત્રેસઠ પાખંડીઓ શાથી કહેવાય છે તેના ઉત્તરમાં શ્રી वीर प्रभु જણાવે છે. એકાંત મતથી તે પાખંડપણાને પામે છે. જેમ ક્રિયાવાદી, જ્ઞાનવાદી, વિનયવાદી વગેરે એક એક પક્ષને માનનારા જાણવા.

આત્મની દૃષ્ટિ હેતું મૂર્તિપૂજન સંબંધી અન્ય એક તપાસીઓમાં મૂર્તિ પૂજક અનુસારે એક સ્થાપના કરે છે. હિંદુઓ અને મુસલમાન એ એમાં હિંદુઓ પોતાની તરફ દેવની મૂર્તિ કરી પૂજે છે-માને છે. ત્યારે મુસલમાનો કહે છે કે ખુદા નિરંજન નિરાકાર છે કોઈપણ રીતે કિસી મૂર્તિ નહી હો. સાની દેવું હતીને ધારણ કરે છે. ત્યારે હિંદુઓ પોતી પોતાની વગેરે કરે છે કે અમારો ઈશ્વર અનેક પ્રકારે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એ ઈશ્વર પરમાત્માના પરમાત્મા અવતારરૂપે ત્યારે રહ્યા છે. માટે આપણું જગત પરમાત્મા સ્વરૂપ દર્શન મૂર્તિપૂજન છે. માટે તેમના અવતાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની મૂર્તિ કરી માનવા પૂજવાથી અને પરમાત્માની મૂર્તિદ્વારા ભક્તિ કરવાથી પરમાત્મા પ્રસન્ન રહે છે કારણ કે જગતનો કર્તા, હર્તા પરમાત્મા છે.

ત્યારે હવે જૈનના પરમ પવિત્ર શ્રી વીરપ્રભુના વચનો શું કહે છે તે તપાસીએ-શ્રી વીરપ્રભુ એમ કહે છે કે-મુસલમાનો જે ખુદાનું સ્વરૂપ માને છે તે સત્ય નથી, તેમ તેમનું કથન મિથ્યાત્વથી અસમંજસ છે ત્યારે વેદોના વિષે બોલવું પણ તે પોતાના વચનને પણ એકાન્તપણાથી મિથ્યાત્વરૂપ કરે છે. મિથ્યાજ્ઞાન છે માટે, જુઓ સૂયગડાંગસૂત્ર.

ત્યારે હવે મુસલમાનો અને હિંદુઓથી જૈનો જુદા છે કે કેમ? ઉત્તરમાં કહેવું પડશે કે, હા જુદા છે જો એમ સમજે છો તો મુસલમાનો અને હિંદુઓ મૂર્તિપૂજન વગેરે ધર્મપક્ષપાતથી ધર્મની ભિન્નતાથી પરસ્પર લડી મરે ત્યારે જૈનો કયા ધર્મને તથા કયા બોલવાને સ્વીકારે? ઉત્તરમાં કહેવું પડશે કે જૈનોને તે બાબતમાં પેસવાનું નથી. સર્વ નયોથી પરિપૂર્ણ શ્રી વીર પ્રભુના વચન પ્રમાણે તેમને તો સમજવું જોઈએ.

શ્રી વીરપ્રભુ એમ કહે છે કે, જે નયોથી જે વચન સત્ય હોય તે નયની અપેક્ષાએ તે વચન સત્ય છે. જો સાત નયોનું જ્ઞાન કરો તો અન્ય મતના સર્વેકાન્તથી સમજી શકાશે.

હવે મૂર્તિપૂજનને હિંદુઓ માને છે, ત્યારે આપણા વીર પ્રભુ મૂર્તિપૂજન સંબંધી જે કંઈ કહે છે. તે જોવાનું છે. જ્યારે આખી દુનિયા પોતપોતાની મરજીમાં આવે તેમ માને પણ આપણે તો વીરપ્રભુનો કહેલો ધર્મ સત્ય સ્વીકારીએ છીએ, અને તેજ સત્ય છે તે વીર પ્રભુ દેહુજ છે. તેજ રાગ દ્વેષથી રહિત છે, તેમ સર્વજ્ઞ છે એમ અંતઃકરણથી માનીએ છીએ. તો તેમના શાસ્ત્ર ઉપર ન્યાય બેસવા વિશ્વાસ રાખો, અને શાસ્ત્ર તપાસો. શાસ્ત્રોના પ્રમાણથી શ્રી વીરપ્રભુના જૈન ધર્મમાં આ ભેદ પડ્યા છે. ત્રણ.

પ્રભુની પ્રતિમાની પોતે પૂજા કરે, પોતે દેરાસર કરાવે તે અસંયતિ જાણવા. તેમ દેરાસર કરવાનો સાધુનો આધકાર નથી. શ્રાવક દેરાસર કરાવે. શ્રાવક પ્રભુની પૂજા કરે. કારણ કે શ્રાવક ગૃહસ્થારંભી છે. માટે તેણે પૂજા કરવી. એમ સુત્રમાં આજ્ઞા છે. સાધુમુનિરાજ રજોહરણ મુહપત્તિને ધારણ કરી શ્રાવકની પેઠે પોતે દ્રવ્યસ્તવરૂપે પ્રભુની પૂજા કરે નહિ. તેમ દેરાસરમાં વસે નહિ. કારણ કે, દેરાસરમાં વસવાથી પ્રભુની પ્રતિમાની આશાતના થાય છે. પોતે હાથે સાધુ દેરાસર સમરાવે નહિ. પરિગ્રહ ધન ધાન્ય વગેરે સાધુ રાખે નહિ. તેથી વિપરીતપણે વર્તે તે અસંયતિ જાણવા. ત્યારે તે વખતે અસંયતિ ઉત્પન્ન થયા. તે દેરાસર કરાવવા લાગ્યા અને પોતે પૂજા કરવા લાગ્યા. શ્રાવક પાસેથી ધન યાચી પોતે પૈસા રાખે, દેરાસરમાં પોતાની માલકી રાખે અને વળી શું કરે તે કહે છે. મહાનિશીથ પત્ર ૪૯ પાઠ.

सक्कसक्किइममत्तिए चेइआलगे कारविउणं ते चेव दुरंततयंत लखणाह माह मेहिं आसाइए–संचेव चेइआलगे मासिअ गोविउणं च वलवीरीय पुरिसक्कार परक्कमं संतेवलं संतेवीरीए संते पुरिसक्कार परक्कमे चइऊणं उग्गाभिग्गहे इत्यादि.

પોતાની મતિએ પોતે પૈસો રાખી જાતે દેરાસર એટલે જીનેશ્વર ભગવાનની પ્રતિમાનું સ્થાન કરાવી, તે ભુંડા લક્ષણના ધણી માંહોમાંહે વાંચ્છા કરી મમતા ભાવથી પોતાના માનીને રહે અને સાધુના ધર્મમાં વર્તવું, બળ પરાક્રમ ફેરવવું તે મુકે.

આ ઠેકાણે ચેઇઆલયે એટલે જીન દેરાસર એવો અર્થ જૈન હિતેચ્છુ પત્રના અધિપતિ તરફથી બહાર પડયો છે, માટે સત્યાર્થ કરવા માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે. કારણકે ચૈત્યાલય એ શબ્દનો અર્થ પક્ષપાત દ્રષ્ટિથી જ્ઞાન વગેરે કરવામાં આવતો હતો તેનો તો હવે પોતાની મેળે નિષેધ થઈ ગયો. અને ચૈત્યાલય શબ્દના ખગ રૂઢ અર્થને સમજવા લાગ્યા. આશા છે કે આગળ ઉપર માગધી ભાષાના શબ્દોનું જ્ઞાન થતાં સત્ય તે સત્ય તરીકે પ્રકાશશે, અને કદાપિ ચૈત્યાલય એ શબ્દનો અર્થ દેરાસર ન માનો તો પોતાનું બોલવું પોતાના મુખમાં પાછું પેસવા જેવો ન્યાય થાય. કેમકે ચૈત્યાલય શબ્દથી મૂર્તિપૂજાનો અસંભવનિનો દાખલો આપી નિષેધ કરવાનું તમો ધારો છો, તેથી અમે તે રીતે પણ ચૈત્ય ચૈત્યાલય શબ્દનો અર્થ જીનમંદિર દેરાસર તમોએ ગ્રહણ કર્યો છે, અને તેવો અર્થ જો તે ભાઈ નહિ ગ્રહણ કરે તો મૂર્તિપૂજકોના સામો આક્ષેપ શી રીતે કરી શકે? ભલા ઠીક અમે તેમ કહો, સત્ય અર્થ કહી

ધાનો કહેલો નથી. કદાચિ એમ મનાય કે મૂર્તિપૂજક પણ કેટલીક ભિન્ન પ્રતિમાઓ જે અર્થ ગ્રહણ કરે છે તે અમને ઠીક લાગતો નથી. એમ જે અર્થ પણ લાગતો હોય. અને તો તેનો જવાબ કે શાસ્ત્રીય પ્રતિ કે જો જૈનોના એવો આગ્રહ છે તેમને પૂછો કે શાસ્ત્રીય પ્રતિ-પાઠમાં, સૂત્રોમાં ક્યાંયે જૈન મંદિર છે અને ત્યાં વંદન કરવા જવું જ એમ કહ્યું છે. તેઓ એકપણ પ્રમાણ બતાવી શકશે નહિ. જૈનધર્મના એકપણ સૂત્રમાં તો મંદિર કે પ્રતિમા વિષે કાંઈ લખેલું નથી. અને જીવોની સમ કહી.

હવે મૂળ વિષય ઉપર આવીએ—તે આગમોમાંના ઉપાસકદશાંગ તીર્થંકરના વચનનો આધાર કહે. હવે ગૌતમ સ્વામી શ્રી વીરપ્રભુને કહે છે કે:—

से भयवं जेणं केइ साहू वा साहूणी वा निग्गंथे अणगारे दव्वत्थयं कुज्जासेणं किमालवेसा.

હે ભગવન્! નિગ્રંથ નામ જેને બાહ્ય અને અભ્યંતરથી ગ્રંથી નથી એવા અને જેણે ઘર છોડ્યું એવા અણગારીક સાધુ વા સાધ્વી અને દવ્વત્થયં એટલે દ્રવ્યસ્તવ-એટલે ધારી પૂજા વગેરે આરંભની પેઠે કરે, તેને કિમાલવેજ એટલે શું કહેવા. આ ઠેકાણે જૈન દિગંબર પ્રમાણ અભિપ્રાયે "દ્રવ્યપૂજા કરે અથવા કરાવે એવા સાધુને શું કહેવા." અહીં તેમણે કરાવે એમ સૂત્રમાં નથી છતાં ઉમેરીને રૂપ કરી છે.

પ્રશ્ન—શું ભૂલ કરી છે?

ઉત્તર—દ્રવ્યસ્તવ સાધુ વા સાધ્વી કરે નહિ પણ શ્રાવકને દ્રવ્યસ્તવ કેવી રીતે કરવો તે દરજ્જા અનુસારે કહે-ઉપદેશ આપે તેમાં દોષ નથી. જો દ્રવ્યસ્તવનો ઉપદેશ આપવો નહિ એમ સાધુને કહેવું હોત તો निग्गंथे अ-णगारे दव्वत्थयं कुज्जासेणं कि आलावेसा આટલો પાઠ કહેવાજ નહિ. આરંભ સાધુ પોતે દ્રવ્યપૂજા કરે તો તેને કેવો કહેવો એટલોજ પાઠ છે. તેથી સાધુ ભાવપૂજા શ્રાવક કેવી રીતે કરે તેનો ઉપદેશ આપે એમાં દોષ નથી. આમ જૈન દિગંબર પ્રમાણ અભિપ્રાયે દ્રવ્યપૂજા કરાવે તો તેને કેવા કહેવા એટલા શબ્દ આ મહાનિશીથ સૂત્ર વિરુદ્ધ લખ્યા છે. તેઓ વિચારશે તો સમજાશે. હવે સાધુ વા સાધ્વી દ્રવ્યપૂજા જેમ શ્રાવક કરે છે તેની પેઠે

કરે તો તેને કેવા કહેવા? તેનો ઉત્તર ગૌતમસ્વામીને શ્રી વીરપ્રભુ આપે છે તે પાઠઃ—

गोयमा जेणं केइ साहु वा साहुणी वा निग्गंथे अणगारे दव्वथ्थयं कुज्जा सेणं अजयणइवा असंजवइवा देवभोए वा देवच्चंगे इवा जावणं उमग्ग पएइवा दुरुज्जिय सीलिइवा कुसीलिइवा सछंदायारिए इवा आलाविज्जा.

હે ગૌતમ! જે કોઈ નિર્ગ્રંથ અણગાર સાધુ વા સાધ્વી શ્રાવક જેમ જીન પ્રતિમાની ધૂપ, દીપ અને ફૂલથી દ્રવ્યપૂજા કરે તેમ પોતે કરે (દ્રવ્યપૂજાનો અધિકાર શ્રાવકની આગળ પ્રરૂપે તેમાં દોષ નથી) તો તે અયત્નાવંત કહીએ— અસંયતિ કહીએ. દેવભોઈ કહીએ. દેવના પૂજારા કહીએ. ઉન્માર્ગે પડેલા એવા જાણવા. વળી તે પોતાના આચાર છોડેલા એવા જાણવા—કુશીલ જાણવા. વળી તેમને સ્વચ્છંદાચારી જાણવા.

હે ગૌતમ! તેવા અસંયતિરૂપ કુલિંગીઓનો તે વખતમાં ઘણો પ્રચાર થઈ ગયો. ઘણા અસંયતિઓ થઈ ગયા.

તેવામાં ત્યાં શુદ્ધ આચાર પ્રમાણે ચાલનારા કમલપ્રભ નામના આચાર્ય વિચરતા હતા તે મહા વૈરાગી, ત્યાગી, તપસ્વી, સંસારના ભયથી બીતા— શુદ્ધ પ્રરૂપણા કરનાર હતા. પ્રભુના વચનથી વિરૂદ્ધ વર્તતા નહોતા. તે કમલપ્રભ આચાર્યે ચારિત્રમાં જરા પણ દોષ લગાડતા નહોતા. ઘણા શિષ્યના પરિવારે પરિવરેલા એવા તે જેમ સર્વજ્ઞ પ્રરૂપણા કરે તેમ તેમના વચનના અનુસારે સૂત્ર અને સૂત્રના અર્થ પ્રરૂપતા હતા. વળી કમલપ્રભ આચાર્ય કેવા હતા તે કહે છે.—

ववगय रागदोस मोहमिच्छत्तममीकाराहंकारो सव्वथ्थ अपडिवद्धो किं वहुणा सव्वगुणगणाहिं ठिय सरीरो अणेग गामागर नगर पुर खेड कवड मंडव दोणमुहाइं संनिवेस विसेसेसु अणेगेसु भव्व सत्ताणं संसारचार विमोखखणिं सधम्म कहे परिखकहितो विहरिसु.

ભાવાર્થઃ—ગયેલા છે રાગ દ્વેષ તે જેના, વળી મોહ, મિથ્યાત્વ, મમતા, અહંકાર તેનો પણ જેણે ઉપશમ વા ક્ષયોપશમભાવે નાશ કર્યો છે, એવા કમલપ્રભ આચાર્ય અપ્રતિબદ્ધ એવા અને સર્વગુણોના સમૂહ સરખા તે અનેક ગામ, નગર, પુર, ખેડ, કવડ, મંડપ, દ્રોણમુખ, બંદર, સન્નિવેશ વગેરે ઠેકાણે વિહાર કરતા અનેક ભવ્ય જીવોને ધર્મ કથાથી પ્રતિબોધ દેતા

વિચરે છે. ભાગ્યવંત એવા તે કમલપ્રભ આચાર્ય વિહાર કરતા કરતા જ્યાં સાધુવેષ ધારી અસંયતિઓ રહે છે ત્યાં આવ્યા. તે વેષધારીઓ મોટા તપસ્વી જાણીને તેની ભક્તિ, વંદન અને સન્માન કરવા લાગ્યા. કમલપ્રભ આચાર્ય પણ ત્યાં સુખે બેસી તે વેષધારીઓની આગત કથા કહી. કમલપ્રભ આચાર્ય વિદ્વાન્ હતા. તેથી સાધુનો વેષ ધરનાર આ કુલિંગીઓ પ્રભુની પૂજા કરે છે, તેમ સાધુના આચારથી ભ્રષ્ટ છે એવું જાણ્યું. પરિચયથી ગુણ અને દોષની માલુમ પડે છે. કમલપ્રભ આચાર્ય ઉપદેશ આપી ત્યાંથી જવા લાગ્યા ત્યારે તે અસંયતિઓ બોલ્યા.

आलावो—भयवं जइ तुमं चिटइ यगवासरत्तियं चाउमासियं पउ रिवंतोणं मेध्य एचिगे चेडआलगे भवंति नूणं तुम्हाणं भीएत्तं कीरउ मएग्गाइ अन्हाणं इहेव चाउमासियं.

ભાવાર્થ—હે ભગવાન્ કમલપ્રભઆચાર્ય! જો તમે વર્ષાઋતુનું ચોમાસું અહીં કરો તો બહુ સારું. અમે તમારી પાસે વિનંતિ કરીએ છીએ કે, તમારું ચોમાસું થવાથી અમારાથી કેટલાંએક દેરાસર થશે.

કમલપ્રભઆચાર્ય વિચારવા લાગ્યા કે, આ ભ્રષ્ટાચારી લોકો પ્રથમ તો સાધુના ધર્મથી ભ્રષ્ટ છે, પોતે દ્રવ્ય પૂજા કરે છે, દેરાસર કરાવે છે, અને વળી કહે છે કે તમો રહો તો વળી કેટલાંક દેરાસર નવાં થાય. ગૃહસ્થ શ્રાવક ધર્મ જ્ને દેરાસર કરાવે તથા પ્રભુ પૂજા કરે તો તે જુનાનો વિરહ નથી. પણ જેઓ તે આગમ બાધકૃત દેરાસર કરવાનો તથા દ્રવ્ય પૂજા કરવાનો અધિકાર સાધુને નથી. માટે હું તેમના કાર્યમાં કેમ મારી મરજી દેખાડું! તેમ વળી હું તેમનું વચન પ્રમાણ કરું! ભ્રષ્ટાચારી દેવમોહ અસંયતિના કાર્યોને હું મન થકી સારાં જાણું નહિ, તેવાં કાર્યોને વચનથી સારાં કહું નહિ, તો પછી તેઓ પોતે જ્યારે એમ કહે કે દેરાસર તમારા રહેવાથી અમારા વડે થશે, એ વાત કેમ અંગીકાર કરું, એમ વિચારી જવાબ આપ્યો કે તથા

च तत्पाठः

भो भो पियवए जइवि जिणालये तहाविसावज्जमिणं णाहं वाया मित्तेणंपि आयरिज्जा एवं च समयसारपरं तथ्य महा टियं अवित्तरीय पिसं कंभमाएणं तेसि मिच्छदिट्ठीहिं लिंगिणं साहुवेसधारिणं मज्झे गोयमा आसकन्नियं तिथ्थयर नाम कम्म गोयमा तेणं कुवलयप्पभेणं एगभवावसेसी कउभवोवहि

भो भो प्रिय! जो के जीनेश्वरनां देरासर छे तोपण ते मुनिराजोने बनाववां ते सावद्य एटले आरंभनुं कारण छे अने ते तमो करो छो तो ते तमारा कार्यने वचनथी पण हुं आचरूं नहिं, कारण के, साधुने आरंभनां कार्य आचरवानो प्रभुए निषेध कर्यो छे, तो तमारां कार्यने वचनथी पण भलां केम कहुं. एम सिद्धांतनुं सारभूत यथार्थ जेम छे तेम अविपरीतपणे शंकारहितपणे, ते मिथ्यादृष्टि साधु वेश धरनाराओनी मध्ये जीनाज्ञापूर्वक वचन कहेतां, हे गौतम! ते कमलप्रभ आचार्य तीर्थंकर नाम कर्म उपार्जन कर्युं. एकावतारी एवुं तीर्थंकर नाम कर्म, अहीं नीडरपणे बोलनां कमलप्रभाचार्ये बांध्युं. किंचित् पण ते असंयतियोना भ्रष्टाचारने वखाण्यो नहि, अने वचनथी तमे साधु थइने देरासर करावो छो ते सारू करो छो एम कह्युं नहि. पण तमे खोटुं करो छो. तमारे साधुनो वेश धारण करीने देरासर बनाववानुं काम करवुं योग्य नथी, तथा तमो श्रावकनी पेठे धुपदीपथी पूजा करो छो ते तमारा साधुना आचारथी विरुद्ध छे, तेम स्पष्ट जणावी दीधुं. श्री महानिशीथमां जणाव्युं छे के-श्रावक धुपदीप वगेरेथी द्रव्यपूजा करे अने साधु भाव पूजा करे तेनो महानिशीथ सूत्रमां दाखलो.

गाहा महा निशीथ सूत्र.

भावेण होइ पढमा, दव्वेण होइ जिणपूया ॥
पढमा जइण दुन्निवि, गिहीण पढमिच्छियपसथ्या ॥१॥

जीनेश्वरनी पूजाना बे भेद छे. जीनेश्वरनी भावपूजा अने बीजी द्रव्य पूजा. प्रथम जीनेश्वरनी भावपूजामां साधु अने श्रावक ए बे अधिकारी छे अने बीजी द्रव्यपूजामां गृहस्थ श्रावकोनोज अधिकार छे. अने आरंभी एवो ग्रहस्थ देरासर करावे, द्रव्य पूजा करे, तेमां पण प्रशस्तभावे कर्मनी निर्जरा करे छे. द्रव्य पूजामां तो श्रावकनोज अधिकार छे. सिद्धांतमां कह्युं छे के-केवलं द्रव्यपूजायां श्रावकोऽधिकृतो जिनैः श्री तीर्थंकरोए द्रव्य पूजामां तो केवल श्रावकनोज अधिकार छे, एम कह्युं छे. आम कमलप्रभाचार्ये सत्य प्ररूपणा करी तेवामां त्यां घणा मिथ्यादृष्टि असंयतियो भेगा थया. पोताथी हडहडतुं विरुद्ध कमलप्रभ आचार्यनुं बोलवुं सांभळी, परस्पर तेओए विचार करी अने मांहोमांहे ताली देइने कमलप्रभाचार्यनुं नाम सावद्याचार्य आप्युं. तोपण कमलप्रभ आचार्ये जरा मात्र पण क्रोध कर्यो नहि. कमलप्रभ आचार्य त्यांथी विहार करी गया.

હવે તે વેશધારીઓને પરસ્પર વાદ થયો. કોઇ કહે કે સાધુ વેશધારીને આવાં કાર્ય કરવાં યોગ્ય નથી. કોઇ કહે કે યોગ્ય છે. તે માટે બે મત પડયા. તેનો ફેંસલો કરવા માટે કમલપ્રભ આચાર્યને તેડાવવાનો નક્કી નિશ્ચય કર્યો. સાવદ્યાચાર્ય ગામ ગામનો વિહાર કરી ત્યાં આવ્યા. સર્વ વેશધારીઓના દેખતાં સભામાં એક વેશધારી સાધ્વી આવી અને તેણીએ સાવદ્યાચાર્યના પગને નમસ્કાર વંદન કરતા પોતાના મસ્તકનો સ્પર્શ કરાવ્યો તે સર્વ પ્રત્યક્ષપણે ત્યાં દેખ્યું. પશ્ચાત્ કમલપ્રભાચાર્યે સભાને વિષે મહાનિશીથનું પાંચમું અધ્યયન કહેવા માંડયું તેમાં સ્પષ્ટ આવ્યું કે—

आलावो.

गाहा.

जथ्थत्थीकरफरिसं, अंतरिय कारणं विउप्पन्ने;
अरहावि करेज्ज सयं, तं गच्छं मुलगुण मोक्कं. १

પ્રભુને આંતરે, કારણે એટલે પૈયોરી પ્રમુખ રોગાદિક ઉત્પન્ન થયે છતે, પણ સ્ત્રીનો કર સ્પર્શે. તીર્થંકર પણ જો તે પોતે કરે તે પણ ગચ્છ મૂળગુણ રહિત થાય. આચાર્યે આ ગાથાનો અર્થ કહેતા આચરણ, સર્વે દેખ્યું હતું, તેથી જો તે સાચો અર્થ કહેતા મુશ્કેલ મુકવું હતું અને તે હતું અને હવે તો કાંઇ નાશ થાય નાખ આપે. ગાથાનો અર્થ સત્ય પ્રકાશ સંબંધી ઘણાં વચનો પ્રભુના વાદ આગળ વિસ્તરવા પડયા. તેવામાં વેશધારીઓએ કહ્યું કે, એ ગાથાનો સત્ય અર્થ કહે. શું કર્યું નવું આવ્યું જેથી કારણ મૂંઝાયો છે. તને મોટા જાણીને બોલાવ્યો તે આવવા માટે કે ! એમ અનેક વચનો કરી મજબુર કર્યો. સત્ય કહેવા ધણીએ વિચાર કર્યો. કોઇથી સાધ્વીએ મસ્તકથી મારો પગ સ્પર્શ્યો તેમાંથી શી રીતે બચવું ! આ રીતનું કઇ કારણ પણ નથી કે તેનું કોઇ આપી આવવા આપી લખી જાઉં. તેમ વિચાર કરે છે તેવામાં પાછા તે વેશધારીઓએ ફેર કરી પૂછ્યો. કદાચિત વિચાર જાણીને સત્ય કહે તને બોલાવ્યો છે અને કેમ ગાથાનો અર્થ કરતા વિચારમાં પડ્યો છે. અને મૌન અને વિચાર ખચી ગયેલાને જવાબ આપ્યો કે—

भणियं च सावज्जायरिएणं जहाणं एवमन्नं वयाहिं आगमो.
लिंगी मुबेणयालरेयं एगंतो मिच्छत्तं.

શું તમે નથી જાણતા કે ઉત્સર્ગ અને અપવાદપૂર્વક જીનાગમ સ્થિતિ છે. એકાંતે મિથ્યાત્વ છે.

સાધ્વીએ મને સ્પર્શ કર્યો તે અપવાદ માર્ગે છે. એમ કહી ઉત્સૂત્ર ભાષણ કર્યું. તેથી અનંત સંસારની વૃદ્ધિ કરી પોતાને જે સ્ત્રીનો સ્પર્શ થયો હતો તેથી પોતાની હેલના થાય તે કારણથી સત્ય અર્થ ઉપરની ગાથાનો કહ્યો નહીં, તેથી ઉત્સૂત્ર ભાખ્યું. અને તેથી અનંત સંસાર વધાર્યો.

જૈન હિતેચ્છુ પત્રના અધિપતિએ આ ઠેકાણે લખ્યું છે કે આ વચનથી પેલા મૂર્તિપૂજકોને નાશી છૂટવાનું મળ્યું.

આ જવાબમાં પ્રિયભાઇ! સમજો કે તે મૂર્તિને પૂજનારા તો અસંયતિ હતા તેથી તે વચન હાલના સમયમાં પ્રભુ પ્રતિમાની પૂજા કરનાર શ્રાવક વર્ગને લાગુ પડતું નથી તેમજ તે સંબંધી ઉપદેશ આપનાર મુનિ વર્ગને આ વચન લાગુ પડતું નથી અને તેથી મૂર્તિપૂજાનું ખંડન થઇ શકતું નથી.

મુખ્ય સ્વાભાવિક ઉત્સૂત્ર ભાષણ તો સાવદ્યાચાર્યે પોતાને માટે કર્યું. સાધુ વેષધારી અસંયતિઓને પોતાના કદાગ્રહમતની પુષ્ટિ તેમાં થઇ હોય તો તે જાણે.

હે ગૌતમ! તે આચાર્ય કાળાનુભાવે કાળ પામી વાણવ્યંતર દેવ થયા. ત્યાંથી ચવી પ્રતિવાસુદેવના પુરોહિતની વિધવા પુત્રીની કુખે અવતર્યો. વિધવા પુત્રી ત્યાંથી નાશી. ચંડાળના વાડામાં તે મોટો થયો. ત્યાં પાપ સેવી સાતમી નરકે તેત્રીસ સાગરોપમના આઉખે ઉત્પન્ન થયો. ત્યાંથી અંતરદ્વિપમાં જન્મ્યો. ત્યાંથી મરી ભેંસાપણે ઉત્પન્ન થયો. ત્યાંથી મરી મનુષ્ય થયો. ત્યાંથી વાસુદેવપણે સાવદ્યાચાર્યનો જીવ થયો. ત્યાંથી મરી સાતમી નરકે ગયો, ત્યાંથી મરી ગજકર્ણ નામે મનુષ્ય જાતિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી મરી સાતમી નરકે ગયો. ત્યાંથી ચવી તિર્યંચની ગતિમાં ભેંસાપણે ઉત્પન્ન થયો. ત્યાંથી મરી બાળ વિધવા વ્યભિચારીણી બ્રાહ્મણીની બેટીના પેટે ઉત્પન્ન થયો. તે વિધવા બ્રાહ્મણીએ ગર્ભ પાડવા ચૂર્ણ ખાધાં. અંતે બહાર નીકળ્યો, સાતસેં વર્ષ બે માસ અને ચાર દિવસ જીવીને મરી ગયો અને વાણવ્યંતરમાં ઉપન્યો. અને ત્યાંથી ચવી મનુષ્યમાં ઉત્પન્ન થયો. ત્યાંથી મરી સાતમી નર્કમાં ગયો, ત્યાંથી ચવી ધાણીના બળદપણે ઉત્પન્ન થયો. ત્યાં ઘણું દુઃખ પામ્યો. ત્યાં ઓગણત્રીશ વર્ષનું આયુષ્ય પામી મનુષ્યપણે ઉત્પન્ન થયો. ત્યાં ગર્ભમાં બહુ દુઃખ સહ્યું. વળી બાહેર જન્મીને પણ ઘણી વેદના ભોગવી. એમ તેણે મનુષ્ય જન્મ નિષ્ફળ ગુમાવ્યો. એ પ્રમાણે હે ગૌતમ!

ને સાવદ્યાચાર્યનો જીવ ચોરાશી લાખને આંતરે રહિતપણે ફરીને અનંત-
કાળે પશ્ચિમ મહા વિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થશે. ત્યાં આગમશાસ્ત્ર
તીર્થંકરનાં વચન સાંભળતા અરો. ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામશે. દીક્ષા
અંગીકાર કરી, અને મુક્તિપદ સાવદ્યાચાર્યનો જીવ પામે. एवं गोयमा
सावज्जायरिएणाणाविय वीरप्रभु ગૌતમને કહે છે કે હે ગૌતમ તે પ્રમાણે
સાવદ્યાચાર્યે દુઃખની પરંપરા સહી. ત્યારે ગૌતમ કહે છે કે —

आलावो पत्र ६०.

महानिशीथः—से भयवं किं तेण सावज्जायरिएणं मेहुणमासेवियं गोय-
मा से विराहेवियं णोआसवियं से भयवं केण अटेणएवं वुच्चइ गोयमा जं
ताए अज्जा एवं काउं उत्तमंगेणं पाए फरिसिए फरिसिज्झमाणो पाणो
मेणं आउविउ संचरिए एएण अटेणं गोयमा एवं वुच्चइ.
सेभयवं निच्छयरनामकम्मगोयं आमकलियं एगभवावसे सीकओ
आसीमवोयहिता किंमियमणंतसंसारो हिंडणांति गोयमा नियय पमायदोसेणं

ગૌતમ કહે છે કે—હે વીરપ્રભો ! શું તે સાવદ્યાચાર્યે મૈથુન સેવ્યુ
હતું. પ્રભુ કહે છે કે હે ગૌતમ ! તેણે સેવ્યું અને અસેવ્યું એમ બેઉ કહીએ.
હે ભગવન્ ! શા માટે એમ કહો છો. હે ગૌતમ ! તે સાવદ્યાચાર્યે પોતાના
પગને મસ્તકથી સ્પર્શની એવી સાધ્વીને દેખી પગ ખેંચી લીધા નહિ માટે
એવું કહીએ; હે વીરપ્રભો ! તેણે તીર્થંકર નામ કર્મ નીપજાવ્યું અને એક
ભવશેષ સંસાર મર્યાદ કર્યો, ત્યારે કેમ અનંત સંસાર પરિભ્રમણ કર્યો. ઉત્-
તરમાં સમજ કે હે ગૌતમ ! પોતાના પ્રમાદ દોષ વડે કરીને અનંત સંસાર
વધાર્યો. બ્રહ્મચર્યાદિ વ્રતોમાં એકાંતપણું છતાં ઉત્સર્ગ અને અપવાદની પ્રરૂ-
પણાથી પ્રમાદ દોષ વધાર્યો. ઉપયોગી જાણવા યોગ્ય અમે કેટલાક આલાવા
લખ્યા છે. એ પ્રમાણે કમલપ્રભાચાર્યનું ચરિત્ર સંપૂર્ણ થયું. સાધુઓને
દ્રવ્ય પૂજા તથા દેરાસર કરવાનો અધિકાર નથી તેની આ અધ્યયનથી
સિદ્ધતા થઈ. પણ શ્રાવક વર્ગ પ્રભુ પ્રતિમાની પૂજા કરે, દ્રવ્ય પૂજા કરે,
ભાવ પૂજા કરે, વિધિ પ્રમાણે દેરાસર બંધાવે એમ સ્પષ્ટ થયું. પણ ખંડન
થયું ન.હિ.—सत्यमेव जयते આ લેખ મધ્યસ્થ દ્રષ્ટિથી વિચારી જુઓ.

સં. ૧૭૦૦ ની સાલમાં ધર્મ સંગ્રહ અને જેણે કાશીમાં ચોરાશી
સભાઓ જીતીને ન્યાય વિશારદ પદ પ્રાપ્ત કર્યું છે અને જેણે સો ગ્રંથ

બનાવ્યા છે એવા મહાજ્ઞાની શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પણ ચૈત્યની પૂજા કરનાર સાધુને નિષેધે છે. દાખલો તેમનું રચેલું સ્તવન.

चैत्य पूजा करत संयत, देव मोइ कयो;
शुभ मनें मार्ग नाशि, महा निशिथे लयो. देव. ८

જુઓ તેઓ પણ આજ મહાનિશીથના સૂત્રનો દાખલો આપે છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય તપાગચ્છીય હતા. પ્રતિમાને માનનારા હતા. તેથી સમજવું કે-ગુરૂગમપૂર્વક જો તે સૂત્રનો અર્થ ધારવામાં આવે તો ભૂલ થાય નહિ. મહાનિશીથમાં ઉપર પ્રમાણે વર્ણવેલાં અસંયતિ કુલિંગીઓ પ્રતિમાની પૂજા વિગેરે કરતા હતા તેનો નિષેધ કર્યો છે. ખૂબ વિચારી જોજો, સૂત્રના અર્થ ઘણા ગંભીર છે. બે પક્ષકારોએ પરસ્પર રાગદ્વેષની ચર્ચામાં ઉતરવું નહિ. મધ્યસ્થ દ્રષ્ટિથી તથા મધ્યસ્થ સભાભાવથી શંકા સમાધાન કરવા પ્રયત્ન કરવો.

સત્ય જાણીને પણ દ્રષ્ટિરાગથી અસત્ય કહેવું નહીં. ટીકાકારો અને ચૂર્ણીકારો એવા મહાજ્ઞાની આચાર્યો તથા દશવૈકાલિક સૂત્રના રચનાર એવા જ્ઞાની મહા આચાર્યો તે હાલના સાધુઓ કરતાં મહાજ્ઞાની હતા. ગંભીર હતા. મહા સમર્થ હતા તેઓનાં વચનો આપણે દ્રષ્ટિરાગમાં તણાઇને માનીએ નહિ તો તેમાં આપણી મતિનો દોષ છે. અહો દ્રષ્ટિરાગનું રાજ્ય સર્વત્ર પ્રસરાયું છે. કહ્યું છે કે—

શ્લોક.

कामरागस्नेहरागा, विपत्करनिवारणौ;
दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेद्यः सतामपि. १

કામરાગ અને સ્નેહરાગ તો થોડાથી નિવારણ થાય છે અને પાપી એવો દ્રષ્ટિરાગ તો સત્પુરૂષોને દુઃખે કરી ઉચ્છેદવા લાયક છે. સમભાવ રાખો, શાંત થાઓ, સત્યને સત્ય સમજો. આપણું કલ્યાણ આપણી પાસે છે. વીતરાગ એવા તીર્થંકરે રાગ દ્વેષથી રહિત થવા ઉપદેશ આપ્યો છે. તો તેજ રાગદ્વેષ વીતરાગના ભક્તોમાંજ વાસ કરે ત્યારે આપણું ક્યાંથી હિત થાય ? કહ્યું છે કે—

राग द्वेष के त्याग विन, मुक्तिको पद नाहि;
कोटी कोटी जप तप करे, सबे अकारज थाई.

ભાવાર્થઃ—રાગદ્વેષનો ત્યાગ થયા વિના મુક્તિપદ નથી. કરોડો વાર ક્રિયા કરવામાં આવે, જપ કરવામાં આવે અને તપ કરવામાં આવે

દેખાય તે નિષ્ફળ જાણવું. માટે સત્ય સ્વરૂપ સમજી તેની શ્રદ્ધા કરવી
અને કોઈ જીવના ઉપર દ્વેષ કરશો નહિ. આપ નિમિત્ત કારણે જે કોઈ
ભાવ વિઘ્ન કરે છે તેને જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી એમ સમજીને જે જે ધર્મ
કાર્ય કરવામાં આવે છે તે સફળ થાય છે.

પ્રશ્ન—અન્ય સૂત્રમાં કોઈએ જીન પ્રતિમાની પૂજા કરી એવો આલાવા છે.

ઉત્તર—હા, અનેક છે અને તે નીચે મુજબ

तएणं सा दोवई रायवरकन्ना जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ
उवा–मज्जणघरं अणुपविसइ अणु–ण्हाया कयबलिकम्मा कयकोउअ
मंगलपायछित्ता सुद्धपावेसाइं मंगलाइं वथ्थाइं पवर परिहिआ म-
ज्जण घराओ पडिनिक्खमइ पडि–जेणेव जिणघरे तेणेव उवागच्छइ
उवा–जिण घरं अणुपविसइ जिणपडिमाणं आलोए पणामं करेइ लोम
हथ्थगं गिन्हइ गिन्हइत्ता जिणपडिमाओ पमज्जेइपत्तार सुरभिणा गंधो-
दएणं ण्हावेइत्ता सुरभिए गंधकासाइए गत्ताइं लुहेइत्ता सुरसेहिं गंधेहिं
महेहिं अञ्चेइ महा सुगिंधाओ जिण पडिमाओ अञ्चेइत्ता वट्ट मणि
अव्वं जाव धूवं दहइत्ताऽ वामं जाणुं अंचइत्ता दाहिणं जाणुं अंचइत्तार
दाहिणं जाणुं धरणिअलंसि कटुत्ति खुत्तो मुद्धाणं धरणिअलंसि
निमिइत्ता ईसिंपच्चुन्नमइ करयल जावकट्टु एवं वयासी नमुथ्थुणं
अरहंताणं भगवंताणं जाव संपत्ताणं वंदइ नमंसइ जिणघराउ पडिनिक्ख-
मइ जेणेव अंतेउरे तेणेव उवागच्छइ.

તે રાજવર કન્યા દ્રોપદીએ મજ્જન (સ્નાન) ગૃહમાં સ્નાન કર્યું અને
ત્યાંથી નિકળીને જીનેશ્વરના મંદીરમાં પ્રવેશ કર્યો અને શ્રી જિન પ્રતિમાને
દેખી પ્રણામ કર્યો અને મોર પીંછી લઈને તેણે પ્રભુને પ્રમાર્જન કર્યું.
ત્યાર બાદ સુગંધી જળવડે પ્રભુને અભિષેક કર્યો, પછી પ્રભુને સુકોમળ
વસ્ત્રથી અંગ લુહણું કર્યું અને સારા સુગંધી ગંધ કેસરાદિ કરવાથી પ્રભુ-
ના અંગે વિલેપન કર્યું અને તે જેમ સૂર્યાભ દેવતાએ પૂજા કરી છે
તેવી રીતે અત્રે સર્વ જાણી લેવું. વળી તે દ્રોપદી ધૂપ પૂજા કરે અને તે
પ્રમાણે દ્રવ્ય પૂજા કર્યા બાદ ભાવ પૂજા કરે ઇત્યાદિ સર્વ અધિકાર જાણી
લેવો. મૂર્તિ પૂજા સંબંધીના સૂત્રોમાં અનેક પાઠો છે પણ વિસ્તારના ભયથી
તે આલાવા અત્ર લખ્યા નથી.

ઉપરનો લેખ સત્ય સમજવા લખ્યો છે. જેને આલેખ રૂચે નહિ તેણે લેખક ઉપર અશુભ ચિંતવન કરવું નહિ. જેને રૂચે તેને પોતાના હિતમાં પ્રવર્તવું. પરસ્પર પક્ષોમાં વૈરબુદ્ધિ વૃદ્ધિ પામે છે તેનો નાશ કરવો જોઇએ. શ્રી વીરપ્રભુનાં વચન એવાં છે કે, તે હૃદયમાં ધાર્યાથી સર્વથા રાગ દ્વેષનો ક્ષય થઇ જાય છે.

મૂર્તિપૂજાની જેને શ્રદ્ધા થઈ છે તે ભવ્યજનોએ મૂર્તિપૂજનનું ખરૂં રહસ્ય સમજવું અને મૂર્તિમાં પ્રભુનો આરોપ કરી તે જેવા ગુણી હતા તેવા ગુણી થવું. સમજણની ફેરફારથી લોકો મૂર્તિનો નિષેધ કરે છે. તેમણે પોતાના પ્રભુની મૂર્તિ છે તેમ સમજી, નિંદા ઉત્સૂત્ર ભાષણથી અટકવું. જો આ લેખ જરા શાંત મનથી પુનઃ પુનઃ વિચારશો તો તમારો અંતર વિચાર તમને સત્ય માર્ગે દોરશે. એજ હિત શિક્ષા.

---

૧. જે કાર્ય કરવાનું છે અને તેથી आत्महित છે તો તે કાર્યમાં प्रमाद કેમ કરવો.
૨. સમય આવ્યા વિના કાર્યની સિદ્ધિ થતી નથી માટે સમતાની જરૂર છે.
३. समये समये आत्मस्वरूपनो उपयोग राखवो जोइए.
૪. સોઝાની પેઠે વિભાવ દશાથી પોતાને મોટો માનવો એ ક્યાં સુધી!
૫ પરમાર્થ બુદ્ધિ આ ભવ અને પરભવમાં હિતકારી છે.
૬. દરેક કાર્ય સૂક્ષ્મદષ્ટિથી અવલોકી વિવેકપૂર્વક કરવાથી વિશેષ લાભ થાય છે.
૭. ઉદ્યોગ અને સાહસ સદા જે પુરૂષો ધારણ કરે છે તેને દુઃખની સામુ થતાં ક્લેશ ભોગવવો પડતો નથી.
૮. દુનિયા દોરંગી છે માટે સાવચેતથી ચાલવું.
૯. જેને માટે અમૂલ્ય વખત રોકવો જોઇએ તેને માટે કોઈ વીરલા અમૂલ્ય વખત રોકતા હશે.
૧૦. ચિન્તવીને જે કાર્ય કરવાનું હોય છે તેનું ભાન કોઇકનેજ હોય છે.
૧૧. કર્મના ઉપર આધાર રાખી ઉદ્યમ ત્યાગવો એ બુદ્ધિમંતને છાજતું નથી.

जिणधम्मो मुक्खफलो, सामयमुक्खो जिणेहिं पन्नत्तो
नरसुरसुहाइ, अणुसगयाइ, अहकिसि पलालव्व ॥ १ ॥
खणभंगुरे सरीरे, मणुयभवे अब्भपडल सारिच्छे;
सारं इत्तियमित्तं, जं कीरइ सोहणो धम्मो ॥ २ ॥

[illegible]

[illegible] હે આત્મન્! [illegible] અવિનાશી છે [illegible]

[illegible] હે આત્મન્! [illegible]

[illegible] આત્માને [illegible] આત્માના [illegible]

[illegible] પુરુષ [illegible] શુદ્ધ [illegible]

[illegible] અનંત [illegible] દર્શન [illegible]

[illegible] અનંત ગુણ [illegible] અહો!

[illegible] હે પુરુષોત્તમ આત્મન્! [illegible] પુરુષને [illegible]

[illegible] ધાર્મિક પુરુષની [illegible]

[illegible] સંસારમાં [illegible] અનંત [illegible]

[illegible] સત્ય સ્વરૂપ [illegible]

[illegible] આત્મા છે. પુરુષમાં [illegible]

[illegible] આત્મા છે. અને હું [illegible] નથી.

હું આત્મા છું ને પણ આત્મા જ્ઞાન ગુણે કરી જાણે છે, છતાં મોહે કરી આત્મા પરભાવે રમી કર્મ બાંધી ચતુર્ગતિ ભટકે છે. હવે હે આત્મન્! તું ચેત! અને સત્યતત્ત્વનો અવબોધ કર!! સંસારની સાથે તારે કશો સંબંધ નથી. અનાદિકાલથી આત્માની સાથે લાગેલું કર્મ ટળશે ત્યારે મુક્તિ મળશે. અને તેને માટે હરેક અધ્યાત્મીઓની પ્રવૃત્તિ છે. તે સાફલ્યતાને પામો. इत्येवं ॐ शान्तिः शान्तिः शान्तिः आत्मसाधक ભક્તોના હૃદયમાં વચનામૃતનો પ્રવાહ વહો.

જૈનોએ નામ પ્રમાણે ગુણ ધારણ કરવાના છે, અને રાગદ્વેષને જીતવાના છે. તેથી જૈન પ્રજા પરસ્પર એક બીજા પ્રતિ સહધર્મપણે વર્તતી નથી એ પંચમકાળનો પ્રભાવ છે. તોપણ અધ્યાત્મીઓએ સમજવું કે—જેટલી જૈન પ્રજા છે તે શ્રી વીરપ્રભુના ધર્મને માનનારી છે. શ્રાવકો પૈકીમાં ગુજરાતમાં વાસ કરે તે ગુજરાતી કહેવાય છે અને કચ્છમાં વાસ કરે તે કચ્છી કહેવાય છે. તેઓ બે શ્રી પરમાત્માના પુત્રો છે. હરેક મનુષ્ય અજ્ઞાનવશાત્ ભુલને પાત્ર છે. કોઇ ગૃહસ્થે ધર્મનું કાંઇ સારું કર્યું હોય તો તેમાં કોઈ બીજાએ વિચાર ધારણ કરવાને વિરૂદ્ધ લાગે, તેમાં છાપાવાળાએ એકબીજાના દોષ જણાવવા તે યુક્ત નથી; તેમ છતાં જાણો કે કોઈ ભાઇએ કદાપિ ભૂલ કરી હોય તોપણ પરસ્પર વૈર વિરોધની સામગ્રી વધે અને કુસંપની વૃદ્ધિ થતાં ધર્મમાં ધક્કો લાગે એ મહા ભુલના સામું જોવું જોઇએ. ક્ષમા ધારણ કરી ગંભીરતા ધરવી એ અવશ્ય ધર્મની ફરજ છે. ધારો કે કચ્છી ભાઇઓએ સંપ કર્યો હોય અને તેમણે કોઇને કાર્યવશાત્ માન આપ્યું હોય તો તે બાબતમાં સમજુ સમજની વિચાર શક્તિ પ્રમાણે સારું ખોટું કહેવાય, તેમાં છાપાવાળાએ એક બીજાના કાંઇ તરફ આક્ષેપ કર્યા હોય તોપણ સમભાવ ધારણ કરી વિવેકીએ તો બાબતની ધરતી ભૂલ આપને પોતાને સમજવાની છે. બીજાના ઉપર બીજાએ આક્ષેપ કર્યા તેથી કોઇની આબરૂ જતી રહેતી નથી. જેણે જેવા હેતુથી આત્માના હિતને માટે સંપ કર્યો તેને તે પ્રમાણે ફળ મળ્યું અને મનુષ્ય જન્મની સફળતા કરી, તો તે બાબતમાં સમજવાનું કે આપણ થી કંઈ વિરૂદ્ધ લખાયું હોય તે સમજી સહન કરવું, પણ આખા જૈન પ્રજામાં બે ધડા પડી જાય તેવા વિરોધ ભર્યાને આગળ વધારો નહિ, એ ભાગ્યવાન્ પુરૂષનું લક્ષણ છે. જે કાંઇ બે મત પડ્યા છે તે તે બાબતમાં ન્યાય અન્યાયનો નિર્ણય સવેળા કરી શકે. આપણો જૈન ધર્મ ચાલે છે. તે તેમાં કુસંપ થાય અને એવી જાતના ... લીધે ધર્મ ભિન્

સંસારમાં સ્ત્રી ધનનો સંગ કરતા છતાં આત્માના સ્વરૂપની વિચારણા કરી અને સ્ત્રી વગેરેમાં રાગ ધારણ કરવો તે સ્મશાનીઓ વૈરાગ્ય સમજવો. વેસ્યાનો ધંધો કર્યા છતાં જેમ સતીપણાનું ડોળ શોભે નહિ તેમ સંસારમાં ગૃહસ્થાવાસ રહી જ્ઞાનીને વૈરાગીપણાનો ડોળ શોભી શકતા નથી.

સંસાર ત્યાગ કરી નીકળેલા અજ્ઞાની પુરૂષો પણ જ્ઞાની થઇ નિરૂપાધિ દ્વારા મોક્ષ માર્ગ મેળવી શકે છે. તેમ તેજ રીતે સંસારમાં રહ્યા છતાં જ્ઞાની-પુરૂષો મોક્ષ સામાન્ય દ્વારાએ મેળવી શકતા નથી. કારણ કે સ્ત્રી ધન અને પુત્રની ઉપાધિ શું જ્ઞાનીનું મન ફેરવી શકતી નથી? હા અલબત્ત ફેરવી શકે છે. જ્ઞાની થઇ ગૃહસ્થાવાસમાં પડી રહ્યા છે તે આત્માનું સ્વરૂપ જાણ્યાં છતાં પણ ઉદ્યમ કરી શકતા નથી. તો ગળીયા બળદ સરખા જાણવા.

ચક્ષુવિના આંધળો માણસ જેમ દેખી શકતો નથી તેમ સમ્યગ્ જ્ઞાન વિના તત્ત્વ સ્વરૂપ જાણી શકાતું નથી. જે પુરૂષો જ્ઞાન દ્વારાએ આત્મ સ્વરૂપ જાણીને ક્રિયાનો આદર કરતા નથી તે પાંગલા (લુલા) જાણવા. તે પણ આત્મહિત યથાયોગ્ય કરી શકતા નથી. મુક્તિ તો જ્ઞાન અને ક્રિયા એ વડે કરીને છે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કે-**ज्ञान क्रियाभ्यां मोक्षः** જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ છે. એકાંત વાદી તત્ત્વ પામી શકતા નથી. એકાંત તત્ત્વની શ્રદ્ધા એ કુશ્રદ્ધા છે અને તેથી સંસારમાં ભટકવાનું થાય છે. વ્યવહારનય અને નિશ્ચયનય એ બે નયથી મુક્તિ છે પણ એકાંતનયે તત્ત્વ સિદ્ધિ નથી. પણ જ્ઞાન અને ક્રિયાનું લક્ષણ જાણી સ્વીકારપૂર્વક મુક્તિ છે. જૈન ધર્મ ક્રિયા વિનાની જે અન્ય ધર્મની આશ્રવ ક્રિયા તેને ક્રિયા તરીકે માનવી તે અજ્ઞાન છે, સત્ સમાગમ તથા સદ્ગુરૂ સગમ દ્રવ્યક્ષેત્ર-કાળ-ભાવના અનુસારે પ્રાપ્ત થાય છે. દ્રવ્યક્ષેત્ર કાળ ભાવ જાણી શકે નહીં, અને ઉપનીત, અપનીત, અપનીત ઉપનીત તથા ઉપનીત અપનીત ભાષાના જ્ઞાન વિના ઉપદેશક પદને યોગ્ય થવું દુર્લભ છે. તોપણ જમાનાના અનુસારે સમજણ અનુસારે ઉપદેશ દેવો. ઉપદેશની ભિન્નતાને લીધે મહામતાંતર વધતા જાય છે. માટે શુદ્ધ ઉપદેશકની દુર્લભતા સંસારમાં છે. પ્રાણીઓ હઠ કદામહના ભર્યા શુદ્ધ વસ્તુને પણ અશુદ્ધ વસ્તુ તરીકે કહે છે. માટે હે ભવ્ય, જીવ જરા મનમાં વિચાર કરશે જન્મ પામ્યાનું ફળ એ છે કે શુદ્ધ ઉપદેશક થવું. જ્ઞાનવડે જૈન શાસન છે, એમ કહીએ તોપણ ચાલી શકે: કારણ કે તીર્થંકર મહારાજે ઉપદેશ આપ્યો તે પણ જ્ઞાન થકીજ આપ્યો, અને લોકોએ સંસાર ત્યાગ કર્યો તે પણ જ્ઞાન થકી, માટે જ્ઞાની પુરૂષોનું બહુ માન કરવું. અને તેમની વૈયાવચ્ચ કરવી તે શિવસુખ દાયક છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે:-

જ્ઞાન વિના વ્યવહારકો, કહા બનાવત નાચ;
રત્ન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ.

વળી કહ્યું છે કે:-

क्रिया शून्यं च यत ज्ञानं, ज्ञान शून्या च या क्रिया ।
एतयोरंतरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥

તાત્પર્ય એ છે કે જ્ઞાન વિના એકલી ક્રિયા ખદ્યોત જેવી છે અને ક્રિયાવિના જ્ઞાન છે તે સૂર્યસમાન છે પણ તેની ક્રિયામાં જ પરિણામ નહીં રાખતાં ક્રિયાપૂર્વક જ્ઞાનનો અભ્યાસ કરવો અને જ્ઞાનપૂર્વક ક્રિયાની આચરણા કરી આત્મહિત વિચારવું.

જેવી રીતે આત્માનું કલ્યાણ થાય તેવા કારણો મેળવવાં જોઇએ. એ મુખ્ય માર્ગ છે, યાદ રાખવું જોઇએ કે જૈન ધર્મ વિના બીજા ધર્મ પરિપૂર્ણ આત્મહિત કર્તું નથી. આત્મહિતકારી એક જૈન ધર્મ છે. જૈન ધર્મને ઉત્તમ આચરવાની ઇચ્છા રાખવી તે પોતે કહીએ તેમજ ચાલે એમ સમજવું. જ્ઞાની પુરૂષ શ્વાસોશ્વાસમાં ક્રોડી વર્ષનાં કરેલાં કર્મનો નાશ કરે છે. અને અજ્ઞાની ક્રોડ વર્ષ સુધી પણ તપ કરતાં તેટલાં કર્મનો નાશ કરી શકતો નથી. મતલબ કે કર્મનું સ્વરૂપ સમજ્યાવિના કર્મનો નાશ શી રીતે થઈ શકશે! જૈન ધર્મરૂપ ઘરના આધારભૂત-સ્તંભસમાન જ્ઞાન છે. એ જ્ઞાનરૂપ સ્તંભનો નાશ થાય તો જૈન ધર્મરૂપી ઘર પડી જાય. માટે જ્ઞાન તે તો અત્યંત સમાન છે. કોડી વર્ષો સંયમ પાળે પણ જ્ઞાનરહિત વહી જાય છે. જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે. જ્ઞાન વડેજ આત્મા ઓળખી શકાય છે. ક્રિયા કરી તેને પણ બતાવનાર જ્ઞાન છે. જ્ઞાન એ આ જગતમાં સેવનીય વસ્તુ છે.

જેને જ્ઞાનનો ખપ છે તે જ્ઞાનીનું બહુ માન કરે છે. જ્ઞાનીના વચન અમૃત તુલ્ય જાણવા. અજ્ઞાની જો મિત્ર હોય તો તે ચાર ગતિમાં ભટકાવનારો થાય છે. જ્ઞાની કડવું વચન કદાપિ શીખામણ દાખલે કહે તો પણ તે ઔષધની પેઠે કર્મ રોગને હરે છે. જ્ઞાનીએ વિમુખ ભાખ્યું પણ અજ્ઞાની શી રીતે ખમી શકે! રત્નત્રયીમાં પણ જ્ઞાનગુણ પ્રથમ કહેલ છે. यतः ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः અર્હંત કહેલ છે તે પણ જ્ઞાન ગુણને અનુસરીને છે. જગતમાં ભમવાનું મુખ્ય કારણ અજ્ઞાન છે. જ્ઞાન સર્વ ગુણને પ્રકાશ કરવામાં સૂર્યસમાન છે. કયો પદાર્થ એવો છે કે જ્ઞાનથી નથી જણાતો. સર્વે પદાર્થ જ્ઞાનદ્વારા પ્રકાશે છે. જેમ જેમ કર્મોપાધિ દૂર થાય છે. તેમ તેમ જ્ઞાન સ્ફુરે છે.

છે અને પ્રાણીને પોતાની રિદ્ધિ મેળવતાં આડખળ કરે છે. જેને સંસારમાં મોહ છે. સ્ત્રીની વા મકાનની મમતા છે. એશઆરામીઓની મમતા છે, પોતાની મોટાઈ દેખાડવાની આકાંક્ષા છે. તેનું ચારિત્ર પાણીના રેલામાં તણાઇ ગયું જાણવું. સાધુ થયા બાદ પૂજાવાની, મનાવાની જે આકાંક્ષા તે ચારિત્રરૂપ કલ્પવૃક્ષના મૂળને બાળવામાં દાવાનળ સરખી જાણવી. સાધુને જો કે થોડા દેખાતા હોય, બહારથી શાંત આકાર જણાય, વા કપડાં થોડી આવડતી હોય વા ક્રોધ કરે તેમ હા હા ભગે અને જગતમાં મોટા એવા નામથી પ્રખ્યાત ગણાય, તોપણ જો આત્માનું સ્વરૂપ જાણ્યું નથી તો તેનું મરૂં પુગળમાં ગયું. એટલે આત્માનું સ્વરૂપ સ્યાદ્વાદ રીતે જાણ્યું નથી તે કષ્ટ કરે. ક્રિયા-તપ-જપ જે કરે તે સર્વ તેનું ફળ ગણ્ય જાણવું. કારણ કે ક્રોધી હોય વા રીસાળ હોય તોપણ જો જ્ઞાને કરી સ્યાદ્વાદ રીતે આત્મસ્વરૂપ ઓળખતા હોય તેવા ગુરૂ મહારાજનો સંગ કરવો તે આત્માને પ્રતિ હિતકારક છે.

શંકાઃ એમ માનવું નહીં કે દુનીયામાં જેની કીર્તિ ગવાણી હોય તેવી પામે ધર્મ છે. દુનીયામાં કોઈ એવો માલુમ નથી કે જેની કીર્તિ અને અપકીર્તિ તે બે ગવાયા વિના રહી હોય. માટે ભવ્યજીવો જો આત્માનું હિત ઈચ્છતા હોય તો વિનયપૂર્વક તનમન અને ધનના અર્પણપૂર્વક જ્ઞાનીઓનો વિનય કરશો તો અવશ્ય કલ્યાણ થશે. આત્માનું ઓળખાણ કર્માં ક્રોધ, માન, માયા, અને મોહ દૂર રહે છે. અને વિકલ્પ અને સંકલ્પરૂપ જે વિચારો તે પણ વિલય થાય છે. ક્રમ સોઽહં સોઽહં એવી રીતે આત્માની પ્રતીતિ થયા કરે છે અને અખંડ આનંદ પ્રગટ થાય છે. તે સમ એવી જાતનો છે કે જેનું અનુભવ્યો હોય તે જ જાણે. તેમ તીર્થંકર મહારાજ પણ માત્ર આત્મસ્વરૂપ થકી દેશના આપે છે અને બીજું જે જે બતાવ્યું છે તે પણ આત્માના ઉપકારક કારણ માટે છે. મારૂં તારૂં એ સર્વ પણ આત્માનું સ્વરૂપ ઓળખાયું નથી ત્યાં સુધી છે. દુનીયામાં જેટલા પુદ્ગલો છે તે પણ આત્માના જ્ઞાનથી સ્થાપેલાં છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે સર્વ ગુણોમાં મુખ્ય સત્તા એટલે છે પોતાની તો જ્ઞાન સ્વરૂપ જ આત્મા જાણે છે. એટલે જ્ઞાન થકી આત્મા કંઈ જુદી વસ્તુ નથી. પણ જ્ઞાન તેજ આત્મા, એમજ છે તે કહે છે. પણ તે પણ ભેદ બોધ છે. જ્યારે જ્ઞાનને જ આત્મા એમ કહેશો ત્યારે એકલું જ્ઞાન કહ્યું કેમ નહીં કહેશો. જ્ઞાન એ ગુણ છે તે આત્માનો ભાવે છે. જ્ઞાન એ આનંદ છે અને આનંદ એ અવિનાશી છે. તેમનો ભિન્નભિન્ન મતને આશ્રયથી કહે છે તે વખાણ છે. નિશ્ચિત

આત્મા અને જડ જુદાં જુદાં માને છે અને કહે છે "જ્ઞાનવિજ્ઞાન-
સ્વરૂપ" આત્મા અને જડને એક માનવા ... અનેક એ બે સંબંધ રહિતપણે નથી, તેથી તે પણ એક અને
છે. એમ સ્પષ્ટ જણાય છે. ઉપરનાં પણ પ્રાચીન જૈન મત જ ભિન્ન
કર છે અને તેની વ્યાખ્યા ઉપરથી કરી છે ... પણ જૈન મતમાંથી
ઉત્પન્ન થયા છે. તેમ ઉપનિષદો પણ તથા વેદોની ... એ મત ભિન્ન
ઉત્પન્ન થયા છે. તો કે એ મત ધરાવે છે, પણ ...
પરમાત્મા સર્વ ઇશ્વર ઇન્દ્રિયોથી તત્ત્વોની પરીક્ષા કરીએ તો ...
તત્ત્વ નહિ ભાસે છે, અને તેમાં જે તત્ત્વ જણાય છે તેની અમારી ...
ઉપરોક્ત એક માત્ર માને છે અને એ ઉપર પરમાત્મા એક નથી
કરે છે, તે પણ ... પરિપૂર્ણ જ્ઞાન નથી. સર્વ ઉપરોની સંપાદિત થયા
એક ઉપાય એક થી સર્વ ઉપરોને એક કરો એટલે, એ એવું કંઈ
કહે છે. પણ સર્વ ઉપરો તે પરમેશ્વરનો અંશ નથી માનીએ તો અંશ
રહિત થવું તે કારણ તે પણ અપૂર્ણ નથી.

પણ કેટલાક પરમાત્મા આવી જ્યારે ... અંતર છે, ત્યારે
... ત્યારે તેમાંથી જ્યારે ... સંબંધ કર્યો એવો. પરમાત્મા આવે ત્યારે તે બધા એક ...
પરમાત્માએ ... ત્યારે આ ઇન્દ્રિયમાં ... રહેવું તે પણ ...
થઇ શકે છે. એમ સર્વ રીતે એવાં ... એ ધરી શકે છે.

महाभारत शांति पर्व.

श्लोक.

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यतां ॥
आत्मनः प्रतिकूल्यानि, परेषां न समाचरेत् ॥ १ ॥

અર્થઃ સર્વ ધર્મનું રહસ્ય સાંભળો. સાંભળી નિશ્ચય કરો કે આત્માને
પ્રતિકૂળ લાગે તેવું આચરણ અન્ય જીવ પ્રતિ આચરવું નહિ. સર્વ જીવોનું
... તેથી જે સર્વ જીવ દુઃખ પામે છે. માટે અન્ય જીવોને દુઃખ
... નહિ. સર્વ જીવ પ્રતિ દયા રાખવી ... પણ ...
એ એક તેનો સાર છે. દયા એક મહાન છે કહે છે કે:—

શ્લોક.

सर्वे वेदा न तत् कुर्युः सर्वे यज्ञाश्च भारत ॥
सर्वे तीर्थाभिषेकाश्च, यत् कुर्यात्प्राणिनां दया ॥ २ ॥

ગતિમાં પડેલા આ જીવે અનન્તવાર લોભ કર્યો, પરવસ્તુને મમતાના યોગે ગ્રહણ કરવા આ જીવે કાંઇ બાકી રાખ્યું નથી, અને અગ્નિમાં કાષ્ટ નાખ્યાથી ઉલટી અગ્નિની વૃદ્ધિ થાય છે, તેમ અનેક ભવમાં લોભ પ્રકૃતિ જે પુદ્ગલ રૂપ છે તેનું સેવન કર્યું અને વળી આ ભવમાં પણ લોભ કર્યાથી, જીવ ! વિચાર કે લોભ કોઇ પણ રીતે શાંત થશે ? ના નહિ થાય. શું એમજ છે ત્યારે તે લોભથી જીવને કાંઈ ફાયદો છે ? ના કિંચિત્ પણ નથી. શું ઇચ્છાની વૃદ્ધિ કરવાથી ધન વિશેષ મળી પણ શકશે ? કદી નહીં. જે પ્રમાણે કર્મ બાંધ્યું છે તેટલુંજ મળે છે. ઉલટી ઇચ્છા કરવાથી કર્મબંધ થાય છે અને થવાનું હોય છે તે પ્રમાણે થાય છે. શાતા વા અશાતા વેદનીય કર્મના ઉદયે આ જીવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી જે જે નિમિત્તથી ભોગવવાનું પૂર્વ ભવમાં કર્મદ્વારા નક્કી કર્યું છે, તે તે પ્રમાણે દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવથી નિમિત્તાદિક યોગે આત્માને સાનુકૂળ વા પ્રતિકૂળ સાધનો પામી સુખ દુઃખ ભોગવવું પડે છે. તો જીવે સન્મતિદ્વારા વિચારવું કે તું સુખને માટે કેમ રાગ વા દ્વેષાદિ મેલી નવીન કર્મની વર્ગણાઓ આત્માના પ્રદેશોની સાથે બાંધે છે ? શ્રી ચરમ તીર્થંકર વીર પ્રભુને પણ અનુકૂળ અને પ્રતિકૂળ નિમિત્ત દ્વારા શાતા અને અશાતા વેદનીય કર્મ ભોગવવાં પડયાં છે. માટે જીવ ઇચ્છાની જાળમાં ગુંથાઇશ નહિ. ઇચ્છા આકાશ સમાન અનંત છે, કોઇ સ્વયંભૂરમણ સમુદ્રનો પાર પામી શકે પણ લોભરૂપ સમુદ્રનો કોઇ પાર પામી શકતું નથી.

લોભ યોગે અનેક ઉપાયો કરી અને જીવની હિંસા કરી જીવ લક્ષ્મીધન મેળવે છે, તોપણ અંતે ધન પોતાનું થયું નથી, અને થવાનું નથી. ઉપાર્જિત કર્મ પરભવમાં અવશ્ય જીવને ભોગવવાં પડશે. તું કરોડાધિપતિ વા લક્ષાધિપતિ કહેવાય પણ આંખ મીંચ્યા પછી શું કંઇ સાથે આવશે ! કંઈ નહિ. લોભથી રંક રામપાત્રનો પણ ત્યાગ કરી શકતો નથી. તેમ ધનાઢય કંઇ સાથે લેઈ મરી શકતો નથી. આ દુનિયામાં માત્ર નામ કીર્તિની લાલચે લોભાવિષ્ટ જીવ, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનવશીભૂત થાય છે.

સાધુ મહાત્માઓ ધનની મૂર્ચ્છાનો ત્યાગ કરી સંતોષ ધારણ કરે છે તેમને ધન્ય છે. વળી તે મુનીશ્વરો સંસારમાં આત્મિક ધન વિના કંઇ સાર ગણતા નથી. સંસારની મિથ્યા નદીએ વલોવતાં કોઇને સાર આવ્યો નથી અને આવનાર પણ નથી. ભવ્ય પુરૂષો તો લક્ષ્મી પામીને સાત ક્ષેત્રમાં ખરચી નાંખે છે. કારણ કે સુપાત્રમાં વ્યય કરવો તેજ લક્ષ્મીની સાર્થકતા છે. કિંતુ મમ્મણ શેઠ વા સાગર શેઠની પેઠે લોભાંધ થવાથી કર્મરાશિ ગ્રહણ

[illegible] ... सम्यग्विवेक ... [illegible]

आत्मा अने कर्म

[illegible] ... ज्ञाना-
वरणीय, दर्शनावरणीय, मोहनीय, अने अंतराय. ए चार कर्मो आत्माना
[illegible] ... अनंत दर्शन गुण [illegible]
दर्शन मोहनीय अने चारित्र मोहनीय [illegible] ... अनन्तानुबन्धी कषायनो [illegible]
क्षायिक सम्यक्त्वनी [illegible] ... चारित्र मोहनीयनो [illegible]
[illegible] ... क्षायिक चारित्रनी [illegible] ... मोहनीय कर्मनो उपशम
[illegible] ... अनंत वीर्यनी [illegible] ... अंतराय
[illegible]

પરિણમાવે છે. હવે એ કર્મ રૂપ પરિણમેલાં પુદ્ગલ સ્કંધોમાં એવો સ્વભાવ હોય છે કે તેનાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિ આત્માના ગુણોનું આચ્છાદન થાય છે. જેમ લોહ ચુંબકમાં સોયને આકર્ષવાની શક્તિ સ્વભાવે રહેલી છે, તેમ રાગ દ્વેષ યોગે પૌદ્ગલિક દળીઆં આકર્ષવાની શક્તિ આત્મામાં સમયે સમયે વર્તે છે. હવે રાગ દ્વેષ અજ્ઞાન રૂપ વિભાવદશાથી જેમ જેમ, જે જે સમયે, આત્મા છુટે છે, તેમ તેમ તે તે સમયે, સ્વભાવ દશામાં રમતો આત્મા અનંત કર્મ દળીઆંને અસંખ્ય પ્રદેશોથી ખેરવે છે. જ્યારે વિભાવ દશામાં પુદ્ગલ દ્રવ્યની સાથે આત્મા પરિણમે છે, ત્યારે સ્વભાવ દશામાં રમતો આત્મા પુદ્ગલ દ્રવ્યથી છુટો પડે છે. જે જે અંશે આત્મા વિભાવ દશાથી છૂટે છે, તે તે અંશે આત્મા સ્વધર્મ પ્રાપ્તિ કરે છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવે આત્મા શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરતો સ્થિરતા યોગે અનુભવ દશા પામી, મોક્ષ સુખ સદૃશ સુખનો ઘટમાં અનુભવ કરે છે. જો પ્રયત્ન કરવામાં આવે તો એ ચાર ઘાતિ કર્મનો ક્ષય કરી શકાય છે. કોઈ એમ કહેશે કે મોહનીય આદિ ઘાતી કર્મનો જે ઉદય આવે છે તે ભોગવ્યા વિના છુટકો નથી. મોહનીય કર્મનો ઉદય કોઈનાથી જીતાયો નથી માટે જેમ બનવાનું હશે તેમ બનશે એમ કોઈ કહે તેને સમજવાનું કે, ઉદ્યમથી ઘાતી કર્મનો ક્ષય થાય છે, પણ અઘાતી કર્મનો ક્ષય થતો નથી. દેશોઉણા પૂર્વકોટિ વર્ષ પર્યંત તેરમા ગુણઠાણે કેવલીને રહેવું પડે છે, તેનું કારણ અઘાતી કર્મનો વિપાકોદય ભોગવવા માટે. ઘાતી કર્મનો નાશ કરવા ઉદ્યમ કરવો જોઈએ. કોઈને શ્લોક મુખે કરતાં વાર થાય છે. પણ જેમ જેમ ઉદ્યમ કરે છે તેમ તેમ શ્લોક દરરોજ વિશેષ મુખે કરે છે અને જેમ જેમ વિદ્યાભ્યાસનો ઉદ્યમ કરે છે તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. તેમ દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ પણ સમજવો. મોહનીય કર્મનો ક્ષય પણ ઉદ્યમથી થાય છે. મોહનીય કર્મના ફળ રૂપ ઔદયિક ભાવને ભોગવતો પણ આત્મા રાગદ્વેષથી ભિન્નપણે વર્તતો કર્મ ગ્રહણ કરતો નથી. ઔદયિક ભાવને ભોગવતો એવો આત્મા વિભાવ દશામાં પરિણમે તો કર્મને ગ્રહણ કરે છે. તેમ શાતા વા અશાતા વેદનીયના ઔદયિક ભાવને ભોગવતો પણ જીવ તેમાં રાગદ્વેષ રૂપે પરિણમે નહિ તો કર્મનો ગ્રહણ કર્તા બનતો નથી. પ્રથમ તો એવો અભ્યાસ કરવો કે આત્મા આત્મપ્રેમી બની બાહ્ય જગત્‌ની મોટાઈ, કીર્તિ, અપમાન વિગેરેની વાસના છોડી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી ચાર ઘાતી કર્મનો ક્ષય કરે. અંતે જ્ઞાનીના વચન પ્રમાણે, સદ્‌ગુરૂ ગમે સ્વસ્વરૂપને વેદતો આત્મા ઘાતી કર્મનો

ક્ષય કરી અને બાકીનાં કર્મોનો પણ નાશ કરી મુક્તિપદ પામે છે તે સર્વ [illegible] અનંત જીવો મુક્તિ ગયા અને અનંત જશે.

ધર્મોન્નતિ.

જગતમાં સર્વ પ્રકારની ઉન્નતિ કરતાં ધર્મોન્નતિ શ્રેષ્ઠ છે. ધર્મોન્નતિથી અનેક જીવોનું કલ્યાણ થાય છે. તત્ત્વજ્ઞાન અને પ્રેમજ્ઞાન વિના ધર્મોન્નતિ થઈ શકતી નથી. ધર્મોન્નતિ વિના મનુષ્યોના હૃદયમાં ખીલી શકતાં નથી. દેવતા સમાન વર્તન કરવું હોય તો હૃદયમાં ખીલવવું જોઈએ. સર્વ જીવોના આત્માને પોતાના સમાન લેખી સર્વના ભલા માટે સ્વાર્થિક શક્તિઓને અર્પણ કરનાર મહાત્માઓ સુન્દર ધર્મોન્નતિ કરી શકે છે. આખી દુનિયાના ભલામાં જેઓ પોતાનું ભલું સમજે છે તેઓ આ બાબતને ખુલાસો કરવા પ્રયત્ન કરે છે. મને તે બાબતમાં, મને તે દશામાં આત્માનું સ્વરૂપ સમજવાથી કોઈ જીવો પોતાના સમાન બીજા આત્માઓને ગણી ધર્મોન્નતિ કરી શકે છે અને મરતાં પણ અન્યનું અશુભ કરવા પ્રયત્ન કરતા નથી. આત્માની જ્ઞાનાદિ અનન્ત શક્તિઓને ખીલવવાના શુભ સિદ્ધાન્તોનું સુશ્રો શિષ્યોને જ્ઞાન આપે છે અને જગતમાં સર્વના ભલા માટે પ્રયત્ન કરે છે. ધર્મ એ શબ્દ ઉપર લાખો પુસ્તકો રચ્યાં છે, અને હજી રચાય છે. સર્વ પુસ્તકોનો સાર એ છે કે આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવા અને તે રીતે પ્રયત્ન કરવો. ધર્મ સમજાય તે. સહેલ છે. જગતના જીવોને ખરા ધર્મની પ્રાપ્તિ થઈ હોય તેનાં લક્ષણ નીચે મુજબ છે.

૧ જગતના સર્વ જીવોનું રક્ષણ કરવા પ્રયત્ન કરે છે. પોતાના આત્મા સમાન સર્વ જીવોને માને છે.

૨ બાહ્ય જડ સ્થૂલ પદાર્થોમાં નહીં મુંઝાતાં તે આત્માની અંદર રહેલા ગુણોને ગવેષે છે.

૩ જગતના જીવોનું ભલું કરવા તે આત્મભોગને ધારે છે.

૪ અનેક જીવોની ભિન્ન રુચિ પણ ખીલવવા ઉપદેશ આપે છે.

૫ મનની સમાનતા ધારીને તે બાહ્ય ધર્મનાં કાર્યો કરે છે.

૬ સર્વ જીવોને ધર્મના રસિક બનાવવા પ્રયત્ન કરે છે.

૭ આત્મામાં રહેલી પરમાત્માને મેળવવા ધ્યાન-સમાધિ કરે છે અને મનની કલ્પનાઓને ત્યજે છે.

૮ જ્યાં ત્યાં સુખદુઃખ ઇત્યાદિ ધારણ કરે છે, જ્યાં ત્યાં અહંકારની મમતા કરે છે, અને દુઃખોને હણે છે.

૯ આત્માની દૃષ્ટિ ખીલવાથી તેના મુખ ઉપર આનંદની ઝાંખી છવાય છે, ઉદાસીનતાનો નાશ કરે છે.

૧૦ શ્રી વીર પરમાત્માના તત્ત્વો ફેલાવવા તે સૂક્ષ્મ અને સ્થૂલ શક્તિઓનો ઉપયોગ કરે છે.

૧૧ દરેક પદાર્થોનો સૂક્ષ્મ અનુભવ કરી આત્માના આનન્દમાં મગ્ન રહે છે.

૧૨ સ્વપરના ભલા માટે ક્રિયા યોગી બને છે. અને જ્ઞાનયોગી થઈ અજ્ઞાનનો નાશ કરે છે.

૧૩ શ્રી સર્વજ્ઞનાં તત્ત્વોપર પૂર્ણ શ્રદ્ધા રાખે છે. કોઇના ભુરામાં તે ઉભો રહેતો નથી.

૧૪ બાહ્યનાં કાર્યો કરતાં છતાં પણ અન્તરમાં સુરતા રાખે છે.

૧૫ મહાશય ગંભીર સદ્‍ગુરૂના ગંભીર ઉચ્ચ આશયને સમજવા યોગ્યતાની પ્રાપ્તિ ઇચ્છે છે.

૧૬ હરરોજ ઉચ્ચ થવાની ભાવના કરે છે. પરમાત્મ પદજ તેનું સાધ્ય-લક્ષ્ય બિંદુ કલ્પાય છે.

આવી ઉત્તમ ચેષ્ટાઓને તે ધારણ કરે છે. ધર્મોન્નતિ ઉન્નતિ કરવાને માટે પોતાના તન મનનો ભોગ આપે છે. કીર્તિ યા કોઇ પણ પ્રકારની બાહ્ય મોટાઇને લેઈ તે કશું કરતો નથી. પણ ક્ષુદ્ર વાસનાનો ત્યાગ કરી સર્વના ભલા માટે ધર્મ કાર્યો કરે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધન કરે છે. ધર્મપરિષદમાં સત્યતત્ત્વને પ્રકાશે છે. રાગદ્વેષનો ક્ષય કરવા પ્રયત્ન કરે છે. દુર્જનોનાં હૃદય પણ દયાના જળથી તે શુદ્ધ કરે છે. ધર્મોન્નતિના વ્યવહાર હેતુઓને જમાના અનુસારે સેવે છે. ધર્મના ફેલાવાથી પાછો હઠતો નથી. હજારો વિઘ્નોને જીતે છે. લોકોના કહેવા પર લક્ષ રાખતો નથી. સદાકાળ ધર્મોન્નતિમાં સકલ જીવનને ગાળી પરમાત્મ દશા પ્રાપ્ત કરે છે.

जैनोना त्रण फिरकाना ऐक्यनी शक्यता.

ડીસેંબર તા. ૧૦ સને ૧૯૧૦ ના સાંજવર્તમાનમાં જૈનમાં નવીન પંથની શંકા અને તેનું સમાધાન એ નામનો એક લેખ વાંચી કંઇક નવું અનુભવ્યું છે. ઘણા લોકો તરફથી એ લેખનો જવાબ આપવાના પત્રો ઉપર પત્રો આવવાથી છેવટે જણાવવું પડે છે કે એ લેખમાં કંઇ અમારા લેખના વિચારોનું સમાધાન થએલું જોવામાં આવતું નથી. અનેક જવાબોની પંચાતમાં પડવાની ઇચ્છા પણ નથી. લેખકે સારી ભાષામાં લેખ લખ્યો છે પણ તે કોણ છે

તે જણાવે છે. તેની યોગ્યતા વિષેની ઉપર આવી હાલ નવીન પંથની ચર્ચિતાં અનુમાનોનું નિરાકરણ જો તેઓ તપાસીને કરે તે વિશેષ ઉચિત સમાજ પણ શીઘ્રતાથી પણ. જો તેઓથી બની શકે તો બતાવી હોય તેમાંથી એમ કરીને રહે તો આનંદની વાત છે. જો આ આગમોમાં વિરોધ આવતો હોય તે તે આગમોમાં પણ જાણી જોઈને કોઈનો ફેરફાર કરી યોગ્ય નથી. એમ આપણા એકના વિચારો છે. પણ તેનો અર્થ એવો ન કરવો કે સિદ્ધાંતો વિરુદ્ધ નવીન પંથની પ્રવૃત્તિ તથા તન્ત્ર વિરુદ્ધ આચરણને પણ સત્ય માની કોઈ એમ ઠરાવ દિખાવની થઈ જાય. હાલમાં તો પંડિતો-ગ્રંથોની તકરારો સમાવવાની જરૂર છે. તેમાં જ્યારે લેખકનો ઉદ્દેશ છે ત્યારે તેઓ આ આગમનો અનુભવ કરશે તો માલુમ પડશે કે નવીન પંથ-નવીન ક્રિયા એજ પંથનો મૂળ હેતુ છે. વિચારોની વિશાળતા રાખવી, ભ્રાતૃભાવ વધારવો, સંપીને રહેવું તે તો સર્વને માન્ય છે. પણ સિદ્ધાંતો વિરુદ્ધ આચરણ-ભૂલો હોય તે તો સુધારવી જોઈએ. જેનામાં જે જે અંશે ગુણો છે તેઓને તે તે અંશે અમો યોગ્ય માનીએ છીએ. લેખકનો ભ્રાતૃભાવ પ્રશસ્ય છે, પણ નવીન પંથની ઘણી ઝાંખી પુષ્ટિની પ્રવૃત્તિ ઠીક નથી. કહેવાની ચર્ચાઓનું સમાધાન સમાજમાં લાવી શકાય માટે લેખકે સમાજમાં રહેવું. ધર્મપંથ નહિ કરતાં પરના ભલામાં જે પ્રવૃત્તિ કરે છે તેને ધન્ય છે. શાંતિ રાખું વિચાર, અને ઉપદેશમાં સુધારવો છું. સદ્ગુરુ માટે આત્મધ્યાનમાં સમભાવ રાખવો.

જૈનધર્મની આસ્તિકતા.

જે ધર્મનો પાયો આસ્તિકતા ઉપર રચાયલો છે. તે ધર્મના સ્વીકારથી મનુષ્યો ખરા સુખની કુંચી પ્રાપ્ત કરે છે. મન, વાણી અને શરીરને કેળવી આત્માની શુદ્ધ દશા પ્રાપ્ત કરી અનન્ત સુખ પ્રાપ્ત કરવું એજ ખરા ધર્મની ખૂબી છે. આત્માનું ખરું સ્વરૂપ જે ધર્મમાં યથાર્થ જણાય તે ધર્મનો સ્વીકાર મનુષ્યો કરી શકે છે. જૈન ધર્મમાં આત્મજ્ઞાન સંબંધી ઘણું કહેવામાં આવ્યું છે.

દીલગીરીની વાત છે કે કેટલાક અજાણ્યો જૈનધર્મને નાસ્તિક ધર્મ કહે છે. પણ તેઓ ઉપર કરુણાભાવ લાવવો જોઈએ.

ખરો આસ્તિક કોણ?—જે પરમેશ્વરને માને, પુણ્યને માને, પાપને માને, બંધને માને, મોક્ષને માને, સ્વર્ગને માને, નરકને માને, દેવતાઓને

માને, પુનર્જન્મ માને, દયા, ભક્તિ, શ્રદ્ધા, પરોપકાર આદિ ગુણોને માને, દેવ ગુરૂ અને ધર્મને માને, જ્ઞાન, ક્રિયા અને ભક્તિમાર્ગ માને, તે આસ્તિક કહેવાય છે. ગૃહસ્થધર્મ માને, સાધુધર્મ માને, તપ, જપ અને તીર્થયાત્રા માને, મૂર્તિ માને, રાજ્યભક્તિ માને, યોગ માને, યજ્ઞ માને, દાન માને, ઇત્યાદિ માનનાર આસ્તિક કહેવાય છે. જૈનો ઉપરના કહેલા સર્વ સિદ્ધાંતો માને છે. અનેક તીર્થંકરો થયા અને થશે તે સર્વે, ઉપરના સિદ્ધાંતનો બોધ આપે છે; તેથી જૈનો ખરા આસ્તિક છે એમ માનવબાંધવો જાણી શકશે.

જેઓએ અષ્ટપ્રકારનાં કર્મ ક્ષય કર્યાં છે તેઓ સિદ્ધબુદ્ધ પરમાત્મા કહેવાય છે. જેઓએ તીર્થંકર નામ કર્મ બાંધ્યું હોય છે અને ઘનઘાતિક ચાર કર્મનો ક્ષય કરી અનંત કેવળજ્ઞાન, અનંત કેવલદર્શન, અનંત ક્ષાયિક ચારિત્ર ઉપાર્જન કર્યું હોય છે; તે તીર્થંકર (અરિહંત) કહેવાય છે. અને તે સમવસરણમાં બેસી દેવતા મનુષ્યો વગેરેને બોધ આપી ચતુર્વિધ સંઘરૂપ તીર્થની સ્થાપના કરે છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ; એ નવ તત્ત્વનો બોધ આપે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‍ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ પંચ દ્રવ્યાસ્તિકાયનું, દ્રવ્ય, ગુણ અને પર્યાયથી સ્વરૂપ સમજાવે છે. ઉપચારથી કાળદ્રવ્યનું સ્વરૂપ સમજાવે છે. એ ષડ્‍દ્રવ્યોનું જગત્ બનેલું કહેવામાં આવે છે. અનાદિકાળથી આત્મા અને કર્મનો સંબંધ બતાવે છે. અનંત જીવો છે—એક ઇન્દ્રિયવાળા, બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા અને પંચેન્દ્રિય જીવોના દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ભેદ છે. ઉર્ધ્વલોક, અધોલોક, અને તિર્છાલોકનું સ્વરૂપ બતાવે છે. હિંસાનો ત્યાગ, જુઠનો ત્યાગ, ચોરીનો ત્યાગ, મૈથુનનો ત્યાગ અને ધનનો ત્યાગ આ પ્રમાણે સર્વથા પ્રકારે પાંચ આશ્રવના ત્યાગ રૂપ પંચ મહાવ્રત સાધુનાં બતાવે છે. અને રાત્રીભોજન ત્યાગ રૂપ છઠ્ઠું વ્રત કહે છે. દેશથી હિંસાનો ત્યાગ, જુઠનો ત્યાગ, પારકી સ્ત્રીનો ત્યાગ, પરિગ્રહ પરિમાણ, દિશાનું પરિમાણ, ભોગોપભોગ વિરમણ, અનર્થદંડ વિરમણ, સામાયકવ્રત, દેશાવગાશિક, પૌષધવ્રત અને અતિથિસંવિભાગ વિરમણ; એ ગૃહસ્થ શ્રાવકનાં બાર વ્રત બતાવે છે. દાન, શીયળ, તપ, અને ભાવના. એ ચાર પ્રકારનો સામાન્ય ધર્મ બતાવે છે. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરૂણા આ ચાર પ્રકારની ભાવના સર્વ જીવોએ ધારણ કરવી એવો બોધ આપે છે.

પુદ્‍ગલ પરમાણુઓના જથ્થા ભેગા થઇ આઠ પ્રકારનાં દ્રવ્યકર્મ બને છે અને તે આત્માના અસંખ્યાત પ્રદેશોની સાથે ક્ષીરનીર પેઠે પરિણમે છે.

આઠ પ્રકારનું દ્રવ્યકર્મ ગ્રહણ કરનાર આત્મા છે. રાગ અને દ્વેષથી મલીન
ક્ષેત્ર આત્મામાં દ્રવ્યકર્મ ગ્રહણ કરવાની શક્તિ રહેલી છે તેથી તે આઠ
પ્રકારનાં કર્મ ગ્રહણ છે. પાપ અને પુણ્ય પરમાણુઓ રૂપ પુદ્ગલ દ્રવ્યોના
જથ્થાનાં બનેલાં છે. અશુભ પરમાણુઓના જથ્થાથી પાપ બનેલું છે, અને
શુભ પરમાણુઓના જથ્થાથી પુણ્ય બનેલું છે. અશુભરાગ અને અશુભદ્વે-
ષથી પાપકર્મની વર્ગણાઓને આત્મા ગ્રહણ કરે છે. શુભ રાગ અને શુભ-
દ્વેષથી પુણ્યકર્મની વર્ગણાઓને આત્મા ગ્રહણ કરે છે. પાપની વર્ગણાઓમાં
અશુભ વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ રહ્યા હોય છે અને પુણ્યની વર્ગણાઓમાં
શુભ વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ રહ્યા હોય છે.

પુણ્ય કર્મનો ભોગ ભોગવવાનાં મુખ્ય સ્થાન દેવલોક, અને મનુષ્યભવ
છે. પાપ કર્મનો ભોગ ભોગવવાનાં મુખ્ય સ્થાન નરક અને તિર્યગતિ
છે. જીવજાતિએ તો ચારે ગતિના જીવોમાં પુણ્ય અને પાપ કહ્યું છે. પુણ્ય
અને પાપ આવવાના હેતુઓને આશ્રવ કહેવામાં આવે છે. રાગ અને દ્વેષ
આદિથી પુણ્ય અને પાપ આવે છે માટે તેને આશ્રવ કહેવામાં આવે છે.
વસ્તુતઃ વિચારીએ તો પુણ્ય અને પાપ અને તેના હેતુઓને આશ્રવ કહે-
વામાં આવે છે. અષ્ટકર્મ આશ્રવ છે. આત્માની સાથે કર્મનું બંધાવું તેને
બંધ કહે છે. અષ્ટકર્મનો બંધ રોકવાના હેતુઓ—જેવા કે સાધુ ધર્મ, શ્રાવક
ધર્મ, સમિતિ, ગુપ્તિ, ભાવના, ચારિત્ર વગેરેને સંવર કહે છે. પૂર્વે બાંધેલાં
કર્મને ખેરવવાના (ટાળવાના) હેતુઓ, જેવા કે બાર પ્રકારની તપશ્ચર્યા
વગેરેને નિર્જરા કહે છે. અષ્ટ પ્રકારના કર્મોથી આત્માનું છૂટવું તેને મોક્ષ
કહે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ વગેરે ગુણોને ધારણ કરનારને
જીવ (આત્મા) કહે છે. જે જડ છે—જ્ઞાનગુણથી સર્વથા શૂન્ય છે એવા
જડ પદાર્થોને અજીવ તત્ત્વ કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકા-
શાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ; એ પાંચ દ્રવ્યનો અજીવ તત્ત્વમાં
સમાવેશ થાય છે. પુણ્ય, પાપ અને બંધ તત્ત્વનો પણ પુદ્ગલાસ્તિકાયમાં
સમાવેશ થાય છે. બંધ તત્ત્વનો અપેક્ષાએ પુદ્ગલ દ્રવ્યમાં સમાવેશ થાય
છે. રાગ અને દ્વેષને ભાવકર્મ કહે છે. આત્માઓ અનંત છે. અનંત જીવો
આઠ પ્રકારનાં કર્મ ખપાવીને મુક્તિ સ્થાનમાં જઈ સિદ્ધબુદ્ધ પરમાત્મા
થયા. જે જીવો મુક્તિ ગયા નથી તેને સંસારી જીવો કહે છે. નવ તત્ત્વોનો
ષટ્ દ્રવ્યમાં સમાવેશ થાય છે. ષટ્ દ્રવ્યનું વિશેષ સ્વરૂપ જોવું હોય તો
(મારો બનાવેલો) षड् द्रव्य विचार ग्रन्थ જોવો.

ઉપર પ્રમાણે આત્માના ગુણોનું લક્ષણ બતાવ્યું. આત્માના અસંખ્ય પ્રદેશોને અનંત કર્મની વર્ગણાઓ લાગી છે. કોઈ કહેશે કે જ્યારે તે અનાદિ કાળથી લાગી છે ત્યારે તે છુટી શી રીતે પડી શકે? તેના ઉત્તરમાં કહેવાનું કે ખાણમાં સુવર્ણ અને રજ એ બેગાં ભળેલાં હોય છે તે જેમ પ્રયોગથી જુદાં પડે છે, ક્ષીર અને નીર ભેગાં મળી ગયેલાં હોય છે તોપણ તે હંસની ચાંચથી જુદાં પાડી શકાય છે; તેમ આત્મા અને કર્મનો અનાદિ કાળથી મેળાપ છે, તોપણ તે ભિન્ન થઇ શકે છે. વસ્તુતઃ આત્માઓ અરૂપી છે તોપણ તે કર્મના સંબંધથી વ્યવહારવડે અનાદિ કાળથી રૂપી કહેવાય છે. જ્યારે કર્મનો સર્વથા નાશ કરે છે ત્યારે તે સત્તા અને વ્યક્તિથી અરૂપી કહેવાય છે. કર્મના યોગે આત્માની સાથે પાંચ પ્રકારના શરીરનો સંબંધ થાય છે. **औदारिक, वैक्रिय, आहारक, तैजस्** અને **कार्मण.** આ પાંચ પ્રકારના શરીરનું અત્યંત સૂક્ષ્મ સ્વરૂપ જોવું હોય તો **प्रज्ञापना सूत्र** તથા **तत्त्वार्थ सूत्र**માંથી જોવું. સાત ધાતુ વગેરેનું સ્થૂલ ઔદારિક શરીર બનેલું હોય છે. **मनुष्यो** અને પશુ પંખી વગેરે તિર્યંચોને **औदारिक शरीर** પ્રત્યક્ષ દેખવામાં આવે છે. સુખ અને દુઃખના ભોગને ભોગવવાનું મુખ્યતાએ આ શરીરથી હોય છે. ધ્યાન, યોગ આદિ ગુણથી મનુષ્યોને તથા તિર્યંચોને વૈક્રિય શરીરની પ્રાપ્તિ થાય છે. અષ્ટકર્મના વિકારથી બનેલું કાર્મણ, અને આહારની પચન ક્રિયા કરનાર તૈજસ્ એ બે શરીરો દેવતા, મનુષ્ય, અને નારકીના જીવોને અવશ્ય હોય છે. દેવતા અને નારકીના જીવોને તેજ ભવમાં ઉત્પન્ન થનાર વૈક્રિય શરીર હોય છે. આહારક લબ્ધિવાળા ચતુર્દશ પૂર્વધરો આહારક શરીર બનાવી શકે છે.

મનુષ્યો મરીને બીજો અવતાર ધારણ કરે છે તો મરતાની સાથે તૈજસ્ અને કાર્મણ શરીર કે જે બે સૂક્ષ્મ છે તેને પરભવમાં જીવ સાથે લેઇ જાય છે, તેથી ત્યાં તે બે શરીરના યોગે જેવાં જેવાં કર્મ કર્યાં હોય તેવાં તેવાં તે તે ભવ યોગ્ય નવાં સ્થૂળ, ઔદારિક અને વૈક્રિય શરીરને પ્રાપ્ત કરે છે. જેવા જેવા શુભ યા અશુભ પરિણામના વિચારો કરવામાં આવે છે તે તે પ્રમાણે પુણ્ય અને પાપ કર્મની વર્ગણાઓ ગ્રહણ કરવામાં આવે છે; અને તે પુણ્ય અને પાપકર્મ આખા જીવનમાં જેટલું પ્રાપ્ત કર્યું હોય છે તેટલું સર્વ કાર્મણ શરીરમાં સત્તાએ-પ્રકૃતિરૂપે પડી રહી પરભવ સાથે આવે છે, અને તે અમુક અમુક કાળે ઉદયમાં આવી સુખ અને દુઃખના હેતુઓપૂર્વક સુખ અને દુઃખનો ભોગ આત્માને આપે છે. જેમ વડના બીજમાંથી આખું મોટું વડનું ઝાડ પ્રગટે છે તેમ કાર્મણ શરીરમાં રહેલી

કર્મની પ્રકૃતિયો કે જે સૂક્ષ્મ છે તેના યોગે દરેક ગતિમાં યોગ્ય ભિન્ન સ્થૂળ શરીરો પ્રગટી નીકળે છે. જેવાં જેવાં કર્મો કર્યાં હોય છે તેવાં તેવાં કર્મ બંધાઈ કાર્મણ શરીરની સાથે પરભવમાં આવે છે. એવો સિદ્ધાંત હોવાથી મનુષ્યોએ પાપકર્મથી દૂર રહેવું જોઈએ. પુણ્ય અને પાપનો સર્વથા પ્રકારે ક્ષય થાય છે ત્યારે મુક્તિ થાય છે. પુણ્ય અને પાપના યોગે સારાં ખોટાં શરીરો આત્માને ધારણ કરવાં પડે છે, તેમજ ઉચ્ચ વા નીચ અવતાર ધારણ કરવા પડે છે.

અશુભ રાગનો નાશ કરવો હોય તો શુભરાગથી કરવો. અશુભ દ્વેષનો નાશ કરવો હોય તો શુભ દ્વેષથી કરવો. શુભ દ્વેષનો નાશ કરવો હોય તો કેવલ આત્મનો શુદ્ધોપયોગ ધારણ કરવો. રાગ અને દ્વેષના સંસ્કારોનો કંઈ એકદમ નાશ થતો નથી. આત્માનું સ્વરૂપ પરિપૂર્ણ સમજાય, અને ધ્યાનમાં જીવન ગાળવામાં આવે તો રાગ અને દ્વેષનો નાશ થાય છે. પ્રારબ્ધ કર્મના યોગે સંસારમાં જે જે વસ્તુઓ મળી હોય તેમાં સંતોષ માની હર્ષ વા શોક કરવો નહિ. જડ વસ્તુઓ જે ક્ષણિક છે, ઘડીમાં જેનો નાશ થવાનો છે, અનેક રૂપાંતરો જેનાં થયાં કરે છે એવી ભાગની વસ્તુઓમાં મ્હારાપણાની બુદ્ધિ ધારણ કરવી નહિ. પ્રારબ્ધાનુસારે જે લક્ષ્મી પોતાને મળી હોય તેના ઉપરથી મમતા ઉતારીને હજારો જીવોના ભલામાં તેનો સદુપયોગ કરવો. મનમાં થતા અશુદ્ધ વિચારો જેવા કે ક્રોધ, માન, માયા, લોભ, કામ, ક્લેશ, નિંદા, અવિશ્વાસઘાત વગેરેનો નાશ કરવો. વાણી સત્ય, અને પ્રિય બોલવી. કાયાથી જીવની હિંસા કરવી નહિ, કરાવવી નહિ, અને જે કરતા હોય તેની પ્રશંસા કરવી નહિ. સર્વ પ્રકારના કર્મનો ક્ષય કરવા માટે જૈન ધર્મની આરાધના કરવી. ઇત્યાદિ હેતુઓથી સકળ કર્મનો ક્ષય થાય છે. રાગાદિ શત્રુઓના જીતનાર, કેવલજ્ઞાની શ્રી તીર્થંકર મહારાજ છે. શ્રી તીર્થંકરને, જીવન્મુક્ત પરમાત્મા અપેક્ષાએ કહેવામાં આવે છે. જે સાધુ થઈ પંચ મહાવ્રત ધારે છે, બેતાળીસ દોષ રહિત આહાર ગ્રહણ કરે છે અને પંચ માંડલીના દોષોને ટાળે છે; તીર્થંકરની વાણી અનુસાર દેશના આપે છે, તેને ગુરુ કહે છે. સાધુઓ અને સાધ્વીઓનો ગુરુપદમાં સમાવેશ થાય છે.

મોક્ષને માટે સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાની આવશ્યકતા છે. સર્વજ્ઞે જેવું પદાર્થનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે તે પ્રમાણે સર્વનય સાપેક્ષ પદાર્થનું સ્વરૂપ જાણવું તેને સમ્યગ્ જ્ઞાન કહે છે. જ્ઞાનના પંચ પ્રકાર છે—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન. તેમાં મતિજ્ઞાન

અને **શ્રુતજ્ઞાન, પરોક્ષ પ્રમાણ** છે, અવધિજ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાન છે તે દેશથી પ્રત્યક્ષ પ્રમાણુ છે. કેવલજ્ઞાન છે તે સર્વથી પ્રત્યક્ષ પ્રમાણુ છે. પાંચ ઇન્દ્રિયો અને મનની સહાયથી ઉત્પન્ન થનારને **મતિજ્ઞાન** કહે છે. જિનવાણી સાંભળીને જે જ્ઞાન થાય છે તેને **શ્રુતજ્ઞાન** કહે છે. સાક્ષાત્ આત્માના પ્રદેશોની અને ઇન્દ્રિયોની સહાય વિના જે જે રૂપી પદાર્થો જેવા હોય તેવા જણાય તેને **અવધિજ્ઞાન** કહે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનમાં જે જે ચિંતવ્યું હોય તે તે સાક્ષાત્ આત્માના પ્રદેશોથી જાણવામાં આવે તેને **મનઃપર્યવ જ્ઞાન** કહે છે. સર્વ પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી લોક અને અલોકનો સાક્ષાત્કાર થાય છે તેને **કેવલજ્ઞાન** કહે છે. કેવળજ્ઞાન આવ્યું કદી જતું નથી. કેવળજ્ઞાન પામ્યા બાદ અઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાની પરમાત્મપદ પામે છે. શ્રી વીતરાગનો કહેલો ધર્મ મુક્તિમાર્ગનો હેતુભૂત હોવાથી, સદાકાલ તેનું આરાધન કરવું. જિન પ્રતિમા વડે જિનના ગુણોનું સ્મરણ પૂજન કરી જિનમાં રહેલા ગુણો આપણા આત્મામાં પ્રકટાવવા જોઇએ. ગુણીના ગુણોને, તેની વાણીદ્વારા, તેની છબીદ્વારા, બહુમાન પ્રશંસાથી લેવા જોઇએ. મૂર્તિને પૂજનારા જૈનો કંઈ જડના પૂજકો નથી, પણ મૂર્તિમાં પરમાત્માનો ભાવ કલ્પી પરમાત્માની પૂજા કરી પરમાત્માના અમૂલ્ય ગુણોને સ્મરે છે અને તે ગુણોને હૃદયમાં ધારણ કરે છે. પુસ્તકોમાં લખેલા અક્ષરો તે જડ છે, તોપણ તે અક્ષરો દ્વારા વાચ્ય પદાર્થોનું સ્મરણ કરી, સત્ય તત્ત્વનો વિવેક કરીએ છીએ. તેવી રીતે પરમાત્માની મૂર્તિદ્વારા પરમાત્માનું સ્મરણ કરી તેમના ગુણોને લેવા જોઇએ; એમ અસલ સનાતન જૈન સિદ્ધાંતમાં મૂર્તિ પૂજા પ્રતિપાદન કરી છે. કેવળજ્ઞાની સાકાર હતા માટે તેમની મૂર્તિની પૂજા સિદ્ધ થાય છે. હાલમાં વિક્ટોરીઆ રાણી વગેરેના બાવલાને લોકો માન આપે છે તેનું કારણ ફક્ત ગુણોજ છે. અસલ તેમ પરમાત્માની મૂર્તિદ્વારા સદ્ગુણો લેવાનો રીવાજ ચાલ્યો આવે છે.

પરમાત્મ પદ પ્રાપ્ત કરવા માટે સદાચરણો રૂપ જે ચારિત્ર છે તે આવશ્યક સમજી તેની ક્રિયા કરવી જોઇએ. પરમાત્માએ શુદ્ધ ક્રિયાથી કર્મનો ક્ષય થાય છે એમ જણાવ્યું છે. ઇર્ષ્યા, રાગ, દ્વેષ, મનની ચપલતા, મોહ, મમતા, પાખંડ, કૃપણતા, હિંસા, જૂઠ, વ્યભિચાર આદિની અશુદ્ધ ક્રિયાઓ છે; તેનો ત્યાગ કરી ઉત્તમ સદ્ગુણોની જે જે માર્ગે પ્રાપ્તિ થાય તે તે શુદ્ધ ક્રિયાનો આદર કરવો જોઇએ.

આ પ્રમાણે ઇશ્વરાદિને માનનાર જૈનો દુર્ગુણરૂપ પશુઓનો જ્ઞાનરૂપ અગ્નિમાં હોમ કરી સત્ય યજ્ઞ કરે છે. અથવા ઉત્તમ સદ્ગુણોને ધારણ કર-

... કરે છે. માટે જૈનો કોઇપણ સિદ્ધાન્તના માનનાર લોકોથી પરમ ... કરે છે.

કેટલાક ઈશ્વરને જગત્નો કર્તા હર્તા માને છે. આત્માઓના બનાવનાર પણ ઈશ્વર છે. આવી માન્યતા જૈનોને કબુલ નથી કારણ કે, શરીર રહિત એવો જે ઈશ્વરને જૈનો માને છે તે ઈશ્વર, કદી જગત્ રચવાની જંજાળમાં પડતા નથી. બાકી આત્મારૂપ ઈશ્વર જે શરીરરૂપ જગત્નો કર્તા હર્તા પણ છે, શરીર ... કર્તા કર્મના યોગે છે ઈશ્વર છે, પણ તે સંસારી અવસ્થામાં, અશુદ્ધ પરિણતિના યોગે કર્મરૂપ સૃષ્ટિનો કર્તા અને હર્તા સમજવો. આવી રીતે જગત્કર્તૃત્વ તો અપેક્ષાએ આત્માને ઈશ્વર કહી જૈનો સ્વીકારે છે. ને વિના કર્મરહિત શુદ્ધ પરમાત્મા જગત્ કર્તા ઈશ્વર જૈનો માનતા નથી. કેટલાક અદ્વૈતવાદી વેદાન્તિઓ પણ જગત્નો કર્તા ઈશ્વર માનતા નથી. કારણ કે બ્રહ્મ કેવલ સત્ય છે અને માયા અસત્ છે. તો સમસ્ત જગત્નો કર્તા બ્રહ્મ માનવું તે વંધ્યાપુત્રવત્ અસત્ કરે છે. આર્યસમાજીઓ પણ વેદના આધારે કહે છે કે, આત્માઓ તથા કર્મને બનાવનાર ઈશ્વર નથી. આત્માઓ અનાદિકાળના છે. જ્યારે તે આત્માઓને બનાવનાર ઈશ્વર વેદના આધારે આર્યસમાજીઓએ માન્યો નહીં, ત્યારે જૈનો પણ જગત્ના બનાવનાર તરીકે આગમના આધારે ઈશ્વરને માને નહિ તે ... ને યુક્તિયુક્ત જ છે. વેદને માનનાર આર્યસમાજીઓ પૃથ્વી, જલ, આદિ પરમાણુઓને નિત્ય માને છે. પરમાણુઓનો બનાવનાર ઈશ્વર માનતા નથી. ત્યારે જૈનો પણ પુદ્ગલ પરમાણુઓનો બનાવનાર ઈશ્વર માનતા નથી. આર્યસમાજીઓ વેદનું પ્રમાણ આપી કહે છે કે, કર્મ કર્મ પ્રમાણે સુખ દુઃખનો ન્યાય આપનાર ઈશ્વર છે, ત્યારે જૈનો કહે છે કે, જીવોને, જે જે કર્મ કર્યાં હોય છે તેનું ફળ જીવોએ કરેલાં કર્મ પોતાની મેળેજ આપે છે. ઈશ્વરની ન્યાયશક્તિ કલ્પવાની જરૂર તેમાં રહેતી નથી. અગ્નિમાં ઉષ્ણતા આપવાની શક્તિ જેમ છે, જલમાં શીતતા આપવાની શક્તિ જેમ છે, અગ્નિ હાથમાં ઝાલીએ તો અગ્નિ બાળે છે, એ ઉષ્ણતા ગુણમાં બાળવાની સ્વયં શક્તિ છે, કંઈ ઈશ્વર ત્યાં ન્યાય કરવા આવતો નથી; તેમ પુણ્ય અને પાપ કર્મોમાં સુખ અને દુઃખ આપવાની શક્તિ છે. ત્યાં ઈશ્વરની પ્રેરણા તથા ન્યાય શક્તિ કલ્પવાની જરૂર પડતી નથી. જેમ આર્યસમાજીઓ પણ ઉપર જણાવેલી બાબતોનો કર્તા ઈશ્વરને માનતા નથી, તેમ જૈનો પણ આત્માઓ તથા પરમાણુઓથી બનેલાં કર્મ

આદિનો કર્ત્તા ઇશ્વરને સ્વીકારતા નથી. જે વસ્તુ, નિત્ય, અનાદિ કાળની હોય છે, તેનો કર્ત્તા ઇશ્વર કરી શકતો નથી; એમ વેદના આધારે જ્યારે આર્યસમાજીઓ મુક્તકંઠે કહે છે ત્યારે જગતનો બનાવનાર ઇશ્વર નથી એમ જો જૈનો કહે તો તેમાં સંપૂર્ણ સત્યતાજ સિદ્ધ ઠરે છે.

વેદધર્મવાળા અમુક અમુક બાબતોમાં ઇશ્વરની કર્તૃત્વશક્તિ સ્વીકારે છે, અને જૈનો તે અમુક હેતુઓથી સ્વીકારતા નથી. પરમાણુઓને ભેગા કરનાર અને તેનો અમુક પદાર્થ બનાવનાર ઇશ્વર છે. ત્યારે જૈનો કહે છે કે પરમાણુઓમાં અમુક સંયોગોમાં ભેગા મળી અમુક આકારરૂપે બનવાની શક્તિ રહી છે. તદ્વાવત માત્ર આટલો છે. સાયન્સ વિદ્યા પણ પદાર્થોમાં ભેગા મળવાની તથા વિખરવાની શક્તિ છે એમ સ્વીકારે છે. આ બાબત વિશેષ મનન કરવા યોગ્ય છે.

હવે આત્મા સંબંધીનો વિચાર કરીએ. સનાતન વેદાન્તિયો આત્માને સર્વત્ર વ્યાપક માને છે. આત્મા સર્વત્ર વ્યાપક છે એવો સિદ્ધાન્ત શંકરમતનો છે. રામાનુજ આચાર્ય આત્માને પરમાણુરૂપ સૂક્ષ્મ સ્વીકારે છે, અને આત્માને સર્વત્ર વ્યાપક માનનારની દલીલો તોડી નાંખે છે. શાંકરમતવાળા આત્માને અણુ માનનારની દલીલો તોડી નાંખે છે. શાંકરમતવાળા સર્વ જીવોનો એક આત્મા બ્રહ્મરૂપ સ્વીકારે છે, ત્યારે રામાનુજ મતવાળા અણુરૂપ ભિન્ન ભિન્ન આત્માઓને સ્વીકારે છે, અને દલીલો વેદાન્ત સૂત્રના આધારે બતાવે છે. આર્યસમાજીઓ આત્માઓને ભિન્ન ભિન્ન સ્વીકારે છે. સર્વ જીવનો એક આત્મા સ્વીકારતા નથી. અને તેથી અદ્વૈતવાદના સર્વત્ર વ્યાપક બ્રહ્મને દલીલોથી તોડવા યુક્તિયો આપે છે. આર્ય સમાજીઓ સર્વત્ર વ્યાપક ભિન્ન ભિન્ન આત્માને માને છે.

જૈનો સિદ્ધાન્તાનુસાર દલીલોપૂર્વક આત્માઓને ભિન્ન ભિન્ન માને છે. વ્યક્તિની અપેક્ષાએ સર્વ આત્માઓ ભિન્ન ભિન્ન છે. સંગ્રહનયની અપેક્ષાએ સર્વ આત્માઓની એકસરખી સત્તા હોવાથી સર્વ આત્માઓનું એકત્વપણું માને છે. અમુક અમુક અપેક્ષાઓને લેઇ સર્વનો એક આત્મા અને સર્વનો ભિન્નભિન્ન આત્મા સ્વીકારતાં તકરારનું સ્થાન રહેતું નથી, એકજ મનુષ્ય પુત્રની અપેક્ષાએ પિતા, અને પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર એમ બે ધર્મ સહિત કહેવાય છે. તેમ આત્માઓ પણ સત્તાથી એક, અને વ્યક્તિથી ભિન્ન ભિન્ન સ્વીકારવામાં આવે તો તે અપેક્ષાએ સંઘટે છે. શ્રી રામાનુજ અણુરૂપ આત્મા માને છે અને શંકરાચાર્યજી વ્યાપક બ્રહ્મ માને છે. ત્યારે જૈનો આત્માને વ્યાપક પણ માને છે અને અવ્યાપક પણ

માને છે. કેવલજ્ઞાનમાં લોકાલોક ભાસે છે તેની અપેક્ષાએ સર્વ વ્યાપક આત્મા માનવામાં આવે છે, અને સૂક્ષ્મ શરીરમાં પણ અસંખ્યાત પ્રદેશથી વ્યાપીને રહે છે માટે અણુ જેટલો અર્થાત્ ઘણો સૂક્ષ્મ પણ આત્મા આ અપેક્ષાએ માનવામાં આવે છે. વ્યાપક અને અણુરૂપમાં જૈનો અપેક્ષાથી બન્ને પણ સ્વીકારેલ હોવાથી ખંડનમંડન કરતા નથી. અપેક્ષા સમજીને વ્યાપક માને વા અણુરૂપ માને તો સ્યાદ્વાદ યથાયોગ્ય ઘટે છે. જ્યારે આત્મા કેવલીસમુદ્ઘાત કરે છે ત્યાં લોકાકાશમાં સર્વત્ર આત્માના પ્રદેશો વ્યાપે છે, તે સ્થિતિની અપેક્ષાએ અમુક કાળમાં આત્મા વ્યાપક મનાય છે. શંકર અને રામાનુજવાળાઓ વ્યાપક અને અણુરૂપમાં જુદા પડે છે, ત્યારે જૈનો જેના સિદ્ધાંતને અમુક નયોની અપેક્ષાએ માનતા હોવાથી બન્નેના વાદને પોતાના દર્શનમાં ઉતારે છે. શુદ્ધાદ્વૈતવાદિઓ આત્માને માને છે અને તે આત્મા કદી પરમાત્મા થાય નહિ. પરમાત્મા વિષ્ણુ છે અને આત્માઓ સદા-કાલ પરમાત્માના સેવક રહેવાના છે એમ સ્વીકારે છે. જૈનો અમુક અપેક્ષાએ, એટલે જ્યાં સુધી આત્માની પરમાત્મ દશા થઇ નથી ત્યાં સુધી બહિરાત્મા વા અન્તરાત્મા તે પરમાત્માના સેવકો કહેવાય છે, એમ માને છે. પણ આત્માની સંપૂર્ણ શક્તિયોનો વિકાસ થતાં તે પરમાત્મા કહેવાય છે. આર્યસમાજીઓ, શાંકરમતવાળાઓ તથા સાંખ્યો તથા રામાનુજઆચાર્ય આત્મા પુનર્જન્મ ધારણ કરે છે, તેમ માને છે. ત્યારે જૈનો તથા બૌદ્ધ પણ આત્મા પુનર્જન્મ ધારણ કરે છે તેમ માને છે. ખ્રીસ્તિઓ, ચાર્વાક અને મુસલમાનો આત્માનો પુનર્જન્મ સ્વીકારતા નથી.

અદ્વૈતવાદિઓ આત્માને નિત્ય સ્વીકારે છે. રામાનુજ શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, તેમજ આર્યસમાજીઓ પણ આત્માનું નિત્યપણું સ્વીકારે છે. બૌદ્ધો આત્માને ક્ષણે ક્ષણે નવા તરીકે ઉત્પન્ન થનાર માની ક્ષણિકવાદ સ્વીકારે છે. જૈનો આત્માને દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય માને છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય માને છે. યજુર્વેદમાં સંહિતા ભાગમાં કહ્યું છે કે તદેજતિ તન્નૈજતિ-તે આત્મા કંપે છે. અને તે આત્મા કંપાયમાન થતો નથી. મત દ્રવ્યરૂપે નિત્ય છે. તેથી તેની અપેક્ષાએ કંપાયમાન થતો નથી, અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ શરીર આદિ પર્યાયો કરે છે તેની અપેક્ષાએ કંપાયમાન થાય છે. દ્રવ્યરૂપે નિત્ય હોવાથી કંપાયમાન થતો નથી, અને પર્યાય રૂપે શરીર વગેરેથી અનિત્ય હોવાથી-અનિત્ય છે તેથી કંપાયમાન થાય છે. આમ અપેક્ષાએ જૈનો નિત્ય અને અનિત્યવાદ સ્વીકારે છે. મધ્યસ્થ દૃષ્ટિથી વિચારશો તો આમ અપેક્ષાએ યોગ્ય સમજાશે. જે જે

વાદિયો આત્માને નિત્ય માને છે તેના મત પ્રમાણે આત્મા નિત્ય હોવાથી તે કાર્યરૂપ નથી. તેથી તે અનાદિકાળનો સિદ્ધ ઠરે છે. સારાંશ કે નિત્ય એવા જે આપણે આત્માઓ છીએ તેના બનાવનાર ઈશ્વર નથી; એમ આપણા સિદ્ધાંત અનુસારે સમજી શકાય છે. આત્માઓના બનાવનાર ઈશ્વર નથી એમ જૈનો પણ માને છે. બૌદ્ધો પણ ઈશ્વરમાં જગત્‌કર્તૃત્વ સ્વીકારતા નથી. આત્માઓ વગેરેની બાબતમાં ઈશ્વરકર્તૃત્વ નથી એમ સમાલોચનાથી કેટલીક બાબતોથી સમજી શકાશે. ખ્રીસ્તિયો અને મુસલમાનો જીવોના બનાવનાર ઈશ્વરને માને છે.

આત્માને પુનર્જન્મ માન્યા વિના પુણ્ય અને પાપનો તે ભોક્તા થઈ શકતો નથી. જેઓનો ધર્મ પુનર્જન્મના સિદ્ધાંત ઉપર રચાયો છે તેઓના ધર્મવાળાઓ પાપથી ડરતા રહે છે અને સદાચારમાં લક્ષ રાખ્યા કરે છે. પુનર્જન્મનો સિદ્ધાંત માન્યા વિના આ ભવમાં શુભકાર્ય કરવાં, અને અશુભ કાર્ય કરવાં નહિ એવી દૃઢ ભાવના રહી શકતી નથી. હિંદુઓ પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ એ ત્રણ પ્રકારનાં કર્મ માને છે. જૈનો અષ્ટ પ્રકારનાં કર્મ માને છે તે ઉપર જણાવવામાં આવ્યું છે. આત્મા અને કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતને માનનારા આસ્તિક ગણાય છે. આત્મા અને કર્મનું સ્વરૂપ પરિપૂર્ણ સમજવામાં આવે તો આત્માના તરફ લક્ષ લાગે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય આદિ અનન્ત ગુણમય આત્મા છે. જેમ કર્મનાં આવરણ ખસતાં જાય છે તેમ તેમ આત્માના ગુણો ખીલતા જાય છે. રાગદ્વેષ, અજ્ઞાન, હિંસા આદિ પાપના હેતુઓનો નાશ કરવાથી આત્માની ઉચ્ચ દશા થતી જાય છે. આ જ્ઞાનવડે આત્મા, કર્મનો પડદો ચીરી નાંખી લોકાલોકનો પ્રકાશ કરનાર થાય છે. અનન્ત સુખ પ્રાપ્ત કરે છે. જન્મ જરા અને મરણનાં દુઃખોનો નાશ કરે છે. પરમાત્મા સિદ્ધ કહેવાય છે. આવી દશા પ્રાપ્ત કરવા માટે કેટલાક કનક કામનીનો ત્યાગ કરી સાધુવ્રત પાળે છે, પરિપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે, રાગ અને દ્વેષને જીતવા પ્રયત્ન કરે છે; યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એ અષ્ટાંગ યોગનો આદર કરે છે. જૈનોમાં આ અષ્ટાંગ યોગનો વિશેષ પરિચય છે. સાધુ અને સાધ્વીઓ યથાશક્તિએ આ અષ્ટાંગ યોગને ધારણ કરે છે. ગૃહસ્થો તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી ગૃહસ્થાવાસમાં રહી નીતિથી ધન પ્રાપ્ત કરે છે. સદા આચારોની શુદ્ધિ પાળ્યા કરે છે. બાર વ્રતનો અંગીકાર કરે છે. વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણીની નીતિની વૃદ્ધિ કરી આત્મગુણો ખીલવે છે.

મુક્તિ—ગૃહસ્થો અને સાધુઓનું અન્તિમ લક્ષ્ય મુક્તિ સ્થાન છે.

[illegible]

ના [illegible] મુક્તિ [illegible] છે. [illegible] અવતા નથી [illegible] મહાત્મ [illegible] મુક્તિ [illegible] છે [illegible] નથી તે [illegible] આવે સમૂહમાં રહે છે કે, મુક્તિ અમુક સ્થાની અંદર છુપી [illegible] આવે છે. [illegible] નહિ. [illegible] મુક્તિમાંથી પાછા આવે છે એમ [illegible] તેને મુક્તિ માને છે. [illegible] (શ્રી [illegible]) [illegible] તેને મુક્તિ માને છે. [illegible] મુક્તિ માને છે, અને મુક્તિમાંથી આત્માઓ પણ [illegible] અમુક વખત છુપી રહે તેને [illegible] આત્માઓને [illegible] છે [illegible] તેઓની [illegible] અમુક સ્થાનમાં રહે તેને મુક્તિ માને છે. [illegible] મુક્તિ કહીએ છીએ [illegible] છે. જૈનો એવું માને [illegible]

જૈનો એવું [illegible] કારણથી મુક્તિ સ્થાન માન્યું નથી. સિદ્ધશિલાની ઉપર મુક્તિસ્થાન છે. અનાદિથી જે મહાત્માઓ મુક્ત થયા છે તે [illegible] સર્વથા મુક્તિસ્થાનમાં જાય છે. ત્યાં અનંત કેવળજ્ઞાન, કેવળ દર્શન, અનંત સુખ, અને અનંત વીર્ય-શક્તિથી સદાકાળ બિરાજે છે. મુક્ત દશામાં સિદ્ધ, બુદ્ધ, પરમાત્મા કહેવાય છે. સમયે સમયે અનંત સુખ ભોગવે છે. સિદ્ધ-મુક્ત થએલ આત્માઓ મુક્તિમાંથી કદી પાછા આવતા નથી. તેઓને કર્મના અભાવે જન્મ, જરા અને મરણ નથી. [illegible] બીજ જેમ અંકુરા ફુટી નીકળતું નથી, તેમ તેઓએ કર્મને

જાણી નાશ કર્યાં છે એવા મુક્તિના જીવો ફરી સંસારમાં પાછા આવતા નથી. કોઈ કહેશે કે સંસારી જીવોને દુઃખમાંથી બચાવવા પાછા આવે છે, આ પણ દલીલ યોગ્ય નથી. કારણકે જેણે સંપૂર્ણ કર્મનો ક્ષય કર્યો છે તેને કર્મ વિના અવતાર ધારણ કરવો પડતો નથી. દુઃખી જીવોને બચાવવા માટે સંસારમાં રહેલા ઘણા મહાત્માઓ ઉપદેશ આપે છે. પરમાત્મારૂપ થએલાઓને આવવાની કંઈ જરૂર પડતી નથી. મુક્તિમાં અનંત આત્માઓ પરમાત્મ રૂપે બની અનંત સુખ ભોગવે છે. અનંત જ્ઞાનકરી સર્વ પદાર્થોને જાણે-દેખે છે.

વૈશેષિક દુઃખનો અત્યન્ત અભાવ તેનેજ મુક્તિ માને છે. વૈશેષિક કહે છે કે મુક્તિમાં જ્ઞાન રહેતું નથી. જૈનો કહે છે કે દુઃખના અત્યંત અભાવ પૂર્વક મુક્તિમાં અનન્ત સુખ ગુણ પ્રગટી નીકળે છે. ચિત્ અને આનન્દ ગુણ આત્માનો છે, માટે આત્મા ચિદાનન્દ કહેવાય છે. મુક્તિમાં અનંત જ્ઞાન છે. જ્ઞાન વિનાની જડ મુક્તિને કોણ ઇચ્છે? કોઈ ઇચ્છે નહીં. જૈનો જ્ઞાન અને આનંદ આત્માના મુક્તિમાં માને છે. અને આત્મા તેજ સાક્ષાત પરમાત્મરૂપે થાય છે એમ સ્વીકારે છે. સિદ્ધાત્માઓ સર્વ અરૂપી એક પરસ્પરથી ભિન્ન અસંખ્યાત પ્રદેશી અનન્ત સંખ્ય હોય છે. તે એક ઠેકાણે અનન્ત ભેગા રહે છે, તોપણ એક બીજાને હરકત થતી નથી. કારણકે તે આકાશ પેઠે અરૂપી છે. સંસારમાં અનન્ત અનંત જીવો છે. મુક્તિમાં જવાથી સંસારમાં રહેલા જીવો ઓછા થતા નથી. મુક્તિમાં જવાના ઉપાય જ્ઞાન, દર્શન, અને ચારિત્ર છે. જ્ઞાનદર્શનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે. વેદાન્તીઓ અને વિચાર જૈનો વૈશેષિક વગેરેના જેવો વિચાર, આત્મા, કર્મ, મુક્તિ, નવ તત્ત્વ, ષટ્ દ્રવ્ય, અને ઈશ્વર આદિની માન્યતામાં વિચાર ભેદ નહિ એક મતની માન્યતા થતી છે. આ જગતે મુક્તિ માનવામાં જૈનોની માન્યતા જાણવી.

જગત્કર્તૃત્વ નહિ સ્વીકારનારાના હેતુ—ઈશ્વર જગતના નિત્યને જગત્કર્તા નહિ માને છે. મહાવીરે માનવાથી મહાવીરે જગત્કર્તા નહિ માને છે. વિચારકોના મતાદિને જગત્કર્તા માનનારા નહિ કહીશું છે. કેટલાક મતવાદીઓ શક્તિને જગત્ કર્તા માને છે. કોઈ નિત્ય ઈશ્વર ઇચ્છાને જગત્કર્તા નહિ માને છે. બુદ્ધવાદીઓ બુદ્ધને માને છે. કેટલાક કર્મને માને છે. આ સ્થાને જૈનો જગત્કર્તાઓ જેવી રીતે માને છે તેવા અનાદિના હેતુને જગત્કર્તા નહિ ઠરાવ કરાય નહીં. કેવું મત, વિષ્ણુ મહાદેવ, અને કોઈ કરેલું મત છે. આ સ્થાને

સ્કંધને વિષ્ણુ કહે છે. મેઘ સહિત વિદ્યુતને મહાદેવ કહે છે. વાયુને બ્રહ્મા કહે છે. કેટલાક યોગને માનનારાઓ પૂરક પ્રાણાયામને બ્રહ્મા કહે છે. કુંભક પ્રાણાયામને વિષ્ણુ કહે છે. રેચક પ્રાણાયામને મહાદેવ કહે છે. અને આત્મશક્તિને દેવી કહે છે. જૈનો જ્ઞાન, દર્શન, ચારિત્રને, બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ્વર કહે છે. અથવા આત્મા સંપૂર્ણ જ્ઞાનને ધારણ કરી સર્વજ્ઞ બને તો તે બ્રહ્મા કહે-વાય છે. સંપૂર્ણ ગુણોને સ્થિર કરે ત્યારે આત્માજ વિષ્ણુ કહેવાય છે, અને અનંત કર્મની વર્ગણાનો જ્યારે સર્વથા નાશ કરે ત્યારે તે મહાદેવ કહેવાય છે. એક આત્માનેજ ગુણોની અપેક્ષાએ અનેક નામથી બોલાવવામાં આવે તો તેમાં કોઈ જાતનો દોષ નથી. જગત્ અનાદિકાળથી દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ છે. માટે જગતનો બનાવનાર કોઈ ઈશ્વર નથી એમ જૈનો સ્વી-કારે છે, તેમ બૌદ્ધો તથા કેટલાક અદ્વૈતવાદિ વેદાન્તિયો પણ સ્વીકારે છે. વૈશેષિક દર્શનવાળા પણ પૃથ્વી આદિના પરમાણુઓને નિત્ય માને છે અને તે પરમાણુઓ રૂપ જગતનો બનાવનાર ઈશ્વર નથી એમ સ્વીકારે છે. આર્ય-સમાજીઓ સૂર્ય, મેઘ, અને વાયુ વગેરેને જગતના પોષક માની ઉપચારથી કર્તા તરીકે માને છે, એવું ઔપચારિક કર્તાપણું તો જૈનો પણ સ્વીકારે છે. પણ વસ્તુતઃ સનાતનપણું એવા સૂર્યાદિમાં માનતા નથી. ઈશ્વર પરમાત્મા તો ઉપચારથી પણ કર્તા તરીકે સિદ્ધ થતા નથી. સાંખ્યો કહે છે કે પ્રકૃતિઃ કર્ત્રી પુરુષસ્તુ પુષ્કરપલાશવત્ નિર્લેપઃ પ્રકૃતિ (કર્મ) કર્તા તરીકે છે. પુરુષ-ઈશ્વર (આત્મા) તો નિર્લેપ છે. કોઈ વસ્તુનો કર્તા સિદ્ધ થતો નથી. જૈનો પણ પરમાત્માને અકર્તા માને છે. રાગદ્વેષ રહિત પરમાત્માને જગત્ બનાવવાનું કંઈ પણ પ્રયોજન નથી. જૈનોના સિદ્ધાંત પ્રમાણે સર્વ પ્રકારની ખટપટ રહિત પરમાત્મા છે. ઇત્યાદિ ઉપર જણાવવામાં આવ્યું છે.

ઉપસંહાર—જૈનો ઉપર પ્રમાણે સિદ્ધાંતોને સ્વીકારી યુક્તિમાં જતા ઇચ્છે છે તેથી તે પરમઆસ્તિક ગણાય છે. જૈનો આ પ્રમાણે પોતાના સિદ્ધાંતોને માને છે અને અન્યદર્શનોને પણ અમુક નયની અપેક્ષાએ માનીને તેનું ગ્રહણ કરે છે. અમુક એક નયને માની દર્શનો ઉભાં થયાં છે. પણ તેમાંથી (નયોની સાપેક્ષતાથી) સત્ય ખેંચી લેવું. જે જેમ અમૃત હાથે તેની ઉપેક્ષા કરી. સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. કોઈ ધર્મ ઉપર દ્વેષ ધારણ કરશો નહિ. ષટ્ દર્શન જિન અંગ ભણી જે-જિન દર્શન રૂપ પુરુષનાં સાંખ્ય, વૈશેષિક, મીમાંસક, અને બૌદ્ધ વગેરે દર્શનો અંગ છે. અંગોને અંગ રૂપ માની તેમાંથી સાર ખેંચવો. અન્ય દર્શનોને સાપેક્ષનયથી સમજી સ્યાદ્વાદ દર્શનની ખૂબી સમજાશે. નિરાગ્રહ કરીને ધર્મની મારામારી કરવાથી લાભ

દેષની વૃદ્ધિ થાય છે. હિંદુસ્થાનમાં રહેલા હિંદુઓ વગેરે બાંધવોને જૈન તત્ત્વ સમજાવવા જૈનોએ પ્રયત્ન કરવો જોઇએ. જો તેઓ જૈનતત્ત્વને સમજશે તો જૈન ધર્મની નિંદા કરશે નહિ. તેમજ એકેક નયોથી પરસ્પર કલેશ પણ કરશે નહિ. ભારતધર્મમંડળ નામના પુસ્તકમાં લખેલું છે કે એક વખત જૈનોની સંખ્યા આર્યાવર્ત વગેરેમાં ચાલીશ કરોડ મનુષ્યોની હતી. જૈનોમાં જૈન તત્ત્વ જાણવાનું જ્ઞાન પ્રતિદિન ઘટવાથી હાલ આશરે ચઉદલાખ મનુષ્યોની સર્વ જૈનોની સંખ્યા ગણાય છે. પહેલાં ચારે વર્ણ જૈન ધર્મ પાળતી હતી.

ચોવીશ તીર્થંકરો તો ક્ષત્રિય (રજપુતો) હતા. છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી કે જેનું નિર્વાણ થયાં આજ ૨૪૩૭ વર્ષ થયાં છે, તેઓના અગ્યાર પાટવી શિષ્ય ગણધરો બ્રાહ્મણ હતા. મહાવીરસ્વામીના વખતમાં જૈનમયુદ્ય થયો હતો. તેણે શુદ્ધ ધર્મનું સ્થાપન કર્યું હતું. શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ વખતે અઢાર દેશના રાજાઓએ હાજરી આપી હતી. ગૌતમસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. કોણિક, શ્રેણિક, ચેટક, પ્રદ્યોતન, પ્રસન્નચંદ્ર વગેરે રાજાઓ એમહાવીરસ્વામીના પરમ ભક્ત હતા. પશ્ચાત્‌સંપ્રતિ, વનરાજ, કુમારપાલ અને વસ્તુપાલ વગેરે જૈન રાજાઓના વખતમાં જૈન ધર્મનો ફેલાવો વિશેષ થયો હતો. નાત જાતના ભેદ વિના સર્વ લોકો જૈન ધર્મ પાળતા હતા. આર્દ્રકુમાર જેવા મુસલમાન અને મેતાર્ય મુનિ જેવા ચંડાલ કુલમાં ઉત્પન્ન થએલા પણ જૈન ધર્મ પાળી મુક્તિ પદ પામ્યા છે. તે વખતમાં જૈનોની વિશાલ દૃષ્ટિ હતી. શંકરાચાર્ય જેવાના વખતમાં પણ જૈનો શાસ્ત્રાર્થમાં સામા ટકી રહ્યા અને જૈન ધર્મનો ફેલાવો કરવા લાગ્યા. અન્ય ધર્મવાળાઓની રાજસભા સમક્ષ શાસ્ત્રાર્થ કરી જૈન ધર્મનો ફેલાવો કરવા લાગ્યા. જે લોકો યજ્ઞમાં પશુઓને હોમતા હતા, તેવાઓને પણ બોધ આપી, જ્ઞાન-ધ્યાનરૂપ યજ્ઞમાં દોર્યા અને જૈન ધર્મ પમાડયો. હાલના જૈનો જો તે પ્રમાણે વિશાળ દૃષ્ટિ ધારણ કરી આર્યસમાજીઓની પેઠે પોતાના ધર્મનો ફેલાવો કરે તો ઉદ્યમ કરવામાં તેઓના પૂર્વજોના પગલે ચાલ્યા કહેવાય. જ્ઞાન, ધન, અને સત્તામાં જે પ્રજા આગળ પડે છે તે પોતાના ધર્મનો વિશેષ ફેલાવો કરી શકે છે. જૈનોમાં પણ આવી આત્મિક સત્તા પ્રગટ થશે તો તેઓ હારિફાઇમાં આગળ પડતા ગણાશે. કોઇ ધર્મના ઉપર દ્વેષ કરવો નહિ. અન્ય ધર્મ પાળનારા ઉપર પણ ઉપકારો કરવા. અન્ય ધર્મીઓના આત્માને પણ પોતાના આત્મા સમાન લેખી તેઓ ઉપર મૈત્રી ભાવના ધારણ કરવી જે જ્ઞાન સંપાદન કર્યું હોય તેનું દાન આપણા માનવ બાંધવોને આપવું. અન્ય ધર્મીઓના આત્માને પણ

... કેળવણી આપી ઉદ્ધાર કરી. તેમના આત્મા આગળ વધે. આ રીતે જૈન દૃષ્ટિએ જૈનોએ આ કામ ધાર્યું કરી પુરુષ અને સ્ત્રીઓને કેળવણી આપવી. [illegible] અન્ય ધર્મોના સિદ્ધાંતો જાણવા [illegible] અન્ય ધર્મોને, જૈનધર્મ જાણીને તે [illegible] રુચિ થશે.

જે લોકો આત્મા માનતા નથી, પુનર્જન્મ માનતા નથી, ઈશ્વર, પુણ્ય અને પાપ માનતા નથી તે [illegible] નાસ્તિક બનાવવા [illegible] કરે છે. અને તેવા નાસ્તિકોની નાસ્તિકતા ટાળવા [illegible] તેવા પુસ્તકો આપવાં.

ઉપર પ્રમાણે જૈનોની નાસ્તિકતાના નાશ માટે પ્રયત્ન કરવો. દરેક પ્રયત્ન કરવો. દુઃખીઓને ટાળવા, મનુષ્યોને [illegible] આત્માની ઉન્નતિ કરી. [illegible] પુરુષો અને સ્ત્રીઓ શારીરિક, માનસિક અને ધાર્મિક સ્થિતિને [illegible] ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત કરો. સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત થઈ સત્ય સુખને પ્રાપ્ત કરો એ જ અંતઃકરણની શુભેચ્છા છે.

સજ્જનમાં અને દુર્જનમાં તફાવત.

સજ્જનો સમુદ્ર, પૃથ્વી, નદી, સૂર્ય, ચંદ્રની પેઠે સર્વદા બીજાઓને ઉપકાર કરે છે ત્યારે દુર્જનો કાક [illegible] સિંહ અને સર્પની પેઠે બીજાઓને દુઃખના દેનાર થાય છે. સજ્જનો જ્યારે બીજાઓમાં ગુણ દૃષ્ટિ રાખે છે, ત્યારે દુર્જનો અવગુણ દૃષ્ટિના યોગે બીજાઓમાં ગુણ દેખી દોષ દેખે છે—બીજાનું ભૂંડું કરવા આગ [illegible] છે. સજ્જનો [illegible] કરવા તૈયાર રહે છે, ત્યારે દુર્જનો ઉપકાર કરનારનું પણ ભૂંડું કરવા [illegible] હોય છે. સજ્જનો સ્વભાવે [illegible] હોય છે ત્યારે દુર્જનો સ્વભાવે બીજાના [illegible] કરનારા હોય છે. સજ્જનો જ્યારે દુનિયાની [illegible] બાજુ [illegible] છે, ત્યારે દુર્જનો ગુરુ, માતા-પિતા, પાલક આદિ ઉપકારી જનોની પણ [illegible] બાજુ ઉપર લક્ષ આપે છે. સજ્જનો બીજાઓના ગુણોની સ્તુતિ કરે છે, દુર્જનો બીજાઓના ગુણોને પણ અવગુણોમાં ફેરવી નાખીને નિંદા કરે છે. સજ્જનો જ્યારે મનુષ્યોને દયાળુ, ગુણી, પરોપકારી, [illegible] સત્યવક્તા કે ધર્મચુસ્ત બનાવવા પ્રયત્ન કરે છે, ત્યારે દુર્જનો અન્ય મનુષ્યોને હિંસક, નિંદક, ગુણ ઉપર અવગુણ કરનાર, નાસ્તિક, [illegible], પ્રપંચી, [illegible] કે પાપી બનાવવા પ્રયત્ન કરે છે. સજ્જનો કલ્પવૃક્ષ સમાન છે, ત્યારે

તેણે ગાળ દીધી, મારી નિંદા કરી, મને માર્યો, મને ડરાવ્યો, આવા
ચાર મનમાં રાખનારાઓના ધિક્કારનો કોઇ દીવસ અંત આવશે નહીં
રણ કે-કદાપિ પણ ધિક્કાર ધિક્કારથી અટકતો નથી. ધિક્કાર પ્રેમથીજ
શ પામે છે. આ એક પુરાણો ઉત્તમ નિયમ છે. જો મનુષ્ય પવિત્ર
ચારથી બોલે છે, અથવા વર્તે છે તો મનુષ્યની સાથેજ જતી તેની છાયાની
ડે સુખ તેને અનુસરે છે.

सघळा मनुष्य शिक्षाथी कंपे छे, सघळा मनुष्य मृत्युथी बीहे छे,
ाद राखो के तमे पण तेना सरखाज छो, अने तेटला माटे कोइ
ाणीनो वध करता नहि. अने करावता पण नहि.

धर्मशास्त्रो कहे छे के-दरेक प्राणि तरफ दयाळु अने परोपकारी
था, जगत्मां शांति फेलाव, आज सिद्धांतनुं रहस्य मने सद्गुरुए आप्युं.

अद्वैतवादनी ज्ञानचर्चा.

વાદી—અમો એક બ્રહ્મને માનીએ છીએ. માયા આળપંપાળ છે અને
બ્રહ્મ તો સચ્ચિદાનંદ એકજ શુદ્ધસ્વરૂપ છે.

પ્રતિવાદી—હે અદ્વૈતવાદિન્!!! આ તમારો પક્ષ આકાશકુસુમવત્-
અસત્ય ઠરે છે. પ્રથમ તો અમો તમોને પૂછીએ છીએ કે માયા બ્રહ્મથી
ભિન્ન છે કે અભિન્ન? જો કહેશો કે માયા બ્રહ્મ થકી ભિન્ન છે તો
પૂછીએ છીએ કે તે માયા જડ છે કે ચૈતન્ય-કહેશો કે જડ છે તો તે
નિત્ય છે કે અનિત્ય? જો કહેશો કે માયા બ્રહ્મથકી ભિન્ન છે તથા નિત્ય
છે તો અદ્વૈતમતના મૂળને તે તમારો આસ્તિનો સિદ્ધાંત બાળીને ભસ્મ
કરી નાખશે. કારણ કે બ્રહ્મથી ભિન્ન વસ્તુ માયા ઠરી તે પાછી નિત્ય તો
તમારા મુખે તમોએજ દ્વૈતમત સ્થાપન કર્યો, અને અદ્વૈતવાદ મૂળથીજ
અસિદ્ધ ઠર્યો. કહેશો કે માયા જડ છે અને અનિત્ય છે તો દ્વૈતના સિદ્ધ
થઈ કારણ કે અનિત્યવસ્તુ કાર્ય રૂપ છે. તો માયા અનિત્ય હોવાથી કાર્ય
રૂપ ઠરી અને કાર્ય કારણથી પેદા થાય છે તો પછી માયારૂપ કાર્યનું ઉપા-
દાન શું છે તે કહેવું જોઇએ. જો કહેશો તો માયાનું ઉપાદાન કારણ છે તો
परिसमाप्तिनार्थं पसरूपाविरामामात्वरूप અનવસ્થા દૂષણ પ્રાપ્ત થશે. વળી
જો માયાનું કારણ બ્રહ્મ માનશો તો સર્વ કંઈ બ્રહ્મજ બનશે. અને માયાથી
બ્રહ્મ કદાપિ જુદું થવાનું નહિ. કદાપિ તમો માયાને ચૈતન્ય માનશો તો
પૂર્વ કહેલાં દૂષણો તમારા અદ્વૈતવાદમાં આવી ઉભાં થશે. વળી જો તમો

કહેશો કે માયા બ્રહ્મ થકી અભિન્ન છે. તો તે બ્રહ્મજ કહેવું જોઈએ, પણ માયા એક જુદી છે એમ કહો તો પોતાના મુખને સ્વયં બંધ કરવું પડશે.

વાદી—માયા છે તે તો એક જુદા પ્રકારની છે અને આંખે દેખાય છે તે તો સર્વ પ્રપંચ છે.

પ્રતિવાદી—બહુ સારૂ મહેરબાન! તમો માયાને જુદા પ્રકારની માનો છો તે જુદો પ્રકાર કોનાથકી જાણ્યો? તમો કહેશો કે બ્રહ્મથકી માયાનો જુદો પ્રકાર છે તો અમો કહીએ છીએ કે સ્વભાવ ભિન્ન ભિન્ન હોવાને લીધે જુદા જુદા પ્રકાર માનવા પડે છે, તો બ્રહ્મથી માયાનો જુદોજ કરો. માયાનો સ્વભાવ જડ છે અને બ્રહ્મનો સ્વભાવ જ્ઞાનવિશિષ્ટ છે, તો તે બ્રહ્મ અને માયા બે વસ્તુઓ સિદ્ધ કરી. જેમ અજવાળું અને અંધારૂં બે જુદી વસ્તુઓ છે તેમ સમજવું એમ બે વસ્તુઓ સિદ્ધ કરી તો અદ્વૈતવાદરૂપ ભ્રમ દૂર થઈ ગયો. વળી અમો તમોને પૂછીએ છીએ કે માયા સત્ છે કે અસત્? જો તમો સત્ કહેશો તો બે તત્ત્વની સિદ્ધિ થઈ અને જો અસત્ કહેશો તો આ જગત્માં કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ રોગી, કોઈ ભોગી, કોઈ રાજા, કોઈ રંક ઇત્યાદિ પ્રપંચ ક્યાંથી થયો તે કહેવું જોઈએ. વળી અસત્ એ અભાવરૂપ છે. અભાવ ચાર પ્રકારનો છે—પ્રાગભાવ ૧, પ્રધ્વંસાભાવ ૨, અન્યોન્યાભાવ ૩, અત્યન્તાભાવ ૪, એ ચાર અભાવમાંથી કયા અભાવરૂપ માયા છે તે કહેવું જોઈએ. જો અત્યન્તાભાવરૂપ માયા છે એમ કહો તો તે બીલકુલ દેખાવી જોઈએ નહીં. જેમ ઘટાત્યન્તાભાવ બીલકુલ જણાતો નથી તેમ માયાનો અત્યન્તાભાવ હોય તો તે દેખાવી જોઈએ નહીં. પણ ઘટ, પટ, દંડ, ચક્ર એ સર્વ તમોએ માયારૂપ માન્યાં છે તે આંખે દેખાય છે માટે માયાને તમારાથી અસત્ કહેવાશે નહીં. આકાશ કુસુમ અસત્ હોવાથી તે જણાતું નથી, તેમ માયા પણ અસત્ હોય તો જણાવી જોઈએ નહીં—અતઃ માયાને અસત્ કહેવી તે તો વંધ્યાપુત્ર જેવું છે. બ્રહ્મ અને માયા એ બે પદાર્થ સ્વતઃ સિદ્ધ છે.

વાદી—અમારા શાસ્ત્રમાં લખ્યું છે કે:—

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव, दृश्यते जलचंद्रवत् ॥ १ ॥

સર્વ પ્રાણીઓનો એકજ આત્મા છે તે દરેક ભૂતને વિષે રહેલો છે. તે એક જ્યાં બહુ પ્રકારે દેખાય છે; જેમ એક ચંદ્ર જ્યાં જળમાં બહુ દેખાય છે તેમ જાણી લેવું.

પ્રતિવાદી—તમોએ આપેલ દૃષ્ટાંત યુક્તિને પણ સહન કરી શકતું નથી. સર્વ પ્રાણીઓનો જો એક આત્મા માનીએ તો એકને સુખ થયે છતે બીજાને પણ સુખ થવું જોઇએ. એકના દુઃખે બીજાને દુઃખ તથા એકને મુક્તિ પ્રાપ્ત થયે છતે પણ મુક્તિ મળવી જોઇએ. પણ એમ તો થતું નથી. માટે સર્વ જીવનો એક આત્મા કહી શકાય નહીં, તથા આત્મા એક છે અને બીજા જીવો તેના અંશ તરીકે છે. જો એમ કહેતા હોતો તે પણ ઠીક પાયા પર નથી. કારણ કે પારાની પેઠે આત્માના કણીઆ–એટલે જુદા જુદા અંશ થવાનું તેમાં કંઇ કારણ છેજ નહીં. અને આત્માના અંશ કદાપિ કાળે બનેજ નહીં. વળી તમારા દૃષ્ટાંતની એક રીતે ખામી દર્શાવું છું. એક ચંદ્રનાં પ્રતિબિંબ પાણીમાં પડી શકે એ સ્વાભાવિક છે. કારણ ચંદ્ર રૂપી છે, રૂપીનું પ્રતિબિંબ પડી શકે પણ આત્મા તો અરૂપી છે. અરૂપી આત્માનું પ્રતિબિંબ–જીવાત્મા હોઈ શકે નહીં. વળી આત્માનું પ્રતિબિંબ કયા દર્પણરૂપ પદાર્થમાં પડે છે ? કહેશો કે માયામાં. તો માયા નામનો પદાર્થ બીજો ઉભો થાય છે ત્યાં ભિન્નતા પ્રાપ્ત થાય છે. જ્યાં ભિન્નતા ત્યાં અદ્વૈત–અભિન્નતા સંભવેજ નહિ. આકાશ અરૂપી હોવાથી તેનું પ્રતિબિંબ જેમ પડતું નથી તેમ આત્મા અરૂપી હોવાથી તેનું પ્રતિબિંબ પડવું અસંભવિત છે. માટે જળમાં ચંદ્રનું પ્રતિબિંબ સંબંધીનું તમારૂં દૃષ્ટાંત નિરર્થકજ છે. આત્મા પ્રતિ શરીર ભિન્નજ છે. આત્મા ત્રણ પ્રકારના છે. ૧ પરમાત્મા, ૨ અંતરાત્મા, ૩ બહિરાત્મા. વિશેષ ગ્રંથોમાં જોઈ લેવું. વળી અમો કહીએ છીએ કે મનુષ્યનું પ્રતિબિંબ છાંયડા તરીકે પડે છે. તે છાયારૂપ પ્રતિબિંબ મનુષ્યથી ભિન્ન છે કે અભિન્ન ? જો કહેશો કે ભિન્ન છે તો તે જડ છે કે ચેતન છે ? જો જડ કહો તો એમ ઠર્યું કે મનુષ્યાકાર ચેતનનું–પ્રતિબિંબ છાંયડા તરીકે પૃથ્વી ઉપર પડયું. તે છાંયડો ભિન્ન અને જડ ઠર્યો, તો મનુષ્યાકાર ચેતન વસ્તુનો ગુણ છાંયડામાં આવ્યો નહીં, તેમ તમારો બિંબ પ્રતિબિંબ ભાવ, ફક્ત પરમાત્માના ગુણ વિનાનો થઇ પડશે અને કંઇ નહીં તેવો થઈ જવાનો. જેમ દર્પણમાં પડેલ છાયામાં મુખનું પ્રતિબિંબ મુખ રૂપે ભાસે છે તે મુખ રૂપ પ્રતિબિંબ હજારો ઉપાય કરે પણ અસલ મુખનો જે ગુણ તેને પામે નહીં. તેમ પરમાત્માના પ્રતિબિંબ તરીકે જીવાત્માઓને માનનાર મતવાદીઓ કદાપિ કાળે પરમાત્મા સ્વરૂપ થવાના નહીં. અને તેમની કષ્ટ ક્રિયા જ્ઞાન, ધ્યાન, ભસ્મીભૂત ફળ વિનાનાં થવાનાં, એ મહાદોષ પ્રગટ થાય છે. વળી અમો પૂછીએછીએ કે પરમાત્માના અંશભૂત જીવાત્માઓ એકાન્ત થકી નિત્ય પરમાત્માથી ભિન્ન છે કે અભિન્ન ? જો કહેશો કે પરમા-

ત્યારથી ઉપાત્માઓ એકાન્તથી ભિન્ન ભિન્ન છે, તો ઉપાત્માઓ કદાપિકાળે પરમાત્મારૂપ થવાના નથી અને પરમાત્માથી સદાય ભિન્ન રહેવાના. એ કોઈ કપણ તમારા સિદ્ધાંતમાં આવે છે. વળી જો તમે કહેશો કે પરમાત્માથી અલભૂત ઉપાત્માઓ એકાન્તથી ભિન્ન અભિન્ન છે, તો સર્વ કાં પરમાત્મા બની ગયું ! રાગી-દ્વેષી પણ પરમાત્મા બની ગયો ! અજ્ઞાની પણ પરમાત્મા, જેમ કીડી પણ પરમાત્મા, રોગી પણ પરમાત્મા, સ્ત્રી પણ પરમાત્મા, સર્વ પણ પરમાત્મા, એમ કહેવાથી પરમાત્માને આવાં અંકાર દૂષણો આવે છે. અને સર્વ કોઈ પરમાત્મા બની ગયું તો ધર્મ કરવાની શી જરૂર તમારા મત પ્રમાણે છે ! સુખી પણ પરમાત્મા ને દુઃખી પણ પરમાત્મા. કદાપિકાળે ઉપાત્માથી દુઃખ દૂર જવાનું નહીં તથા સર્વ પરમાત્મસ્વરૂપત્વાત્. હવે બીજી રીતે નિત્યનું પરીક્ષાનો વિચાર આરંભીએ છીએ.

सर्वज्ञानिनां एक एव हि आत्मा स्यात्तर्हि संसारिणां मुक्तत्वापत्तिः । मुक्तानां संसारित्वापत्तिश्च सुखिनां दुःखित्वापत्तिः दुःखिनां सुखित्वापत्तिः भविष्यति पुनः एक एव आत्मत्वात् एक एव आत्मा सर्वज्ञानिनां स्वीकर्तुं न शक्यते एकस्य आत्मनः स्वीकारे जगदनुभवविरोधापत्तिः इति एकात्मा स्वीकर्तुं न शक्यते ॥

સર્વ પ્રાણીઓનો એક આત્મા સમવનો નથી એ વાત સિદ્ધ થઈ. વળી હે ભવ્યજિન ! જે ચંદ્રનાં બિંબ અને એથી જળમાં પડતાં પ્રતિબિંબ અનેક ભાસે છે તે દૃષ્ટાંત આપ્યું. પણ તે દૃષ્ટાંત ખોટું કરે છે. કારણ કે ચંદ્રને ચંદ્રનાં પ્રતિબિંબ જળમાં પડેલ છે. તેનો ભેદ છે. જો બિંબ અને પ્રતિબિંબનો ભેદ માનીએ નહિ તો દર્પણમાં પડેલા પ્રતિબિંબનો નાશ થયે છતે ચંદ્રનો પણ નાશ થવો જોઈએ. પણ તે નાશ થતો નથી. માટે બિંબ અને પ્રતિબિંબનો ભેદ છે. આ ચંદ્રનું પ્રતિબિંબ છે. આ અંતરમાં ચંદ્રનો ભેદ પ્રતિબિંબમાં ભાસે છે. માટે બિંબ અને પ્રતિબિંબ એક કહેવાય નહિ. જ્યારે બિંબ અને પ્રતિબિંબ ભિન્ન થયાં ત્યારે એક ચંદ્ર અનેક પ્રકારનો ભાસે છે એમ કહેવાય નહીં, કારણ કે ચંદ્રમાં એકત્વ રહેલું છે અને અનેકત્વનો ચંદ્રમાં બાધ છે. માટે એક ચંદ્ર અનેક પ્રકારનો ભાસે છે એમ કહેવું અસત્ય છે. તેવી રીતે એક આત્માના પ્રતિબિંબ તરીકે અનેક ઉપાત્માઓ માનો છો તે કહેવાય નહીં. કારણ કે બિંબભૂત એકાત્મા અને તેના પ્રતિબિંબ તરીકે અનેક ઉપાત્માઓ છે, તેનો પરસ્પર ભેદ છે. માટે

એકાત્મા એજ અનેક જીવાત્મા તરીકે કહેવાય નહીં. કદાચિત્ તમો બિંબ અને પ્રતિબિંબને એક કહો તો દર્પણમાં પડેલું એવું ચંદ્રનું પ્રતિબિંબ તેનો નાશ થયે છતે ચંદ્રનો પણ નાશ થશે. कुतः बिम्बप्रतिबिम्बयोः ऐक्यत्वात्. પણ ચંદ્રનો નાશ થતો નથી. તેવી રીતે પ્રતિબિંબ તરીકે જે જીવાત્માઓ છે તેનો નાશ થયે છતે બિંબ સ્વરૂપ જે એક આત્મા તમો માનો છો તેનો પણ નાશ થઈ જશે. પુનઃ बिम्बस्वरूपस्यआत्मनः प्रतिबिम्बस्वरूपजीवात्मना सह ऐक्यत्वात्. વળી સર્વ પ્રાણીઓનો જો તમો એક આત્મા કહેશો તો એક કાલાવચ્છેદન કોઈ સુખી હોય છે, કોઇ દુઃખી હોય છે, તેમ થવું જોઇએ નહીં; કેમકે સર્વનો એક આત્મા હોવાના લીધે, કેવળ બધાને સુખ થવું વા કેવળ બધાને દુઃખ થવું જોઇએ. પણ એમ થતું નથી, અને એક કાલાવચ્છેદન કોઈ સુખી ભાસે છે અને કોઈ દુઃખી ભાસે છે. માટે સર્વ પ્રાણીઓનો એક આત્મા કહેવાય નહીં. આત્માઓ અનેક છે તે વાત સિદ્ધ કરી. બીજું આત્મા એક માનશો તો પામર તે મુક્ત તથા મુક્ત તે પામર થઈ જશે. તો મુક્ત-પામરનો જે ભિન્ન વ્યવહાર થાય છે તેની અનુપપત્તિ થશે. માટે આત્મા એક મનાય નહીં. પ્રતિ શરીર ભિન્ન ભિન્ન આત્મા અનંત છે એક નથી. તીર્થંકર મહારાજા કે જે સર્વજ્ઞ છે તેમનું કથન સત્ય કર્યું. શ્રી તીર્થંકર મહારાજ અનંતજ્ઞાની હતા તેમણે કહેલાં શાસ્ત્ર સત્ય છે. પરમાત્માના પ્રતિબિંબરૂપે જીવાત્માઓ કહી શકાય નહિ. કણાદ અનેક આત્મા સ્વીકારે છે, આર્યસમાજીઓ પણ અનેક આત્મા સ્વીકારે છે.

અદ્વૈત—સર્વ જીવાત્માઓ બ્રહ્મ સ્વરૂપમય છે, પણ સ્થૂલદષ્ટિથી જીવાત્માઓ અનેક ભાસે છે પણ તે ભ્રમ છે. જ્યારે તમારો ભ્રમ ભાગી જશે ત્યારે બ્રહ્મથી અતિરિક્ત કાંઈ પણ ભાસશે નહીં.

પ્રતિવાદી—વાહરે વાહ! એ તમારાં વાક્યો કેમ કરી સત્ય કરશે! કહ્યું છે કે:—

मणिर्लुठतु पादाग्रे, काचः शिरसि धार्यताम् ॥
परीक्षकसमासेः काचः काचो मणिर्मणिः ॥१॥

તે પર એક અદ્વૈતવાદીની કથા છે તે સાંભળો. એક બ્રાહ્મણીને કોઇ ગૃહસ્થે પોતાના ત્યાં રસોઈ કરવા બોલાવી. જેમ જેમ રસોઇ કરતી જાય તેમ તેમ એક એક પદાર્થ ચાખતી જાય, પછી ઘર માલીકે જાણ્યું કે આ બ્રાહ્મણી મારી રસોઇ જુઠી (એંઠી) કરે છે, માટે તેણે તેણીને કહ્યું કે હે બાઇ! તેં શા માટે મારી રસોઇ ઉચ્છિષ્ટ કરી! ત્યારે બ્રાહ્મણી બોલી કે બાપ ગીતાજીમાં કહ્યું છે કે:—

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ॥
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥१॥

શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે, સર્વ પ્રાણી માત્રના દેહોમાં હું જ વૈશ્વાનર નામનો અગ્નિ થઈને પ્રાણઅપાનથી સમાયુક્ત થયો છતો ચતુર્વિધ અન્નને પચાવું છું. માટે હે ભાઈ! જે તમોએ મેં પહેલેથી આપી એ વૈશ્વાનરરૂપ ભગવાનને ભાગ તરીકે ધરાવી. પેલો ગૃહસ્થ પણ પાકો ધર જેવો હતો. તેણે ધમધમતું એક અંગારીયું લેઈ તુરત પેલી વેરીને ચાંપી દીધું. વેરી બોલી કે આમ કેમ મને બાળો છો! ત્યારે તે બોલ્યો કે ગીતાજીમાં કહ્યું છે કે આત્મા તો અગ્નિથી બળતોજ નથી. ૨.

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ॥
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ॥ २ ॥

આત્માને શસ્ત્ર છેદી શકતું નથી, અને અગ્નિ બાળી શકતો નથી, જળ ભીનો કરી શકતું નથી, તેમ વાયુ શોષણ પણ કરી શકતો નથી. તે તો સદૈ નિરંજન છે. માટે હે ભાઈ તારા આત્માને શું થઈ ગયું! તે વેરી સમજી ગઈ—કબુલ વાત કરી લીધી, તેમ હે અદ્વૈતવાદિન્! તમારા મત પ્રમાણે આત્મા જે નિરંજન છે તેને ભ્રમ થાયજ કેમ! નજ થાય. તમો તો ત્રિકાલ અવિદ્યા અબાધિત આત્માને માનો છો. સૃષ્ટિ પહેલાં એક બ્રહ્મ હતું તેમ ઉપનિષદમાં સ્પષ્ટ લખ્યું છે. સદેવ સોમ્ય ઇદમગ્ર આસીત્ હે સૌમ્ય! આ સૃષ્ટિ પહેલાં એક સત્-બ્રહ્મજ હતું. જ્યારે સૃષ્ટિ પહેલાં બ્રહ્મ હોય ત્યારે એ બ્રહ્મમાંથી જીવાત્મા એ થાય કેમ! કહેશો કે અવિદ્યા-અજ્ઞાન (ભ્રમ) લાગવાથી તો ભાઈ! તમારા કહેવાપર અનેક દૂષણ આવી થાય છે. કારણ કે સત્-બ્રહ્મને અવિદ્યા લાગીને તેજ જીવ રૂપે થયો તો હવે ધ્યાન, ભજન, દાન એ સર્વ તમો સ્વસ્વરૂપ પામવા બ્રહ્મ થવા કરો છો તે નિરર્થક જશે. કારણ બ્રહ્મ હતા તે જીવ થયા તો પાછા બ્રહ્મ થશો તો જીવ થવાનો સંભવ થાય છે. ઘણાં જન્મ મરણ તો ભોગવવાં પડશે. ત્યાર પછી દેવલોકમાં અને મોક્ષમાં ફેર તો રહેશેજ નહિ. અને તમારી ગીતાજીનાં વચન તમારે ખોટાં કરવાં પડશે. આત્મા તો મુક્તિ પામીને પાછો ફરે નહિ તેજ તમારા ભગવાન્ કહે છે કે માઈ ધામ.

यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम.

માટે તમારું કહેવું અસત્ય છે. વળી જગત્ અને પરમાત્મા એક માનતાં જગત્ મિથ્યા ગણતાં બ્રહ્મ પણ મિથ્યાજ થશે. અને જગ-

તને નિત્ય કહેશે તો जगत मिथ्या ए ખોટું ઠરતાં તમારાં પ્રમાણ નાશ પામશે માટે જો ઉભય બંને સત્ય માનશે તો द्वैतापत्ति दूषण લાગુ પડશે. સર્વદા તમારે માટે તો રજ્જુપાશ છે. માટે તમારા મત પ્રમાણે બ્રહ્મ નિત્ય અગર અનિત્ય માની શકાતુંજ નથી. તથા માયાને અનિર્વાચ્ય માનશો તો (अनाद्यविद्या अनिर्वाच्या कारणोपाधिरुच्यते.) તેનો અર્થ એ રીતે કહી નહિ શકાય તેવી એમ છે તો માયાનો વ્યવહારજ નહિ થાય. અનેકાન્ત મત રીતે સત, અસત, ઉભયથા માનવી પડશે તોજ વ્યવહાર થશે.

અદ્વૈતવાદી—ગંગાના બિંદુઓ જેમ ગંગાથી ઉછળી પાછા તેમાંજ સમાય છે તેમ બ્રહ્મમાંથી અનેક જીવ પ્રકટે છે ને તેમાં સમાઈ જાય છે.

પ્રતિવાદી—અરે ભાઈ! વિચારો તો ખરા. ગંગાથી ગંગાના બિંદુઓ અભિન્ન હોય તો તે ગંગાથી ભિન્ન થાયજ નહીં. માટે એ દ્રષ્ટાંત પણ કલ્પિત અસત્ય છે. બ્રહ્મ અરૂપી-નિરાકાર છે માટે તેમાંથી જળકણ પેઠે અનેક જીવો નિકળે છે અને તેમાં સમાઈ જાય છે એમ પ્રત્યક્ષ પ્રમાણ પણ કહેવાતું નથી. બ્રહ્મથી અનેક જીવો નિકળી પાછા તેમાં લય થઇ જાય છે એમ કહો તો સુખ દુઃખના અનુભવની અનુપપત્તિ થશે. કારણ કે તમારા મત પ્રમાણે બ્રહ્મને સુખ દુઃખ નથી એ વિરોધ આવે છે. માટે પ્રતિશરીર ભિન્ન ભિન્ન આત્મા સ્વીકારવા જોઇએ. ગંગાનું પાણી અને ગંગાના જળ કણ બે પ્રત્યક્ષ વસ્તુ છે અને બ્રહ્મ પ્રત્યક્ષ ન હોવાથી તે દ્રષ્ટાંત પણ આપવું ખોટું છે. જળના કણ જળથી ઉપજે છે. પાછા જળમાંજ લય પામે છે. તે દ્રષ્ટાંતમાં સમજવાનું કે તે બે અનિત્ય છે. તેમ અહીં બ્રહ્મથી ઉત્પન્ન થયેલા જીવાત્માઓને તમો નિત્ય વા અનિત્ય માનો છો? નિત્યની ઉત્પત્તિ થાય નહીં, નિત્ય વસ્તુ કાર્યરૂપે સંભવે નહીં, એમ નૈયાયિકો કહે છે. અને બ્રહ્મથી ઉત્પન્ન થયેલા જીવાત્માઓને અનિત્ય કહેશો તો जीवथी अभिन्न ब्रह्म-તે અનિત્ય ઠરશે. માટે બ્રહ્મમાંથી ઉપજતા જીવો તેમાં લય પામે છે એ વાત અસિદ્ધ ઠરી.

વાદી—અમારી ઉપનિષદોમાં તથા શંકર સ્વામિના ગાદિરૂપ પરંપરા શિષ્ય માધવ, શંકરવિજયના ત્રીજા પ્રકરણમાં લખે છે કે परमात्मा जगदुपादानकारणमिति. પરમાત્માજ જગતનું ઉપાદાન કારણ છે. જગતમાં જે કંઇ છે તે સર્વે પરમાત્મા રૂપ છે.

પ્રતિવાદી—એ પણ કહેવું વ્યાજબી નથી. જ્યારે જગતરૂપ પરમાત્મા છે ત્યારે કોઇ પાપી નથી, કોઇ ધર્મી નથી, કોઇ સુખી નથી, કોઇ દુઃખી નથી, સ્વર્ગ-નર્ક-સાધુ કે ચોર કોઇજ નથી. ચંડાળ જેવા બ્રાહ્મણ, સ્ત્રી

જેવી માતા, મદ્ય જેવો બાપ, રાગી સમાન ત્યાગી કરશે; કારણ સર્વ જગત્ પરમાત્મા છે-અખંડ એકરૂપ રૂપે છે તો ત્યાં ભેદજ શો ?

અદ્વૈતવાદી—અમારા અદ્વૈતમતના આદ્યાચાર્ય શંકરાચાર્ય સ્વામિ છે તેમણે સર્વ મતોનું ખંડન કરી શંકરમત-અદ્વૈતમત સ્થાપ્યો છે તેનું ખંડન કરનાર કોણ છે ? જુઓ તે પર શંકર દિગ્વિજયમાં લખેલું છે તેમાં જૈન તથા બૌદ્ધ મતનો પરાજય શંકરે કર્યો દર્શાવ્યો છે.

પ્રતિવાદી—એ વાત તદ્દન ગપ્પ છે. શંકર દિગ્વિજય કલ્પિત છે તે હમણાં સિદ્ધ થઇ ચૂક્યું છે. તે પર હાલમાંજ જાહેર પાડવામાં આવ્યું છે કે, જૈન સાધુ કપાળમાં તિલક કરતા નથી તે તે ગ્રંથમાં ' સાધુ તિલક કરીને સામો આવી શંકરાચાર્યે જોડે વાદ કરવામાં આવ્યો. લખ્યું છે તે વાત તદ્દન જુઠી છે. શંકરાચાર્યના અદ્વૈતવાદનું શ્રી રામાનુજાચાર્યે, શ્રી વલ્લભાચાર્યે, શ્રી માધ્વાચાર્યે તથા નિમ્બાર્કાચાર્યે, અને આર્યસમાજીએ ખંડન કરી, તે અદ્વૈતમતને નિર્મૂળ કરી નાંખ્યો હોવાથી હજી તે ઉભો થવા પામ્યો નથી. કારણ તે તે સંપ્રદાયોનું ખંડન કર્યું છે. માટે તમારો અદ્વૈતમત સિદ્ધ થઇ શક્યો નહિ હોવાથી તે અસિદ્ધ છે અને સર્વથા અમારો જૈન ધર્મ સિદ્ધ સત્ય ઠરે છે. સંગ્રહનયની અપેક્ષાએ કહેલા અદ્વૈતવાદનો જૈન દર્શનમાં સમાવેશ થાય છે. પણ એકાન્ત સંગ્રહનય માન્યાથી મિથ્યાત્વ ગણાય છે. અમારા શ્રી યશોવિજય ઉપાધ્યાય તથા શ્રી હેમાચાર્ય વિગેરેએ અદ્વૈતનું ખંડન કરી જૈન વિજય દર્શાવ્યો છે. માટે આપ સમજી સત્ય માર્ગે વળો અને આત્માનું કલ્યાણ કરો.

ઉચ્ચભાવના.

આત્મા ઉચ્ચભાવનાથી પરમાત્મા થાય છે. હું અધમ છું, શક્તિહીન છું, પાપીમાં પાપી છું, દુષ્ટ છું, વ્યભિચારી છું, એવી નીચભાવના કદી ન ભાવવી જોઇએ. અન્ય પ્રતિ પણ આવી નીચભાવના કદી મનમાં ન લાવવી જોઇએ. હું પાપી છું, એમ વિચારવાના કરતાં હું પાપ ટાળવા સમર્થ છું, હું પાપથી ભિન્ન છું, પાપને દૂર કરી શકું. આવી ઉચ્ચ ભાવનાથી થોડા દીવસમાં પાપની વૃત્તિયો નાશ પામે છે. હું દુષ્ટ છું, એવું આત્મામાં દુષ્ટતાનું ભાન ન ચઢાવવું જોઇએ. વસ્તુતઃ આત્મા દુષ્ટ નથી. કર્મજ દુષ્ટ છે. અને તે કર્મનો આરોપ આત્મા ઉપર કર્યો, દુનિયાની સર્વ વસ્તુનો આરોપ આત્મા ઉપર કર્યો, તેથી તો આત્મા બંધાયો છે. માટે હું દુષ્ટ નથી, દુષ્ટ કર્મને હરવા સમર્થ છું. અનેક જીવોએ દુષ્કર્મોનો નાશ કર્યો ...

અને કોઇ આત્માને દુષ્ટ ધારતો નથી. આવી ઉચ્ચ ભાવનાથી હૃદયમાં આર્ત અને રૌદ્રધ્યાન ઉત્પન્ન થતું નથી, મૈત્રીભાવનાની વૃદ્ધિ થાય છે, અને આત્મા પોતાનું નિર્દોષ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. હું વ્યભિચારી નથી. વસ્તુતઃ નિશ્ચયથી અન્ય પણ વ્યભિચારી નથી. આવી શુદ્ધ નિશ્ચયનયની ઉચ્ચભાવનાથી વ્યવહાર દૃષ્ટિથી જોતાં જે જે દોષો લાગ્યા હોય છે, તે ટળી જાય છે. આ વાક્યને અજમાવી જુવો એટલે ખાત્રી થશે. અન્ય પણ વસ્તુતઃ વ્યભિચારી નથી, આવી શુદ્ધનયભાવનાથી વ્યભિચારીયોપર થતો દ્વેષ અટકશે, અને પોતાના હૃદયમાં દ્વેષ ન જાગવાથી હૃદય નિર્મળ રહેશે. આવી ભાવના સન્તજન પામી શકે છે. બાળજીવો તેમાં પ્રવેશ કરી શકતા નથી, એમ કહેવાય તો પણ નક્કી ખાત્રી રાખશો કે ઉચ્ચભાવના ભાવવાનું સામર્થ્ય સર્વમાં રહ્યું છે. હું કર્મના વશ નરહી શકું. કર્મનાશ કરવાનું સામર્થ્ય મારામાં રહેલું છે. આત્માની શક્તિ હું પ્રગટાવી શકું. કર્મ કરે તે થાય એવો કોઇ અપેક્ષાએ નિયમ છે. આત્મા કર્મનો નાશ સહજમાં કરી શકે છે. નઠારાં કર્મ ટાળીને સારાં કર્મ કરવાનું સામર્થ્ય પણ મારામાં રહ્યું છે. ધનાદિકના અભાવે હું ગરીબ છું, એમ ભલે લોક કહે, પણ આત્માના ગુણો તો આત્મામાં રહેલા છે, તેની અપેક્ષાએ હું ગરીબ નથી. સર્વ મનુષ્યો પરમાત્મા થઇ શકે. આત્મામાં પરમાત્મપણું રહ્યું છે. નઠારી વૃત્તિયોની ભાવનાથી આત્મા નીચ થઈ શકે છે; અને પરમાત્મા છું, અનન્ત શક્તિમય છું ઇત્યાદિ ઉચ્ચવૃત્તિયોની ભાવનાથી આત્મા પરમાત્મા થઈ શકે છે. શુભાશુભ અવતારો પણ શુભાશુભ વૃત્તિયોનું પરિણામ છે, માટે ક્ષણે ક્ષણે ઉચ્ચભાવના ધારવી. વસ્તુતઃ આત્મા અસંખ્ય પ્રદેશમય નિર્મળ છે, તો તેને નીચ ચિંતવવાનો શો હક ? આત્માનું ખરું સ્વરૂપ મૂકીને તેમાં કાળનું આળ ચઢાવીને આત્માને તેવો ભાવ્યાથી કર્મની વૃદ્ધિ થાય છે. ઉચ્ચભાવનાની અપેક્ષાએ ઉચ્ચભાવના તમને અવશ્ય ઉચ્ચ કરશે. ઘરની અંદર દીવો હોય, કોઇ ઘરને ઉચ્ચ કહે, નીચ કહે, નાનું કહે, મોટું કહે, તેથી દીવો તેવો થઇ શકતો નથી. તેવીજ રીતે શરીરરૂપ ઘરની અંદર રહેલ આત્મા દીપક સમાન છે. શરીરને કોઇ જમે તે કહે તેથી આત્મા હું એમ છું, એવી નીચભાવના ભાવવી નહીં, દુનીયા મને જે જે કહે છે તે હું નથી, એમ ઉચ્ચ ભાવના ભાવવી. દુનિયાના વ્યવહાર વિચારોની લજ્જા-ભય અને કીર્તિ વગેરેને દૂર મૂકી, આત્માની પરમાત્મસત્તા વિચારવી. ભાવના જેવી તેવુંજ ફળ ધારો. આનંદની વાનગી ઉચ્ચભાવનાથી મળશે.

શ્રી સ્થાપનાચાર્યથી થતા ફાયદા.

સાધુ અને સાધ્વી દરેક સ્થાપનાચાર્ય રાખે છે. ગુરૂ વિરહંમિ ઠવણા ગુરૂના વિરહમાં સ્થાપનાચાર્ય રાખવા જોઈએ. આનંદની જાતિ સમુદ્રમાં થાય છે. દાખ ઓળખની પાસેથી લીધેલ છે. ચંદનના આવર્ત બે પ્રકારના હોય છે. વામઆવર્ત અને દક્ષિણાવર્તઃ જેમ વામાવર્તવાળા તો ઘણા દેખ વામાં આવે છે. દક્ષિણાવર્તવાળાનો મહિમા ઘણો મનાયો છે અને તે ક્વચિત્ મળી આવે છે. વામાવર્તવાળાક એવી મુનિવર્ગ તેને પ્રતિષ્ઠા કરે છે. સ્થાપનાચાર્યની મંત્રથી પ્રતિષ્ઠા કરવામાં આવે છે. અને તેથી તેની અંદર સ્થાપના મુદ્રિના રહસ્યનો ચમત્કાર રહે છે. સ્થાપનાચાર્ય રાખવાની પરંપરા ઘણી જુની છે. અનુયોગદ્વારસૂત્રના મૂળપાઠથી સ્થાપનાચાર્ય રાખવાની સિદ્ધિ થાય છે આદીના ધ્યાનમાં દોરાની બુદ્ધિ કદ ધારણ કરી દોરાની તન્મયપણે પૂજ કરનાર મિત્રને જેમ વિદ્યાની સિદ્ધિ થઈ તેમ શ્રી સદ્ગુરૂની જ્ઞાન આદિમાં સ્થાપના કરી ધર્મક્રિયા કરવાથી પણ તેવા પ્રકારનું ઉપયોગ થઈ શકે છે. અને તે સંબંધી પૂર્વાચાર્યોમાં ભદ્રબાહુ સ્વામીએ સ્થાપના કુલક કહેલ બનાવ્યો છે. તેમાં સારૂં વિવેચન કર્યું છે. તેમજ એકસોને આઠ ગ્રંથ બનાવનાર ન્યાયાચાર્ય શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ સ્થાપનાની સઝાય રચી છે. તે નીચે મુજબ છે.

સઝાય.

પૂરવે નવમાથી ઉદ્ધરી, જિમ ભાખે શ્રી ભદ્રબાહુરે.
થાપના કલ્પ અમે કહું, તિમ સાંભળજો સવિસાધુરે, તિમ.
પરમગુરૂ વચણરે ચિત્ત દીજે રે, મન તો શિવ સુંદરિના ફલ
લીજે રે. ટેક.

લાલ વરણ જેહ થાપના, માંહે રેખા શામ તે જોય રે.
આયુજ્ઞાન બહુ સુખ દિયે, તેતો નીલકંઠ સમ હોય. તિમ. ૨.
પિત્તવરણ જે થાપના, માંહે દીસે બિંદુ તે શ્વેતરે.
તેહ પખાલી પાઈયે, સવિરોગ વિલયનો હેતરે. સ. ૩.
શ્વેત વર્ણ જે થાપના, માંહે પીતબિંદુ તસ હોય રે;
નયન રોગ દૂરે ટળે, પીનાં ટળે શુભ શરીર રે. પી. ૪.
નીલ વરણ જે થાપના, માંહે પીતબિંદુ તે સારરે;
તેહ પખાલી પાઈએ, હોય અહિવિષનો ઉતારરે. હોય. ૫.

ટળે વિશુચિકા રેગ જે, ઘૃતલાભ દિયે ઘૃતવર્ત્તરે;
રક્ત વરણ પાસે રહ્યા, મોહે માનવી કેરાં મન્નરે. મોહે. ૬.
શુદ્ધ શ્વેત જે થાપના, માંહે દિસે રાતી રેખરે;
દંડ થકી વિષ ઉતરે, વળી લેસજે કાર્ય અશેષરે. વ૦ ૭.
અર્ધરક્ત જે થાપના, વળી અર્ધરક્ત પરિપુષ્ટરે;
તેહ પખાલી છાંટિયે, હરે અક્ષિરોગને દુષ્ટરે. હે. ૮.
જંબુ વર્ણ જે થાપના, માંહે સર્વ વર્ણના બિંદુરે;
સર્વ સિદ્ધિ તેહથી હોવે, મોહે નરનારીના વૃન્દરે. મો. ૯.
જાતિ પુષ્પ સમ થાપના, સુતવંશ વધારે તેહરે;
મયૂરપિચ્છ થાપના, વાંછિત દિયે નવિ સંદેહરે. વાં. ૧૦.
સિદ્ધિ કરે ભવ અપહરે, પારદ સમ બિંદુ તે શ્યામરે;
મૂષક સમ જે થાપના, તે ટાળે અહિવિષ ઠામરે. તે. ૧૧
એક આવર્તે બળ દીયે, બિહુ આવર્તે સુખ ભંગરે;
ત્રિહુ આવર્તે માન દે, ચિહુ આવર્તે નહિ રંગરે. ચિ. ૧૨.
પંચ આવર્તે ભય હરે, છ આવર્તે દે રોગરે;
સાત આવર્તે સુખ કરે, વળી ટાળે સઘળા રોગરે. વ. ૧૩.
વિષમાવર્તે સુખ ભલું, સમ આવર્તે ફળહીનરે;
ધર્મનાશ હોય એહથી, એમ ભાખે તત્ત્વ પ્રવીણરે. ધર્મ. ૧૪.
જેહ વસ્તુમાં થાપીએ, દક્ષિણ આવર્તે તેહરે;
તે અખુટ સઘળું હોયે, કહે વાચક જશ ગુણ ગેહરે. કહે. ૧૫.

શ્રીભદ્રબાહુસ્વામી નવમાપૂર્વમાંથી ઉદ્ધરીને સ્થાપનાનું માહાત્મ્ય કહે છે. શ્રીભદ્રબાહુ સ્વામી શ્રુતકેવલી છે. અને તેમનાં વચન પ્રામાણિક ગણાય છે. સ્થાપના જો લાલવર્ણવાળી હોય છે તો તે બહુ સુખ આપે છે. લાલવર્ણ સ્થાપનામાં શ્યામરેખાઓ હોય છે, તો તે આયુષ્ય જ્ઞાન અને બહુ સુખ દેનારી થાય છે. પીળાવર્ણની સ્થાપના હોય અને તેની અંદર શ્વેતબિંદુ હોય છે એવી સ્થાપનાનો જળથી પખાલ કરી પાવામાં આવે છે તો પૂર્વ રોગનો નાશ કરનારી થાય છે. શ્વેત એટલે ધોળા વર્ણવાળી સ્થાપના હોય છે અને તેમાં પીળા બિંદુઓ હોય છે તો તે સ્થાપનાના જળછંટકાવથી ચક્ષુના રોગ ટળે છે, સારી ચક્ષુઓ બને છે: અને તેનો પખાલ કરી પીતાં શૂળ વિગેરે રોગો પણ ટળે છે. નીલવર્ણવાળી સ્થાપના હોય અને તેની અંદર પીળા બિંદુઓ પડયા હોય છે તો તેની સ્થાપનાને પખાલી પીવાથી સર્પ વિષનો નાશ થાય છે. ઘૃત વર્ણવાળી સ્થાપનાથી ઘી વગેરેનો લાભ થાય

છે. સાધ્ય ધર્મનું જ્ઞાન સ્વાધ્યાયથી અનુપ્રેક્ષાના અંત સુધી જાય છે એટલે, સ્વાધ્યાયનું મુખ્ય ફળ કહ્યું છે. શુદ્ધ ભાવ સ્વાધ્યાયમાં રહી શકતા હોય છે તે તેનાથી મોક્ષમાર્ગ ચિત્ત ઠરે છે અને અપૂર્વ કર્મની નિર્જરા થાય છે. અંતરંગસ્વાધ્યાયથી જ્ઞાન જે આવે છે તે આત્માના દોષો નાશ પામે છે અને તેથી વિકારોનો પણ નાશ થાય છે. અનુકૂળ ધર્મધ્યાન સ્વાધ્યાય હોય અને તેની સાથે સર્વ પ્રકારના નિયમો હોય છે તો સર્વ સિદ્ધિ થાય છે. અને તેથી સ્વાધ્યાય ભેદે પામે હોય છે તેના ઉપર મનનો ભેદ થાય છે. સર્વ કેવળ પદ થાય છે. અત્યંત મુખ્ય સાધન સ્વાધ્યાય હોય છે તે કુટુંબની વૃદ્ધિ કરે છે. અને મધુરતા વિશેષ સાધન સ્વાધ્યાય હોય છે તે ચંચળ ચિત્તને વારે છે, એમાં અપ્રમત્તપણું રહેલ નથી. જે સ્વાધ્યાય પરમાર્થ સાધન હોય છે અને તેની સાથે સારા નિયમો પાળેલા હોય છે તે સર્વ કાર્યસિદ્ધિ કરે છે અને અજ્ઞાન નાશ કરે છે. જે સ્વાધ્યાય તે સર્વના હિત કરે છે. એક આત્યંતિક સ્વાધ્યાય પરમાર્થ સાધન હોય છે, એ આત્મંતરી સુખનો અંત થાય છે. ધર્મ આત્યંતિક સ્વાધ્યાય શુભપણાથી મનની શુદ્ધિ થાય છે અને સ્વ આત્મંતરી રમણતા નથી. એવા આત્યંતિક સ્વાધ્યાયથી ભાવ મનનો નાશ કરે છે. આ આત્યંતિક સ્વાધ્યાય એમ થવામાં નિમિત્ત કારણ થાય છે. જ્ઞાન આત્મથી સુખ મળે છે અને સંવર એમ થાય છે. એક, પાંચ, સાત આદિ આવર્ત વિષમ આવર્ત કહેવાય છે, વિષમાવર્ત સ્વાધ્યાયથી અત્યંત સુખ થાય છે. સમ આવર્ત બે, ચાર, છ, આઠ આદિ કહેવાય છે તેથી કાર્યની હીનતા થાય છે. કલ્પિતાવર્ત સ્વાધ્યાય તે સિદ્ધિ હોવાને હોય છે તે સ્વાધ્યાય જે વસ્તુમાં સ્થાપન કરવામાં આવે છે તે વસ્તુ અભૂત થાય છે એમ શ્રી સ્થવિરિત્મા ઉપદેશ કરે છે. સ્વાધ્યાયને શુદ્ધ રીતિ અનુસરવામાં આવે છે, અને એવી શુદ્ધિથી સ્વાધ્યાય સર્વ ક્રિયાઓ થઈ શકે છે. સ્વાધ્યાયની સમ્યક્ ક્રિયાઓ પ્રતિ અતી રીતે આત્મસુખ કરી શકે છે. સ્વાધ્યાયનો મુખ્ય હેતુ આચરણમાં આવે તો કેવળ જ્ઞાની આત્માનો ઉદ્ધાર કરી શકાય છે. સ્વાધ્યાયમાં પૂર્ણ શુદ્ધિ હોવાથી સામર્થ્ય પ્રાપ્તિ થાય છે. જે લોકો સ્વાધ્યાય સમ્યક્ ક્રિયા કરી ધર્મનો લાભ લીધો છે, તેઓ સ્વાધ્યાયનું ફળ મેળવી શકે છે. સ્વાધ્યાયથી લાભ થવાનો સંભવ છે, પણ ઉન્નતિ થવાનો સંભવ નથી. સ્વાધ્યાયથી હૃદયની શુદ્ધિ થાય છે. સ્વાધ્યાયનું મુખ્ય હોવાથી સત્ય ઉપરે સ્વાધ્યાયથી એકમે તેનો લાભ મળે કે નહીં એ સ્વાભાવિક છે. સ્વાધ્યાયનું જ્ઞાન કોઈ જે લોક સ્વાધ્યા-

ચાર્યને માને છે તે ઉત્તરોત્તર ઉન્નતિ માર્ગમાં પ્રવેશ કરે છે, શ્રદ્ધાળુ જીવો સ્થાપનાચાર્ય દ્વારા ભક્તિ માર્ગમાં પ્રવેશ કરે છે, સકળ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. શ્રદ્ધાથી મન ધર્મક્રિયામાં સંશયરહિતપણે પ્રવેશ કરે છે. સ્થાપનાચાર્યથી વિશેષ અન્ય ફાયદાઓ પણ થાય છે. સ્થાપનાચાર્ય નિમિત્ત કારણ છે, ઉપાદાન કારણની શુદ્ધિ થવામાં સ્થાપનાચાર્યરૂપ નિમિત્ત કારણની જરૂરીયાત છે. સાધુઓ અને સાધ્વીઓ સવારમાં અને ત્રણ વાગ્યાના આશરે એમ બે વખત સ્થાપનાચાર્યની પ્રતિલેખના કરે છે, તેથી જ્ઞાન દર્શન અને ચારિત્રની શુદ્ધતા થાય છે, સ્થાપનાચાર્યથી સંબંધી વિશેષ હકીકત ગુરૂ ગમથી જાણવી જોઇએ. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ज्ञानी शुभ अने अशुभ संयोगोना प्रसंगोमां अलिप्त रहे छे.

સર્વ જીવોને પુણ્ય અને પાપના ઉદયથી સાનુકૂળ અને પ્રતિકૂળ સંયોગોનો પ્રસંગ થાય છે. શુભસંયોગોમાં આત્મા શુભમનોદ્રવ્યકારણથી હર્ષ ધારણ કરે છે. અને અશુભ સંયોગોમાં અશુભમનોદ્રવ્યકારણથી ખેદ ચિંતા ધારણ કરે છે. સાનુકૂળ સંયોગોમાં આત્મા રાગ કરે છે અને પ્રતિકૂળ સંયોગોમાં આત્મા દ્વેષ ધારણ કરે છે આવી રાગ અને દ્વેષની દશામાં આસક્ત રહેનાર આત્મા ઉચ્ચજીવન કરી શકતો નથી. નવતત્ત્વોનું તથા ષટ્ દ્રવ્યનું જ્ઞાન સહેલાઇથી થઇ શકે છે, નવતત્ત્વની શ્રદ્ધા થઈ શકે છે, પણ રાગદ્વેષને જીતવાની આત્મશક્તિ કોઇ વિરલા ધારણ કરે છે. રાગદ્વેષને જીતવા તેજ ચારિત્રકોટી કહેવાય છે. ચારિત્રકોટી પ્રાપ્ત કરવાથી અનંતાનંદ થાય છે. સદ્વર્તનનો પણ ચારિત્રમાં સમાવેશ થાય છે. રાગ અને દ્વેષ જિતવાથી જિનેશ્વરો પૂજ્ય ગણાયા છે. આપણે પણ તે સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ છીએ.

સુખ દુઃખમાં સમભાવ.

સુખ દુઃખ વાદળ છાયા પેરે ક્ષણમાં આવે જાય—આ વાક્યનો પરમાર્થ એ છે કે બાહ્યસુખ અને દુઃખ સદાકાળ રહેતાં નથી. ઘડીમાં સુખ થાય છે અને ઘડીમાં દુઃખ થાય છે, ઘડીમાં કીર્તિ થાય છે, ઘડીમાં અપકીર્તિ થાય છે, ઘડીમાં લક્ષ્મી મળે છે ત્યારે બીજી ઘડીમાં નાશ પામે છે, પુત્રજન્મે છે ત્યારે સુખ થાય છે અને પુત્ર મરવાથી દુઃખ થાય છે. આવી રીતે સુખના અને દુઃખના હેતુઓથી મનમાં સુખ અને દુઃખ પ્રગટે છે, આ ઉપરથી નિશ્ચય સમજાય છે કે સુખ અને દુઃખના હેતુઓની મનમાં સારી અને ખોટી અસર થાય છે અને તેથી સુખ દુઃખ થાય છે. મનમાં સારી

અસર પહોંચી અસર ન થાય તો સમભાવની સ્થિતિ પ્રાપ્ત થાય છે. જ્ઞાનિ પુરુષો મનમાં જ્ઞાનબળથી સારી અસર પહોંચી અસર થવા દેતા નથી. આત્મજ્ઞાનના ઉપયોગથી વિવેકદૃષ્ટિ સમભાવમાંજ દેખાય છે. જ્ઞાનીપુરુષના કોઈ ગુણ ગાય છે તોપણ તેમને કંઈ અસર થાતું નથી, કારણકે તે સમજે છે કે ગુણ ગાવાથી અન્યને લાભ મળે છે એમાં મારું કંઈ જતું આવતું નથી. તેમજ કોઈ નિંદા કરે, આળ ચઢાવે, છાપામાં અસત્ય છપાવે; તોપણ સમજે છે કે, અજ્ઞાન નિંદાથી મારું કંઈ જતું આવતું નથી. જે જીવ નિંદા કરે છે, લખે છે, છપાવે છે, તેને પોતાના કર્મનું ફળ ભોગવવું પડે છે તેથી ઉલટા જ્ઞાનિ પુરુષો નિંદકના ઉપર પણ દયાની દૃષ્ટિથી જુવે છે.

સુખની વેળા કરતાં દુઃખની વેળામાં જ્ઞાની વિશેષતઃ સાવધાન રહે છે.

વિવેક દૃષ્ટિથી જ્ઞાનિપુરુષો દુઃખનો સમયપણ ઉત્સવ સમાન માને છે. બધામાં સર્વ ઉંચા જ્ઞાનિથી રહે છે પણ ત્યાગના પ્રસંગમાં જ્ઞાનિ રહેવી મુશ્કેલ છે. સુખમાં સ્થિર જ્ઞાનિમાં રહેવું એ બનવા યોગ્ય છે પણ દુઃખમાં સ્થિર જ્ઞાનિ રહેવા મુશ્કેલ છે. જ્ઞાનિપુરુષો સુખના પ્રસંગ કરતાં દુઃખના પ્રસંગમાં વિશેષતઃ આત્મજ્ઞાનમાં મસ્ત રહી ધૈર્યધારણ કરી સમભાવ સેવે છે. ભયંકર સંયોગોના વચ્ચમાં જ્ઞાની ઉભો રહી અન્તરથી નિર્લેપ રહે છે. નહિ ભડકનારા યોદ્ધા તથા રણક્ષેત્રમાં તોપોના અવાજોથી ભડકતા નથી. તેમ જ્ઞાનિ પુરુષ પણ દુઃખના પ્રસંગે ગભરાતો નથી. જ્ઞાની સમભાવથી અજ્ઞાનના ઉદયોની ઉદીરણા ભોગવે છે, દુઃખના પ્રસંગે તે વિશેષતઃ આત્મજ્ઞાનમાં મસ્ત રહે છે, તેના સુખની પ્રસંગના એક સરખી કાયમ રહે છે. જ્ઞાની એમ સમજે છે કે બાહ્યના સુખ દુઃખના સંયોગોથી આત્મપણું કંઈ નથી. અજ્ઞાનદૃષ્ટિનો નાશ કરવો પુન: પુન: તે મનમાં આત્મભાવના ભાવી ઉદયમાં આવે છે, દુઃખના પ્રસંગમાં જ્ઞાની વિશેષતઃ વૈરાગી-ત્યાગી બને છે; કારણકે જ્યારે રોગ, શોક, વિયોગ, અપકીર્તિ, અને અશાતા વગેરે કુસંયોગો રહે છે ત્યારે તે ઉદયકર્મની ... ધારણ કરે છે અને તેને સમભાવથી ભોગવીને છૂટી જાય છે તેના મનમાં બાહ્યના શુભાશુભ સંયોગો અસર કરતા નથી. દુઃખના પ્રસંગે જ્ઞાનિના આત્માનું જ્ઞાન રક્ષણ કરે છે અને નવાં કર્મ બાંધવા દેતું નથી ... સ્થિતપ્રજ્ઞ જ્ઞાનિને દુઃખ પડતું દેખે છે પણ જ્ઞાની તો તેને દીલગીર ગણતો નથી. સુખના સંયોગો કરતાં કોઈ વખતે દુઃખના સંયોગો ઉત્તમ, વિશેષ હોય છે. સારા વિચારો કરતાં કોઈ વખતે ખરાબ વિચારો પણ થાય છે, આ સર્વનું કારણ મન છે. મન એક સ્થિતિમાં અચળ રહે તો સમભાવ સ્થિતિથી સાક્ષાત્ આનંદનો ભોગ

જ્ઞાની પુરૂષ દુઃખમાં પણ આત્માનો આનંદ ભોગવે છે.

આત્મા બને છે, આત્મજ્ઞાન અને ચારિત્રની અનેરાક- જેથી આત્મા વિના શોક વગેરેને ક્ષણમાં જીતી લે છે. આવા સત્પુરૂષો જલપંકજવત્ સંસારથી ન્યારા રહી શકે છે. જ્ઞાની પુરૂષ ભિક્ષા માગે છે પણ તે અન્તરથી માગતો નથી. કારણ કે તે શરીરના નિભાવ માટે ભિક્ષા માગે છે પણ આત્માના આનંદ માટે ભિક્ષા માગતો નથી. જ્ઞાની પુરૂષની કોઇ મશ્કરી કરે, ઉપાડે તોપણ તેની તેને અસર થતી નથી. જ્ઞાની શરીરથી રોગી હોય તોપણ અન્તરથી તે નિરોગી રહી આત્માનંદ ભોગવે છે. ઘર બળી જાય તોપણ તેના મનમાં જરામાત્ર શોકની અસર થતી નથી. જ્ઞાનિ-મુનિવર્યનું કોઇ માન કરે તોપણ તેને હર્ષ થતો નથી. કોઇ અપમાન કરે તો પણ તેને શોક થતો નથી. જ્ઞાનિ પ્રમાદાવસ્થામાં સુખ દુઃખના સંયોગો ઉત્પન્ન કરીને લાગે છે પણ જ્ઞાનની પરિપક્વ અવસ્થા થતાં બાહ્ય શુભાશુભ સંયોગોને જીતી આત્માનંદ ભોગવે છે. જ્ઞાની પોતાના આત્માવિના અન્યત્ર અહંમમત્વ બુદ્ધિ ધારણ કરતો નથી. ગજસુકુમાલ અને મેતાર્ય મુનિના શરીરે મહા પીડા થઇ તોપણ આત્મસ્વરૂપમાં લીન હતા તેથી તેમને શરીરની પીડા અસર કરી શકી નહિ. કોઇ મનુષ્યને કાંટો વાગ્યો હોય છે ત્યારે તેનો કાંટો કાઢનાર પુરૂષ કાંટો વાગનારને કાંટો કાઢતાં દુઃખ ન થાય તે માટે કહે છે કે, દેખ કોઇ અમુક ઝાડ ઉપર ત્યાં શું થાય છે. ત્યારે તેનું ચિત્ત દશ્ય પદાર્થની સાથે લીન થાય છે કે પેલો કાંટો કાઢનાર કાંટો કાઢે છે ત્યાં તેને વેદના માલુમ પડતી નથી અને દુઃખ ઓછું થાય છે. તેજ રીતે જ્ઞાની પુરૂષ આત્મસ્વરૂપમાં લીન એવો થઇ જાય છે કે તેને બાહ્યના દુઃખ પડે છે, વેઠે છે; ત્યાં અન્તરથી ભિન્ન રહે છે અને તે આત્મ સ્વરૂપમાં લીન થએલો હોવાથી આત્મસુખની જ ભોગી હોય છે. યોગિ જ્ઞાનીને કોઇ આવી માથે ઘા કરે, વખાણે, ઉપાડે તોપણ યોગિ જ્ઞાનિ પુરૂષને તેની કંઇ અસર થાય નહિ. જ્ઞાનીને તથા યોગિને કોઇ ખૂશ કરે તો તેથી તે ખૂશ થતો જણાતો નથી. જ્ઞાનીને કોઇ જ્ઞાની કહે તેથી કંઇ જ્ઞાનિને વિશેષ થવાનું નથી. આ વચનને જ્ઞાની પુરૂષ ચારિત્ર અંગીકાર કરી રાગદ્વેષના વિકારોને જીતે છે અને ઉત્તમ યત્ન કરે છે. કોઇ વખત પડી જાય છે તોપણ પુનઃ ચારિત્રની સિદ્ધિ માટે યત્ન કરે છે. અને કરે છેજ.

પરમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું માનવાથી રાગદ્વેષ થાય છે.

અજ્ઞાન દશાપરિણતી જે જે બાહ્યમાં પદાર્થો છે તેમાં ઇષ્ટપણું અને અશુભ પદાર્થોમાં અનિષ્ટપણું માનવાથી અનુક્રમે રાગદ્વેષ ઉત્પન્ન થાય

છે [illegible] પરવસ્તુમાં રાગ અને અનિષ્ટબુદ્ધિ કરતો નથી તેથી તેને પ-
રવસ્તુઓ [illegible] કર્મ બંધ થતો નથી છે. પરવસ્તુ [illegible] અને નિજવસ્તુની
[illegible] નથી [illegible] પરવસ્તુને આત્માર્થે નથી આત્મા તેથી ભિન્ન છે.
[illegible] સ્વરૂપમય છે. આત્મા [illegible] વિચારોથી જુદો થાય છે.
અને [illegible] વિચારો જુદો [illegible] આત્મા [illegible] પરવસ્તુના [illegible]
નિશ્ચય [illegible] છે અને આત્મા જ્ઞાન અને ચારિત્રથી પરવસ્તુનું
[illegible] નથી. [illegible] પરવસ્તુનું
[illegible] નથી. તેના [illegible] અનુભવ [illegible]
[illegible] છે. જ્ઞાની જ્ઞાનમગ્ન રહીને પાપ પુણ્ય સમભાવ,
ઉદાસીન રહેલી [illegible] નવિરોધ. [illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે પણ તેમ [illegible] શકે નથી. જ્ઞાનીની દશા પ્રાપ્ત

આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ જ્ઞાનદશાથી નિર્લેપ રહી શકે છે.

[illegible] થાય છે. [illegible]
[illegible] અને સાધુઓ [illegible]
[illegible] જ્ઞાન ચારિત્ર [illegible] છે. [illegible]
છે તેવા તેઓ [illegible] કરે છે, ત્યાં
[illegible] રહી ઉપકાર કરી શકે છે,
[illegible] અને સાધુઓ જ્ઞાનદશાથી [illegible]
[illegible] છે [illegible] જ્ઞાનદશાથી નિર્લેપ રહી શકે છે.
[illegible] કરી શકે છે અને ઉપાધ્યાય [illegible] પણ [illegible] જ્ઞાનદશાથી
[illegible] છે. [illegible] ઉપાધ્યાય, અને [illegible]
[illegible] જ્ઞાન અને ચારિત્ર [illegible] રહી શકે છે. તેમ [illegible]
[illegible] જ્ઞાનદશા [illegible]
[illegible] છે. [illegible] પણ જ્ઞાનદશા [illegible]
[illegible] પ્રાપ્ત કરી શકે છે અને [illegible]
[illegible] છે સાધુમાર્ગ અને ગૃહસ્થમાર્ગ [illegible]
[illegible] છે તે [illegible]
[illegible] રહી શકે છે.

જ્ઞાનિની દશા પ્રાપ્ત કરી શકાય છે.

આત્મજ્ઞાનથી જ્ઞાનિની દશા પ્રાપ્ત કરી શકાય છે. આત્મા અનંત-

શક્તિનો ધણી છે. તેનાથી સર્વ બની શકે છે. જે વસ્તુને ઉદ્દેશી પ્રયત્ન કરે છે તેને તે પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે. ત્યાં તેને પોતે પ્રગટાવી શકે એમાં કંઇ આશ્ચર્ય નથી. આત્મજ્ઞાનમાં રમણતા કરવાથી પ્રતિદિન જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે. અધ્યાત્મ જ્ઞાનનો અભ્યાસ કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને અનેકાંત જિનાગમ જ્ઞાન માટે સદ્ગુરૂની જરૂર છે. સામગ્રીની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાનરૂપ કાર્યની સિદ્ધિ થાય છે. સાધુઓના સમાગમથી જ્ઞાનિની દશા પ્રાપ્ત થાય છે જ્ઞાનિની દશા માટે પૂર્ણ શ્રદ્ધા, પ્રેમ ભક્તિ અને સત્સમાગમની આવશ્યકતા શાસ્ત્રમાં સ્વીકારેલી છે, તેથી ભવ્ય પુરૂષો તેજ માર્ગે વળી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આનંદજીવન ક્ષણે ક્ષણે ગાળે છે. આત્મજ્ઞાનિ પુરૂષોની અનુમાનથી બુદ્ધિઅનુસાર પરીક્ષા થઈ શકે છે પોતાની મેળે શાસ્ત્ર વાંચતાં જે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી તેની પ્રાપ્તિ સંતસાધુઓના સમાગમથી ક્ષણમાં થાય છે.

મનુષ્યજન્મમાં સારમાં સાર બાહ્ય સુખ દુઃખમાં સમભાવ દશા.

જૈન સિદ્ધાંતનો ગુરૂગમ દ્વારા પૂર્ણ અભ્યાસ કરવાથી તત્ત્વજ્ઞાનીપણું પ્રાપ્ત થાય છે. ઇંગ્લીશ વગેરે ભાષા જ્ઞાનથી કંઈ તત્ત્વજ્ઞાન વા આત્મજ્ઞાન થતું નથી માટે જિનાગમ વાંચી સાંભળી અધિકાર પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરી અંતે આત્માની સમભાવ દશા સારા ખોટા પ્રસંગોમાં જાળવવી. પુત્ર, શિષ્ય, ધન, કીર્તિ, સત્તા, અને વૈભવ આદિથી આત્માનું વસ્તુતઃ કંઇ હિત થતું નથી. આત્મજ્ઞાન પામી આત્માના શુદ્ધ સ્વભાવમાં રહેવું એજ જીવનનો સાર છે. શ્રી વીર ભગવાન્ કે જેમને ગૃહસ્થાવાસમાં ચોસઠ ઇન્દ્રો પૂજતા તેમણે સમભાવ ચારિત્ર પ્રાપ્ત કર્યું. શ્રી વીર પ્રભુ પોતાને કોઇ પૂજે, અને કીર્તિ કરે તો બાહ્ય સુખમાં મમત્વ માનતા નહોતા, અનેક પ્રકારના ઉપસર્ગ થતાં, આત્માનો સમભાવ સ્વભાવ છોડતા નહિ, આવી આત્મદશા પ્રાપ્ત કરી સર્વજ્ઞ થઇ સિદ્ધ પરમાત્મા થયા. તેમણે અનેક ભવથી આરંભેલી આત્મજ્ઞાન દશાને સત્તાવીસમા ભવમાં પૂર્ણ કરી. અર્થાત્ સર્વજ્ઞ થયા. આપણે પણ પ્રભુના પગલે ચાલી આત્મજ્ઞાન અને સમભાવ દશાને માટે ક્ષણે ક્ષણે ભાવના કરવી. આત્મજ્ઞાનથી થએલી દૃઢ આત્મભાવના અંતે સમભાવની કોટીનો અનન્ત આનંદ પ્રાપ્ત કરાવે છે. ગુણઠાણા વિભાગોની પેઠે આવી આત્મજ્ઞાનની સમભાવ દશામાં ક્રમે ક્રમે પ્રવેશ થાય છે, પ્રમાદ દશાથી પાછું પડવું થાય છે અને અપ્રમત્ત દશાથી ચઢવું થાય છે. સર્વ મનુષ્યો આમ સ્વરૂપ બિંદુરૂપ લક્ષ્યને એકાગ્રરૂપ બાણથી વિંધવા પ્રયત્ન કરે છે તેમાં કેટલાક પાર થાય છે અને કેટલાક નપામ

થાય છે પણ તેથી હિંમત હારવી નહિ. પ્રતિદિન આત્મજ્ઞાનથી સમભાવ દશા પ્રાપ્ત કરવા અભ્યાસમાં જોડાવું. આવી ક્રિયા કરનાર શુકલ પ
છે અને આવી ક્રિયામાં નહિં જોડાનાર કૃષ્ણ પક્ષીયો છે. સમભાવના મ
ઉપર ચઢવા માટે એક લાખ પગથીયાંની કલ્પના કરો. કોઇ પાંચમા
થીયે છે, કોઇ હજારમા, કોઇ દશ હજારમા અને કોઇ લાખમા પગથીયે
કોઇ સમભાવના મહેલમાં છે, કોઇ પગથીયે ચઢે છે, અને ચઢીને પડે
આગળના પગથીયે ચઢેલા નીચલા પગથીયે રહેનારની નિંદા કરે છે, અ
નીચ ગણે છે. નીચા પગથીયાવાળા આગળના પગથીયા ઉપર ચઢેલા
ઉચ્ચ ગણે છે, વસ્તુતઃ જ્યારથી જાગ્યા ત્યારથી ચઢનાર સર્વ પગથીય
ઉપર છે માટે પડનાની નિંદા નહિ કરતાં પગથીયાથી પડતા આત્માઓ
ટેકો આપી આગળ ચઢાવવા જોઇએ, પણ પડનારની નિંદા-હેલના કરવી
નહિ. દ્રવ્ય દયા કરતા આત્માની આવી ભાવદયામાં અનંત ગુણ પરોપકાર
સમાયો છે. આત્મજ્ઞાનની દષ્ટિથી સમભાવ રૂપ મહેલના પગથીયા ઉપર પગ
મૂકનારે ચઢતાં ચઢતાં ઇષ્ટાનિષ્ટ સંયોગ રૂપ બે દિશાઓમાં લક્ષ્ય દેવું નહિ.
આગળને આગળ ચાલ્યા જવું તે માટે કહે છે કે,

સ્વસ્થ ચિત્તે ચાલવું ત્યાં, મોહઘાટી ભેદવી;
ઘાટ અવઘટ ઉતરીને, આત્મસત્તા વેદવી.
જીવડા જાગીનેરે જોગીસંગે, ચાલજે નિજ દેશમાં. જીવડા. ૧
ચિત્ત નિજ ઉપયોગમાંહિ, રાત્રી દીવસ ચાલજે;
પામી પ્રેમે દેશ ત્હારો, નિજસ્વરૂપે મ્હાલજે. જીવડા. ૨
સારી આલમ દેખજે તું, જ્યોતિ જ્યોત મિલાવજે;
ભૂલી જગનું ભાન વાલ્હમ, તારી ધ્રુવની પાવજે. જીવડા. ૩
અલખ અરૂપિ આતમા તું, જોડીલાને જગાડજે;
બુદ્ધિસાગર તરજા પાછળ, ભાનુને તું ભાળજે. જીવડા. ૪

સમભાવ અથવા આત્મસ્વરૂપ મૂળ ધર્મદશામાં અનુભવજ્ઞાનરૂપ યોગિની
સાથે સ્વસ્થ ચિત્તે ચાલવું છે, મોહઘાટી ભેદીને અવઘટઘાટ, વઘાટ ઉતર-
વાનો છે. આત્મસ્વરૂપમાં રમી આત્મસ્વરૂપ વેદવાનું છે. હે આત્મન્! પોતાના
શુદ્ધ સ્વભાવનો ઉપયોગ રાખી રાત્રી દીવસ ચાલજે; સર્વજ્ઞ થઇ સર્વ જગ-
તનો જ્ઞાતા દશ થા, સિદ્ધસ્થાનમાં સિદ્ધોની સાથે સિદ્ધતાનો સંબંધ કરજે.
અજ્ઞાન ભાવે જગતનું જે ભાન થાય છે તેને ક્ષાયિકજ્ઞાન પામી ભૂલી જ
જે. અર્થાત્ દૂર રહેલા ધ્રુવના તારાની પેઠે અખંડ સ્થિર સ્વરૂપ પ્રાપ્ત કરજે.
અલક્ષ્ય, અને અસ્વરૂપ એવા હે આત્મન્! તું તારા સજાતિય આત્માઓને

સમભાવરૂપ શિવ મહેલના પગથીયાઓ ઉપર ચઢવા માટે જગાડજે. તરણાની પાછળ સૂર્ય રહેલો હોય તેમ અજ્ઞાનરૂપ તરણું તેનાથી આત્મરૂપ સૂર્ય આચ્છાદિત થએલો છે તેને. હે ભવ્ય! અજ્ઞાનરૂપ તરણું દુર કરી પ્રાપ્ત કરજે, આત્મજ્ઞાનથી ત્હારૂં દર્શન થતાં સારા ખોટા સંયોગોથી ત્હારૂં કંઇ બગડનાર નથી, ત્હારા મૂળ સ્વરૂપમાં રહેવાની સ્થિતિ મેળવી શકીશ, આત્મશક્તિનો વિશ્વાસ રાખ, સારા અને ખોટા સંયોગોમાં સમભાવ રાખવાની ટેવ પાડજે તેથી તું જીવનમુક્ત થઇ અનંત આનંદનો ભોક્તા થઇશ.

તપાગચ્છ વિજય શાખામાં અગ્રગણ્ય સંવેગી શ્રી સત્યવિજય પન્યાસનું જીવન ચરિત્ર.

મહાત્મા પુરૂષોના ચરિત્રથી અનેક પ્રકારનું જ્ઞાન થાય છે અને તેમના સદ્વર્તનનો લાભ પણ વાચકવૃન્દને થાય છે. પંડિત શ્રી જિનહર્ષ મુનિરાજે શ્રી સત્યવિજયજીનું નિર્વાણ બનાવ્યું છે તેના આધારે આ લેખ લખવામાં આવે છે.

દેશ ગામ, અને જન્મ.

શ્રી સત્યવિજયજીનો જન્મ દેશ માળવા હતો. સપાદલક્ષના નામે તે દેશ ઓળખાય છે. માળવામાં લાડલું નામનું ગામ હતું તે સમયમાં ત્યાં વ્યાપાર સારો ચાલતો હતો. ગૃહસ્થ વણિક લોકો વસતા હતા. ત્યાં એક વીરચંદ નામે શેઠ વસતા હતા. તેમનું દુગડ ગોત્ર હતું. તેમના આચાર વિચાર સારા હતા. અને તેમની જૈન ધર્મ ઉપર શ્રદ્ધા સારી હતી. તેમની માતુશ્રી વીરમદે હતાં. તેમનામાં અનેક સદ્ગુણોએ વાસ કર્યો હતો. પત્નીના ધર્મોનું સારી પેઠે પાલન કરતાં હતાં. સર્વની સાથે પ્રેમથી સંભાષણ કરતાં હતાં. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જીર્ણોદ્ધાર, જ્ઞાન અને

સાત ક્ષેત્રમાં દાન આપવું.

ચૈત્ય; એ સાત ક્ષેત્રનું યથાશક્તિ ધનથી પોષણ કરતાં હતાં. દાન આપવા ઉપર સારી રૂચિ હતી. વ્યાપારથી આજીવિકા કરીને સંતોષમાં જીવન નિર્ગમન કરતાં હતાં. અનુક્રમે દેવગુરૂ ધર્મની આરાધના કરતાં તેમને એક ભાગ્યવંત પુત્ર થયો. તેનું શિવરાજ નામ પાડયું. બાલક પુત્ર

શિવરાજ પુત્ર જન્મ.

ઉપર મા બાપનો અત્યંત પ્રેમ થયો તેનાં લક્ષણ સારાં હતાં. ધર્મ ઉપર પ્રેમ સહેજે થવા લાગ્યો. ધર્મ ક્રિયાઓમાં વિશેષતઃ રૂચિ થવા લાગી. એક દિવસ

મુનિનો સત્સમાગમ.

ત્યાં એક મુનીશ્વર પધાર્યા તેમના દર્શનથી શિવરાજના હૃદયનાં ધર્મની ઉંડી અસર થઈ. કહ્યું છે કેઃ—

શ્લોક

साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः ।
तीर्थः फलति कालेन सद्यः साधुसमागमः ॥ १ ॥

સાધુઓના દર્શનથી પુન્ય થાય છે. સાધુઓ જંગમ તીર્થ રૂપ છે, સ્થાવર તીર્થની સેવા તો કાળાંતરમાં ફળ આપે છે અને સાધુઓનો સમાગમ તત્કાળ ફળ આપે છે. મુનિના ઉપદેશની અસર વિજયરાજના હૃદયમાં સચોટ થઈ. વૈરાગ્યે હૃદયમાં વાસ કર્યો. સાંસારિક પદાર્થોની ક્ષણિકતા સમજવા લાગી. માતા પિતા, ભાઈ બહેન, સગા વહાલા એ સર્વ સ્વાર્થનાં સગાં છે. કોઈ અંતે સાથે આવનાર નથી. લક્ષ્મી ચંચળ છે, એમ નિશ્ચય કર્યો. સંસારમાં જીવ અનાદિકાળથી ભમે છે, પણ સંસારનો પાર આવ્યો નહીં. ધર્મ છે તે જ સાર છે. સાધુ ધર્મ આરાધવાથી મુક્તિ મળે છે એમ નિશ્ચય કર્યો. માતા અને પિતાની પાસે આવી દીક્ષા લેવાની રજા માગી. જનની અને જનકે પુત્રને ઘણો સમજાવ્યો પણ વિજયરાજનો દીક્ષા લેવાનો નિશ્ચય દૃઢ રહ્યો. માતાએ પરભાવથી કહ્યું: હે પુત્ર! સાધુનાં વ્રત પાળવાં કઠિન છે, સંસારમાં રહી ધર્મ કરવાની કોશીશ કર. પણ સર્વ પ્રયત્ન નિષ્ફળ થયા ત્યારે માતા અને પિતાએ અને કુટુંબીજનોએ દીક્ષા લેવાની રજા આપી અને કહ્યું કે વિજયરાજ પુત્ર! તું આચાર્ય થઈ જિનશાસનનો ઉદ્યોત કરજે. વળી કહ્યું: અમારી સંમતિ છે પણ દીક્ષા લેજો ગુરુ સાથ. વિજયરાજને ઘણા સાધુ આચાર્યોને તેડાવ્યા પણ તેમને ધ્યાન થયું નહીં. કારણ કે હું તેમની પાસે દીક્ષા લેનાર નથી. શુદ્ધ સમાચારી જેમાં છે અને જેમાં ઉત્તરાધ્યયનની મૂર્તિ વીર ભગવાનની અવિચ્છિન્ન પરંપરામાં આવેલ સુવિહિત મુનિ ગુરુની પાસે દીક્ષા અંગીકાર કરવાનો છું, તે માટે હે માતા પુત્રનું મન સ્થિર જોઈ શ્રી જિનચંદ્રસૂરીન્દ્રને તેડાવવા વિચાર કર્યો. માતાએ ખરતરગચ્છના સંઘને પુછી, ગચ્છપતિ સૂરિને આમંત્રણ કર્યું.

જનની જનકને દીક્ષા માટે પ્રાર્થના.

શ્રી જિનચંદ્રસૂરિને તેડાવવા વિજ્ઞપ્તિ-આગમન.

વીરચંદની સલાહ લઈ, આમના શ્રાવક સંઘને પુછી, ગચ્છપતિ સૂરિને આનંદથી તેડાવવા વિનંતિ કરી. સૂરિરાજ પણ લાભનું કારણ જાણી વિહાર કરતા મહોત્સવપૂર્વક ત્યાં આવ્યા. સંઘમાં આનંદ થયો. હજારો મનુષ્યો ધર્મ દેશના સાંભળી નિરંતર મનવાંછિત ધર્મ સાધન કરવા લાગ્યાં, ઘણા મતની શ્રદ્ધાવાળાઓ પણ

પૂર્વની ખરી શ્રદ્ધામાં જોડાઇ મૂર્તિને માનવા લાગ્યા. દીક્ષા મહોત્સવની તૈયારીઓ થવા લાગી. અષ્ટાન્હિકા મહોત્સવ શરુ

દીક્ષા મહોત્સવ.

થયો. શ્રી વિજયસિંહ સૂરીશ્વરે શિવરાજને ક્ષણિક પદાર્થોનું સ્વરૂપ સમજાવ્યું. હે ભવ્ય શિવરાજ, અનંતભવ પરિભ્રમણ કરતાં મહા પુણ્યયોગે સત્ય તત્ત્વનું ભાન થાય છે. આત્મામાં અનંત સુખ ભર્યું છે છતાં જીવ મોહથી જડ વસ્તુમાં સુખની ભ્રાંતિથી રાચે માચે છે, સ્યાદ્વાદ દર્શનપૂર્વક આત્માનું

ગુરૂનો ઉપદેશ.

સ્વરૂપ જ્ઞાનદર્શન ચારિત્રરૂપ છે. પરૂદ્રવ્યમાં રમણતા કરવાથી પુદ્‌ગલ સંગથી છૂટાય છે. શ્રી વીતરાગ પ્રભુના ઉપદેશ પ્રમાણે કર્મથી છૂટવાને સાધુમાર્ગ શ્રેષ્ટ છે; કારણ કે સાધુ થવાથી આશ્રવનો ત્યાગ થાય છે. આત્મા બાહ્ય વસ્તુઓને પોતાની નથી માનતો ત્યારે તે વખતે નિર્મમત્વ ભાવવાળો થાય છે, છકાયના જીવોની દયા પણ ચારિત્ર લેવાથી બને છે. તે ભવમાં મુક્તિ પામનાર તથા ત્રણ જ્ઞાન સહિત એવા તીર્થંકરો પણ ચારિત્ર અંગીકાર કરે છે. ઇત્યાદિ ઉપદેશ સાંભળી શિવરાજ કહેવા લાગ્યા કે હે ગુરૂરાજ! મ્હને આ અસાર સંસારમાંથી તારો—સદ્‌ગુરૂવિના જગત્‌માં કોઈ તારનાર નથી, આ

શિવરાજની પ્રાર્થના.

પનુંજ મ્હને શરણ થાઓ. કૃપા કરીને દીક્ષા આપી મુક્તિમાર્ગ સમ્મુખ કરો. આ પ્રમાણે વિનંતિ કરી ઘેર આવ્યા. સાત આઠ વરઘોડા કહાઢ્યા, સર્વ ગામ જમાડ્યું, સ્નાન કરી વસ્ત્ર આભૂષણ પહેરી ઘોડા ઉપર શિવરાજ ચઢ્યા, અનેક પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં, વરઘોડો ગાજતે વાજતે ગુરૂ પાસે આવ્યો, માતાની ચક્ષુમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. માતાએ ગુરૂને કહ્યું કે હે ગુરૂરાજ! આપની દેશનાથી મને તથા મારા પતિ તથા પુત્રને ધર્મ ઉપર પૂર્ણ રાગ થયો છે. મારા પુત્ર રત્નને હું આપને સોંપુ છું. મારા હૃદયનો હાર છે, મારો પ્રાણ છે, તેને આપશ્રી પુત્રની પેઠે સાચવશો. આપના ખોળામાં અર્પ્યો છે માટે એને મીઠી વાણીથી હિતશિક્ષા આપશો.

દીક્ષા.

ન્હાના બાળક ઉપર કદી રીસ કરશો નહીં. એની બાલ્યાવસ્થા છે માટે તપ કરવાની ઉગ્રવૃત્તિ નિવારજો. અને સારી રીતે સારસંભાર કરશો. મારા પુત્રના અવગુણ તરફ દૃષ્ટિ કરશો નહીં. થોડું કહેવામાં ઘણું સમજી લેશો. ચૌદ વર્ષની ઉમરે શુભ વાર તથા વેળામાં શ્રી વિજયસિંહ સૂરિએ શિવરાજને દિક્ષા

સત્યવિજય.

આપી સત્યવિજય નામ પાડ્યું. સાધુના વેષે ન્હાના મુનિવર્ય વૈરાગ્યની મૂર્તિ જાણે સાક્ષાત્ હોય નહિ!

દીક્ષા આપવા લાગ્યા—ગુરૂકુળ વાસ છોડવા લાગ્યા. આગમ, શાસ્ત્ર તથા ભાષ્ય
અભ્યાસ. ... ટીકાઓ, ચૂર્ણિ, ભાષ્ય, અને નિર્યુક્તિ,
આદિનો ... અભ્યાસ કરવા લાગ્યા.
... ક્રિયા કરવા લાગ્યા, ...
... પંચમ આરાના યતિઓ પ્રમાદી થવા લાગ્યા ... ...
... ત્યારે સત્યવિજયજીના મનમાં વિચાર થયો.

વિજયસિંહ આચાર્યજીના શિષ્ય સત્યવિજયજીએ ક્રિયોદ્ધાર કર્યો.

દુહા-મુક્તિ નિર્ગંથ માર્ગ.

શ્રી આચારજ પૂછીને, કરૂં ક્રિયા ઉદ્ધાર;
નિજ આતમ સાધન કરૂં, બહુને હોય ઉપકાર;
શ્રી ગુરૂ ચરણ નમી કરી, કરજોડી વિનવેરે;
અનુમતિ જો મુજને દીયો, તો કરૂં ક્રિયા ઉદ્ધારેરે. ૧
કાલ પ્રમાણે ખપ કરે, કાપી દુષ્ટ કર્મ કલેશારે;
તપ કરૂં આગમ પૂછીને, માનવ ભવનો ફલ લેવારે. ૨
ગુણવંત ગુરૂ ઇણિપરે કહે, યોગ્ય જાણીને સુવિચારેરે;
જિમ સુખ થાએ તિમ કરો, નિજ સફલ કરો અવતારેરે. ૩
ધર્મમાર્ગ દીપાવવા, પાંગરીયા મુનિ એકાકીરે;
વિચરે ભારંડની પરે, શુદ્ધ સંયમશું દિલ છાકીરે. ૪

એક દિવસ શ્રી સત્યવિજયજીએ શ્રી વિજયસિંહસૂરિને કહ્યું કે આપની આજ્ઞા હોય તો હું ક્રિયોદ્ધાર કરૂં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે સંયમ પાળું. શ્રી આચાર્યે કહ્યું કે—જેમ સુખ થાય તેમ કરો (જહા સુહમ્ દેવાણુપ્પિયા) પોતાનો અવતાર સફળ કરો. આ પ્રમાણે કહ્યું ત્યારે ધર્મમાર્ગ દીપાવવા શ્રી સત્યવિજયજીએ એકાકીપણે વિહાર કર્યો અને ઉદેપુરમાં આવી ચોમાસું કર્યું. ઘણા લોકોને પ્રતિબોધ આપી ધર્મમાં સ્થિર કર્યા. છઠ્ઠ અઠ્ઠમ ઉપવાસ કરવા લાગ્યા, મેવાડમાં વિચરીને મારવાડ દેશમાં વિહાર કર્યો. મારવાડ દેશમાં ઘણા લોકોને જૈન ધર્મમાં સ્થિર કર્યા. મેડતા ગામમાં કે જ્યાં શ્રી આનંદઘનજી પણ પ્રમત્તે રહેતા હતા અને જ્યાં તેમની દેરી છે ત્યાં આવી ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરતા કરતા અનેક ભવ્યજીવોને પ્રતિબોધતા નાગોરમાં આવી ચોમાસું કર્યું. ત્યાં અનેક મનુષ્યોને ધર્મ પમાડી વિહાર કરતા જોધપુરમાં આવી

ચોમાસું કર્યું. એમ વિહાર કરતા કરતા સોજત ગામમાં પધાર્યા. શ્રી વિજયસિંહસૂરિની પટ્ટપર વિરાજિત શ્રી વિજયપ્રભસૂરિએ સોજત ગામમાં સં. ૧૭૨૯ ની સાલમાં સત્યવિજયજીને પન્યાસપદ આપ્યું. ત્યાંથી વિહાર કરતાં સાદડી ગામમાં આવ્યા. ત્યાં આવી એક ચોમાસું કર્યું. ત્યાંથી વિચરતા અનુક્રમે ગુજરાત દેશમાં આવ્યા. પાટણમા

સં. ૧૭૨૯ સોજત ગામમાં પન્યાસપદ.

આવતાં સંઘના આગ્રહે ત્યાં રહ્યા. ત્યાંથી અમદાવાદ આવી ચાતુર્માસી કરી. અમદાવાદમાં ઘણો મહિમા થયો. સર્વ ગચ્છમાં મહાપુરૂષ શ્રી સત્યવિજયજી છે એવી ખ્યાતિ થઈ! ત્યાંથી પાટણ પધાર્યા. શ્રાવક તથા શ્રાવિકા શ્રી સત્યવિજયજી પન્યાસના મુખથી વ્યાખ્યાન સાંભળવા લાગ્યાં. વૃદ્ધાવસ્થા થવાથી પાટણમાં ઘણાં ચોમાસાં કર્યાં, તેમના સાધુ તરીકે કેટલાક શિષ્ય પણ થયા. શ્રી સત્યવિજયજી પન્યાસની ઉમર વ્યાસી વર્ષની થઈ. અમદાવાદના સોમકરણ શાહાના પુત્ર સુરચંદ શાહ વ્યાપાર માટે પાટણમાં આવ્યા હતા, તે શ્રી સત્યવિજય પન્યાસને પ્રતિદિન વાંદી ધર્મોપદેશ સાંભળતા હતા. એક દિવસ પન્યાસજીને મંદવાડ થયો, ચાર પાંચ દિવસ મંદવાડ રહ્યો. પણ શ્રી સત્યવિજયજી ધર્મધ્યાનમાં લીન થયા, સમભાવે વેદના સહી ચઉસરણ પયન્નો આદિ સારી રીતે ગણવા લાગ્યા. અંત્યાવસ્થા જાણી ઘણાં સ્ત્રી પુરૂષો વાંદવા આવવા લાગ્યાં. રૂપિયાદિક નાણાવડે પન્યાસના નિર્મળ નવઅંગનું નરનારીઓ પૂજન કરવા લાગી. નિર્વાણ ગ્રંથમાં રૂપૈયાદિક નાણાંથી નવ અંગે પૂજા કરી એમ લખ્યું છે. ઘણા લોકોએ વ્રત પ્રત્યાખ્યાન કર્યાં. પોષ શુદી બારસે સિદ્ધયોગ અને શનિવાર હતો ત્યારે પન્યાસજીએ દેહત્યાગ કર્યો. સુરચંદ શાહે તે પ્રસંગે મહાજનોને તેડાવ્યા, અનુપમ માંડવી રચીને તેમાં પન્યાસજીના શરીરને પધરાવ્યું. પ્રાતઃકાલમાં માંડવી કાઢી. આગળ સુરચંદ શાહ હતા. હાકેમના સિપાઇઓને પણ સાથે ગરનઃ મહાત્મા કીધા. "જય જય નંદા જય જય ભદ્દા" શબ્દ બોલતો સંઘ માંડવી સાથે ચાલવા લાગ્યો. શ્રાવક શ્રાવિકાઓ સોના રૂપાનાં ફુલ ઉછાળતા ચાલ્યાં. વાડીમાં શરીર પધરાવ્યું, શુદ્ધ સ્થાનકે ચિતા રચી અગરતગર ચંદન, કપુરાદિકથી શરીર પ્રજ્વાળ્યું, અને ત્યાં અનુપમ થુભ (સ્તૂપ) બનાવ્યો, જે થુભ દેખતાં ઘણા મનુષ્યોને તેમના જીવન ચરિત્રની યાદી આવે છે. અને તેમના સદ્ગુણો તરફ દ્રષ્ટિ જાય છે. સદ્ગુણીના ગુણ ગાવતા તે ગુણો મનમાં પોતાનામાં રમ્યા છે તે પ્રગટ થાય છે. શ્રી વિજયસિંહ સૂરિના એ અંતેવાસી

પોશ શુદી ૧૨ સ્વર્ગગમન.

સારાંશ.

શિષ્ય હતા, તેમનું ઉત્તમ નિર્મળ ચારિત્રથી સાર્થક થયું. તેમનું નામ સંવેગી વિજયશાખાના મુનિવરોમાં આદ્ય પુરુષ તરીકે અમર થયું. તેમના શિષ્ય કપૂરવિજય થયા.

શિથિલાચારમાં મલીન રહેલા નિર્મળ આચારને ધારણ કર્યો. તેનો ધડો હાલ લેવા યોગ્ય છે. અપ્રમત્તદશાથી તેઓ ઘણું કરી શક્યા. તેમની વૈરાગ્ય દશા હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. ૨૦ વર્ષની ઉમરે દીક્ષા લીધી. સર્વ આ-રૂપ જહાજની વર્તું હતું, તે ઉપરથી સિદ્ધ થાય છે કે તેમણે આકરું વં-ર્ષિ સંવેગ માર્ગનું પરિપાલન કર્યું. શ્રી વિજયસિંહ સૂરિએ કઈ સાલમાં દીક્ષા આપી તે નિર્વાણ રાસ ઉપરથી સિદ્ધ થતું નથી પણ ૧૭૨૯ ની સાલમાં પંન્યાસપદ લીધું તે વખતમાં વિજયપ્રભ સૂરીશ્વર હતા. ત્યારે સિદ્ધ થાય છે કે ૧૬૮૯ ની સાલ પહેલાં દીક્ષા લીધી હોય. દીક્ષાની સાલ અને સ્વર્ગની સાલનો અન્તરકાલ વગેરેથી નિર્ણય કરવાનો બાકી રહે છે. આચાર્યોની પરંપરામાં ચરિત્ર માર્ગમાં સાધુઓ શિથિલ થાય છે ત્યારે ક્રિયોદ્ધાર થાય છે. શ્રી સત્યવિજયજીના પહેલાં શ્રી આનંદવિમલસૂરિએ પણ ક્રિયોદ્ધાર કર્યો હતો. શ્રી સત્યવિજય નિર્ગ્રંથ ક્યારે તેમણે ક્રિયોદ્ધાર કર્યો તે વાત આધીન થાય છે. સત્તરની સાલમાં ૧૭૨૮ કે ૨૯ સુધી શ્રી વિનયવિજયજી વિદ્યમાન હતા. તે પણ પંન્યાસના સમકાલીન હતા. પણ વિનયવિજયજી ઉપાધ્યાયે ક્રિયોદ્ધાર કર્યો નથી. એમ તેમના ગ્રંથોથી જણાઈ આવે છે. શ્રી સત્યવિજયજીના સમકાલીન શ્રી યશોવિજયજી થયા. તે શ્રી ઉપાધ્યાય-જીએ ૧૭૪૫ ની સાલમાં ડભોઈ સ્વર્ગગમન કર્યું. તેમણે પણ ક્રિયોદ્ધાર કર્યો હોય એમ જણાતું નથી. પણ પંન્યાસજીએ ક્રિયોદ્ધાર કર્યો. એ વાત તો નિર્વાદ સિદ્ધ થાય છે. તેમની ક્રિયોદ્ધારની કંઈક તેમના સમકાલીન પંડિતોને માન્ય હતી કે નહિ તેનો નિર્ણય કરવો હજી બાકી રહે છે. ત્યારથી સંવેગી માર્ગમાં શ્રી સત્યવિજયજી પ્રથમ થયા. તેમ-ણથી શિથિલાચાર ભેદ પામ્યો. તે પણ આજ્ઞા તો આચાર્યની માનતા હતા. શ્રી સત્યવિજયજી પણ વિજયસિંહ સૂરિ બાદ વિજયપ્રભ સૂરિની આજ્ઞામાં હતા.

નિર્વાણના કર્તા શ્રી જિનહર્ષ મહા વિદ્વાન હતા. નિર્વાણ ગ્રંથની સાલ.

સત્યવિજય ગુરૂ ગાવતાંએ, થાએ હર્ષ અપાર;
કર્યો ગુરૂએ સહાએ, શ્રી સંઘને જયકાર. ૧
સત્તર છપ્પન વત્સરે એ, મહા શુદી દશમી પ્રમાણ;
નિર્વાણ પન્યાસનો એ થયો, જિન હર્ષ સુજાણ. ૨

સત્તરસે છપ્પનના માઘ શુદી દશમીના દીવસે જિનહર્ષે પંડિતે સત્યવિજય નિર્વાણ બનાવ્યું. જિનહર્ષ પણ પન્યાસના સમકાલીન છે. સત્યવિજયને ગુરુ કહી બોલાવે છે તેથી તે પણ તેમના રાગી સિદ્ધ થાય છે.‧પૂર્ણ રાગ વિના નિર્વાણ કેમ બનાવે.

શ્રી સત્યવિજયજીના ચારિત્રની વિશેષ હકીકત જાણવા માટે આગળ પાછળના ગ્રંથોની તથા રાસોની જરૂર છે. તેમણે સાધારણ જિનસ્તવનમાં બનાવ્યું છે તે અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયમાં છે. તે વિના પન્યાસજીએ ગુર્જર ભાષામાં અગર સંસ્કૃત ભાષામાં ગ્રંથ બનાવ્યો હોય એમ જણાતું નથી. તપાગચ્છ સંવેગી વિજયની શાખામાં ક્રિયોદ્ધાર કરનાર પ્રથમ આ પુરૂષ છે. એમ સ્પષ્ટ જણાઇ આવે છે. ખરતર, અંચળ વગેરે અન્ય ગચ્છમાં સત્યવિજયજીની પેઠે ક્રિયોદ્ધાર થયો એમ વાંચવામાં આવ્યું નથી. તેનું કારણ વિચારવા યોગ્ય છે. શ્રી સત્યવિજયજી પન્યાસના શિષ્યોના જીવનચરિત્રો યોગ્ય લાગશે તો યથા રૂચિમતિ નવરાશ પ્રસંગે લખવામાં આવશે.

परोपकार (अद्भूत तत्त्व.)

परोपकाराय सतां विभूतयः

પરોપકાર માટે સત્ પુરૂષોની વિભૂતિયો છે.

અન્યના ઉપર ઉપકાર કરવાથી આત્મા ક્ષણે ક્ષણે ઉચ્ચ કોટિપર ચઢતો જાય છે. મેઘ વૃષ્ટિની પેઠે ઉત્તમ પુરૂષો પરોપકાર કરે છે. પરોપકાર કરવામાં જે જે વસ્તુઓ વાપરવામાં આવે છે તે પાછી મળે છે. મનુષ્યના જીવનમાં પરોપકારજ મોટો ધર્મ છે. જે જે પ્રાતઃસ્મરણીય ઉત્તમ પુરૂષો થઇ ગયા છે તે સર્વ પરોપકાર ગુણના લીધેજ. ભવ્યો! સમજશો કે, પરોપકાર વિના તમારૂં શરીર ઉભું રહી શકે નહી. તમારૂં શરીર અન્યના પરોપકારના લીધેજ ઉભું છે. परस्परोपग्रहः जीवानां આ ઉત્તમ સૂત્ર સૂચવે છે કે, જીવોને પરસ્પર ઉપકાર છે. એક બીજાની સહાય વિના ચાલે તેમ નથી. મનુષ્ય બાલ્યાવસ્થામાં માતાપિતા પરોપકારથી ઉછરે છે પશ્ચાત્, વિદ્યાગુરૂ, કલાગુરૂ, ધર્મગુરૂ આદિના પરોપકારમાં દબાએલો છે. મનુષ્ય અન્નાદિનું સેવન કરે છે, પણ જો તે અન્નાદિક ન હોય તો તેનું ગુજરાન શી રીતે ચાલી શકે! કપાસ ન હોત તો વસ્ત્ર શાનાં પહેરત, આ ઉપરથી સિદ્ધ થાય છે કે, દરેક આત્માને અન્યના આશ્રયની જરૂર છે, રાજાને પ્રજાના આશ્રયની જરૂર

કે પ્રજાને રાજાના આશ્રયની જરૂર છે. ગૃહસ્થને સ્વામિના આશ્રયની જરૂર છે. તેમજ સ્વામિને ગૃહસ્થની અપેક્ષા આહારાદિક માટે રાખવી પડે છે. આમ ઉપકારની સાંકળમાં જગત્ સંકલિત થયું છે. અમે તે સ્થિતિમાં અમે તેના અમે તેના ઉપકારો ઘણેજ હોય છે, થાય છે અને થશે. આ ન્યાયથી મનુષ્યોએ ઉપકાર ધ્યાન બહાર રાખવું જોઈએ. [illegible] સર્વને પ્રતિબોધવાની શ્રી મહાવીર તીર્થંકરને શી જરૂર હતી? વિચારતાં માલુમ પડશે કે ફક્ત ઉપકાર દૃષ્ટિજ. સર્વ કૃત્યમાં, સર્વ ધનમાં, અને સર્વ તીર્થમાં ઉપકાર સમાન કોઈ નથી. ઘણા મનુષ્યો સામો બદલો લેવાની બુદ્ધિ રાખી ઉપકાર કરે છે. આવા ઉપકારથી અધઃપતન થાય છે, કારણ કે કોઈએ ઉપકારનો બદલો સામો ન વાળ્યો તો ઉલટો તેના ઉપર ક્રોધ થાય છે, અને પશ્ચાત્તાપ થાય છે. માટે નિષ્કામબુદ્ધિથી ઉપકાર કરવો જોઈએ. નિષ્કામબુદ્ધિથી કરેલ ઉપકાર અનંત ગણું ફળ આપે છે. ઉપકાર કરતાં કદી વિઘ્ન આવે તોપણ પાછું ફરવું નહિ. જે મનુષ્યો કીર્તિની ઈચ્છાથી ઉપકાર કરે છે તેને ફળ કીર્તિજ મળે છે, પણ ઉત્તમ ફળ મળી શકતું નથી. પ્રત્યેક આત્માને ઉચ્ચ કોટીપર ચઢાવે તેનું નામ પરોપકાર છે. દરેક આત્મામાં અનંત સુખનો પ્રકાશ કરવામાં જે જે વિઘ્નો (અપાયો) છે તેનો નાશ કરવા સહાય કરવી તે પરોપકાર જાણવો. સદ્ગુણી જીવ તો ગુણવાન્ છે એટલે તેનું શું ભલું કરી શકાય. પણ જે દુર્ગુણી છે તેના દુર્ગુણોનો નાશ કરવો તેજ ખરેખર પરોપકાર છે. પોતાના કરતાં અલ્પશક્તિવાળા જીવોનું રક્ષણ કરવું. તેમનાપર દયા કરવી, તેમનાં દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો, તેજ ખરેખર પરોપકાર છે. કોઈ પણ પ્રાણીને સંકટમાંથી બચાવવું. તેની કીર્તિનું રક્ષણ કરવું. તેના હૃદયમાં રહેલી દુર્બુદ્ધિનો નાશ કરવો તેજ પરોપકારનું સદ્વર્તન જાણવું. ઉત્તમ પુરુષો પરોપકાર કરતાં કંટાળતા નથી. પરોપકાર એ ઉત્તમમાં ઉત્તમ આવશ્યક કર્તવ્ય છે. પરોપકાર વિના મનુષ્યને મનુષ્યમાં ગણવો કે કેમ તે વિચારવા યોગ્ય છે. શ્રી તીર્થંકરો પણ ગૃહાવાસમાં દીક્ષા લેતી વખતે એક કરોડ સાઠ લાખ સોનૈયાનું પ્રતિદિન સાંવત્સરિક દાન આપે છે. પોતાના ઘેર ભિક્ષુક માગવા આવે છે તે ઉપરથી શિખવાનું કે જો આ ભવમાં દાનાદિકથી પરોપકાર નહિ કરવામાં આવે તો પરભવમાં નીચ અવતાર આવશે. પરોપકાર પોતાના આત્માના હિત માટે કરવાની જરૂર છે. કારણ કે, આપનાર જે આપે છે તેના બદલામાં તે વિશેષ પ્રાપ્ત કરે છે. પરોપકારી મનુષ્ય ઉચ્ચ જીવન સહેજે કરે છે. નદી, સમુદ્ર, અને મેઘ વગેરે ઉપકારના દૃષ્ટાંતરૂપ છે. મનુષ્ય ક્ષણે ક્ષણે ઉપકાર કરી શકે. દરરોજ ઉપકાર

કરવાની ટેવ પાડવી જોઇએ, પ્રથમ ન્હાના ન્હાના ઉપકાર કરતાં શીખવું જોઇએ, ઉપકાર કરવાની ટેવ પાડવાથી પશ્ચાત્ સહેજે ઉપકાર કરવાનું વલણ થાય છે. પ્રત્યેક મનુષ્યને અન્ન, વસ્ત્ર, દવા, અને જ્ઞાન આદિથી ઉપકાર કરવો જોઇએ. જે મહાત્માઓએ પોતાનું જીવન ઉપકારમાંજ હોમ્યું છે તેના નામની દીવાલીઓ હાલ પ્રવર્તે છે અને જ્યાં ત્યાં તેમના અક્ષર દેહ જીવતા દેખાય છે. ખરેખર ઉપકારીજ પૂજ્ય ગણાય છે. શ્રી સિદ્ધ ભગવાનને પરમેષ્ઠિમાં પ્રથમ ન ગણ્યા અને અરિહંતને ગણ્યા તેનું કારણ પણ એ છે કે અરિહંતે જીવોના જ્ઞાનચક્ષુ ઉઘાડી સિદ્ધને બતાવ્યા છે. માટે ઉપકારની અપેક્ષાએ તે પ્રથમ પૂજાય છે. ઉપકાર કરનારનાં દેહ પૂજાય છે. તેની જન્મભૂમિ પૂજાય છે. ઉપકારીના શરીરની રાખ પણ પૂજાય છે. જગતમાં ઉપકારીજ પૂજાય છે. જે મનુષ્યો સ્વાર્થાંધ બની અન્યના ઉપર ઉપકાર કરતા નથી તે અંતે બહુ પશ્ચાત્તાપ પામે છે. તેમનું જીવન ઉચ્ચ થતું નથી. તીર્થંકરો કેવળજ્ઞાન પામીને પણ જગતના જીવોને તારવા માટે ઉપદેશ આપે છે. અહો કેવી તેમની ઉપકારદૃષ્ટિ! ઉપકારદૃષ્ટિવાળો પુરૂષ મનના શુભ વિચારથી ઉચ્ચ સુખમય જીવન કરે છે. મનનાં પાપોને તે ધોઇ નાંખે છે. મનની ઉજ્વલતા કરે છે. મનને સદ્‌ગુણોથી વાસિત કરી ઉત્તમ પરમાત્મ દશા સન્મુખ કરી અન્યના માટે દૃષ્ટાંતભૂત થાય છે. જ્યારે મનુષ્યના હૃદયમાં પરોપકાર કરવાની વૃત્તિ આવે છે ત્યારે અન્ય ગુણો પણ સ્વયમેવ આવે છે. પરોપકારી પુરૂષ કલ્પવૃક્ષાદિથી પણ અધિક છે. અન્યના દુર્ગુણોનો નાશ કરવો હોય તો ફક્ત સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરી પરોપકારજ કરો. પરોપકારી સર્વ વર્ણમાં શ્રેષ્ઠતા ભોગવે છે. સ્વાર્થના માટે તો આખું જગત્ સડે છે પણ જે પરોપકાર તરફ લક્ષ રાખે છે તેને ધન્ય છે. પરોપકારીનું ક્ષણ ક્ષણનું જીવન જે જાય છે તેનું મૂલ્ય થઇ શકતું નથી. મનુષ્યથી અન્યના ભલામાં જે જે કરવામાં આવે છે તે પરોપકારમાં સમાઇ જાય છે. આ સારો છે અને આ ખોટો છે એમ પરોપકાર કરતી વખતે જોવાનું નથી. ખોટા મનુષ્યને પણ સારો કરવો એ પરોપકાર છે, તો ખોટાને ખરાબ જાણી તેનું ભલું ન કરવું તે પરોપકાર શી રીતે ગણાય? કોઇના ઉપર ઉપકાર કરવામાં આવ્યો હશે અને કોઇ વખત ઉપકાર કરનાર અધમ સ્થિતિમાં આવ્યો હશે તો તે મનુષ્યો ગમે તે વખતમાં સહાય કરી ઉચ્ચ કરશે. આંબાનું ફળ વાવ્યાથી કેરીજ મળશે, સારૂં કરવાથી અંતે શુભ ફળ મળશે. ઉપકારનું ફળ દોષરૂપ કોઇ બાબતમાં આવે તો તેથી પશ્ચાત્તાપ કરશો નહિ. ગુણના બાહ દોષ. દુનિયામાં કેટલાક પુરૂષો ઉપકાર કરનારના સામા થાય છે, તેથી કંઇ ઉપકારનું ફળ

નષ્ટ થતું નથી. ઉપકારનું ફળ તો પરભવમાં મળ્યા વિના રહેતું નથી. કેટલાક જીવો ઉપકાર કરતાં કંઇ વિઘ્ન આવે છે તો ઉપકાર સામું જોતા નથી. ઉત્તમ પુરુષો પ્રાણને પણ ઉપકાર કરી છુટે છે. મન, વાણી, કાયા, ધન, અને સત્તાથી પરનું ભલું કરવું તેમાંજ શ્રેષ્ઠત્વ સ્વીકારે છે. ગાડી, વાડી, લાડી, તાડી, અને મોજમજામાં મશગુલ થઈ જે પરનું ભલું કરતા નથી, અને પરનું ભલું કરવા દયા પણ જરા લાવતા નથી એવા જીવોની અધમ સ્થિતિ જોઈ તેમના ઉપર કરુણા આવે છે. તે જીવોનું કોઈ પણ રીતે ભલું થાઓ. તેમનો આત્મા શુભ સંસ્કારથી વાસિત થઈ પરોપકારમાં જોડાઓ, ઉત્તરોત્તર ધર્મદાનાદિક ઉત્તમ પરોપકારની શક્તિયો પ્રાપ્ત થાઓ.

શ્રી સંવેગી સત્યવિજય પન્યાસના શિષ્ય મુનિ શ્રી કપૂરવિજયજીનું જીવનચરિત્ર.

ગુર્જરદેશ પાટણ.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગુર્જરદેશ છે. ગુર્જરદેશમાં જૈનધર્મની પ્રવૃત્તિ વિશેષતઃ દેખાય છે. અન્ય દેશો કરતાં ગુર્જરદેશમાં જૈનધર્મના સાધુઓ વિશેષતઃ સંપ્રતિ વિચરે છે. જિનમંદિર શ્રેણિથી ગુર્જરદેશ સુશોભી રહેલો છે, ગુર્જરદેશમાં પાટણનગર છે. વનરાજચાવડાએ અણહિલ ભરવાડના નામથી સં. ૮૦૨ ની સાલમાં અણહિલપાટણ વસાવ્યુ છે, ત્યાં જૈનધર્મી કુમારપાળ રાજા તથા હેમચંદ્રસૂરિ થયા છે. સત્તરસેંની સાલમાં વર્ણન કરનાર કવિ ત્યાં એકસોને આઠ ચૈત્યજિન પ્રાસાદ હતા એમ કહે છે. પંચાસરા પાર્શ્વનાથ ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે પ્રસિદ્ધ મંદિરો છે. ત્યાંના શ્રાવકવર્ગો સત્તર પ્રકારની પૂજા પૂર્ણ ભક્તિથી જિનરાજની કરે છે અને ત્યાં સુપાત્રમાં દાન અર્પતા વાચકવર્ગની આશાઓ પૂર્ણ કરનારા ગૃહસ્થો વસતા હતા. ખરેખર પાટણ પુણ્યનું સ્થળ દેખાય છે. પાટણની પાસે નજીક વાગરોડ ગામ છે. રાજાની પાસે જેમ યુવરાજ શોભે તેમ પાટણનગરની પાસે વાગરોડ ગામ શોભે છે.

જન્મ ગામ વાગરોડ.

ત્યાં સર્વ શ્રેષ્ઠિવર્ગ શિરોમણી ભીમજીશાહ વસતા હતા, તે પોરવાડ વંશના હતા. તેમને રાજ્યવર્ગ પણ માન આપતા હતા. ભીમજી શેઠની ગુણવંતી સરીરા નામની સ્ત્રી હતી, સાંસારિક સુખ ભોગવતાં એક પુત્ર થયો. બારમા દીવસે તેનું નામ કહાનજી પાડ્યું. બાલ્યાવસ્થામાં કહાનજીનાં જનની જનક મૃત્યુ પામ્યાં. ત્યારે

કહાનજી પુત્ર. કહાનજી પાટણ ફુવાને ત્યાં રહેવા ગયા, ત્યાં વ્યાવહારિક વિદ્યાનો અભ્યાસ કર્યો.

કહાનજીની વય ચતુર્દશ વર્ષની થઈ ત્યારે તે સમયે તેમને સદ્ગુરુનો સમાગમ થયો. કહાનજી અવસર પામી સદ્ગુરુ પાસે

સદ્ગુરુ સમાગમ. ગયો. યથોચિતસ્થાને બેઠો. શ્રી સદ્ગુરુ પણ યોગ્ય જાણી ઉપદેશ આપવા લાગ્યા. હે ભવ્યજીવ! ચોરાશી લક્ષ જીવયોનિ પરિભ્રમણ કરતાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ દુર્લભ છે. એકેન્દ્રિયાદિક અવતારમાં જરા માત્ર પણ સુખ નથી. મનુષ્ય-

સદ્ગુરુનો ઉપદેશ. પણું પામ્યા છતાં આર્યદેશમાં જન્મ પામવો દુર્લભ છે, તેમાં પણ ઉત્તમ કુળ પામવું દુર્લભ છે. ઉત્તમ કુળમાં ઉપન્યા છતાં પણ નિરોગત્વ પામવું દુર્લભ છે. તેમાં પણ પંચેન્દ્રિય પટુતા પામવી પણ દુર્લભ છે. તેમાં સદ્ગુરુનો સંયોગ થવો દુર્લભ છે. સદ્ગુરુનો સંયોગ થતાં પણ સિદ્ધાંતનું સાંભળવું દુર્લભ છે. કારણ કે સદ્ગુરુની વાણી સાંભળતાં તેરકાઠીયા વિઘ્ન કરે છે. સિદ્ધાંત શ્રવણ કર્યા બાદ તત્વોની શ્રદ્ધા થવી દુર્લભ છે. વીતરાગ કથિત તત્વની શ્રદ્ધા થતાં પણ વિરતિપણું પામવું દુર્લભ છે. કંચન કામિનીના મોહે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. જડ વસ્તુ ઉપરથી મોહ ઉતર્યા વિના કર્મનો નાશ થતો નથી. મનુષ્ય ધારે તો સંસાર સમુદ્રની પેલી પાર ઉતરી શકે છે. આયુષ્ય ક્ષણે ક્ષણે નાશ પામે છે. માટે જ્યાં સુધી શરીરાદિક સામગ્રીની સગવડતા છે ત્યાં સુધી આત્માની પરમાત્મ દશા પ્રગટાવવા પ્રયત્ન કરવો જોઇએ. ઇત્યાદિ સદ્ગુરુની દેશના સાંભળી કહાનજીના મનમાં વૈરાગ્ય પ્રગટ્યો, અને

દીક્ષાની તીવ્રેચ્છા. સંસાર વિષ સમાન લાગવા લાગ્યો. મર્યા બાદ કોઈ સાથે આવનાર નથી, ત્યારે શા માટે સંસારની વસ્તુઓ માટે આયુષ્ય નિષ્ફળ ગાળવું! ખરેખર અસાર સંસારનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે વિચારીને ગુરુને કહેવા લાગ્યા કે હે ગુરુજી! હવે મને દીક્ષા આપી કૃતાર્થ કરો. શ્રી સદ્ગુરુ કહેવા લાગ્યા કે—હે ભવ્ય! સંયમ પાળવું મહા દુર્લભ છે. યુવાવસ્થામાં કામને જીતવો એ કંઈ સામાન્ય કાર્ય નથી. શ્રી સદ્ગુરુની તરવારની ધાર પ્રમાણે આજ્ઞાઓ પાળવી જોઇએ. સર્વ શરીરાદિકની પ્રવૃત્તિ યત્નાથી કરવી જોઇએ. અનેક પ્રકારના પરિષહ સહન કરવા પડે છે. માટે હે ભવ્ય! દીક્ષા પરિપૂર્ણ વૈરાગ્ય કરીને લેવી જોઇએ. દીક્ષા લીધા બાદ સદાકાળ ચારિત્રમાં સ્થિર રહેવું જોઇએ. સ્વચ્છંદ મતિનો ત્યાગ કરવો પડશે. જો તમારે સંયમની તીવ્રેચ્છા હોય તો માતાની અનુમતિ લે-

કને દીક્ષા અંગીકાર કરો. કહાનજી આ પ્રમાણે ગુરૂની વાણી સાંભળી ઘેર આવ્યા. સ્વજનને સર્વ વાત કહી અને સંસારની અસારતા જણાવી દીક્ષાનો ભાવ જણાવ્યો. અનેક પ્રકારના દ્રષ્ટાંતથી સ્વજનને બોધ કર્યો, અને અનુમતિ લેઇ ગુરૂની પાસે આવ્યા, ગુરૂએ પણ યોગ્ય જાણી ચતુર્વિધ સંઘની સમક્ષ સં. ૧૭૨૦ સત્તરમે વીસના માગશર સુદીમાં વિધિપૂર્વક દીક્ષા આપી, વાસક્ષેપ કરી કપુરવિજયજી નામ પાડ્યું.

દીક્ષા. કપુરવિજયજી નામ પાડ્યું.

શ્રી કપુરવિજયજી મહારાજ પંચમહાવ્રતનું સમ્યગ્રીતે પાલન કરવા લાગ્યા. ગુરૂસાથે પાટણથી અન્યત્ર વિહાર કર્યો. ગુરૂની પાસે આવશ્યક આદિક સૂત્રોનો અભ્યાસ કરવા લાગ્યા. શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞાથી પન્યાસપદ યોગ્ય સમયે ગ્રહણ કર્યું. સંવત્ ૧૭૪૭ ના પોષ માસમાં તેમના ગુરૂ સત્યવિજય પન્યાસનું નિર્વાણ થયું. તેમના પટ્ટધર શ્રી કપુરવિજયજી થયા. વઢીવાર, મારવાડ, ગુજરાત, સોરઠ, રાજનગર, (અમદાવાદ), રાધનપુર, સાચોર, સાદડી, શીરોહી, વડનગર, વિગેરે સ્થળે ચોમાસાં કર્યાં. તેમના વૃદ્ધિવિજયગણિ તથા ક્ષમાવિજય પન્યાસ એમ બે શિષ્યો થયા. વૃદ્ધાવસ્થામાં પાટણમાં ચોમાસાં થયાં અને ત્યાં ઉપધાન માલારોપણ અને બિંબપ્રતિષ્ઠા વિગેરે અનેક કૃત્યો કરાવ્યાં.

સંવત્ ૧૭૭૫ ના શ્રાવણ કૃષ્ણપક્ષ ચતુર્દશી બુધવાર પુષ્યે વિજય મુહૂર્તમાં શ્રી કપુરવિજયજીનું સ્વર્ગગમન થયું. ભક્ત શ્રાવક તથા શ્રાવિકાઓએ નવખંડ માંડવી તૈયાર કરી અને તેમાં ઉક્ત મુનિવરના શરીરને પધરાવ્યું. સંઘ ગાજતે વાજતે ચૌટા વચ્ચો વચ્ચ થઇ નિકળ્યો. સોના અને રૂપાનાણું પુષ્કળ ઉછાળ્યું. જય જય નન્દા જય જય ભદ્રાનો આઘોષ થવા લાગ્યો. ગામની બહાર દાહકસ્થળે શિબિકા ઉતારી. અને ચંદન વગેરેનાં કાષ્ઠથી શરીરને અગ્નિ સંસ્કાર કર્યો.

બેસ્તુભની પાસે ત્રીજી તેમની થઇ. ઉક્ત મુનિમહારાજ સ્વભાવે શાન્ત હતા. તેમની પાટે ક્ષમાવિજયજી બિરાજ્યા. આ મુનિરાજે કોઇ પુસ્તક બનાવ્યું હોય તેમ જણાતું નથી. આગમસાર ગ્રંથના કરનાર મુનિ દેવચંદ્રજી તથા કપુરવિજયજીને ઘણો સંબંધ હતો. તેમનું ચરિત્ર, સંવત્ ૧૭૭૮ ની સાલમાં વડનગરમાં ચોમાસું કરી, વિજયાદશમી શનિવારને દિવસે પંડિત જીનવિજયજીએ રચ્યું છે. સર્વ મળીને કપુરવિજયજીનો દિક્ષા પર્યાય ૫૫ વર્ષનો હતો. પૂર્વના મુનિઓ વિશેષ આયુષ્યવાળા હતા. હાલના મુનિઓએ આવા ઉત્તમ મુનિવરોનું અનુકરણ કરવું જોઇએ.

વિનાની જે ઉપરની ગાડરીયા પ્રવાહના જેવી ધર્મ પ્રવૃત્તિ છે તેથી કંઈ ગુણસ્થાનકનાં પગથીયાંપર ત્વરિત ચઢી શકાતું નથી. માટે વિશેષતઃ ગુરૂ સમ્મુખ વા તેમના અભાવે પરોક્ષમાં પણ ધર્મનાં પુસ્તકો વાંચી મનન કરી હૃદયમાં ઉતારશો.

જે જે અંશે તમારી ધર્મ ભાવના છે તે તે અંશે તમે ધર્મીજ છો પણ મનુષ્ય જીવન ક્ષણિક છે માટે ધર્મના દૃઢ સંસ્કારો એવા તો પાડવા જોઇએ કે પરભવમાં અનાયાસે ધર્મ ઉપરજ રૂચિ થાય. જે લોકોને અત્રે ધર્મ ઉપર રૂચિ થાય તેમને પરભવમાં ધર્મના ઉપર રૂચિ સહેજે થતી નથી જે લોકો અત્રે સાધુઓ ઉપર અરૂચિ ધરાવે છે સાધુઓને હલકા ગણે છે તેમના એવા અશુભ સંસ્કારોને લીધે પરભવમાં સાધુ ઉપર સહેજે પ્રેમ થતો નથી. તેથી ધર્મની પ્રાપ્તિ થતી નથી. તેમજ સાધુઓને હલકા ગણવાના સંસ્કારો પરભવમાં ઉદય આવવાથી સાધુપણું લેઇ શકાતું નથી. ધર્મ સંબંધી જે જે કારણો ઉપર આત્મા અરૂચિ ધારણ કરે છે તે તે વસ્તુઓની પ્રાપ્તિ પરભવમાં સહજે થતી નથી. કેટલાક એમ માને છે કે હાલમાં સાધુઓમાં સંપ નથી. સાધુઓ થઇને પણ મન મુંડાવતા નથી. માટે હાલના કાળમાં ઘરમાં રહીને ધર્મનું સાધન કરવું જોઇએ. આવાં વાક્યો બોલનાર ચોવીસ તીર્થંકરની આશાતના કરે છે. પ્રથમથીજ ભગવાન્ કહે છે કે પંચમા આરામાં પંચ વિષભેગાં થવાનાં, તેમાં લોકોની ધર્મ બુદ્ધિ ન્યૂન થવાની, અને ઓછી ભાવના થવાની એમ ભગવાને સૂત્રમાં કહ્યું છે. એકવીશ હજાર વર્ષ પર્યંત સાધુસાધ્વીઓ આરાધક થવાનો, તો આજથીજ આવા ખરાબ વિચાર કરવાથી તેના સંસ્કારો હૃદયમાં ખરાબ બીજની પેઠે વાવવાથી અંતે ફળ પણ ખરાબ આવશે એમાં જરા માત્ર પણ સશય નથી. જૈનના સર્વ સાધુઓ કંઈ એવા હોતા નથી. તેમાં પણ પાંચ આંગળીઓની પેઠે તરતમતા ઘણી છે. માટે આત્મતાની ગીતાર્થ સદ્દગુરૂના વચનોપર વિશ્વાસ રાખી ગાડરીઆ પ્રવાહમાં તણાતા લોકોની કહેણીપરથી સાધુ વર્ગ તરફ અરૂચિ ધારણ કરવી નહીં. ઉપાધિ રહિત સાધુ વર્ગ જે કંઇ આત્મહિત કરી શકે છે તે ગૃહસ્થાવાસમાં શી રીતે બની શકે. આ વાક્ય જે અનુભવીઓ છે તેને યથાર્થ સમજાશે. અજ્ઞ લોકો ગાડરીયા પ્રવાહને લીધે સમ્યગ્ધર્મને પણ અસમ્યક્પણે ભજે તેથી સમ્યગ્ધર્મના કોઇ પણ હેતુઓ તરફ કદી પણ અરૂચિ ધારણ કરવી નહીં. ધર્મના પ્રત્યેક હેતુઓનું સૂક્ષ્મ બુદ્ધિથી અવ-

` : કરતાં એમ લાગે છે કે અસંખ્યયોગે મુક્તિ થઇ શકે છે હે ભવ્ય!

રિક સત્તાના લક્ષ્મીના અને વિદ્યાના અમગણોને દેખી ધાર્મિક મદના

જૈન કોને કહેવો ?

[illegible]

ા મનમાં નથી, એવા પેઢભર જૈનોના જન્મથી પણ શું ! જૈન તત્વનું
ાન તથા શ્રદ્ધા થવાથી જૈન ધર્મની ઉન્નતિ થાય છે. આત્માની ઉન્નતિ
રવી હોય તો પ્રથમ જૈન તત્વનું જ્ઞાન કરવું જોઇએ. ગુરૂઓની પાસે
ૈન તત્વનું જ્ઞાન કરવું જોઇએ. અન્યમતવાળાઓ જેવા કે આર્ય સમા-
જીઓ વગેરે પોતાનો ધર્મ વધારવા અનેક પ્રકારના પ્રયત્ન કરે છે ત્યારે
ાય ધર્મના ઝુંડા તળે રહેનાર જૈનો બીલકુલ જૈન ધર્મનું જ્ઞાન કરે નહિ
પને જૈન ધર્મની ઉન્નતિ કરવા પ્રયત્ન કરે નહીં તે કેટલું શરમ ભરેલું છે!

પહેલાં જૈનિયો એમ બુમો પાડતા હતા કે જૈન ધર્મનાં પુસ્તકો
ાપાવ્યાં નથી તેથી અમે શું વાંચીએ ! શું પુછીએ ? પણ હવે જૈનોનાં
ુસ્તક હજારો છપાવેલાં મળે છે, છતાં પુછતાં માલુમ પડે છે કે કોઇ ભા-
ગ્યેજ એક બે પુસ્તક વાંચીને સમજતા હશે. નાટક ચેટકનાં પુસ્તક પ્રેમથી
ાંચે છે. હોટલમાં અભક્ષ્ય ભક્ષણ કરે છે! કિંતુ ધર્મનું પુસ્તક ખરીદવા વાંચવા
ઇ પણ જોઇએ તે પ્રમાણમાં વધારો થતો નથી. હવે કંઇ જૈન ધર્મ જે
ામજે છે તેના મનમાં જાગ્રતિ આવી છે. તે પણ કદીના ઉભરાની પેઠે
ામજાય છે. હાલમાં જૈન તત્વજ્ઞાન માટે જૈનશાળાઓ દ્વારા શિક્ષણ અ-
ાય છે પણ તે આપનારા ગુરૂઓ નહિ હોવાથી તે ભાડુતી જ્ઞાન બરાબર
ૃદયમાં અસર કરી શકતું નથી. જો માસ્તર જૈન ધર્મી હોય છે તો કંઈ
ાકરાઓ જૈન ધર્મની શ્રદ્ધાવાળા થાય છે. જૈન કોન્ફરન્સ પણ જૈન ધર્મની
ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે પણ જોઇએ તેવી પ્રારંભ સ્થિતિ દેખાતી નથી.

જૈન ધર્મની કોન્ફરન્સ ભરવામાં આવે છે પણ જૈન તત્વજ્ઞાન શું
ે તે સંબંધી તો કંઈ કહેવામાં આવતું નથી. જૈન શ્રાવકો ભેગા થાય છે
અને કહે છે કે અમે જૈન ધર્મનો વાવટો ફરકાવીએ. તેમનો ઉત્સાહ સારો
ે, પણ પોતેજ ઉન્નતિના અજાણ હોવાથી અન્યની ઉન્નતિ શી રીતે કરી
શકે ! પરમ પ્રભુ વીતરાગના નામની જય બોલાવી જ્યાં શ્રાવકો જૂતાં
ૂટ પહેરી સંઘ તરીકે કહેવાતી કોન્ફરન્સમાં પ્રારંભમાંજ અવિનયનું ઉદ્ધત
ાણું દેખાડે તેઓ આગળ ઉપર શું કરી શકે ? મોટાં મોટાં ખર્ચ કરવાં,
જય જિનેન્દ્રિના ઠેકાણે હીપ હીપ હુરરેના પોકારો પાડવા, રાત્રીમાં ચા
ાર્ટીઓ કરવી, અને અન્ય ધર્મીઓને દેખાડવું કે જૈનો ફક્ત ઉપરથીજ
ર્વ આચારોને માનનારા છે; આવી તેમની સ્થિતિના લીધે જૈન
ધર્મની શી રીતે ઉન્નતિ થાય? કોન્ફરન્સ કંઈ નથી કરતી એમ તો કહેવાય
ર નહીં. તેના પ્રતાપે જૈનોમાં કંઈ સારી જાગ્રતિ આવી છે પણ જૈન
તત્વજ્ઞાન માટે જોઇએ તેવો પ્રયાસ થવો જોઇએ. કોન્ફરન્સનો પ્રમુખ

મેનો પરિપૂર્ણ જ્ઞાન થયું હશે કે જેથી જૈન તત્ત્વ જ્ઞાનનો ફેલાવો
ણ આવ્યો તેથી ઉલટું દેખાય છે. અનેકાન્ત તત્ત્વ શું છે એનું
સમજે નહીં એવા ઉમાના આગીકાથી શું નવું કાગમાં જૈનની ઉ
થઈ હશે ? કેટલાક કહે છે કે બારીસ્ટર વા ડોક્ટર ઉપાધિ વિગેરે ભણે
કોન્ફરન્સનો પ્રમુખ કરવો જોઈએ. પણ સમજવાનું કે જે બારીસ્ટરો
ધર્મનું જ્ઞાન પામ્યા નથી, જૈન ધર્મપર શ્રદ્ધા નથી. જેમનો આચાર
ી હજારો છે, વકીલો પણ તેવા હોય તે જૈન ધર્મની ઉન્નતિના માટે
ધાર શી રીતે કેળાવી શકે ? આત્મયોગી મનુષ્યો ધર્મનો ઉદ્ધાર
ર્કો છે. જે જે ધર્મમાં મહાત્માઓ થયા છે તેની પાસે કંઈ સત્તા કે
ી નહોતી, પણ ત્યાગ, વૈરાગ્ય અને આત્મયોગથી હજારો મનુ-
ને ધર્મના રસ્તે વાળી શક્યા. સત્તા વા લક્ષ્મીવાળાઓનો અનાદર
ો એવું તો કંઈ કહેવાનું કે સમજવાનું નથી. કિંતુ જેની જેની યોગ્યતા
તેજ કાર્યને માટે તે લાયક થઈ શકે છે. કોન્ફરન્સના મંડપ ઉપર ચઢી
ણ આપનારે પ્રથમ તો જૈનધર્મનું સારી રીતે જ્ઞાન મેળવવું જોઈએ.
ન ભાષણથી દૂર રહેવું જોઈએ, માન અને કીર્તિનો અભ્યાસ દૂર કરવો
જોઈએ. જે જે ભાષણો આપવાં તે જૈન ધર્મની રીતીએ આપવાં જોઈએ,
જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ, કહેણી પ્રમાણે રહેણી રાખવી જો-
ઈએ. આ પ્રમાણે ભાષણકારો ખરા ઉભરાથી પ્રયત્ન કરે તો કોન્ફરન્સની સ-
ભાની પેઠે પ્રતિદિન વૃદ્ધિ પામીજાય. કોઈની તોડી તૂટે નહિ. કોન્ફરન્સમાં હ-
જારો રૂપૈયાનો ભેગામાં ખર્ચ થાય છે તે શા માટે કરવાં જોઈએ ? પ્રય-
મના જેવો દરેક તીર્થના ઠેકાણે વા સંઘયાત્રામાં વા ગામમાં પણ એક
જાજમ અને ગાદીના ખર્ચ કાઢ વિના હજારો બેસી શકતા હતા. હાલ
તો સાહેબની ખુરશી પ્રમાણે ખુરશી જોઈએ. પણ સાહેબના જેવા ક્યાં
ગુણ છે ? ધોતીયાં પહેરનારને શું બેંચપર બેસવાની હરકત આવે છે ! નકામો કેમ
પૈસો ખર્ચવો જોઈએ ? હાલી ડમાક કેમ રાખવો જોઈએ ? જૈન ધર્મના સા-
ધુઓ જુઓ કેવી સ્થિતિમાં છે. વિહાર કરે છે ત્યારે સર્વસામાન પોતે ઉપાડે
છે તેથી શું તે દીન થઈ ગયા ? પોતાના ગુરૂઓનું આટલું વર્તન ધ્યાનમાં
રાખી જૈનશ્રાવકો માનદશા ભૂલી કોન્ફરન્સ ભરે તો અન્યને અનુકરણીય થઈ
પડે. અન્યોએ જેમ કરે તેમ કરવું જોઈએ. આવી વિચારશક્તિ વિનાની અ-
નુકરણીય દેવ પશ્ચાત્તાપ પાત્ર બનાવે છે. અને અને સદાકાળ એક સરખી
સ્થિતિમાં રહેવાનું નથી. આર્યસમાજીઓ તેમજ થીઓસોફીસ્ટો પોતાના ધ-
ર્મને વધારવા અનેક પ્રકારના પ્રયત્ન કરે છે. ત્યારે જૈનો કેમ ઉંઘતા હશે ?

તો મનમાં નથી, એવા પેટભરૂ જૈનોના જન્મથી પણ શું ? જૈન તત્ત્વનું જ્ઞાન તથા શ્રદ્ધા થવાથી જૈન ધર્મની ઉન્નતિ થાય છે. આત્માની ઉન્નતિ કરવી હોય તો પ્રથમ જૈન તત્ત્વનું જ્ઞાન કરવું જોઇએ. ગુરૂઓની પાસે જૈન તત્ત્વનું જ્ઞાન કરવું જોઇએ. અન્યમતવાળાઓ જેવા કે આર્ય સમાજીઓ વગેરે પોતાનો ધર્મ વધારવા અનેક પ્રકારના પ્રયત્ન કરે છે ત્યારે સત્ય ધર્મના ઝુંડા તળે રહેનાર જૈનો બીલકુલ જૈન ધર્મનું જ્ઞાન કરે નહિ અને જૈન ધર્મની ઉન્નતિ કરવા પ્રયત્ન કરે નહીં તે કેટલું શરમ ભરેલું છે!

પહેલાં જૈનિયો એમ બુમો પાડતા હતા કે જૈન ધર્મનાં પુસ્તકો છપાવ્યાં નથી તેથી અમે શું વાંચીએ ! શું પુછીએ ! પણ હવે જૈનોનાં પુસ્તક હજારો છપાવેલાં મળે છે, છતાં પુછતાં માલુમ પડે છે કે કોઇ ભાગ્યેજ એક બે પુસ્તક વાંચીને સમજતા હશે. નાટક ચેટકનાં પુસ્તક પ્રેમથી વાંચે છે. હોટલમાં અભક્ષ્ય ભક્ષણ કરે છે! કિંતુ ધર્મનું પુસ્તક ખરીદવા વાંચવા કંઇ પણ જોઇએ તે પ્રમાણમાં વધારો થતો નથી. હવે કંઇ જૈન ધર્મ જે સમજે છે તેના મનમાં જાગ્રતિ આવી છે. તે પણ કદીના ઉભરાની પેઠે સમજાય છે. હાલમાં જૈન તત્ત્વજ્ઞાન માટે જૈનશાળાઓ દ્વારા શિક્ષણ અપાય છે પણ ને આપનારા ગુરૂઓ નહિ હોવાથી તે બાહ્યુતી જ્ઞાન બરાબર હૃદયમાં અસર કરી શકતું નથી. જો માસ્તર જૈન ધર્મી હોય છે તો કંઇ છોકરાઓ જૈન ધર્મની શ્રદ્ધાવાળા થાય છે. જૈન કોન્ફરન્સ પણ જૈન ધર્મની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે પણ જોઇએ તેવી પ્રારંભ સ્થિતિ દેખાતી નથી.

જૈન ધર્મની કોન્ફરન્સ ભરવામાં આવે છે પણ જૈન તત્ત્વજ્ઞાન શું છે તે સંબંધી તો કંઈ કહેવામાં આવતું નથી. જૈન શ્રાવકો ભેગા થાય છે અને કહે છે કે અમે જૈન ધર્મનો વાવટો ફરકાવીએ. તેમનો ઉત્સાહ સારો છે, પણ પોતેજ ઉન્નતિના અજાણ હોવાથી અન્યની ઉન્નતિ શી રીતે કરી શકે ! પરમ પ્રભુ વીતરાગના નામની જય બોલાવી જ્યાં શ્રાવકો બૂટાં બૂટ પહેરી સંપ તરીકે કહેવાની કોન્ફરન્સમાં પ્રારંભમાંજ અવિનયનું ઉદ્ધત પણું દેખાડે તેઓ આગળ ઉપર શું કરી શકે ! મોટાં મોટાં ખર્ચ કરવાં, જય જિનેન્દ્રના ઠેકાણે દીપ દીપ હુર્રેના પોકારો પાડવા, રાત્રીમાં પાર્ટીઓ કરવી, અને અન્ય ધર્મીઓને દેખાડવું કે જૈનો ફક્ત ઉપરથીજ સર્વ આચારોને માનનારા છે; આવી તેમની સ્થિતિના લીધે જૈન ધર્મની શી રીતે ઉન્નતિ થાય! કોન્ફરન્સ કંઈ નથી કરતી એમ તો કહેવાય જ નહીં. તેના પ્રતાપે જૈનોમાં કંઈ સારી જાગ્રતિ આવી છે પણ જૈન તત્ત્વજ્ઞાન માટે જોઇએ તેવો પ્રયાસ થવો જોઇએ. કોન્ફરન્સનો પ્રમુખ

સૂત્રમાં કહેલું છે કે, શ્રીજૈનશાસન શ્રી સાધુઓથી રહેવાનું છે, સાધુઓ જગતના ઉદ્ધારક છે. ગૃહસ્થવર્ગ તો સદાકાળ ભક્તજ રહે છે, કેટલાક ધર્મમાં ગૃહસ્થ ગુરૂઓ હોય છે પણ જૈનધર્મમાં તો સાધુઓજ ગુરૂઓ હો શકે છે. શ્રીવીરપ્રભુના સૂત્રોના અનુસારે જૈન કહેવાય છે. શ્રીવીરપ્રભુનાં સૂ ત્રોથી જેની શ્રદ્ધા વિરૂદ્ધ હોય એવાથી જૈનોન્નતિ થઇ શકતી નથી. જૈનો જો તમે તમારા ધર્મની જાહોજલાલી કરવા ધારતા હો તો અવશ્ય જૈન તત્ત્વની કેળવણી લેશો. જૈનોની ઉન્નતિના નીચે પ્રમાણે ઉપાયો મ્હારી બુ દ્ધિમાં ભાસે છે તેનો અન્યને બોધ થવા માટે અત્ર જણાવવામાં આવે છે

૧. જૈનધર્મના પ્રાચીન ગ્રંથોને લખાવીને તથા છપાવીને ઉદ્ધાર ક રવો જોઇએ.

૨. કાશીની જૈનસંસ્કૃત પાઠશાળાની પેઠે મોટી ચાર જૈનસંસ્કૃત પાઠ શાળાઓ થવી જોઇએ. તેમજ અમદાવાદની જૈન બોર્ડીંગ જેવી બોર્ડીંગે ધર્મની કેળવણી શુભ અપાય તેવી થવી જોઇએ.

૩. આખા હિંદુસ્તાનમાં વસતા જૈનોને વ્યવહારિક કેળવણીની સાથે એકકમથી એકભાષામાં જૈન તત્ત્વજ્ઞાન મળવું જોઇએ, અને તે માટે પુ સ્તકો તથા જૈન શિક્ષકો તૈયાર કરવા જોઇએ.

૪. પ્રાચીન જૈનશિલાલેખો અને પ્રાચીન જૈનધર્મને સાબીત કરનાર અનેક પુરાવાનો સંગ્રહ કરી એનું પુસ્તક રચવું જોઇએ.

૫. આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓની ઉન્નતિ માટે તેમની વૈયાવચ્ચ થવી જોઇએ. તેમને ભણાવવામાં ધનનો વ્યય કરવો જોઇએ.

૬. જમાનાના અનુસારે જૈનપુસ્તકો કેટલાંક નવાં રચાવાં જોઇએ.

૭. જૈનધર્મનો ફેલાવો કેવી રીતે કરવો તેના વિચાર માટે એક સાધુ ઓનું મંડળ ભરાવું જોઇએ અને તેમની આજ્ઞાનુસારે શ્રાવકોએ પ્રવૃત્તિ કરવી જોઇએ.

૮. જૈનતત્ત્વોસંબંધી અન્ય ધર્મીઓ આક્ષેપ કરે તે માટે વાદિ મંડલ સ્થાપવું જોઇએ કે તે ધર્મને ધર્મને આક્ષેપના જવાબ આપતું રહે.

૯. જૈન યોગજ્ઞાન, અને મંત્રજ્ઞાન, વગેરેના અભ્યાસકો સાધુઓ થઇ શકે એવા ઉપાયો થવા જોઇએ.

૧૦. ધાર્મિક કેળવણી લેનારને અમુક અમુક જાતની ડીગ્રીઓ આ પવી જોઇએ.

૧૧. અન્યધર્મ પાળનારાઓને જૈનધર્મી બનાવવા માટે ઉપાયો લેવા જોઇએ. અને તે સંબંધીઓનું એક મોટું મંડળ સ્થાપવું જોઇએ.

૧૨. જ્ઞાન ક્ષેત્રમાંથી લાભ કયા ક્ષેત્રને વધારે ઉત્તેજન આપવું તે સંબંધીનો નિર્ણય કરવો જોઇએ.

૧૩. જૈનધર્મીઓની સંખ્યા વધે છે કે ઘટે છે, તથા જૈનધર્મનો ઉપદેશ કેવી રીતે આપવો તે સંબંધી વાર્ષિક સભા ભેગી કરવાની જરૂર છે. જૈનધર્મની ધુસરીના ધરનાર આચાર્યોએ તથા ઉપાધ્યાયોએ તથા સાધુઓએ જ્યાં ત્યાં વિચરી ઉપદેશ દેવો, અને તેમાં કયા ગામમાં કયા સાધુની જરૂર છે તેની ગોઠવણ પહેલાં નિમણુંક કરવી જોઇએ.

૧૪. જૈનધર્મીઓની સંખ્યા વધારવા માટે અન્ય જે જે ઉપાયો ધ્યાનમાં આવે તે યોજવા જોઇએ, અને ગરીબ જૈનોને મદદ કરવી જોઇએ ઇત્યાદિ ઉપાયો ધ્યાનમાં આવે છે. આ સંબંધી કેટલુંક કાર્ય કોન્ફરન્સ તરફથી આરંભાયું છે પણ શ્રાવકના વર્ગમાં આવો માટે આગેવાનો છે તે જો જૈનધર્મનું જ્ઞાન લે તો તેમની દૃષ્ટિમાં ફેરફાર થાય, અને કંઈ વિચાર કરી શકે. જૈનધર્મના આગેવાનો તે ખરેખર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓજ છે. જૈનધર્મને પાળનાર પૈસાદાર વર્ગ તો ભક્ત વર્ગ ગણાય છે. તે તો શ્રાવકના યોગ્ય કાર્યમાં આગેવાન ગણાય. વ્યવહારથી અને નિશ્ચયથી જે ઉદ્યમ કાર્ય કરે છે તે જૈન કહેવાય છે માટે જો આ લેખ વાંચવાથી લાગણી થાય તો ચેતો ! ચેતો ! જૈનતત્ત્વજ્ઞાન થયા વિના સમકિત થવાનું નથી. માટે સર્વ પ્રકારના આગ્રહો ટાળીને જૈનધર્મનું જ્ઞાન સંપાદન કરો. જૈનતત્ત્વજ્ઞાન પામી સ્વ અને પરનું હિત તમે કરી શકશો. સંકુચિત દૃષ્ટિ ત્યાગીને વિસ્તૃત દૃષ્ટિ કરવાની જરૂર છે. જૈનધર્મની ઉન્નતિ માટે માસિક, પાક્ષિક અને સાપ્તાહિકની પણ જરૂર છે, પણ પત્રના પ્રગટ કર્તાઓ સત્યવાદી તથા જૈનતત્ત્વજ્ઞ હોવા જોઇએ. જૈનધર્મ સંબંધી પત્રના કાઢનારાઓ કેટલાક આજીવિકા માટે ધંધો લેઇ બેઠેલા હોય છે તેથી ગમે તેની વાહ વાહ ગાઈ ઉદરપૂર્તિ કરે છે. કેટલાક તો જૈનતત્ત્વજ્ઞાન શું છે તેનો બરાબર વિચાર કરી શકતા નથી. અને જૈનતત્ત્વના પરિપૂર્ણ અભ્યાસના અભાવે આડું અવળું લખાણ કરી સાચાને ખોટું કહે છે અને ખોટાને સત્ય કહે છે, પરસ્પર કોમમાં લડાઇ કરાવે છે. માટે જૈનધર્મ સંબંધી પત્ર કાઢનારા પ્રથમ તો જૈનતત્ત્વજ્ઞાની, સત્યવક્તા, પ્રમાણિક, સમયજ્ઞ, જૈનધર્માભિમાની, પ્રતિક્રમણ કરનાર અને જૈનધર્મની ક્રિયાઓમાં શ્રદ્ધાવાળા હોવા જોઇએ. કહેણી જેવી રહેણી રાખનારા રહેવા જોઇએ. આ પ્રમાણે ચારે તરફથી જૈનતત્ત્વજ્ઞાન ફેલાવવાનાં સાધનો જો થશે તો અલ્પ સમયમાં જૈનધર્મનો ફેલાવો થશે. આવી પૂર્વોક્ત જણાવેલી વ્યાખ્યા પ્રમાણે જે ચાલે છે તે ખરેખરા જૈનો જાણવા. એવા જૈનો પ્રગટ થાઓ.

શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકારની રુબરુ લક્ષ્મીવિલાસ પેલેસમાં આપેલું ભાષણ.

(આત્મજ્ઞાન, સમાનભાવ, કેળવણી, દુર્ગુણોનો ત્યાગ, સંપ રાજા પ્રજાના ધર્મ, નીતિ, બાળલગ્ન અને વૃદ્ધલગ્નનો અટકાવ, ધાર્મિક ઉન્નતિ, સાધુધર્મ, આચાર, ધર્મગુરૂઓ ઘણું કરી શકે.)

વિદ્વદ્દરત્ન, તત્ત્વ જીજ્ઞાસુ મહારાજા સાહેબ તથા સભ્યજનો,

આજે શ્રીમંત મહારાજા સાહેબના આમંત્રણથી "આત્મોન્નતિ" સંબંધી મ્હારા વિચાર જણાવું છું.

આત્માની ઉન્નતિને 'આત્મોન્નતિ' કહે છે. જ્ઞાની પુરૂષો આત્માની શોધ કરે છે. આત્મા શરીરની અંદર રહ્યો છે, અને તે સૂર્યની પેઠે સર્વ પદાર્થોનો પ્રકાશ કરે છે. આત્મા અનાદિ કાળથી છે, અને તે પ્રતિ શરીર ભિન્ન ભિન્ન છે. અનંત આત્મા શ્રી તીર્થંકરોએ કહેલા છે. તેમજ આત્મા સંબંધી વેદાંત, મીમાંસા, જૈમિનેય, સાંખ્ય, અને વૈશેષિક વગેરે દર્શનો વિવેચન કરે છે. આત્માની ઉન્નતિ જ્ઞાન અને શુભ આચારથી થઈ શકે છે, અને નઠારા વિચારો તથા નઠારા આચારોથી અવનતિ થાય છે. આત્માની નાસ્તિકતા જડવાદીઓ કહે છે અને તેઓ પૃથ્વી તત્ત્વ, જળ તત્ત્વ, વાયુ તત્ત્વ, અગ્નિ તત્ત્વ, અને આકાશ તત્ત્વ, એ પંચભૂતના સંયોગે ચૈતન્ય માને છે; પણ પંચભૂત થકી આત્મા ભિન્ન છે એમ હાલ જડવાદીઓમાં પણ કેટલાક માનતા થયા છે. અને ઇંગ્લંડ અમેરિકા વગેરે દેશોમાં પણ ચૈતન્યવાદ પ્રસર્યો છે. પંચભૂત થકી આત્મા ભિન્ન છે એમ કેવળજ્ઞાનથી સર્વજ્ઞોએ કહેલું છે અને તે સિદ્ધાંતોથી સિદ્ધ થાય છે. આવો સિદ્ધાંત છેલ્લા તીર્થંકર શ્રીમહાવીર સ્વામી કે જે આજથી ૨૪૩૫ વર્ષ પર વિદ્યમાન હતા તેમણે કહેલો છે અને તેમના પેહેલાં અઢીસો વર્ષ ઉપર શ્રીપાર્શ્વનાથ તીર્થંકર થયા હતા તેમણે પણ કહેલો છે અને તેમના પહેલાં શ્રી નેમિનાથ ભગવાન્ અને તેમના પહેલાં શ્રી મુનિસુવ્રતસ્વામી અને એમ પાછળ જતાં છેવટ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી થયા. તેઓએ પણ કેવળજ્ઞાનથી એક સરખો ઉપદેશ કર્યો છે. યુરોપ, અમેરિકા વગેરે દેશોમાં હાલ સુધી લોકો જડવાદને માનતા હતા પણ 'મેસમેરીઝમ', ભૂતાવાહન' ક્રિયાથી તે લોકો જડથી ચૈતન્ય તત્ત્વ ભિન્ન છે એમ સ્વીકારવા લાગ્યા અને હાલ ચૈતન્ય તત્ત્વનો સિદ્ધાંત વિશેષતઃ ત્યાં પ્રસરતો જાય છે. જ્ઞાન દર્શન, અને ચારિત્ર વગેરે ગુણો આત્મામાં રહેલા

છે અને તે કર્મવર્ગણા દૂર થતાં પામે છે. બીજા પ્રાણીઓના આત્મા કરતાં મનુષ્યનો આત્મા ઉચ્ચ ગણાય છે, કેમકે તેની શક્તિઓ એકેન્દ્રિયાદિ જીવો કરતાં વિશેષ ખીલેલી છે. માટે ઉત્તમ સામગ્રી પામી ઉન્નતિ કરવા વિશેષતઃ પ્રયત્ન કરવો જોઇએ. આવો પ્રયત્ન સાધવા માટે બે રસ્તા છે. ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. ગૃહસ્થીઓએ ગૃહવાસમાં રહીને એક બીજાને સમાનભાવથી જોવા જોઇએ. કેટલાક જીવો પુણ્યથી સુખી દેખાય છે, અને કેટલાક પાપથી દુઃખી દેખાય છે પણ આત્મતત્ત્વ તો સર્વમાં એક સરખું રહેલું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર, વગેરે જાતિઓ જોકે વ્યવહારથી પાડેલી છે, તોપણ આત્મદૃષ્ટિથી જોતાં સર્વ મનુષ્યોના શરીરમાં આત્મતત્ત્વ એક સરખું વ્યાપી રહેલું છે. દરેક વર્ણે જો આત્માની ઉન્નતિ કરવી હોય તો, નીચ ભાવના દૂર કરવી જોઇએ, અને ઉચ્ચ ભાવના રાખવી જોઇએ. આત્મદૃષ્ટિથી જોતાં સર્વ જીવ ઉપર સમાન ભાવના રાખવી જોઇએ, કારણકે, આત્મા નિરંજન, નિરાકાર અને જ્યોતિ સ્વરૂપ છે. કર્મના યોગથી દરેકની જુદી જુદી સ્થિતિ થએલી છે તોપણ આત્મસત્તા તો દરેક જીવોમાં એક સરખી રહેલી છે. ગૃહસ્થો સર્વ જીવોને એક સરખા માનીને ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી આપીને મનુષ્યોની ઉન્નતિ કરવા ધારે તો ઉન્નતિ થઇ શકે. કેળવણી વિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સમજણ પડતી નથી. ઉન્નતિના ઉપાયો સુજતા નથી, આર્થિકસ્થિતિ પેદા કરવામાં પણ કેળવણી વિના ઉન્નતિ થઈ શકતી નથી, તેમ વ્યવહારના દરેક કાર્યોમાં કેળવણી ઉપયોગી છે. જાપાન કે જે દેશ ૪૦ વર્ષ પહેલાં કંઇજ હિસાબમાં નહોતો તેણે કેળવણી લીધી, ને રૂશીયા જેવા મોટા રાજ્યપર જીત મેળવી. શ્રી ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં ફરજીયાત કેળવણી દાખલ કરી તે માટે તે નામદારને ધન્યવાદ ઘટે છે. તાબીઓ, કુટુંબનું, ગામનું, દેશનું, ને સર્વનું ભલું કરવાની ઇચ્છાવાળાએ કુસંપનો ત્યાગ કરવો જોઇએ. ચોરી, વિશ્વાસઘાત અને વ્યભિચાર વગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો જોઇએ. રંક હોય કે રાજા હોય તોપણ આવા સદ્‌ગુણો વિના ઉન્નતિ થઇ શકે નહિ. સંસ્કૃત, ગુજરાતી અને ઇંગ્લીશ વગેરે ભાષા ભણી અનેક ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવે તો પણ મનને કેળવી નીતિમાન્ નહિ થવાય ત્યાં સુધી ઉન્નતિ થવાની નથી. ધર્મવિના નીતિની ઉત્પત્તિ થઇ શકતી નથી અને નીતિ વિનાની કેળવણી લુખી છે. સદ્‌ગુણોથી આત્માની ઉન્નતિ થઇ શકે છે એમ તીર્થંકરો કહે છે. દરેક ધર્મવાળાઓ ખંડન મંડનમાં નહિ ઉતરતાં આવા સદ્‌ગુણો ધારણ કરે તો આત્માની ઉન્નતિ થવામાં કંઈ હરકત જણાતી નથી. આત્મોન્નતિ કરવામાં ગુણ ગ્રહણ કરવાની દૃષ્ટિ રા-

શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકારની રૂબરૂ લક્ષ્મીવિલાસ પેલેસમાં આપેલું ભાષણ.

(આત્મજ્ઞાન, સમાનભાવ, કેળવણી, દુર્ગુણોનો ત્યાગ, સંપ, રાજા પ્રજાના ધર્મ, નીતિ, બાળલગ્ન અને વૃદ્ધલગ્નનો અટકાવ, ધાર્મિક ઉન્નતિ, સાધુધર્મ, આચાર, ધર્મગુરૂઓ ઘણું કરી શકે.)

વિદ્દરત્ન, તત્ત્વ જીજ્ઞાસુ મહારાજા સાહેબ તથા સભ્યજનો,

આજે શ્રીમંત મહારાજા સાહેબના આમંત્રણથી "આત્મોન્નતિ" સંબંધી મ્હારા વિચાર જણાવું છું.

આત્માની ઉન્નતિને 'આત્મોન્નતિ' કહે છે. જ્ઞાની પુરૂષો આત્માની શોધ કરે છે. આત્મા શરીરની અંદર રહ્યો છે, અને તે સૂર્યની પેઠે સર્વ પદાર્થોનો પ્રકાશ કરે છે. આત્મા અનાદિ કાળથી છે, અને તે પ્રતિ શરીર ભિન્ન ભિન્ન છે. અનંત આત્મા શ્રી તીર્થંકરોએ કહેલા છે. તેમજ આત્મા સંબંધી વેદાંત, મીમાંસા, નૈમિનેય, સાંખ્ય, અને વૈશેષિક વગેરે દર્શનો વિવેચન કરે છે. આત્માની ઉન્નતિ જ્ઞાન અને શુભ આચારથી થઈ શકે છે, અને નઠારા વિચારો તથા નઠારા આચારોથી અવનતિ થાય છે. આત્માની નાસ્તિકતા જડવાદીઓ કહે છે અને તેઓ પૃથ્વી તત્ત્વ, જળ તત્ત્વ, વાયુ તત્ત્વ, અગ્નિ તત્ત્વ, અને આકાશ તત્ત્વ, એ પંચભૂતના સંયોગે ચૈતન્ય માને છે; પણ પંચભૂત થકી આત્મા ભિન્ન છે એમ હાલ જડવાદીઓમાં પણ કેટલાક માનતા થયા છે. અને ઇંગ્લંડ અમેરિકા વગેરે દેશોમાં પણ ચૈતન્યવાદ પ્રસર્યો છે. પંચભૂત થકી આત્મા ભિન્ન છે એમ કેવળજ્ઞાનથી સર્વજ્ઞોએ કહેલું છે અને તે સિદ્ધાંતોથી સિદ્ધ થાય છે. આવો સિદ્ધાંત છેલ્લા તીર્થંકર શ્રીમહાવીર સ્વામી કે જે આજથી ૨૪૩૫ વર્ષ પર વિદ્યમાન હતા તેમણે કહેલો છે અને તેમના પહેલાં અઢીસો વર્ષ ઉપર શ્રીપાર્શ્વનાથ તીર્થંકર થયા હતા તેમણે પણ કહેલ છે અને તેમના પહેલાં શ્રી નેમિનાથ ભગવાન્ અને તેમના પહેલાં શ્રી મુનિસુવ્રતસ્વામી અને એમ પાછળ જતાં છેવટ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી થયા. તેઓએ પણ કેવળજ્ઞાનથી એક સરખો ઉપદેશ કહેલ છે. યુરોપ, અમેરિકા વગેરે દેશોમાં હાલ સુધી લોકો જડવાદને માનતા હતા પણ 'મેસમેરીઝમ', ભૂતવાદન' વિદ્યાથી તે લોકો જડથી ચૈતન્ય તત્ત્વ ભિન્ન છે એમ સ્વીકારતા લાગ્યા અને હાલ ચૈતન્ય તત્ત્વનો સિદ્ધાંત વિશેષતઃ માં પ્રસરતો જાય છે. જ્ઞાન દર્શન, અને ચારિત્ર વગેરે ગુણો આત્મામાં રહેલા

છે અને તે કર્માવરણો દૂર થતાં ખીલે છે. બીજા પ્રાણીઓના આત્મા કરતાં મનુષ્યનો આત્મા ઉચ્ચ ગણાય છે, કેમકે તેની શક્તિઓ એકેંદ્રિયાદિ જીવો કરતાં વિશેષ ખીલેલી છે. માટે ઉત્તમ સામગ્રી પામી ઉન્નતિ કરવા વિશેષતઃ પ્રયત્ન કરવો જોઇએ. આવો પ્રયત્ન સાધવા માટે બે રસ્તા છે. ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. ગૃહસ્થીઓએ ગૃહવાસમાં રહીને એક બીજાને સમાનભાવથી જોવા જોઇએ. કેટલાક જીવો પુણ્યથી સુખી દેખાય છે, અને કેટલાક પાપથી દુઃખી દેખાય છે પણ આત્મતત્ત્વ તો સર્વમાં એક સરખું રહેલું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર, વગેરે જાતિઓ જોકે વ્યવહારથી પડેલી છે, તોપણ આત્મદૃષ્ટિથી જોતાં સર્વ મનુષ્યોના શરીરમાં આત્મતત્ત્વ એક સરખું વ્યાપી રહેલું છે. દરેક વર્ણે જો આત્માની ઉન્નતિ કરવી હોય તો, નીચ ભાવના દૂર કરવી જોઇએ, અને ઉચ્ચ ભાવના રાખવી જોઇએ. આત્મદૃષ્ટિથી જોતાં સર્વ જીવ ઉપર સમાન ભાવના રાખવી જોઇએ, કારણકે, આત્મા નિરંજન, નિરાકાર અને જ્યોતિ સ્વરૂપ છે. કર્મના યોગથી દરેકની જુદી જુદી સ્થિતિ થએલી છે તોપણ આત્મસત્તા તો દરેક જીવોમાં એક સરખી રહેલી છે. ગૃહસ્થો સર્વ જીવોને એક સરખા માનીને ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી આપીને મનુષ્યોની ઉન્નતિ કરવા ધારે તો ઉન્નતિ થઇ શકે. કેળવણી વિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સમજણ પડતી નથી. ઉન્નતિના ઉપાયો સુજતા નથી, આર્થિકસ્થિતિ પેદા કરવામાં પણ કેળવણી વિના ઉન્નતિ થઈ શકતી નથી, તેમ વ્યવહારના દરેક કાર્યોમાં કેળવણી ઉપયોગી છે. જાપાન કે જે દેશ ૪૦ વર્ષ પહેલાં કંઇજ હિસાબમાં નહોતો તેણે કેળવણી લીધી, ને રશીયા જેવા મોટા રાજ્યપર જીત મેળવી. શ્રી ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં ફરજીયાત કેળવણી દાખલ કરી ને માટે તે નામદારને ધન્યવાદ ઘટે છે. તાડીઓ, કુટુંબનું, ગામનું, દેશનું, ને સર્વનું ભલું કરવાની ઇચ્છાવાળાએ કુમેપનો ત્યાગ કરવો જોઇએ. ચોરી, વિશ્વાસઘાત અને વ્યભિચાર વગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો જોઇએ. રંક હોય કે રાજા હોય તોપણ આવા સદ્ગુણો વિના ઉન્નતિ થઇ શકે નહિ. સંસ્કૃત, ગુજરાતી અને ઇંગ્લીશ વગેરે ભાષા ભણી અનેક ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવે તો પણ મનને કેળવી નીતિમાન નહિ થવાય ત્યાં સુધી ઉન્નતિ થવાની નથી. ધર્મવિના નીતિની ઉત્પત્તિ થઇ શકતી નથી અને નીતિ વિનાની કેળવણી લુખી છે. સદ્ગુણોથી આત્માની ઉન્નતિ થઇ શકે છે એમ તીર્થંકરો કહે છે. દરેક ધર્મશાસ્ત્રો ખંડન મંડનમાં નહિ ઉતરતાં આવા સદ્ગુણો ધારણ કરે તો આત્માની ઉન્નતિ થવામાં કંઈ હરકત જણાતી નથી. આત્મોન્નતિ કરવામાં ગુણ ગ્રહણ કરવાની દૃષ્ટિ રા-

ખેંચી જોઇએ. અને દરેક પરસ્પરના ગુણો ગ્રહણ કરવા જોઇએ. ગુણ ગ્રહણ કરવાની દૃષ્ટિથી સર્વ ધર્મોમાંથી સાર ખેંચી શકાય છે. સમભાવથી આત્માની ઉન્નતિ થઇ શકે છે. બુદ્ધ હોય, શ્વેતાંબર હોય, દિગંબર હોય, વેદાંતી હોય વા મુસલમાન હોય પણ જો સમભાવ આવે ને રાગદ્વેષ ટળે તો તેની મુક્તિ થઇ શકે છે. હિંદની અવનતિ ધર્મના ઝગડાથી થઈ છે. માટે ભિન્ન ભિન્ન ધર્મીઓએ પણ સંપીને વર્તવું જોઇએ. બીજામાં રહેલા સારા સદ્‌ગુણો લેવા જોઇએ. જો સંપીને વર્તવામાં આવે તો ક્લેશ, ઇર્ષ્યા અને મારામારી દૂર થાય. શરીરના દરેક અંગો સંપીને વર્તે છે તો સુખી રહે છે પણ પરસ્પર કુસંપ કરી રહે તો શરીર નભી શકે નહીં. આ દૃષ્ટાંતથી સંપીને રહેવાનો ફાયદો આપણને માલમ પડે છે. દરેક ધર્મના ધર્મગુરૂઓ સાપેક્ષ બુદ્ધિ રાખી વર્તે તો ધર્મના ઝગડાઓ દૂર થઇ શકે અને તેથી ગૃહસ્થોમાં સંપ થઇ શકે. આવી સાપેક્ષ બુદ્ધિ શ્રીમહાવીરસ્વામીએ સ્યાદ્‌વાદ રૂપે પ્રરૂપી છે. શ્રી મહાવીર સ્વામીના વખતમાં કેટલાક મતવાળા આત્મા માનતા હતા. ત્યારે બૌદ્ધો કે જે તે વખતે ઉત્પન્ન થયા હતા તે આત્માને ક્ષણિક એટલે અ-નિત્ય માનતા હતા. આ બે દર્શનોવાળા વચ્ચે મતભેદ કુસંપ વર્તતો હતો. તે વખતે શ્રી મહાવીર સ્વામીએ કેવળજ્ઞાનથી દરેકના મતની નયનોની અપેક્ષાએ સત્યતા સમજાવી હતી. તેવીજ રીતે હાલના જમાનામાં અપેક્ષા સમજાવવામાં આવે તો ધર્મના ઝગડાઓ કમી થઈ દેશોન્નતિ–ધર્મોન્નતિ થાય. જુના મતવાળાઓ કેળવાએલાઓને ધિક્કારે છે, અને કેળવાએલાઓ જુના મત-વાળાને ધિક્કારે છે. આમ એક બીજાની વચ્ચે ક્લેશ થાય તો કોઈ પણ પ્રકારની ઉન્નતિ થઇ શકે નહીં, માટે બન્ને વિચારવાળાઓ પરસ્પર એક બીજાનું સત્ય ગ્રહણ કરે તો બન્નેની ઉન્નતિ થઇ શકે, તેમજ વ્યવહારમાં ઉન્નતિ ક્રમમાં જોડાતાં પ્રજાએ રાજાની આજ્ઞા પાળવી જોઇએ, તેમ રાજાએ પણ પ્રજાના વિચારોને માન આપવું જોઇએ. આમ રાજા પ્રજા પરસ્પર સંપથી વર્તે તો શીઘ્ર ઉન્નતિ થઇ શકે. દોષ દૃષ્ટિનો આત્મોન્નતિ કરવા માટે નાશ કરવો જોઇએ. જેમ માતા પોતાના નાના બાળકનું મળ ધોઇને સાફ કરે છે તેમ ગુણી પુરૂષોએ અન્ય જનોના દોષોનો માતૃદૃષ્ટિથી નાશ કરવો જોઇએ. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે શુદ્ધ વિચારોથી મનુષ્ય શુદ્ધ થઇ શકે છે અને અશુદ્ધ વિચારોથી મનુષ્ય અશુદ્ધ થઇ શકે છે. માટે જ્યાં ત્યાંથી શુદ્ધ વિચારો ગ્રહણ કરવા જોઇએ. નીતિ શાસ્ત્રમાં વર્ણવેલા ગુણો ભિન્ન ભિન્ન દેશવાળા ધારણ કરે અને પાપની વૃત્તિઓને દૂર કરે તો તેઓની ઉન્નતિ થઇ શકે. બ્રહ્મચર્યનું રક્ષણ કરવામાં આવે તો તે પણ ઉન્નતિનું મોટું સાધન છે. તેને માટે

ં વર્ષનાં લગ્ન બંધ કરવા જોઈએ. કન્યાને વરની ઉમરમાં તફાવત હોવો જોઈએ. વૈદ્યકશાસ્ત્રના નિયમ પ્રમાણે પુરુષની પ્રાય ૨૫ અને સ્ત્રીની ૧૬ વર્ષની ઉમર પરિપક્વ થાય કહેલી છે. તેથી રીતના લગ્નથી પ્રજા ઉત્પન્ન થાય તે નિર્બળ બળવાન્ થવાનો સંભવ છે અને બળવાન્ પ્રજા અનેક પ્રકારની ઉન્નતિ તી રીતે કરી શકે. માટે નાની ઉમરના લગ્ન અટકાવવાં જોઈએ તેમજ . વૃદ્ધાવસ્થાના પુરુષો લગ્ન કરે છે, તેથી કેટલાક પ્રકારે અનીતિ અને તેથી ણી પ્રજા ઉત્પન્ન થવાનો સંભવ છે માટે તેનો પણ ત્યાગ કરવો જોઈએ. ી વર્ગને સારી કેળવણીના ગ્રંથોની જરૂર આપવી જોઈએ. તેથી પણ ઉન- તો જરૂર ખરાબ થાય છે, કારણ કે માતા શુદ્ધ હોવાથી પ્રજા પણ સારી થઈ શકે. જમાનાને અનુસરી સુધારા કરવા, અને વેપાર વગેરેથી પોતાની ઉન્નતિ કરવા માટે તો દરેક મનુષ્ય કરી શકે, એવો ગૃહસ્થનો વ્યવહાર ધર્મ છે.

ધાર્મિક ઉન્નતિ.

હવે ધાર્મિક ઉન્નતિ સંબંધી હું કહું છું

દરેક મનુષ્યે હૃદયમાંથી ક્રોધ, લોભ, મોહ, મત્સર, અને કામ વગેરે દુર્ગુણોને દૂર કરવા જોઈએ. બહારથી તીર્થ યાત્રા કરવામાં આવે પણ અંતરમાં જો સદ્ગુણ ન હોય તો પોતાના આત્માની ઉન્નતિ શી રીતે થઈ શકે ? શ્રી મહાવીર સ્વામીની આજ્ઞા છે કે મનુષ્યો સદ્ગુણોથી મુક્તિ મેળવી શકે છે. નીચ જાતી વા ઉચ્ચ આદિ ભેદોની મારામારીમાં નહિ પડતાં સદ્ગુણ ધારણ કરીને એટલે રાગદ્વેષને તજીને આત્મતત્વ ધારણ કરે છે તે મુક્તિ મેળવી શકે છે. દુર્ગુણનો ત્યાગ કરવામાં તથા સદ્ગુણો મેળવવામાં દુઃખ પડે તોપણ તેથી પાછું હઠવું જોઈએ નહીં. શ્રી મહાવીર સ્વામીએ આત્મોન્નતિ કરવા માટે અપાર દુઃખ સહન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમના દૃષ્ટાંતથી હું સર્વેને સદ્ગુણો મેળવતાં કદાપિ દુઃખ વેઠવું પડે તોપણ તેથી પાછા નહીં હઠતાં સદ્ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવાનો આગ્રહ કરું છું. મનથી પુણ્ય અને પાપ બંધાય છે, માટે મનને વશ કરવા પ્રયત્ન કરવો જોઈએ. વિદ્વાન્ થઈ અનેક પ્રકારના ભાષણ આપવામાં આવે વા અમુક પંથ સંબંધી શ્રદ્ધા કરવામાં આવે તોપણ દયા, ક્ષમા, વિવેક, સહનશીલતા, વૈરાગ્ય, અને ધ્યાન આદિ ગુણો વિના આત્માની પરમાત્મ અવસ્થા થતી નથી. અમુક પંથવાળાને ત્યાં મુક્તિ રજીસ્ટર આપેલી છે એમ નથી, પણ સર્વ મનુષ્યો જો સમ્યક્ત્વપૂર્વક આવા સદ્ગુણો ધારણ કરી લાગેલાં કર્મોનો નાશ કરે તો મુક્તિ મેળવી શકે. ગમે ત્યાં હોય તોપણ ઉપર કહેલા

સદ્‌ગુણો પ્રાપ્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી મુક્તિ થઇ શકશે નહીં. મુખથી રામ રામ કહેવામાં આવે અથવા અલ્લા અલ્લા કહેવામાં આવે, હરિ હરિ કહેવામાં આવે અને અરિહંત કહેવામાં આવે, પણ જ્યાં સુધી મનને વશ કરી સદ્‌ગુણો મેળવી જ્ઞાન ધ્યાનથી અંતઃકરણ શુદ્ધ કરી કર્મો ખપાવવામાં આવશે નહીં, ત્યાં સુધી આત્મોન્નતિ થઇ મુક્તિ મળી શકશે નહીં. જીંદગી ઘણી અમૂલ્ય છે, તેથી જીંદગીનો એક શ્વાસોશ્વાસ પણ નકામો કાઢવો જોઇએ નહીં. મેં તમારા આગળ વિચારો દર્શાવ્યા છે. તેનો સારાસાર વિચાર કરી તેમાંથી જે સારા વિચારો તમોને લાગે તે ગ્રહણ કરશો; નહિ તો મ્હારો ને તમારો બન્નેનો વખત નકામો જશે માટે જીંદગીનો સદુપયોગ કરશો.

સાધુ વિષે.

શ્રી મહાવીર સ્વામીએ સાધુ અને સાધ્વી એ બે વર્ગની સ્થાપના કરી છે. જીવની હિંસા કરવી નહિ, જુઠું બોલવું નહિ, ચોરી કરવી નહિ, બ્રહ્મચર્ય પાળવું, પૈસા વગેરે કોઇ જાતનું ધન રાખવું નહિ, અને રાત્રે ખાવું નહિ. આવી છ મહાપ્રતિજ્ઞા પાળવાની તેમણે આજ્ઞા કરી છે, તેમજ તેઓએ સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રનું જ્ઞાન મેળવી દેશ, કાળ ઓળખી ગામો-ગામ ફરી સર્વ ગૃહસ્થોને ઉપદેશ આપી તેમના આત્માની ઉન્નતિ કરવી એમ ફરમાવ્યું છે. સાધુ મહારાજઓ, પુરુષો તથા સ્ત્રીઓને યોગ્ય વખતે ઉપદેશ આપે છે. સાધ્વીઓ આ વર્ગને ઉપદેશ આપી શકે છે. વિધવા સ્ત્રી વગેરેને પોતાના તથા પરના ઉપકારને માટે આવો સાધ્વી માર્ગ ગ્રહણ કરવો બહુ લાભકારી છે. હાલમાં જૈનોના શ્વેતાંબર સાધુ ૨૫૦ તથા સાધ્વી ૧૨૦૦ ના આશરે છે. સ્થાનકવાસીઓમાં સાધુ તથા સાધ્વીની સંખ્યા વિશેષ છે, પણ તેઓમાં સંસ્કૃત અભ્યાસી થોડા છે. તેઓ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરે તો ઘણું કરી શકે. કેળવણીના પ્રતાપે સાધુ તથા સાધ્વીઓ દેશકાળને ઓળખવા લાગ્યા છે, અને તેઓ ઉન્નતિના ક્રમમાં જોડાયા છે. દેશકાળને અનુસરી ઉપદેશ પણ આપે છે; તેથી મ્હારા વિચાર પ્રમાણે ભવિષ્યમાં થોડાં વર્ષોમાં ઉન્નતિ થશે. આખા દેશની અંદર ગુરૂઓથકી જે ઉન્નતિ થાય છે તે રાજાઓથી પણ થતી નથી. ગુરૂ નિઃસ્વાર્થ થઇ સર્વ જીવોપર દયા રાખનાર હોય છે. મનુષ્યોઆસ્થાથી તેમના વચનપર વિશ્વાસ આવે છે. ચોરી નથી કરતા તેથી તે પ્રામાણિક ગણાય છે. બ્રહ્મચર્ય પાળવાથી શરીર તંદુરસ્ત રહે છે, અને તેથી સારા વિચારો કરી શકે છે. પૈસા પાસે નહિ રાખવાથી નિસ્પૃહી બની સત્ય કહી શકે છે અને વિકારી થઇ શકતા નથી.

જૈન ધર્મના લગભગ ૧૩૦૦૦૦૦ માણસોની સંખ્યા હિંદુસ્તાનમાં છે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ॥ ૧ ॥

[illegible]

[illegible] ॥ ૨ ॥

[illegible]

સદ્ગુણો પ્રાપ્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી મુક્તિ થઇ શકશે નહીં. મુખથી રામ રામ કહેવામાં આવે અથવા અલ્લા અલ્લા કહેવામાં આવે, હરિ હરિ કહેવામાં આવે અને અરિહંત કહેવામાં આવે, પણ જ્યાં સુધી મનને વશ કરી સદ્ગુરુઓ મેળવી જ્ઞાન ધ્યાનથી અંતઃકરણ શુદ્ધ કરી કર્મો ખપાવવામાં આવશે નહીં, ત્યાં સુધી આત્મોન્નતિ થઇ મુક્તિ મળી શકશે નહીં. જીંદગી ઘણી અમૂલ્ય છે, તેથી જીંદગીનો એક શ્વાસોશ્વાસ પણ નકામો કાઢવો જોઇએ નહીં. મેં તમારા આગળ વિચારો દર્શાવ્યા છે. તેનો સારાસાર વિચાર કરી તેમાંથી જે સારા વિચારો તમોને લાગે તે ગ્રહણ કરશો; નહિ તો મ્હારો ને તમારો બન્નેનો વખત નકામો જશે માટે જીંદગીનો સદુપયોગ કરશો.

સાધુ વિષે.

શ્રી મહાવીર સ્વામીએ સાધુ અને સાધ્વી એએ વર્ગની સ્થાપના કરી છે. જીવની હિંસા કરવી નહિ, જુઠું બોલવું નહિ, ચોરી કરવી નહિ, બ્રહ્મચર્ય પાળવું, પૈસો વગેરે કોઇ જાતનું ધન રાખવું નહિ, અને રાત્રે ખાવું નહિ. આવી છ મહાપ્રતિજ્ઞા પાળવાની તેમણે આજ્ઞા કરી છે, તેમજ તેઓએ સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રનું જ્ઞાન મેળવી દેશ, કાળ ઓળખી ગામોગામ ફરી સર્વ ગૃહસ્થોને ઉપદેશ આપી તેમના આત્માની ઉન્નતિ કરવી એમ ફરમાવ્યું છે. સાધુ મહારાજાઓ, પુરૂષો તથા સ્ત્રીઓને યોગ્ય વખતે ઉપદેશ આપે છે. સાધ્વીઓ સ્ત્રી વર્ગને ઉપદેશ આપી શકે છે. વિધવા સ્ત્રી વગેરેને પોતાના તથા પરના ઉપકારને માટે આવો સાધ્વી માર્ગ ગ્રહણ કરવો બહુ લાભકારી છે. હાલમાં જૈનોના શ્વેતાંબર સાધુ ૨૫૦ તથા સાધ્વી ૧૨૦૦ ના આશરે છે. સ્થાનકવાશીઓમાં સાધુ તથા સાધ્વીની સંખ્યા વિશેષ છે, પણ તેઓમાં સંસ્કૃત અભ્યાસી થોડા છે. તેઓ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરે તો ઘણું કરી શકે. કેળવણીના પ્રતાપે સાધુ તથા સાધ્વીઓ દેશકાળને ઓળખવા લાગ્યા છે, અને તેઓ ઉન્નતિના ક્રમમાં જોડાયા છે. દેશકાળને અનુસરી ભાષણો પણ આપે છે; તેથી મ્હારા વિચાર પ્રમાણે ભવિષ્યમાં થોડાં વર્ષમાં ઉન્નતિ થશે. આખા દેશની અંદર ગુરૂઓથકી જે ઉન્નતિ થાય છે તે રાજાઓથી પણ થતી નથી. ગુરૂ નિઃસ્વાર્થિ થઇ સર્વ જીવોપર દયા રાખનાર હોય છે. સત્ય બોલવાથી તેમના વચનપર વિશ્વાસ આવે છે. ચોરી નથી કરતા તેથી તે પ્રામાણિક ગણાય છે. બ્રહ્મચર્ય પાળવાથી શરીર તંદુરસ્ત રહે છે, અને તેથી સારા વિચારો કરી શકે છે. પૈસો પાસે નહિ રાખવાથી નિઃસ્પૃહી બની સત્ય કહી શકે છે અને વિષયી થઇ શકતા નથી.

બીજા ધર્મના લગભગ ૫૬૦૦૦૦૦ સાધુઓની સંખ્યા હિંદુસ્તાનમાં છે

જેમ વર્નિયવર ઉપરથી સાંભળવામાં આવ્યું છે તેમ જો શાસ્ત્રજ્ઞાન મેળવી સદાચાર ધારણ કરી સદ્બોધ આપે તો હિન્દુસ્થાનની ઉન્નતિ જલદી થાય.

જે પ્રમાણે સાધુઓ ગૃહસ્થોને સુધારવાને પ્રયત્ન કરે છે તે પ્રમાણે જો ગૃહસ્થોએ પણ પોતાના ગુરૂઓમાં કાંઈ ખામી માલુમ પડે તો તે સુધારવા પ્રયત્ન કરવો જ જોઈએ. સાધુઓએ ખાલમહત્તાના ખાડાને મોહમાયામાં પડી રહેવાનું નથી, પણ બીજાઓની આત્મોન્નતિ કરવા સારૂ ઉપદેશ કરવો જોઈએ.

મેં મારા જે વિચાર ઉપર મુજબ દર્શાવ્યા છે તેમાંથી જે યોગ્ય લાગે તે ગ્રહણ કરશો.

ઉપરના આશ્ચર્યનું મુનિશ્રીનું ભાષણ પૂર્ણ થયા પછી શ્રીમન્ત મહારાજાની આજ્ઞાનુસાર વડોદરા ટ્રેનીંગ કોલેજના પ્રીન્સીપાલ રા. નંદનાથ કેદારનાથ દીક્ષિતે આભાર માનતાં જણાવ્યું કે મુનિ મહારાજના ઉપદેશથી શ્રીમંત મહારાજા સાહેબ ઘણાજ પ્રસન્ન થયા છે અને મહારાજશ્રીએ જે તત્ત્વ નીતિમય ધર્મ અને જૈન સમાજની સેવા વગેરે ઉપયોગી બાબત વિષે કહ્યું છે તે ખાસ મનન કરવા લાયક છે. ફરીથી હું તેમનો શ્રીમંત તરફથી આભાર માનું છું.

"आत्मभावना."

णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ॥
वीरिअं उवओगोअ, एअं जीवस्स लक्खणं ॥ १ ॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ લક્ષણ તે જેનું તેને આત્મા કહે છે. અરૂપી, અક્ષપાપી, અયોગી, અનંતજ્ઞાની, ચૈતન્યમય અનન્ત શક્તિમાન્ આત્મા છે.

यथा नैर्मल्यशक्तीनां, यथा रत्नान्न भिन्नता ॥
ज्ञानदर्शनचारित्र, लक्षणानां तथात्मनः ॥ २ ॥

જેમ રત્નોની નિર્મળ કાન્તિ, રત્નથકી ભિન્ન નથી; તેમ આત્માને વિષે રહેલાં એવાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર, તે આત્મા થકી ભિન્ન નથી. જે યોગી પુરૂષોએ આત્માના સુખને અનુભવ્યું છે તેઓ ઇન્દ્ર અને નરેન્દ્રના સુખને તૃણ માત્ર ગણે છે " અધ્યાત્મસાર " નામના ગ્રંથમાં શ્રીમન્મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ કહ્યું છે કે—

कांताधरसुधास्वादा, यूनां यज्जायते सुखं ।
बिंदुः पार्श्वे तदध्यात्मशास्त्रास्वादसुखोदधेः ॥ ३ ॥

યુવાન પુરૂષોને સ્ત્રીઓના ઓષ્ટના ચુંબન થકી જે સુખ ઉત્પન્ન થાય છે તે સુખ, અધ્યાત્મ શાસ્ત્રને વિષે તલ્લીન થયેલા એવા જે પુરૂષો, તેના સુખરૂપી સમુદ્રની આગળ બિંદુ માત્ર છે.

વળી કહ્યું છે કે—

अध्यात्मशास्त्रसंभूत, संतोष सुखशालिनः ॥
गणयंति न राजानं, न श्रीदं नापि वासवम् ॥ ४ ॥

અધ્યાત્મશાસ્ત્ર થકી ઉત્પન્ન થયેલો જે સંતોષ તેના સુખને વિષે મગ્ન થયેલા પુરૂષો, તે રાજાને, કુબેર નામનો જે દેવતા તેને, તથા ઇંદ્રને પણ હિસાબમાં ગણતા નથી. અર્થાત્, વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણ કાળના ઇંદ્રો સહિત ત્રણ ભુવનના પ્રાણીઓનું સુખ એકઠું કરીએ, તે સુખ આત્માનું જે સુખ, તેની બરોબરી કરી શકતું નથી. અર્થાત્ આત્માનું સુખ આત્યંતિક છે. આત્માનું સુખ નિત્ય છે. તેનો કોઇ પણ વખતે નાશ થવાનો નથી. જેને પોતાના આત્માના સ્વરૂપની ઓળખાણ નથી, તેઓ પરમાત્માના સ્વરૂપને ઓળખી શકતા નથી; માટે આત્માના સ્વરૂપને જાણવાના જીજ્ઞાસુઓએ પ્રથમ સ્વરૂપને ઓળખવાને માટે તત્ત્વનો નિશ્ચય કરવો જોઇએ. જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી, તેની પોતાના આત્મામાં સ્થિતિ નથી તેથી તે શરીર અને શરીરમાં વ્યાપિ રહેલો એવો જે આત્મા, તેને જુદો સમજી શકતો નથી. જ્યાં સુધી દેહ અને આત્મા જુદો છે એવું સમજી શકતો નથી, ત્યાં સુધી આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. તે માટે મુમુક્ષુએ પહેલાંજ વિવેકથી રૂડી રીતે આત્માનો નિશ્ચય કરવો જોઇએ.

હવે આત્માનાં સ્વરૂપ ત્રણ પ્રકારે વર્ણવે છેઃ-સર્વને વિષે વ્યાપી રહેલો એવો આત્મા જુદા જુદા ત્રણ વિકલ્પો વડે (૧ બહિર્, ૨ અન્તર, અને ૩ પરમ. એમ ત્રણ ભેદે) કહેવામાં આવશે. યથા અધ્યાત્મ ગીતા-બાહિર-અંતર પરમ એ આતમ પરિણુતી તીન.

હવે બહિરાત્માનું સ્વરૂપ કહે છેઃ-દેહાદિક આતમ ભ્રમ, બહિરાતમ બહુદિન, દેહ, વાણી, મનને વિષે જે જે આતમ ભ્રાંતિથી આત્મબુદ્ધિ થાય તે, મોહનિદ્રામાં પડીને દોરાતો ચેતન, બહિરાત્મા કહેવાય છે. તે શરીરવાણી અને મનનેજ આત્મા માનનારા પ્રાણીઓ કદી પણ સસારનો પાર પામી શકતા નથી. અને જ્યાં સુધી બહિરાતમ બુદ્ધિ છે, ત્યાં સુધી તપ જપ ક્રિયા અનુષ્ઠાન યથાયોગ્ય ફળને આપી શકતા નથી.

હવે અન્તર્ આત્માનું સ્વરૂપ કહે છે. ઉપર કહેલી શરીરાદિ બાહિરથી વસ્તુઓ છોડીને જે પોતાનાજ આત્મામાં આત્મબુદ્ધિ ધારે તેને અંતરાત્મા કહે છે.

હવે પરમાત્માનું સ્વરૂપ કહે છે: શરીર અને કર્માદિના લેપવિના હોવાથી નિર્લેપી: શરીરાદિકનો સંગ નહિ હોવાથી અસંગી: ભાવ કર્મ રહિત હોવાથી પરમ શુદ્ધ; સિદ્ધિ પદને પામેલા હોવાથી નિષ્પન્ન; અવ્યાબાધ સુખી હોવાથી આનંદમય; વિકલ્પ સંકલ્પ રહિત હોવાથી નિર્વિકલ્પ; અનંતજ્ઞાન, અનંત દર્શન, અને અનંત ચારિત્ર, તથા અનંત વીર્યરૂપી લક્ષ્મી પામવાથી જે સિદ્ધ થયા તેજ પરમાત્મા કહેવાય છે

ત્યારે હવે પરમાત્માનું સ્વરૂપ ઓળખવાને માટે શું શું કરવું જોઇએ? તે કહે છે. આ શરીર, વાણી, અને મન તે હું નથી. સ્ત્રી, ધન, કુટુંબ, અને પુત્ર વિગેરે મારાં નથી; અને હું તેમનો નથી. પાંચ ઇંદ્રિયોથી ભોગવાતા જે વિષયો તે મારા નથી, કારણ કે બાહિરના વિષયોમાં હું અને મારૂં એવી બુદ્ધિ કરાવનાર રાગ અને દ્વેષ છે. અને જે જે અંશે આત્મામાંથી રાગદ્વેષ છુટા પડશે, તે તે અંશે આત્મા સ્થિરતા અનુભવતો જશે. અને તે એટલે સુધીકે અગાઉ કોઇ પણ દિવસે નહિ અનુભવેલી એવી શાંતિ, પોતાનામાંજ અનુભવશે. એવી શાંતિ અને સ્થિરતા અનુભવતા, આત્મામાંજ અંતર આત્મા જણાય છે અને એ અંતર આત્મા બાહિર વિષયોથી દૂર થઇ, પરમાત્માની સન્મુખ થઇ, તેનું દર્શન કરવાને યોગ્ય થાય છે. માટે જેને પરમાત્માનાં દર્શનની વા પરમાત્મ પદની જીજ્ઞાસા હોય તેને આ ઉપાય કામે લગાડવાની હું પ્રાર્થના કરૂંછું. શ્રીમદ્ દેવચંદજી પણ કહે છે કે—"પ્રીતિ અનંતિ પરથકી, જે તોડેહો તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ." અનાદિ કાળથી શરીર, વાણી અને મન, અને તેમના જે વિષયો, તે પરવસ્તુ છે, માટે તમે તેની સાથે પ્રીતિ તોડો એટલે પરમાત્માની સાથે પ્રીતિ થવાને તમારી યોગ્યતા આવશે. અને યોગ્યતા થઇ, પછી જો પરમાત્માની સાથે રાગ કરશો તો ગુણના મરરૂપ તમે પોતે પરમાત્મા થઇ જશો.

આ અનાદિ કાળથી અવિદ્યાના અભ્યાસમાં પડેલો મૂઢ, પોતાનું શરીર તેજ આત્મા માનવા રૂપ પહેલી ભૂલ કર્યા પછી, તે ભૂલોની પરંપરામાં પડતો જાય છે. તે આવી રીતે જો તે શરીર દેવતાનું હોયતો પોતાને દેવતા માને, માણસનું હોયતો માણસ માને, પશુ પક્ષીનું હોય તો પશુ પંખી એમ જાણે, નારકીમાં હોય તો હું નારકીછું એમ માને. આમ શરીરના પર્યાયરૂપ મનુષ્યાદિ "તે, હું" એમ માનતો ચાલ્યો જાય છે. અર્થાત્ ભવોભવમાં ભટકતો ફરે છે.

ણીની ચપલતા તે માણુસના સંસર્ગથી થાય છે. માટે જ્ઞાની પુરૂષે ચપલતાનું બીજ એવો જે મનુષ્યનો સંસર્ગ, તેનો ત્યાગ કરવો જોઇએ.

જેને આત્માનો નિશ્ચય થાય છે તેને પહેલાં આ જગત ઉન્મત્ત જેવું લાગે છે; પરંતુ આત્મદર્શનની દૃઢ વાસના થયા પછી તે જગત પત્થરની પેઠે ભાસે છે.

આ શરીરાદિથી આત્મા જુદો છે એવું માત્ર બોલવાથી કે સાંભળવાથીજ બંધન મુકાઇ મોક્ષ પામતો નથી, પરંતુ જ્યારે ભેદ જ્ઞાનના અભ્યાસથી આત્માનો નિશ્ચય થાય છે, ત્યારેજ મોક્ષ પામે છે.

આ શરીરથી જુદા એવા આત્માની, આત્મા વિષે એવી દૃઢ વાસના કરવી કે-તે સ્વપ્નમાં પણ હું શરીરી છું, કે પોતાને ફરીથી અંગ સંગતિ ન થઇ જાય.

જાતિ અને લિંગ એ બે દેહને આશ્રયી રહ્યાં છે. અને એ દેહ તે જ સંસાર છે, માટે જાતિ અને લિંગનો, પરમાર્થ દૃષ્ટિવાળાએ આગ્રહ કરવો નહિ. જેમ યેલ ભ્રમરના સંગથી ભમરી થાય છે, જેમ વાટ દીવાને પામી પોતે પણ દિવારૂપે બની જાય છે, તેમ આત્મા પોતાથી ભિન્ન એવા સિદ્ધ ભગવાનની આરાધના કરતાં પોતે પણ સિદ્ધ થઇ જાય છે. આ પ્રમાણે વાણીથી નહિ વર્ણન કરી શકાય એવા પરમાત્માની ભાવના કરતાં કરતાં આત્મા પોતે જ પરમાત્મા રૂપ બને છે અર્થાત્ મોક્ષ લક્ષ્મીને પામે છે.

સિદ્ધ ક્ષેત્ર.

શ્રી સિદ્ધાચલ તીર્થની યાત્રા.

શત્રુંજય સમો તીર્થ નહિ, ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરખા ગુરૂ નહિ, વળી વળી વંદુ તેહ.

નિમિત્તરૂપે ગણાતાં પ્રત્યેક તીર્થોનું સેવન યદિ આત્માના ગુણોના પ્રકાશ માટે થાય તો તે અત્યંત ઉપકારી છે. શાસ્ત્રમાં બે પ્રકારનાં તીર્થ કહ્યાં છે. જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ. પ્રથમ જંગમ તીર્થ તે સાધુ સાધ્વી અને કેવલી વગેરે. સ્થાવર તીર્થ જડ હોય છે. પણ તે ચૈતન્ય શક્તિ ખીલવવા નિમિત્ત રૂપે ઉપકારી હોય છે. જ્યાં જ્યાં તીર્થંકરોનાં, સામાન્ય કેવલીઓનાં અને સાધુઓનાં નિર્વાણાદિ થયાં હોય તે તીર્થ ગણાય છે. આવાં સ્થાવર તીર્થો પર્વત તરીકે ઘણાં છે. તેમાંનું સિદ્ધાચલ ઉત્તમ તીર્થ ગણાય છે. સિદ્ધાચલ ઉપર અનેક જીવો મુક્તિ પામ્યા, તેથી ત્યાં જવું જોઇએ. સર્વ જાય છે માટે આપણે પણ જવું એમ શારીરિક સ્વાદથી જનારા [illegible]

સ્થાવર તીર્થોનો મેળવણી વિના કાંઈ મેળવી શકાતા નથી. સ્થાવર તીર્થને પૂજવાનો મુખ્ય હેતુ એ છે કે આત્માના સદ્ગુણો પ્રાપ્ત કરવા. સિદ્ધાચલ ઉપર ઘણા જીવો મુક્તિ પામ્યા છે. તેમના આત્માની સાથે લાગેલા શુભ પુદ્ગલો અત્રે હોય તેનો સ્પર્શ થવાથી મનુષ્યોની બુદ્ધિ પ્રાયઃ સુધરે છે. તેમજ વ. જે જે જીવો મુક્તિ ગયા હોય તે તે જીવોના ચરિત્ર સ્મરણે સ્મરણમાં જ્ઞાનિઓને સ્થાન છે તેથી જ્ઞાન પુરુષ આત્માના ગુણો પ્રતિ ઉપયોગ ગુણે છે. સિદ્ધાચલ બે પ્રકારે છે. ૧ દ્રવ્ય સિદ્ધાચલ અને બીજો ભાવ સિદ્ધાચલ; તેમાં દ્રવ્ય સિદ્ધાચલ પર્વત છે જ્ઞાનિઓના પવિત્ર સ્પર્શથી પવિત્ર થએલો ડુંગર છે. અને ભાવતીર્થ આત્મા છે. દ્રવ્યતીર્થ સાધનરૂપે કારણ છે અને તે આત્માથી ભિન્ન છે. દ્રવ્ય સિદ્ધાચલ પર્વતથી આત્મા તથા મોક્ષ ભિન્ન છે. દ્રવ્ય સિદ્ધાચલ પર્વતમાં કંઈ ચૈતન્ય ગુણ નહિ પણ તે કંઈ વિનંતિનો અર્થ સમજી શકતો નથી પણ તેની પાસે જઈ સ્પર્શ કરી ત્યાં મુક્તિ ગએલા જીવોના ગુણોનું સ્મરણ કરવું તેજ હિતકર છે. દ્રવ્ય સિદ્ધાચલ પર્વતને એમ કહેવામાં આવે કે 'તું મારા પાપનો નાશકર. યા તું મુક્તિ આપ' એમ કહેવું તે ભગવાનના સ્થાપના નિક્ષેપની અપેક્ષા વિના તો અયોગ્ય છે. નિમિત્તરૂપ સિદ્ધાચલ પર્વતને સેવવાના મુખ્ય હેતુઓ બરોબર જ્યાં સુધી સમજવામાં આવ્યા નથી ત્યાં સુધી જ્ઞાનાનંદ મેળવી શકાય નહીં. સિદ્ધાચલ પર્વતનો નિમિત્તરૂપે અપૂર્વ મહિમા શાસ્ત્રમાં કહ્યો છે, તે જ્ઞાનિઓને માટે છે. અને ભદ્રગુણીઓને માટે છે. અધ્યાત્મ જ્ઞાનિયોજ એ પાસને અનુસરવા થકી તેનું ફળ આસ્વાદી શકે છે. ઇશ્વર કર્તા વાદિઓ જેમ ઇશ્વરને તારવા માટે વિનંતિ કરે છે તેમ અજ્ઞ જીવો સિદ્ધાચલ પર્વતની તેવીજ રીતે અપેક્ષા સમજ્યા વિના વિનંતી કરે છે તેથી શું તેમને સિદ્ધાચલ પર્વત તારી શકે? સિદ્ધાચલ પર્વતની યાત્રા કરવાનો મુખ્ય હેતુ આત્માના ગુણો ખીલવવા માટે છે. ત્યારે હવે એમ થશે કે દ્રવ્ય સિદ્ધાચલ જે પત્થરરૂપ છે તેની યાત્રા પ્રત્યેક જીવે શી રીતે કરવી. તેના ઉત્તરમાં કહેવાશે કે ભવ્ય જીવોએ પ્રથમતો સિદ્ધાચલના સ્પર્શનથી શું થાય છે તથા ત્યાં જઇ શું કરવું.

સિદ્ધાચલ પર્વતની યાત્રા કેવી રીતે કરવી.

શું વિચારવું, શું બોલવું, આત્માને લાગતાં કર્મ કેવી રીતે અટકાવવાં તેનું જ્ઞાન લેવું જોઇએ. જ્ઞાન વિના આશ્રવ પ્રવાહમાં તણાતાં અનંત કાળ ગયો માટે સમ્યગ્જ્ઞાન કરવું જોઇએ. શ્રી ઉપદેશ રત્નાકરમાં મુનિ સુંદર સૂરિ મહારાજે લખ્યું છે કે:—

પાધ્યાય કહે છે કે ધામધુમે ધમાધમ ચલી જ્ઞાનમારગ રહ્યો દૂર આવી રીતે જો ગાડરીયા પ્રવાહની ધામધુમથી યાત્રા કરવામાં આવે ત્રણ કાલમાં મુક્તિ થનાર નથી. સ્થાવર તીર્થની પૂજ્યતા જંગમ તીર્થથી થએલી છે. જંગમ તીર્થવિના સ્થાવર તીર્થની પુજ્યતા ત્રણ કાલમાં નથ ત્યારે હવે વિચારશો કે **સ્થાવર તીર્થ મહાત્માઓના** સ્મરણ માટે, ધ્યા માટે, અને નિરૂપાધિ દશા માટે ઉપયોગી છે. **ધ્યાન, સ્મરણ,** સત્પુરૂ **સમાગમ,** અને **નિરૂપાધિદશા** માટે જો સ્થાવરતીર્થોનું સેવન કરવા આવે તો ખરેખર તેથી અત્યંત લાભ છે. તે વિના ફક્ત ચડવા ઉતરવા તો જ્ઞાન શૂન્યતાએ ડોળી ઉપાડનારની પેઠે જીવન નિષ્ફળ જાય. **સ્થાવ સિદ્ધાચલ તીર્થ** છે તે આત્માને **નિમિત્તપણે** પરિણમે છે માટે **દ્રવ્યતીર્થ** સાપેક્ષબુદ્ધિથી સાધ્યદૃષ્ટિએ તેની ઉપાસના ઉપયોગી છે. પ ઉપાદાન કારણને ઉ ણીનેજ તે ફળદાયક છે એમ લક્ષમાં રાખવું. ભાવસિ દ્ધાચલ આત્મા છે. સિદ્ધ અને અચલ આત્મા નિશ્ચયનયથી છે. રાગ અ

ભાવ સિદ્ધાચલ આત્મા છે.

દ્વેષરૂપ શત્રુનો જય કરનાર આત્મા છે. પણ **આત્મ** શત્રુંજય કહેવાય છે. અસખ્ય પ્રદેશરૂપ ક્ષેત્રમાં સિદ્ધપણું છે માટે **આત્મ સિદ્ધ ક્ષેત્ર** કહેવાય છે ગિરિ (પર્વતની) પેઠે સ્થિર એવો આત્મા પોતા શુદ્ધ સ્વરૂપથી બીરાજે છે માટે આત્મા ગિરિરાજ કહેવાય છે. દ્રવ્ય અ સ્થાવર નિમિત્ત તીર્થો સર્વ આત્માને ઉદ્દેશી થયાં છે માટે નિશ્ચયનય **આત્મા તીર્થ નાયક** ગણાય છે. મેરૂ પર્વતની પેઠે આત્મા પણ ક્ષાયિકભા સ્થિર છે માટે નિશ્ચયનયથી **આત્મા સાશ્વતગિરિ** ગણાય છે

સર્વ તીર્થોનો રાજા આત્માજ હોવાથી તે **તીર્થરાજ** ગણાય છે. એકેકુ ડગલું ભરે, ગિરિસન્મુખ ઉજમાલ, કોડી સહસ્ર ભવનાં કર્યા, પાપ ખપે તત્કાલ. આ દુહાનો અર્થ દ્રવ્ય તીર્થમાં ઘટી શકે છે તેવી રીતે ભાવ સિદ્ધાચલરૂપ આત્મમાં પણ ઘટી શકે છે. ક્ષણે ક્ષણે આત્માના શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગરૂપ ડગલું ભરવાથી કોડીભવનાં કરેલાં પાપનો શુદ્ધ સંવરભાવે નાશ થાય છે. **ભાવશત્રુંજય આત્મા સમાન** કોઇ તીર્થ નથી. છઠ અઠમાદિક કરીને સાતવાર વા બેવાર આદિ શુદ્ધોપયોગના ધ્યાને આત્મા સિદ્ધાચલ**ની યાત્રા (સ્વરૂપમાં પ્રવેશ)** કરવામાં આવે તો તે જીવ મુક્તિ અવસ્ય પામે, તેમાં સંદેહ નથી. **આત્મારૂપ ભાવસિદ્ધાચલ**ની શુદ્ધોપયોગ રમણતાની અપેક્ષાએ નવાણુંવાર યાત્રા કરવામાં આવે તો અવસ્ય જીવ ત્રીજા ભવમાં મુક્તિ જાય. દ્રવ્ય સિદ્ધ ' અને **ભાવસિદ્ધાચલનો** કારણ

સંભવ છે, તેથી જ્ઞાનીને અપેક્ષાએ નિમિત્ત અને ઉપાદાન રૂપ તીર્થ સમજતાં વિરોધ રહેતો નથી. અજ્ઞાની પણ સમાન આત્મા છે તેથી અપેક્ષા સમજ્યાવિના લડી મરે છે. ચાર હત્યારા પાતકી તે પણ એ ગિરિરાજ ભાવે જીનવર ભેટતાં મુક્તિ વધુ સુખ પાય. આ વ્યાખ્યા પણ આત્મસિદ્ધાચલરૂપ આત્મામાં ધરે છે.

સ્થાવર તીર્થ નિશ્ચય તું છે, ત્રસ પ્રાણી તુજ દર્શ કરેરી.
સ્થાવર તીર્થ પોતે કૌતુક, દર્શન તેહનું રૂપ વરેરી.
શ્રી સિધ્ધાચલ નયણે નિરખી, સિદ્ધાચલ મુજરૂપ લહુંરી. શ્રી. ૧
પાપી અભવી દુરભવી પ્રાણી, દર્શન સ્પર્શન કરશુ ન કરેરી.
શ્રી સિધ્ધાચલ નયણે નિરખી, ભવપાથોધિ ભવ્યતરેરી. શ્રી. ૨
તીર્થ તીર્થ ફરતો જગ ભટક્યો, પણ નહિ આતમ શાન્ત થયોરી.
સહજાનન્દએ તીરથ ફરસે, ભવદાવાનલ દૂર ગયોરી. શ્રી. ૩
દ્રવ્યભાવથી તીરથ સમજી, પૂજો ધ્યાવો ધ્યાન ધરીરી.
સિદ્ધાચલ આદીશ્વર પૂજી, બુદ્ધિસાગર શાન્તિ વરીરી. શ્રી. ૪

ઈત્યાદિ વચનો દ્રવ્ય સિદ્ધાચલ અને ભાવ સિદ્ધાચલને પણ સિદ્ધ કરે છે. નિશ્ચયથી સ્થિર રહેનાર સિદ્ધ પરમાત્મા છે. તેના જો ત્રસ પ્રાણી દર્શન કરે તો પોતે પણ સ્થિર થઈ જાય છે. અર્થાત્ મુક્તિ સ્થાનમાં સ્થિર થાય માટે કૌતુક એ છે કે સ્થાવર તીર્થનાં દર્શન કરતાં ત્રસ પણ સ્થિર થાય. દર્શન તેહનું રૂપ વરેરી એ વાક્ય જણાવે છે કે એમાં શું કૌતુક છે. સિદ્ધપરમાત્મા સ્થિર છે માટે સ્થિરનાં દર્શન કરતાં આત્મા પણ ક્ષાયિકભાવ પામી સ્થિર થાય છે. પાપી, અભવી, અને દુરભવી જીવો દર્શન મોહનીયનો નાશ કરી શકતો નથી. અભવી જીવો તો કદાપિકાલે દર્શન મોહનીયનો નાશ કરી શકતો નથી. તેથી તે જીવો આત્માનું દર્શન કરી શકતા નથી અને જે ભવ્ય જીવ હોય છે તે દર્શન મોહનીયનો નાશ કરી આત્મરૂપ સિદ્ધાચલનું દર્શન નિશ્ચયનયની અપેક્ષાએ કરે છે અને સંસારરૂપ સમુદ્ર તરી જાય છે. ઉપાદાન આત્મતીર્થને ઓળખ્યા વિના બાહ્યમાં ઉપાદાન તીર્થની બુદ્ધિથી ભટકતાં આત્મા કદી શાન્ત થયો નહીં, પણ જેમાં સહજ (નૈસર્ગ) આનન્દ રહ્યો છે, એવા ભાવ સિદ્ધાચલ આત્માને ફરસતાં જડ વસ્તુઓથી સુખની બુદ્ધિ જતાં અને આત્મામાંજ સહજાનંદની બુદ્ધિ થતાં, સંસાર દાવાનલ દૂર ગયો. અર્થાત્ તેથી આત્મા નિજ થયો. દ્રવ્યથી સિદ્ધાચલ તીર્થ ધરાય અને ભાવથી આત્મારૂપ સિદ્ધાચલ તીર્થ સમજીને હે ભવ્યજીવો! તમે આદીશ્વરનું સેવન કરો. દ્રવ્યથી આદીશ્વર

ભગવાનની સ્થાપના અને ભાવથી જ્યારે સમકિત જીવ પામે ત્યારે સમકિતની અપેક્ષાએ આત્માની ઇશ્વરતાની આદિ કહેવાય છે માટે નિશ્ચયનયથી આત્માજ આદીશ્વર ઠર્યો. એમ દ્રવ્ય કારણ અને ભાવ કાર્ય સાપેક્ષાએ આદીશ્વરની ભાવ પૂજા કરતાં પરમશાંતિ ભવ્યજીવોએ મેળવી છે અને તે અનંત કેવલ જ્ઞાનરૂપ સાગરના સ્થાનભૂત થયા. તેમ જે જીવો દ્રવ્ય અને ભાવ સિદ્ધાચલની સમજીને યાત્રા કરે છે તે પણ **પરમશાંતિ** પામી જન્મ જરા અને મરણનો નાશ કરે છે અને કરશે.

દ્રવ્ય અને ભાવથી **સિદ્ધાચલ–શત્રુંજય** સમજવા માટે પ્રથમ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. સમ્યગ્જ્ઞાનથી **સમ્યગ્દૃષ્ટિ** પ્રાપ્ત થાય છે, દ્રવ્ય સિદ્ધાચલ તીર્થમાં ભાવસિદ્ધાચલની બુદ્ધિ રાખવી તે **મિથ્યાત્વ** છે અને **ભાવસિદ્ધાચલમાં દ્રવ્યસિદ્ધાચલની** બુદ્ધિ રાખવી તે મિથ્યાત્વ છે. **નિમિત્ત તે ઉપાદાન તીર્થ** થતું નથી અને ઉપાદાન તે નિમિત્ત થતું નથી. નિમિત્ત તીર્થ સિદ્ધાચલ પર્વતની યાત્રાનો લાભ જ્ઞાનિને આત્મધ્યાનમાં આવશ્યક છે. સિદ્ધાચલની યાત્રા પાપનો નાશ કરે છે આત્મસમ્મુખ દૃષ્ટિ રાખીને જે જીવો યાત્રા કરે છે તે જીવો પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. દ્રવ્યતીર્થ અનેક છે અને ભાવતીર્થ આત્મા છે. આત્માની પરમાત્મદશા કરવી તેજ **સાધ્યદૃષ્ટિએ** ભાવતીર્થની પ્રરૂપણા કંઈ દ્રવ્ય તીર્થના નાશ માટે નથી તેમ દ્રવ્યતીર્થની પ્રરૂપણા કંઈ ભાવતીર્થના નાશ માટે નથી. વિશેષાવશ્યકમાં તીર્થ શબ્દ વડે શ્રુતજ્ઞાનનું ગ્રહણ કર્યું છે. તેમજ તેના આધાર ભૂત સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનું પણ ગ્રહણ થાય છે. **તીર્થ એટલે શ્રુત જ્ઞાન,** તીર્થના ગમે તેટલા ભેદ પાડો તોપણ તેનો **નિમિત્ત** અને ઉપાદાન એ બે તીર્થોમાં સમાવેશ થાય છે. ૧ નામ **તીર્થ** ૨ **સ્થાપના તીર્થ** ૩ **દ્રવ્યતીર્થ** ૪ અને **ભાવતીર્થ** તેમજ સાતનયથી તીર્થનું સ્વરૂપ જાણીને આદરવું વા નિક્ષેપાથી સિદ્ધાચલનું સ્વરૂપ સમજવું અને સાધ્યદૃષ્ટિ રાખી દર્શન મોહનીયાદિ પ્રકૃતિનો નાશ થાય તેમ પ્રવૃત્તિ કરવી. રાગદ્વેષનો જે જે રીતે નાશ થાય તે તે રીતે તીર્થની સેવના કરવી. ભવ્યજીવો ! તમે દ્રવ્ય અને **ભાવતીર્થને** જ્ઞાનપૂર્વક સમજી **પરમાત્મદશાની સાધ્યતાએ આત્મસ્વરૂપમાં** ઉતરી સહજાનંદની ખુમારી પ્રાપ્ત કરો. શ્રીસિદ્ધાચલ પર્વતનો મહિમા આગમોમાં તથા શત્રુંજય માહાત્મ્યમાં કહ્યો છે. તે સત્ય છે તેની શ્રદ્ધા કરવી. સિદ્ધાચલગિરિની યાત્રા કરવાથી આત્મા પરમાત્મપદ પામે છે.

જો કે આપણા હાલના જ્ઞાન પ્રમાણે આપણને એક જ પ્રકારની વાણીના ઉપયોગનું જ્ઞાન છે, છતાં યોગીઓ જણાવે છે કે વાણી ચાર પ્રકારની છે. તેનાં નામ=**પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી છે.**

વૈખરી વાણીમાં નિરંતર રમનારા આપણને આ બાબતો સ્વપ્ન તુલ્ય ભાસે છે, પણ તે બાબતનો જેઓએ અભ્યાસ કર્યો છે તેવા પુરુષોને આ બાબતનું જ્ઞાન હસ્તામલકવત્ છે. આત્મસ્વરૂપનું સંપૂર્ણ ભાન પરા વાણીનો ઉપયોગ થનારી અવસ્થામાં થઇ શકે છે. ગ્રન્થ કર્તા પણ પરાવાણીમાં પ્રતિભાસતા જણાતા પદાર્થોને આ વૈખરી વાણી દ્વારા પ્રકટ કરવાને અભિલષે છે. જે ઉચ્ચ અનુભવો યોગની જુદી જુદી સ્થિતિમાં થાય તે આ વૈખરી વાણી દ્વારા કદાપિ પણ સંપૂર્ણ રીતે દર્શાવી શકાય નહિ, કારણ કે તે અનુભવો દર્શાવવાને આ વૈખરી વાણીમાં પુરતા શબ્દો નથી. છતાં પણ ગ્રન્થકર્તા લોકોના ઉપર ઉપકાર કરવાને તે સ્વરૂપની ઝાંખી વૈખરી વાણી દ્વારા કરાવવા પ્રયત્નશીળ થાય છે. આમ કરવાને એક બીજો પણ હેતુ સમાયલો છે, તે હેતુ આત્મા અને જડ વસ્તુ વચ્ચેના ભેદનું જ્ઞાન પામવાનો છે. કારણ કે તે સ્વપર ભેદનું જ્ઞાન થતાં બીજી કોઇ પણ વસ્તુની જરૂર રહેતી નથી.

નિજરૂપા નિજ વસ્તુ હે, પરરૂપા પરવસ્ત.
જેણે જાણ્યો પેચ એ, તેણે જાણ્યું સમસ્ત

માટે આત્મા અને જડ પદાર્થોને કેવા પ્રકારનો સંબંધ છે, તેનું જ્ઞાન પમાય તે માટે અને આત્માની–ચૈતન્યની શક્તિ કેટલી છે, તેનો ખ્યાલ આપવા માટે આ ગ્રન્થ લખવાની પ્રવૃત્તિ થઇ લાગે છે.

મૂળ.

અનેક ભાષા શબ્દ નામથી તું કહેવાતો.
પણ નહિ શબ્દ સ્વરૂપ શબ્દથી ભિન્ન પમાતો.
ભાષા પુદ્ગલ સ્કન્ધ તેહુથી અરૂપ ભાસે
અચિન્ત્ય ચેતન શક્તિ ચેતના સર્વ પ્રકાશે.
શબ્દ સંજ્ઞા જ્ઞાન હેતુ છે, શ્રુત સંજ્ઞા સેવતા.
'જુઓ બંભી લીવી ભગવતી' જોગીઓ બહુ સેવતા.

આત્મા એક છે, છતાં તેને જુદા જુદા ધર્મવાળા જુદાં જુદાં નામ આપે છે. જુદી જુદી ભાષાઓમાં તેનાં વિવિધ નામ આપણી દૃષ્ટિએ પડે છે; તે સર્વ શબ્દો એકઠા કરીએ, છતાં આત્મતત્ત્વનું ભાન તે શબ્દોથી

શ્રુત દેવતાની સ્તુતિ કરવાને બોધ આપે છે. અને યોગી પુરુષોનું જ્ઞાન પ્રાપ્તિ નિમિત્તે વિવિધ પ્રકારે તે સરસ્વતી દેવીનું ધ્યાન કરવાથી હૃદય નિર્મળ થાય છે, અને હૃદય નિર્મળ થતાં આત્મજ્યોતિનો પ્રકાશ થાય છે. અને સહજમાં જ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે ગ્રન્થકાર પ્રથમ શ્લોકમાં અરિહંત ભગવાનને નમસ્કાર કરી બીજા શ્લોકમાં સરસ્વતી દેવી-શ્રુતદેવીની સ્તુતિ કરે છે

॥ મૂળ. ॥

હંસગામિની સરસ્વતી, ઘટ ઘટમાં વ્યાપી,
પરા પશ્યંતી ધ્યાને, મનમાં મુનિએ થાપી,
અન્તરમાં ઉદ્યોત, સદા તેનાથી થાવે,
શબ્દ સૃષ્ટિનું બીજ, યોગીના મનમાં આવે,
આપ શક્તિ આત્મની છે, જ્ઞાનમાં જયજય કરી,
બુદ્ધિસાગર બીજ મંત્રે, સરસ્વતી ઘટમાં વરી.

સરસ્વતી દેવીનું લૌકિક વાહન હંસ મયૂર છે, માટે તે [illegible] ગામિની કહેવામાં આવેલી છે. હંસ એટલે આત્મા, તેને [illegible] તેને હંસ ગામિની કહે છે. હંસનો અર્થ આત્મા પણ થાય [illegible] હંસપદ-આત્મપદ પ્રાપ્ત કરી આપનારી તે સરસ્વતી દેવી છે [illegible] દેવીરૂપ શ્રુતજ્ઞાન ઘટઘટમાં-દરેક પુરુષના હૃદયમાં વ્યાપી રહેલું [illegible] આત્માની જ્ઞાન શક્તિને યોગી લોકો પરાધ્યાન અથવા પશ્યન્તીનું [illegible] મનમાં સ્થાપન કરે છે. તે જ્ઞાનશક્તિરૂપ હંસ [illegible] [illegible] માનેલ છે, [illegible] પણ માનેલ છે, [illegible] [illegible] માનેલ છે. પણ [illegible] [illegible] હોય, પણ [illegible] ન હોય તો [illegible] [illegible] જ્ઞાન [illegible] છે. પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જેવા આવી છે, જેવી વિવિધ છે તે સર્વનું મૂળ જ્ઞાનશક્તિ છે; અને તેવી તે જ્ઞાનશક્તિ [illegible] કારણ કે યોગીઓ [illegible] કરતો હોય છે. તે વડી આત્માની તે જ્ઞાનશક્તિ ઉપર તેમની [illegible] સ્વભાવિક છે અને જેવી જ્ઞાન [illegible] તે જ્ઞાનશક્તિ [illegible] અથવા [illegible] હોય છે, તેવી જાતની જ્ઞાનશક્તિ [illegible] જ્ઞાનશક્તિ તે સ્વભાવની [illegible] છે [illegible] આત્માની [illegible] તે જ્ઞાનશક્તિ [illegible] જાણવાની વધે છે. સર્વ [illegible] આવરણ [illegible] કરવાને છે; અને ધર્માત્માઓએ પ્રતિપાદન કરેલા માર્ગે પણ તે આ[illegible] દૂર કરવાને વાપરી છે.

આ ઉપરાંત હવેલો [illegible] અથવા [illegible] છે. આ[illegible] જ્ઞાનશક્તિ જે [illegible] છે, તેને [illegible] કરવાને સર્વ [illegible] કરવો જોઈએ. ઉદ્યમથી સર્વ [illegible] સિદ્ધ થાય છે. તે [illegible] પણ [illegible] સિદ્ધ થશે. [illegible] ઉદ્યમથી અને તે સાથે તે [illegible] સાધનો [illegible] છે. [illegible] સાધનો અને ઉદ્યમનો [illegible] સર્વ દુસ્તર કાર્ય સુકર થઈ જાય છે.

મૂળ

ચેતનની શક્તિ છે, સરસ્વતી શ્રુત વાણી,
ક્ષયોપશમના ભાવે જ્ઞાનીની શક્તિ જાણી.
વસ્તુસ્વરૂપ પ્રખ્યાત સદા સુખસાગર દેતી,
જ્ઞાતા જ્ઞેય વિચાર સારમાં ડાગર રહેતી.
મુનિવાણીને સેવીએ હિત અનુસર સુખડાં આપતી,
બુદ્ધિસાગર સરસ્વતી દઃ ભ્રાંતિ દુઃખડાં કાપતી. · ૩

શ્રુત [illegible] સરસ્વતી એ ચેતની—આત્માની શક્તિ છે. સર્વ [illegible] જ્ઞાનશક્તિ એ આત્માની સ્વાભાવિક શક્તિ છે. આત્માને જે [illegible] જ્ઞાન [illegible] છે તે સર્વ આત્મામાં રહેલી જ્ઞાનશક્તિને [illegible] છે. [illegible] એ [illegible] સ્વાભાવિક ધર્મ છે, તેમ જ્ઞાન એ પણ આત્માનો સ્વાભાવિક ધર્મ છે પણ જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મથી તેવી જ્ઞાનશક્તિ [illegible] રહેલી છે. એવી રીતે તેમજ [illegible] પ્રકાશને [illegible]

વાદળાં વિઘ્નરૂપ નીવડે છે, તેમ આ કર્મ પુદ્‌ગલો આત્માના જ્ઞાનપ્રકાશને પ્રકટ કરવામાં બાધ કરે છે. પણ વાદળ નાશ પામતા સૂર્ય દેખાય છે, તેમ આ જ્ઞાનને આવરણ કરનારાં કર્મ પુદ્‌ગલોનો ક્ષયોપશમ થતાં આત્માનું અવરાયેલું જ્ઞાન પ્રકાશમાં આવે છે, અને તેના બળ વડેજ માણસ આ જગતના પદાર્થોનું જ્ઞાન મેળવી શકે છે. જેમ જેમ તે કર્મ પુદ્‌ગલોનો વધારે ક્ષયોપશમ, તેમ તેમ વિશેષ જ્ઞાન પ્રકટતું જાય છે. અને જ્યારે જ્ઞાનને આવરણ કરનારાં સર્વ કર્મ પુદ્‌ગલો ક્ષય પામે છે, ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે જ્ઞાનીની શક્તિનો આધાર કર્મના ક્ષયોપશમ ઉપર રહેલો છે. જ્ઞાનીની શક્તિઓ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, તેમજ ઉર્ધ્વતા અધઃ અને તીર્ચ્છા લોકમાં સુવિદિત છે. તેમને જણાવવાને ઢોલ વગાડવાની જરૂર પડતી નથી. તેઓ પોતાની મેળેજ પ્રકાશ પામે છે, અને તે જ્ઞાનવડે મનુષ્ય નિરંતર સુખસાગરમાં ન્હાય છે. જ્ઞાની પુરૂષ નિરંતર આનંદમાં રહે છે. અજ્ઞાન એજ દુઃખનું કારણ છે. તે જ્ઞાનીની શક્તિ નિરંતર ઉત્તમ પ્રકારના વિચાર કરવામાં મગ્ન રહે છે. જાણનાર કોણ અને જાણવા યોગ્ય પદાર્થ શું છે, એટલે ચેતન અને જડનો વિચાર કરવામાંજ જ્ઞાનીની શક્તિ વપરાય છે. પ્રારબ્ધ કર્મવશાત્ આવી પડેલાં કાર્યો જ્ઞાની પણ કરે, છતાં તેનું સાધ્યબિન્દુ નિરંતર ચેતન અને જડનો વિવેક કરી ચેતનની સાથે પોતાની એકતા કરવાનું છે તે એકતા તો છે, પણ તેને અનુભવવામાં તે નિરંતર મચ્યો રહે છે.

કોઇ પણ પ્રકારનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન એવો સામાન્ય અર્થ થાય છે. પણ ધર્મ તે શબ્દ મુખ્યત્વે કરીને ધર્મશાસ્ત્રોને લાગુ પડે છે, તે ધર્મશાસ્ત્રોમાં લખેલી વાણીનું નિરંતર સેવન કરવું, હૃદયમાં તેનું રટન કરવું, અને તે વાણીમાં વર્ણવેલા બોધ પ્રમાણે આચરણ રાખવાં. જ્ઞાની પુરૂષોએ તે વાણીમાં પોતાનો અનુભવ દર્શાવ્યો છે. માટે તેનું મનન આપણને અનુભવ રૂપ સુખ આપે છે. અનુભવીઓને કેવું સુખ થતું હશે, તેનો તે અનુભવ લીધા વિના, શાસ્ત્રવચનને લીધે, આપણને સહજમાં ખ્યાલ આવે છે તે શ્રુતવાણીરૂપી સરસ્વતી સર્વ પ્રકારની ભ્રાન્તિ—સંશયો છેદી નાંખી વસ્તુનું યથાર્થ સ્વરૂપ આપણી સન્મુખ રજુ કરે છે; અને અજ્ઞાન એજ ઉપર જણાવ્યા પ્રમાણે દુઃખનું કારણ હોવાથી અજ્ઞાન દૂર થતાં દુઃખ પણ દૂર નાસે છે, એમ અન્ય કર્ત્તા ખુલ્લા શબ્દોમાં જણાવે છે.

આત્મ શક્તિની સેવા સુખડાં સહુ કરનારી,
આત્મશક્તિની સેવા દુઃખડાં સહુ હરનારી,

આત્મશક્તિનો વ્યક્તિભાવ યોગાષ્ટક સાધે,
આત્મ શક્તિનો વ્યક્તિભાવ છે ગુરૂ આરાધે,
આત્મ શક્તિની આગળે, સહુ દેવતા પાણી ભરે;
બુદ્ધિસાગર આત્મ વ્યક્તિ પામતાં સંપદ્ વરે. ૪

આત્માની શક્તિ અનંત છે. કોઇથી તે કહી શકાય તેમ નથી. તે શક્તિનો અનુભવ કરનારા પણ શબ્દોમાં સંપૂર્ણપણે તે કહી શકયા નથી, અને કદાપિ ભવિષ્યમાં પણ કોઇ તે કહી શકવા સમર્થ થશે નહિ. તે શક્તિ અપરિમિત છે, અને મનુષ્યવાચા તે દર્શાવવાને પુરતું બળ ધરાવતી નથી. તે આત્માની શક્તિની જો ઉપાસના કરવામાં આવે તો તે ઉપાસના સર્વ પ્રકારના સુખ આપે છે. આત્મા સ્વભાવેજ આનંદમય હોવાથી, તેની શક્તિની ઉપાસના આપણને આનંદ-પરમ સુખ પ્રાપ્ત કરાવી આપે, તેમાં આશ્ચર્ય શું ! તે તો સ્વાભાવિક ક્રિયા છે, અને ખરૂં સુખ દુઃખરહિત હોવાથી, તેજ ઉપાસના સર્વ પ્રકારના દુઃખોનો સંહાર કરે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધતાપ આત્મ શક્તિની ઉપાસનાથી સહેજ ટળે છે; અને પરમશાંતિ અને આનંદનો અનુભવ થાય છે. પણ હવે જે ઉપાસનાથી આવો અલભ્ય લાભ તેના ભક્તોને મળે છે, તે ઉપાસના શી રીતે કરવી તે પ્રશ્ન વાચકના મનમાં ખડો થાય એ સ્વાભાવિક છે, તો તેનો ખુલાસો ગ્રન્થકારજ આપે છે. આત્મશક્તિ જે હાલ તિરોહિત અ-પ્રકટ છે, તેને પ્રકટ કરવાનો ઉત્તમોત્તમ માર્ગ યોગ અને તેના આઠ અંગ છે; અને તેની સાથે સદ્ગુરૂની ભક્તિ એ પણ ઉત્તમ સાધન છે. યોગના આઠ અંગ અને ગુરૂભક્તિ આત્મોપાસનાના પ્રબળ અને ઉત્કૃષ્ટ સાધનો છે. શ્રુતવાણીનું આરાધન ગુરૂથી થાય છે, અને ગુરૂની આરાધનાથી શ્રુત-જ્ઞાન પ્રકટ થાય છે, તેથી આત્મા પોતાની શક્તિઓ પ્રકટ કરી શકે છે.

સદ્ગુણ દૃષ્ટિની ખીલવણી.

સદ્ગુણદૃષ્ટિ જેમ જેમ ખીલે છે તેમ તેમ દોષદૃષ્ટિનો પરિહાર થતો જાય છે. સદ્ગુણ દૃષ્ટિની ટેવ પાડવાથી પ્રત્યેક આત્માઓની પોતાની મહત્તા દેખાય છે. પરમાં પરમાણુ સમાન પણ જો સદ્ગુણ હોય છે તો સદ્ગુણદૃષ્ટિ ધારકના મનમાં પર્વત સમાન ભાસે છે. પશુ પંખીમાં પણ કેટલાક સદ્ગુણો દેખવામાં આવે છે, ત્યારે મનુષ્યજન્મમાં કેમ સદ્ગુણો ન હોય ! અલબત્ત મનુષ્યોમાં સદ્ગુણો હોય છે. કિંતુ મનુષ્યો વિપરીત દૃષ્ટિથી દેખે છે તેથી

ગુણો પણ દુર્ગુણોરૂપ ભાસે છે. અમુક જૂઠો છે, અમુક વિશ્વાસઘાતી છે, અમુક સાધુ ઢોંગી છે, આવી નકામી કુથલી કરવાથી સામા મનુષ્ય જેવા પોતાને કંઇ પણ શુભ ફળ પ્રાપ્ત થતું નથી. ત્યારે આમારે મનુષ્યોની કાળી બાજુ તરફ દેખવું જોઇએ? ગમે તે ધર્મનો મનુષ્ય હોય, ગમે તે દેશનો મનુષ્ય હોય તોપણ તેનામાં રહેલા સદ્‌ગુણો તરફ દેખવું જોઇએ. તમો અન્યના ગુણોનેજ દેખશો, અને દોષોનો પ્રકાશ ન કરશો તો અન્ય પણ તમારા સદ્‌ગુણો પ્રતિ દૃષ્ટિ દેશે. "જેવો આઘાત તેવો પ્રત્યાઘાત" આ નિયમ સકલ વિશ્વમાં વ્યાપી રહેલો અનુભવમાં આવે છે. કોઇનું તમે અશુભ ચિંતવતા હશો ત્યારે સામો મનુષ્ય પણ તમારૂં અશુભ ચિંતવશેજ. તમો કોઇને સદ્‌ગુણ દૃષ્ટિથી દેખશો ત્યારે તે પણ દેખશે. સદ્‌ગુણદૃષ્ટિથી દેખવાથી બે ફાયદા થાય છે. પ્રથમ દરેકના સદ્‌ગુણોજ દૃષ્ટિમાં આવે છે, દ્વિતીયલાભ એ છે કે અન્યની નિંદા થતી નથી અને તેથી વૈરઝેરની પરંપરા વૃદ્ધિ પામતી નથી.

જ્યાં સુધી જગત્‌ના સર્વે જીવો પરમાત્મા સમાન છે, એવી દૃષ્ટિથી તમો વર્તતા નથી ત્યાં સુધી તમને કોઇ પરમાત્મદૃષ્ટિથી દેખવાનું નથી. જ્યાં સુધી તમો અન્ય મનુષ્યોને નીચ ભાવનાથી દેખો છો તાવત્‌ તમોને અન્ય મનુષ્યો નીચ દૃષ્ટિથી દેખશે એમાં કંઇ પણ આશ્ચર્ય નથી. તમારામાં રહેલા સદ્‌ગુણોને સર્વે લોક જાણે એવી તમારા હૃદયમાં ઇચ્છા છે, પણ જ્યાં સુધી તમે અન્યના સદ્‌ગુણોને ગાતા નથી ત્યાં સુધી તમારા સદ્‌ગુણોની અસર અન્ય ઉપર થવાની નથી. જ્યાં સુધી તમો સર્વેના દૂષણો કાઢી પોતે દોષરહિત બનવા ઇચ્છો છો ત્યાં સુધી જગત્‌ના જીવો પણ તમારામાં અનેક દૂષણો કાઢી તમને ખરાબ દૃષ્ટિથી જોવાના. તમને કોઇ નીચ દોષદૃષ્ટિથી જુએ તે માટે અન્યને તમે સદ્‌ગુણ દૃષ્ટિથી જુઓ. એમ કરવાના કરતાં ઉત્તમ સરલ ઉચ્ચ ધર્મ એ છે કે પ્રત્યેક આત્માને સંગ્રહનયસત્તાથી સિદ્ધ સમાન ભાવો, પ્રત્યેક આત્મામાં જે કંઇ સદ્‌ગુણો હોય તેનું સ્મરણ કરો, પોતાના આત્માને પણ સદ્‌ગુણ દૃષ્ટિથી દેખો, જે જે સત્તાએ આત્મામાં ગુણો રહેલા છે તે ગુણોનું સ્વરૂપ વિચારતાં, ગાતાં તમો તે ગુણોને પ્રગટ કરી શકશો. આત્માને જો ઉચ્ચ ભાવથી દેખશો, આત્માને દેવ માનશો, આત્મામાં સર્વે છે એમ શ્રદ્ધાથી સંતોષ ધારશો તો તમો ઉચ્ચ પદને પ્રાપ્ત કરી શકશો. તમારા આત્મામાં જે જે સદ્‌ગુણો ખીલ્યા હોય તેને વિશેષતઃ ખીલવવા પ્રયત્ન કરો. સ્વઆત્માને સિદ્ધસમાન દૃષ્ટિથી દેખશો તો આત્મામાં અનંત ગુણ ખીલશે. આત્મા પોતાને સદ્‌ગુણ દૃષ્ટિએ દેખે તો પોતાનું શુદ્ધ સ્વરૂપ પોતાના ઉપયોગમાં રાખી શકે અને તેથી શુદ્ધ સંસ્કારોને પ્રગટાવી શકે અને તેના યોગે અંતે પરમાત્મા બને.

મનુષ્યો એમ સમજે છે કે અમે અન્યના દુર્ગુણો જોઈએ છીએ, અને વદીએ છીએ, તેમ તેમ અમારું ચારિત્ર શુદ્ધિ પામે છે પણ આ તેમની ભૂલ છે, કારણ કે અનાદિકાળથી દોષદૃષ્ટિ વડે દેખવાથી આત્મા ઉચ્ચ થઈ શક્યો નથી. જે જે દુર્ગુણોનું હૃદયમાં ચિંતવન થાય છે, તેનાથી મનોવર્ગણા ખરાબ બને છે. માટે અશુભ વિચાર કરવાને જરા માત્ર પણ પ્રબલ કરવો યોગ્ય નથી.

જે મનુષ્યો અન્યના દુર્ગુણો મહાકાળ દેખે છે અને તદ્દ્વારા નિંદા કરે છે તેઓનો આત્મા ખરેખર પ્રેમ, દયા, અને કારુણ્યભાવના વિચારથી હજારો ગાઉ દૂર રહે છે. પોતાનામાં જેમ કે પ્રાકૃત દોષો રહેલા છે, તેની નિંદા કોઈ કરે તો આપણા મનની કટુક લાગણી દુઃખાય છે. તે પ્રમાણે અન્યની નિંદા કરતાં અન્યની પણ લાગણી દુઃખાય છે. કેટલાક એમ કહે છે કે અન્યના દોષોને પ્રગટ કરવાથી દુનિયામાં તે હલકો પડે છે તેથી તે દોષોનો ત્યાગ કરે છે. આમ પણ કહેવું ખરેખર ખોટું છે 'ખાડો ખોદે તે પડે' એ ન્યાયથી વિચારતાં માલૂમ પડે છે કે અન્યને હલકો પાડતાં પોતાને હલકાઈપણું પ્રાપ્ત થાય છે અન્યના દોષો ઉઘાડા પાડતાં પોતાના દોષો પણ સામો ઉઘાડે છે. પરિણામ એ આવે છે કે અને એક બીજાને તેઓ શત્રુ બુદ્ધિથી દેખે છે. પરસ્પર એક બીજાને મારી નાખવા વિચારો ચલાવે છે. માટે અન્યમાં અનેક દોષો હોય પણ તેની નિંદા કરવી નહીં. શ્રી વીરપ્રભુ સર્વજ્ઞ હતા. લાખો મનુષ્યોમાં લાખો દોષો રહેલા એક કાળમાં જાણતા હતા, પણ કોઈ વખત કોઈને કહ્યું નથી કે ત્હારામાં આવા ખરાબ દુર્ગુણો છે. ઉપરાંત પણ એવી દેશના આપતા હતા કે સર્વ મનુષ્યો પોતાના સદ્ગુણોને ઓળખી શકે.

કોઈ પણ ક્ષેત્રમાં, કોઈ પણ કાળમાં દોષદૃષ્ટિથી આત્માની ઉન્નતિ થઈ નથી અને થવાની નથી. દોષદૃષ્ટિથી દેખનારા પુરુષો સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરી શકતા નથી. આત્માને ખરેખર દોષદૃષ્ટિ સાપ સમાન છે. આત્માની નીચદશામાં દોષદૃષ્ટિએ જેટલું ખરાબ કર્યું છે તેટલું ક્રોધએ ખરાબ કર્યું નથી. આત્માની ઉચ્ચ દશારૂપ વૃત્તિનો નાશ કરવા માટે દોષદૃષ્ટિ એ કટાર સમાન છે.

હે દોષદૃષ્ટિ! તું નીચ છે તોપણ હું ત્હને દયાથી કહું છું કે હવે તું મ્હારા આત્મામાંથી દૂર થા. હે દોષદૃષ્ટિ! હું તારા ઉપર ક્રોધ કરતો નથી તેમ રાગ પણ કરતો નથી, ત્હારાથી હું આત્મા ભિન્ન છું, એમ હું દૃઢ સંકલ્પથી સ્વીકારું છું, સર્વ જીવોનું હવે હું સદ્ગુણ દૃષ્ટિથી ભલું

કરીશ. માનવ બંધુઓમાં અનેક પ્રકારના ગુણો છે પણ તે સદ્‌ગુણ દષ્ટિ વિના અંધારામાં પડ્યા હતા. હવે તે સર્વે દેખાય છે. મનુષ્યવર્ગ એકદમ કંઇ સર્વગુણી બની શકતો નથી. ધીમે ધીમે સર્વમાં તરતમયોગે ગુણો ખીલે છે. કોઇ વખત લેખક, શ્રોતા અને વાચકોના આત્માઓ પણ એવી સ્થિતિમાં હશે કે તે જો દુર્ગુણોનું સાક્ષાત્‌રૂપ દેખાય તો શું મનમાં વિચારે ! ! ઉત્તમ મહાત્માઓની કૃપાથી અભ્યાસના બળયોગે દુર્ગુણોનો નાશ થતો જાય છે. પરભવમાં જે દોષોનું આસક્તિ પૂર્વક સેવન કરવામાં આવ્યું છે, તે દોષો હાલ પણ અન્ય ગુણ ખીલ્યા છતાં જતા નથી. કેટલીક વખત પાછા શાંત થઇને હૃદયને વિકારી બનાવે છે, કેટલીક વખત મનમાં કામ ક્રોધાદિક દુર્ગુણો ઉત્પન્ન થઇને એવું અકૃત્ય કરાવે છે કે પશુના કરતાં પણ નીચકોટીનો આત્મા ગણાય. ક્ષણમાં જ્ઞાન અને વૈરાગ્યની જાગૃતિ થતાં નદીનું પુર જેમ ઉતરે છે વા વીંછીનું વિષ જેમ ઉતરે છે, તેમ કામાદિક વિકારો પણ ઉતરે છે અર્થાત્ નાશ પામે છે. મોટા મોટા ત્યાગી અને યોગિયોના મનમાં પણ અનેક વિષય વિકારોરૂપ દોષો પ્રગટે છે. પણ પુનઃ અભ્યાસના બળથી તે શમે છે. દોષોનાં વેગ કરતાં અભ્યાસબળ અલ્પ હોય તો દોષોનું જોર વધે છે અને ત્યાગી વૈરાગીની પ્રતિષ્ઠાની પણ ધૂળધાણી કરી દે છે. આથી લોકોના જાણવામાં આવતાં કહે છે કે, 'તપસી ગયા લપસી.' પણ મનુષ્યો વિચાર કરશે તો માલમ પડશે કે જો તમે તેના ઠેકાણે હો તો તમે દોષોના વેગમાં કેવી રીતે તણાઓ છો તે માલુમ પડી શકે. બંધુઓ ! વિચારશો તો માલુમ પડશે કે પ્રત્યેક મનુષ્યો આત્માના સહજ આનંદના ભોગ માટે દુર્ગુણોનો નાશ કરવા સંકલ્પ ભૂમિરણમાં ઉભા રહી લડવૈયાની પેઠે ઉભા રહી યુદ્ધ કરે છે. કોઈ વખત જીતે છે, કોઇ વખત હારે છે. હારવાથી તે દોષપાત્ર નિંદવા લાયક ઠરતા નથી. પાછા તેના તે મનુષ્યો દોષોનું જોર ઓછું થતાં કર્મરાજાની સાથે યુદ્ધ કરવાના. કર્મરાજાની સાથે લડતાં જે હારે તેની તો ઉલટી જાપાનીઝ સ્ત્રીઓની પેઠે સારવાર કરવી જોઇએ–તેમને મદદ કરવી જોઇએ. પણ 'પડ્યા ઉપર પાટુ'ની પેઠે તેમની નિંદા કરવાથી તમો કંઈ પણ ફાયદો પ્રાપ્ત કરી શકશો નહિ.

દાખલા તરીકે—સમજો કે કોઈ મનુષ્યે દારૂ પીવાની પ્રતિજ્ઞા કરી કે હું હવે દારૂપાન નહિ કરૂં. કેટલાક વખત સુધી દારૂપાન તેણે કર્યું નહિ. કોઇ વખત મોહનું જોર વિશેષ થવાથી તેણે દારૂપાન કરનારાઓ કહેવા લાગ્યા કે અરે તેં પચ્ચખાણ ભાંગ્યાં માટે તું મોટો પાપી બન્યો. બંધુઓ ! વિચારો કે, પોતે તો દારૂથી જરા માત્ર હરૂપા નથી. દારૂપાન ખુબ કરે છે. પેલા

પુરૂષે પ્રતિજ્ઞા આપી તેથી ઉકરો દારૂ પીનારા જે સર્વ હતા તેથી પણ વધારે ખરાબ થઇ ગયો. દારૂ પીનારાઓએ તેને પોતાની જ્ઞાતિ બહાર કર્યો.

આવી રીતે જ્યાં દોષીનો ઉદ્ધાર કરવા કરતાં તેનું વિશેષતઃ બુરું કરવું એવી દોષદૃષ્ટિ હોય છે ત્યાં જગતનું ભલું શી રીતે થઇ શકે? જે આત્મા, પોતે દોષદૃષ્ટિનો ત્યાગ કરે છે અને સદ્ગુણદૃષ્ટિ ધારણ કરે છે તે પોતે તરી શકે છે અને અન્યને પણ તારી શકે છે. સદ્ગુણ દૃષ્ટિથી દેખનાર સ્વ અને પરજીવોની દયા પાળી શકે છે, સર્વથા તે સર્વ પાપનો નાશ કરી શકે છે. સમ્યક્ત્વને પ્રાપ્ત કરી મોક્ષપદ મેળવી શકે છે. સદ્ગુણ દૃષ્ટિથી દેખનાર સૂર્યની પેઠે જ્યાં ત્યાં પ્રકાશ કરી જગદુદ્ધારક બને છે. જે જે મહાત્માઓ થઇ ગયા, થાય છે અને થશે તે સર્વ સદ્ગુણ દૃષ્ટિધારક સમજવા.

જ્યારે તમારામાં સદ્ગુણ દૃષ્ટિની વૃત્તિ ખીલે ત્યારે તમારે જાણવું કે, હવે હું આત્મ સન્મુખ જઇ શકીશ અને પરમાત્મપદ પ્રાપ્ત કરી શકીશ. કોઇ પણ પુરૂષ વા સ્ત્રીની વાત કરતાં અમુકમાં દુર્ગુણ છે એવી વાણી બોલશો નહિ. ફક્ત તમને સદ્ગુણ જે જે દેખાય તે કહેજો. સદ્ગુણ દૃષ્ટિને પ્રેમથી ઇચ્છજો. હજારો સંકટ આવતાં છતાં પણ સદ્ગુણ દૃષ્ટિ છોડશો નહિ. તમારી નિંદા સાંભળો વા તમારૂં કોઇ ખરાબ કરે, સંકટમાં આવી પડો તોપણ કોઇના અવગુણ દોષોને પ્રગટ કરશો નહીં. ફક્ત તે સમયે એક પણ ગુણ હોય તે કહેજો-સ્મરજો. પ્રથમ તો તમને ઠીક પડશે નહીં, અરુચિ થશે, અન્યનું દૂષણ પ્રગટ કરવું-જુગુપ્સાના પ્રતિ જુગુપ્સા થવું એ ન્યાય ઠીક લાગશે. પણ અંતે સદ્ગુણ દૃષ્ટિને આગ્રહપૂર્વક સેવન કરશો તો માલુમ પડશે કે જે કાંઇ આનંદ છે તે ખરેખર સદ્ગુણ દૃષ્ટિમાં છે. આવી સદ્ગુણ દૃષ્ટિ સર્વ મનુષ્યો પ્રાપ્ત કરો.

डुमसमां घांसदाना राणाने आपेलो उपदेश.

જે વિદ્વાનો જૈનોનાં શાસ્ત્ર વાંચે છે તેઓને નિષ્પક્ષપાત દૃષ્ટિના યોગે માલુમ પડે છે કે જૈન ધર્મ સર્વ ધર્મ કરતાં પ્રાચીન છે. જૈન ધર્મ અનાદિકાળનો છે એમ તેના અભ્યાસીઓને માલુમ પડ્યા વિના રહેશે નહિ. સર્વ કર્મોનો નાશ કરી આત્માના સર્વ સદ્ગુણો પ્રકાશવા તેજ જૈન ધર્મનો મુખ્ય હેતુ છે. જૈન ધર્મ એમજ કહે છે કે હે ભવ્ય જીવો! સર્વ કર્મનો ક્ષય કરીને મુક્તિપદ પ્રાપ્ત કરો. જૈન ધર્મમાં કર્મનું જેવું સૂક્ષ્મ સ્વરૂપ છે

તેવું કોઈ પણ અન્ય ધર્મમાં નથી. અષ્ટાદશ દોષરહિત દેવ, પંચ મહાવ્રત ધારી સુગુરૂ, અને દયા આદિ ગુણથી યુક્ત ધર્મ. આ ત્રણ તત્ત્વનું બહુ સૂક્ષ્મ સ્વરૂપ છે. જેમ જેમ એ ત્રણ તત્ત્વનો વિશેષ વિચાર કરવામાં આવે છે તેમ તેમ નવો નવો અનુભવ પ્રાપ્ત થતો જાય છે. જૈન દર્શનમાં દયાનું સ્વરૂપ જેવું બતાવ્યું છે તેવું અન્યત્ર દેખવામાં આવતું નથી. યજ્ઞ યાગાદિકમાં પશુઓનો વધ કરી ધર્મ માનનારાઓને જૈન ધર્મ શીખામણ આપીને કહે છે કે યજ્ઞાદિકમાં પશુ હોમવાથી કોઇ પણ જાતનો ફાયદો થતો નથી. જો યજ્ઞમાં હોમેલાં પશુઓ સ્વર્ગે જતાં હોય તો તમારા પુત્રોને કેમ હોમતા નથી ? દયાના આચારો અને વિચારોમાં હાલના સમયમાં પણ જૈન અગ્રગણ્ય પદ ભોગવે છે. જૈન ધર્મ એમ કહે છે કે પરમાત્માઓ અનંત છે. જે જે જીવો કર્મનો નાશ કરે છે તે તે પરમાત્માઓ થાય છે. આત્મા તેજ પરમાત્મા થાય છે, પણ તે પરમાત્મા જગતનો બનાવનાર નથી. જગત્ બનાવવાનું ઇશ્વરને કંઇ પણ પ્રયોજન નથી. રાગ દ્વેષરહિત પરમાત્મા છે, તે જો જગત્ બનાવવાની ઉપાધિમાં પડે તો તેનું ઇશ્વરપણું ચાલ્યું જાય. જે જે આત્માઓ કર્મનો નાશ કરીને પરમાત્મા થાય છે તે મુક્તિમાં જાય છે, ત્યાંથી તે કોઇ વખત પાછા આવતા નથી. જેને કર્મ લાગ્યાં છે તેજ સસારમાં પરિભ્રમણ કરે છે. કર્મરહિત થએલા પરમાત્મા સંસારમાં અવતરતા નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને વા સાધુ થઇને અનંત સુખમય એવું પરમાત્મપદ પ્રાપ્ત કરવાનું છે. ગૃહસ્થાશ્રમમાં રહેનારે બાર વ્રત અંગીકાર કરવાં જોઇએ, એમ જૈન ધર્મ જણાવે છે. ગૃહસ્થાશ્રમમાં રાજા, શેઠ અને વ્યાપારી વગેરેનો સમાવેશ થાય છે. રાજાએ પોતાની રૈયતનું પાલન કરવું જોઇએ, પ્રજાને ન્યાય આપવો જોઇએ, પોતાના પુત્ર સમાન પ્રજાને ગણવી જોઇએ, એમ જૈન ધર્મ જણાવે છે. રાજાએ હાજી હા કરનારા સ્વાર્થી મંત્રીઓને ન રાખવા જોઇએ, સ્વાર્થી અને મંત્રી કારભારીઓ રાજાઓ તથા રૈયતનું ભલું કરી શકતા નથી. જે અન્યનું ભલું કરી શકતો નથી તે પોતાનું પણ શી રીતે ભલું કરી શકે ? પ્રધાનોએ રાજાઓને સત્ય માર્ગ બતાવવો જોઇએ. પ્રથમના સમયમાં રાજાઓ સાધુઓનો ધર્મોપદેશ સાંભળતા હતા તેથી ધર્મમાં કુશળ થતા હતા. રાજા ધર્મી હોવાથી પ્રજા ઉપર પણ સારી છાપ પડતી હતી. સાધુઓ કંચન અને સ્ત્રીના ત્યાગી હોવાથી તેમજ સાંસારીક સ્વાર્થ નહિ હોવાથી રાજાઓને સત્ય શિક્ષા આપતા હતા તેની અસર પણ રાજાઓને સારી થતી હતી. હાલ તો રાજાઓની પાસે ઘણા ભાગે સજ્જન પુરૂષો હોતા નથી તેથી તેઓની મતિ સુધરતી નથી.

ગાંજો અને દારૂપાન કરવાથી આત્મા પાપકર્મથી મલિન બને છે. જૈનધર્મ ફરમાવે છે કે જે રાજાઓ માંસભક્ષણ અને દારૂપાન કરતા નથી તેઓ પ્રજાને પણ સુધારી શકે છે. દારૂપાનમાં મસ્ત બની બેભાન ઠાકોરો, રાજાઓ પોતાની બુદ્ધિને સુધારી શકતા નથી. જે જે જૈનધર્મી, શૈવધર્મી વા વૈષ્ણવધર્મી વા ગમે તે ધર્મના ક્ષત્રિય અને કુમારપાળ વગેરે રાજાઓ થઇ ગયા તેઓએ પોતાની બુદ્ધિ સુધારીને પ્રજાની ઉન્નતિ સારી રીતે કરેલી છે. રાજા, ઠાકોર, શેઠ વા સાહુકાર ગમે તે હોય પણ જો પોતાનું આચરણ ઉત્તમ રાખી શકતો નથી, તે કોઇ પણ રીતે જગતનું કલ્યાણ કરવા સમર્થ થતો નથી. જે જે પુરૂષો આચાર વિચારથી ઉત્તમ રહે છે તેજ જગતમાં અન્ય ઉપર સારી અસર કરી શકે છે. હિંદુસ્તાના મનુષ્યો આર્ય ગણાય છે તેનું કારણ એ છે કે હિંદુસ્તાનમાં તીર્થંકરો અને મોટા મોટા મુનિવરો ઉત્પન્ન થયા છે. હાલ આર્ય દેશના મનુષ્યો આર્યના ગુણો છોડીને વિદેશ. દારૂપાન, નાસ્તિકપણું વગેરે અનાર્યના દોષોને અંગીકાર કરે છે ત્યારે હવે આ આર્યોને અનાર્ય કેમ ન કહી શકાય ! પશ્ચિમાત્ય યુરોપ વગેરે દેશના રહેવાસીઓ માંસાહાર અને દારૂપાનનો ત્યાગ કરવા લાગ્યા છે ત્યારે આર્યો ઉલટા અનાર્ય થતા જાય છે. પારસીઓમાં જે જે સુલેહ, પ્રેમ, ભ્રાતૃભાવ, ઉદ્યમ વગેરે ગુણો છે તેનું ગ્રહણ કરવું જોઇએ. પણ તેવા ગુણોનું અનુકરણ ન કરતાં તેમના જેવો વેશ પહેરવો, ટોપી ઘાલવી, તેમનાં સર્વ આચરણ સારાં છે એમ અજ્ઞાનતાથી માની પોતાના ધર્મના આચારો અને વિચારોને જે દેશવટો આપે છે તેઓ અનેકધા પાપકર્મ ગ્રહણ કરે છે.

હિંદુસ્તાન ધર્મને માટે પ્રખ્યાત છે. હિંદુસ્તાનમાં જૈન ધર્મે દયાની લાગણીથી પૂર્વે અનન્ત હિંસા પાછી હઠી અને હાલ પણ હઠે છે. જૈન સાધુઓ ગમેત્યમ કરીને કીડ જીવોને મારવા નહિ એવો દયાનો ઉપદેશ આપે છે. જે મનુષ્ય કીડી અને પશુ પંખીઓને મારવા માટે તૈયાર થાય છે તે મનુષ્યોને પણ મારી નાખે તેમાં શું આશ્ચર્ય ! જૈન ધર્મ પાળનારાઓમાં આવી ઉત્તમ દયા હોવાને લીધે તેઓ દેશ પરદેશના મનુષ્યોમાં પશુ પંખી વગેરે પ્રાણી માત્રમાં ભેદ રાખ્યા સિવાય દયાની લાગણીથી સર્વ જીવોનું ભલું ઇચ્છે છે. જ્યારે આવી દયા હોય છે ત્યારે રાજવિરૂદ્ધ પ્રજા કેમ ચાલી શકે! રાજા અને પ્રજા એક બીજાનું બૂરૂં કેમ કરી શકે! ખરેખર જૈન ધર્મ, મનુષ્ય સર્વ મનુષ્યો માટે છે. જૈન ધર્મમાં ન્યાત જાતનો ભેદ નથી. નીતિના સર્વ ગુણોનો સમાવેશ જૈન ધર્મમાં થાય છે. હિંદુ ધર્મમાં પણ તુલસીદાસ વગેરે ભક્તો દયાને માટે ઉત્તમ વિચારો ધરાવે છે અને કહે છે કે—

દયા ધર્મકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ. ૧

વ્યાસ ઋષિ પણ દયાને માટે ભગવદ્‌ગીતામાં અપેક્ષાએ સારા વિચ જણાવે છે. ભાગવતમાં પણ યજ્ઞ યાગાદિકમાં પશુઓ હોમવાનો નિષેધ છે. કેટલાક રાજાઓ, અને ઠાકોરો વગેરે દશરાના દિવસે બકરાં અને પાડાનો ન કરે છે. પાડાઓને મારવાથી કોઈ પણ જાતનો લાભ થતો નથી. જીવે હિંસા કરવાથી ઉલટું અપમંગળ થાય છે દેવીઓ પાડા વગેરેના લોહ ખાતી નથી. દેવીને જો પાડા ખાવા હોય તો વગડામાં ઘણા હોય છે ત્યાં કેમ ખાઈ જતી નથી ? ખરેખર આ ખોટો રીવાજ છે. જૈન શ્વે બર કોન્ફરન્સના પ્રયાસથી ઘણા રાજાઓએ દશરાના દિવસે થતી હિ અટકાવી છે. વાંસદાના રાણાએ પણ કેટલાક પાડા મારવાનો નિષેધ છે. માટે તેમને ધન્યવાદ ઘટે છે. આશા છે કે એક પણ પાડાનો બ થતો અટકશે.

મનુષ્યો જેમ જેમ સત્યધર્મના સિદ્ધાંતો વાંચે છે, સાંભળે છે, ત તેમના મનમાંથી વ્હેમના વિચારો નીકળી જાય છે. જૈન ધર્મ પુણ્ય ર પાપનું સ્વરૂપ સારી રીતે જણાવે છે, તેમજ પુનર્જન્મના સિદ્ધાંત પરિ માને છે તેથી જૈન ધર્મ ઉત્તમ ધર્મ ગણાય છે. જૈન ધર્મનું સ્વરૂપ કહેન સર્વજ્ઞ તીર્થંકરો હતા તેથી જૈન ધર્મ ઉત્તમ કહેવાય છે તે સ્વાભાવિક છે

જે જે તીર્થંકરો થયા તે સર્વે ક્ષત્રિય વંશમાં જન્મેલા ઉત્તમ રાજ પુત્રો હતા, તેથી ક્ષત્રિય વર્ગનો જૈનધર્મ કહેવાય છે. હાલના સમયમાં ક્ષ ત્રિય અસલ પોતાના બાપ દાદાનો જૈનધર્મ તજીને અન્ય ધર્મ પાળે અને વળી જૈન ધર્મ ઉપર તિરસ્કાર બતાવે છે તે કેટલું શોચનીય છે ! જૈન ધર્મ રાજધર્મ છે તેની ખરી ખુબીઓ તેના પૂર્ણ અભ્યાસીઓ જા છે. દયાના જેવો ઉત્તમ સિદ્ધાંત જૈન ધર્મમાં ઉત્તમ છે તેના લીધે સ ર્વત્ર પ્રસિદ્ધ છે.

સર્વ ધર્મનો સમાવેશ દયામાં થાય છે. દયા એ સર્વ પ્રાણીઓનો ધ છે. અને દયાધર્મ તે જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત છે, માટે રાજાઓએ દ ઉપર ખૂબ ધ્યાન આપવું જોઇએ. હે રાજન્! જો તમે સર્વ જીવોની દ કરશો તો આ ભવમાં પણ સુખી થશો. દયાના પ્રતાપથી દેવતાઓ તમા સહાય કરશે. દયાનો બદલો મળ્યા સિવાય રહેનાર નથી.

જગતની ઉન્નતિ ધાર્મિક કેળવણીથી થાય છે, આપણા લોકો પોતાન ધર્મ બરાબર જાણતા નથી તેથી તેઓ ખ્રીસ્તિ પાદરીઓના ઉપદેશ

મિથ્યા ધર્મમાં સપડાઇ જાય છે. આસ્થાવસ્થાથી ધાર્મિક કેળવણી આપવામાં આવે તો સદ્ગુણોથી મનુષ્યો ઉચ્ચ બની શકે. આપણા ધર્મગુરૂઓ જો દયા આદિ સદ્ગુણોનો ગામોગામ ફરી ઉપદેશ આપે તો દેશમાં થતાં મારામારી, ક્લેશ, અને વૈર વગેરેનો જડમૂળથી નાશ થઇ જાય. જે દેશમાં ધર્મનો જુસ્સો નથી તે દેશમાં અંતે શાન્તિ રહેતી નથી. ધર્મભેદના લીધે દરેક ધર્મના આચાર્યોએ મોટા ક્લેશ ન કરવા જોઇએ. જે ધર્મની વૃદ્ધિ તરવારના ઘાથી થઇ છે તે ધર્મનો વહેલો અસ્ત થનાર છે, જે ધર્મમાં શાંતિના સિદ્ધાંતો ભરપુર છે તેજ અંતે સ્થાયી રહેશે. હિંદુસ્તાનના વિદ્યાર્થીઓને ધાર્મિક કેળવણી આપવામાં આવે તો તેઓનાં મન શાંત થાય. ગૃહસ્થાશ્રમમાં વા સાધુ અવસ્થામાં રહીને આત્માના સદ્ગુણો ખીલવવા જોઇએ. જગતમાં ભલું કરનારનું ભલું થાય છે. અને બુરૂં કરનારનું બુરૂં થાય છે. હિંદુસ્તાનમાં જે જે રાજાઓ સદ્ગુણી થયા, ધર્મિ થયા, તેઓને સર્વ લોકો ધન્યવાદ આપે છે. મનુષ્યની જીંદગી ક્ષણિક છે. રાજ્યઋદ્ધિ અસ્થિર છે. અંતે પરભવ જતાં પુણ્ય અને પાપ સાથે આવે છે.

સારા વિચારનો બદલો સારો મળે છે અને નઠારા વિચારનો બદલો નઠારો મળે છે. મનુષ્યોએ આવતા ભવમાં સુખને માટે ધર્મ કરવો જોઇએ. ધર્મનો જુસ્સો જેના હૃદયમાં નથી તે મનુષ્ય કદી દુનિઆનું ભલું કરી શકનાર નથી. રાજાઓ કરતાં મહાત્માઓ, સાધુઓ જગતમાં વિશેષ પૂજ્ય ગણાય છે. તેનું કારણ એ છે કે તેઓ ધર્મમાંજ પોતાનું જીવન ગાળે છે, તેથીજ તેઓ રાજાના પણ રાજાઓ કહેવાય છે. નાસ્તિકના વિચારોથી કેટલાક વ્યસનોમાં મગ્ન થઇ લક્ષ્મીનો તથા તનનો ધુમાડો કરે છે. તેવા મનુષ્યોના જન્મથી દુનિયાને કંઇ પણ ફાયદો થતો નથી. દુનિઆમાં જન્મીને જેણે મનુષ્યોના તથા પ્રાણીઓના ભલા માટે તન, મન અને ધનથી ઉદ્યમ કર્યો છે, તેનો જન્મ ખરેખર સફળ છે. મનુષ્ય પોતાના નિર્મળ સદાચરણ વિના બોલીને કરી શકતો નથી. યોગિયો બોલ્યા વિના પણ હજારો મનુષ્યોને બોધ આપે છે અને સારા આચરણવિના વક્તાઓ નારદીયાની પેઠે અસર કરી શકતા નથી. જે સાધુ પોતે કંચન અને સ્ત્રીનો ત્યાગ કરે છે તેજ ખરેખર સાધુ કહેવાય છે. તેમજ ગૃહસ્થ પણ દયા, દાન, પ્રભુ ભક્તિ, અને બોધશ્રવણ વગેરે સદ્ગુણો ધારણ કરે તો ખરો ગૃહસ્થ કહેવાય છે. ગૃહસ્થે ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને ત્યાગીઓએ ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું જોઇએ. આત્માના કલ્યાણ માટે સદ્ગુરૂઓનું સેવન કરવું જોઇએ. રામચરિત્ર અને પાંડવ ચરિત્ર પણ સારા અને ખોટા પુરૂષોના વિભાગ દેખાડે છે. ધર્મનાં

પુસ્તક વાંચી સદ્ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે અને દુર્ગુણોનો ◦ કરવા પ્રયત્ન કરશે તો ખરૂં ક્ષત્રિયપણું પ્રકટ થશે-વીરપણું પ્રકટ થ ખરેખર તેજ ધર્મે યોદ્ધા છે કે જેણે કર્મનો નાશ કર્યો.

जीर्ण लेखना आधारे ऐतिहासिक विषय.

શ્રી વીરથી ૨૯૧ વર્ષે સંપ્રતિ રાજા થયો તેણે જિનપ્રાસાદ અનેક કરાવ
શ્રી વીરથી ૪૫૩ વર્ષે ગર્દભ ભિલ્લ રાજાનો શિર છેદ કરનાર કાલિકાચાર્યે થ
શ્રી વીરથી ૪૭૦ વર્ષે વિક્રમાદિત્ય રાજા થયો. તે સમયમાં સિદ્ધસેન દિવા. કલ્યાણ મંદિર, સમ્મતિતર્ક વગેરેના કર્ત્તા થયા.

વિ. સં. ૧૦૮ પૌષધશાળાની સ્થાપના થઇ.

વિ. ૫૮૫ યાકિનીસૂનુ હરિભદ્રસૂરિયે ૧૪૪૪ ગ્રંથ બનાવ્યા.

વિ. સં. ૮૦૦ બપ્પભટ્ટ સૂરિનો જન્મ. ૮૫૦ સ્વર્ગ. તેમણે આમ રાજ પ્રતિબોધ્યો.

વિ. ૧૦૧ શ્રીવજ્ર સ્વામી સહાયથી જાવડશાએ શત્રુંજયનો ઉદ્ધાર ક

વિ. ૧૪૩૯ નાણાવટી ગોઇંદે તારંગામાં અજિત બિંબ સ્થાપના કરી.

વિ. ૧૦૧૧ સત્યપુરમાં મહમદગીજની સુલતાનના ઉપસર્ગથી વીરપ્ર બિબ ચલિત થયું.

વિ. ૧૦૮૮ વિમલવસહી સ્થાપન. પિત્તલમય બિંબ સ્થાપના.

વિ. ૧૨૭૩ લુણિગવસહિક સુવટા બિંબ સ્થાપના.

વિ. ૮૦૨ વનરાજે પાટણની સ્થાપના સૂરિમંત્રથી શિલગુણી સૂરિ પાસે કરા

વિ. ૧૧૮૬ શ્રીદેવસૂરિના વચનથી સિદ્ધરાજે આદિનાથ પ્રાસાદ ૯૫ અ ગુલ પ્રમાણ પ્રતિમા સ્થાપના.

વિ. ૧૧૬૬ હેમચંદ્રનું સૂરિપદ. ૧૧૯૯ કુમારપાળ ગાદીએ બેઠા.

વિ. ૧૧૯૮ સિદ્ધરાજે સિદ્ધપુરમાં રૂદ્રમાલ કરાવ્યો.

વિ. ૧૧૯૯ ફલોધીમાં પ્રાસાદ બિંબની સ્થાપના. પાઠાંતરે બારસેંને ચાર વ

વિ. ૧૨૯૮ વસ્તુપાળ સ્વર્ગગમન પશ્ચાત્ દશ વર્ષે તેજપાળ સ્વર્ગગમન.

વિ. સં.૫૨૩ કાલિકાચાર્યે ચોથનું પર્યુષણાપર્વ કર્યું.

વિ. ૧૧૫૯ પૂર્ણિમા પક્ષની સ્થાપના.

વિ. ૧૨૫૦ આગમ પક્ષની સ્થાપના.

વિ. ૧૧૬૯ આંચલિયાગચ્છની ભાષાનેરામાં સ્થાપના. પાઠાંતરે ૧૨૧૪.
વિ. ૧૨૨૬ સાર્ધપુર્ણિમા પક્ષની સ્થાપના.
વિ. ૧૨૦૯ ઝુરાવલી તીર્થ સ્થાપના.
વિ. ૧૨૮૫ શ્રીતપગચ્છની સ્થાપના થઇ-જગચ્ચંદ્ર સુરિને તપા બિ
રૂદ મળ્યું.
શ્રીવીરથી ૬૦૯ વર્ષે દિગમ્બર મતની ઉત્પત્તિ થઇ
વિ. ૧૦૨૦ ભોજ રાજાના સમયમાં ધનપાલ થયો.
વિ. ૧૦૮૦ શ્રી જાવાલીપુરમાં શ્રી બુદ્ધિસાગર સુરિએ બુદ્ધિસાગર વ્ય
બનાવ્યું.
વિ. ૧૩૦૭ માં ગુજરાતમાં દુકાળ પડ્યો. જગડુશાહે દાન દીધું.
વિ. ૧૩૩૨ દેશાપુત્ર પેથડ અને તેના પુત્ર ઝાંઝણે શત્રુંજય અને ગિર
ધ્વજારોપણ કર્યું.
વિ. ૧૧૮૪ સિદ્ધરાજના પ્રધાન સજ્જને પાંચ કરોડ બહોતેર લાખ દ્રવ્ય
ગિરનાર ઉપર પ્રાસાદ કરાવ્યો.
વિ. ૧૨૫૬ કર્ણદેવના પ્રધાન માધવે ગુર્જર દેશમાં અલાઉદ્દીનનો
પ્રવેશ કરાવ્યો-પાટણમાં
સં. ૧૪૯૯ અખાત્રીજ દિવસે રાણપુરમાં દેરું થયું.
સં. ૧૧૮૧ પોષ સુદી દશમે ફલોધી પાર્શ્વનાથ પ્રગટ્યા.
વિ. ૯૨૭ શ્રી વિજાપુર ગામ અજમેરના વિશળદેવે વસાવ્યું.
વિ. ૧૩૨૭ વર્ષે માગવામાં દેવેન્દ્ર સુરિએ સ્વર્ગગમન કર્યું.
પ્રાયઃ સંવત ૧૩૦૦ ની સાલમાં વિજાપુરમાં વિદ્યાનંદ સુરિએ વિ
વ્યાકરણ બનાવ્યું.

શ્રીસિદ્ધરાજના સમયમાં હેમચંદ્રે સિદ્ધહેમ વ્યાકરણ બનાવ્યું.

સં. ૧૪૯૯ શ્રી સોમસુંદર સુરિ દેવલોક પામ્યા.
સં. ૧૪૭૮ વડનગરમાં મુનિસુંદર સુરિને સુરિપદ શા. દેવરાજે ધા
કર્યું. તેમણે પોતાના સુરપદ ૧૦૮ હાથનો વિજ્ઞપ્તિ પત્ર
૧૫૦૩ માં દેવલોક થયા.
સં. ૧૫૦૮ જિનપ્રતિમા ઉત્થાપકલુંપકમત નીકળ્યો.
સં. ૧૪૯૬ લક્ષ્મીસાગરને પંડિત પદ. કેટલાક પંડિત પદને પન્યાસપદ
કહે છે, કેટલાક પન્યાસ પદને ગણાંતર પદવી પણ
પન્યાસ પદવી ક્યારથી શરૂ થઇ તેની પૂર્ણ શોધ થવા

રૂ છે. પંડિત પદવીજ જો પન્યાસપદવી તરીકે ઠરતી હોય તો તે પન્નરમા સૈકાથી શરૂ થઇ છે એમ પટ્ટાવલીઓના આધારે કહી શકાય છે. તે પહેલાં જણાતી નથી.

સં. ૧૫૦૧ શ્રીહેમવિમલ સૂરિએ ક્રિયાનો ઉદ્ધાર કર્યો.

સં. ૧૫૬૨ વા ૬૬ ના લગભગ કડુઆમત નીકળ્યો. તેણે સાધુ ગુરુની ઉત્થાપના કરી.

સં. ૧૫૭૦ ની સાલમાં લુંકામતમાંથી બીજો મત નીકળ્યો.

સં. ૧૫૭૨ ની સાલમાં નાગોરી તપામાંહિથી ઉપાધ્યાય પાર્શ્વચંદ્રે પાયચંદ મત કાઢ્યો.

સં. ૧૫૮૨ માં આણંદવિમળ સૂરિએ ક્રિયોદ્ધાર કર્યો. સૂરિ વડનગરમાં ગયા, ત્યાં અઠમના પારણે, નાગરણે રાખનો પિંડ વહોરાવ્યો તે વહોર્યો, અને પાણીમાં અડવાળી પી ગયા. પાછો અઠમ કર્યા તેથી નાગર લોક વગેરે પણ તેમના પ્રભાવથી જૈન થયા. સં. ૧૫૯૬ ચૈત્ર સુદી ૭ સ્વર્ગગમન અમદાવાદમાં.

શ્રી વિજયદાન સૂરિના ઉપદેશથી મધારીયા શાહરામજી અને અમદાવાદ વાસી સંઘવી કુંવરજી પ્રમુખે સિદ્ધાચળમાં ચોમુખ અષ્ટાપદાદિક દેહેરા બનાવ્યા

સં. ૧૬૧૦ માં સિરોહીમાં હીરવિજયજીને સૂરિપદ મળ્યું.

સં. ૧૬૪૯ શ્રી હીરવિજય સૂરિના કહેવાથી અમદાવાદમાં ધર્મસાગર ઉપાધ્યાયે પાંચ બોલનો મિચ્છામિ દુક્કડં દીધો.

સં. ૧૬૫૨ વર્ષે ગામ ઉનામાં ભાદરવા સુદી એકાદશીના દીવસે શ્રી હીરવિજય સૂરિ સ્વર્ગ પધાર્યા. શ્રી હીરવિજય સૂરિના વચનમાં રાજસૂરગચ્છ નીકળ્યો.

૧૬૪૬ પોસ સુદી ૧૩ વાર શુક્ર શ્રી પાટણમાં શ્રીહીરવિજય સૂરિએ બાર બોલની પરૂપણા કરી.

(૧) પરપક્ષીને કોઇએ આકરૂં વચન ન કહેવું. (૨) પરપક્ષીકૃત ધર્મ કાર્યે સર્વથા વખાણવા લાયક નથી એમ કોઇએ ન કહેવું. (૩) ગચ્છનાયકને પુછ્યા વિના કોઇએ નવી પરૂપણા કરવી નહીં. (૪) દિગંબરી ચૈત્ય, કેવળ શ્રાવક પ્રતિષ્ઠિત ચૈત્ય, દ્રવ્યલિંગીને દ્રવ્યે બનેલું ચૈત્ય એ ત્રણ ચૈત્યવિના બીજાં સઘળાં ચૈત્ય વાંદવા—પૂજવા યોગ્ય જાણવા. એ વાતની શંકા ન કરવી. (૫) નવકારશી કરતાં સમાંના સંબંધે કદાચિત્ પરપક્ષીને જમાડતાં સાધર્મી વાત્સલ્ય ફોક ન થાય. (૬) શાસ્ત્રોક્ત સાત નિન્હવ સર્વ વિસંવાદીને નિન્હવ, એક બે શાસ્ત્ર બીજા કોઇને નિન્હવ ન કહેવા.

(૭) પરપક્ષી સાથે ચર્ચા ઉદીરણા ન કરવી. પરપક્ષી કોઇ ઉ
શાસ્ત્રાધારે ઉત્તર દેવો પણ કલેશ વધે તેમ ન કરવું. (૮)
સૂરિએ બહુ જન સમક્ષ વિસનગરમાં ઉત્સૂત્ર કુદ્દાલ ગ્રંથ અને
કોઇ અન્ય ગ્રંથોમાં આણ્યો હોય તે અપ્રમાણ જાણવો. (
યોગના અભાવે પરપક્ષી સાથે યાત્રા કરતાં યાત્રા રોક ન
પૂર્વાચાર્યના વખતમાં પરપક્ષી કૃત સ્તોત્ર સ્તુતિયો વગેરે કહેવા
કોઇએ નિવારણા કરવી નહીં.

સં. ૧૬૭૨ માં વિજયસેન સૂરિ સ્વર્ગે ગયા.

શ્રી વિજયદેવ સૂરિના વખતમાં અણસૂર ગચ્છ નીકળ્યો. તે
રાજસાગરજીએ શાંતિદાસ શેઠને માટે મંત્રારાધના કરી અને
શાંતિદાસ શેઠ બાદશાહના માનવંતા થયા. શાંતિદાસ શેઠે અ
જયદેવસૂરિનું ચોમાસું કરાવ્યું અને ચોમાસાને પારણે સૂરિજીને
વિનંતિ કરી કે રાજસાગરને ઉપાધ્યાય પદવી આપો. સૂરિએ
તેથી ઘણો વાદ થયો ત્યારે શાંતિદાસે પોતાના હાથે વાસ
રાજસાગરને આચાર્ય પદવી આપી. ત્યારથી સાગરગચ્છ ની
૧૬૮૦ લગભગમાં શાંતિદાસ શેઠે અમદાવાદમાં સાગરગચ્છનો
નાખ્યો. ખંભાત, વડોદરા, સુરત, ડભોઇ, સાણંદ, પાટણ વગે
સાગરગચ્છના ઉપાશ્રય જોવામાં આવે છે.

સં. ૧૬૮૨ વિજયદેવ સૂરિએ પોતાની પાટે શ્રી વિજ
થાપ્યા. સંવેગી પટ્ટાવલીના આધારે તે વખતમાં થનાર પન્યાસ
મેદપાટ દેશના છે એમ નીકળે છે. પણ યતિવર્ગની પટ્ટાવલીન
ગંધારના શાંતિદાસ શ્રાવક હતા અને તેમણે દીક્ષા લીધી
આવે છે. શ્રી વિજયસિંહ સૂરિ ૧૭૦૯ માં કાળ ધર્મ પામ્યા.
સૂરિ અને વિજયપ્રભ સૂરિના વખતમાં યશોવિજયજી તથા સ
વિદ્યમાન હતા. યતિની પટ્ટાવલી જોતાં શ્રી યશોવિજયજીએ
હતાં પણ પાછળથી ત્યાં ગયાં હતાં એમ જણાઇ આવે છે.
રિને શ્રી સત્યવિજય ગણીએ ન વાંદ્યા અને સામા પક્ષ
ધારણ કર્યા એમ યતિની બૃહત્ પટ્ટાવલીમાં જોવામાં આવે
ઉપર સત્યવિજયજીનું નિર્વાણ જોતાં નિશ્ચય રહેતો નથી.
નિર્વાણમાં યશોવિજયજી સંબંધી કંઇ પણ પીનરસ કર્યા એમ

આવ્યા. સંઘના આગ્રહથી યશોવિજય ગણીને કાશીયાં ઉતરાવી ઉપાધ્યાય પદવી આપી ગચ્છમાં લીધા. તેમજ વિનયવિજયજી સાગર ગચ્છમાં ગયા હતા. તેમને પણ ઉપાધ્યાય પદવી આપી ગચ્છમાં લીધા એમ યતિની પટ્ટાવલીમાં લખ્યું છે, પણ તે વિચારવા યોગ્ય છે. કોઇ પ્રમાણિક ગ્રંથોમાં હજી તે બાબતનું કંઈ જોવામા આવતું નથી. દસમત સ્તવનમાં **મેંતો મત કરી પડતોરે મુકયો** એવું વાકય આવે છે પણ આ બાબતનો હજી કોઈ રીતે નિર્ણય થાય તેવા પુરાવા મળતા નથી. શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે પીતવસ્ત્ર ધારણ કર્યાં હતા કે કેમ તેનો કોઇ વિદ્વાન મુનિવર ખુલાસો કરશે અને સત્ય બ્હાર લાવશે તો અજવાળું પડશે. આ સંબંધમાં ઘણી ચર્ચા થઇ શકે તેમ છે, પણ બન્ને તરફનું પૂર્ણ જોયા વિના મત આપી શકાય તેમ નથી.

વિજયપ્રભ સૂરિના વખતમાં નયવિમળે પોતાનો મત સ્થાપવા મરિપદ પોતે ધરાવીને વિમલમત કાઢયો. આ વાત પણ યતિની પટ્ટાવલીમાં છે. ખરૂં શું છે તે હજી તપાસવું જોઇએ, કારણ કે નયવિમળસૂરિ મહા વિદ્વાન્ હતા, તેમનું નિર્વાણ સંબંધીનું વર્ણન હાથમાં આવે તો સત્ય તારવી શકાય.

આ વૃદ્ધ પટ્ટાવલી ૧૮૮૧ ની સાલમાં લખાઇ છે, તે સમયના આચાર્યોની હકીકતો ઘણીખરી બહાર આવવાથી સત્ય જણાશે.

जैन धर्मना सिद्धान्तोनो अभ्यास तथा तेओनुं श्रवण.

શ્રી સર્વજ્ઞ મહાવીરસ્વામી કથિત ધર્મની આરાધના કરવાથી ભવ્યજીવો આત્માની પરમાત્મદશા પ્રાપ્ત કરે છે. જૈન ધર્મની આરાધના કરવા માટે શ્રી વીર પ્રભુના કહેલા સિદ્ધાંતોનું શ્રવણ કરવું જોઇએ. મનુષ્યો શ્રી વીર પ્રભુનાં તત્ત્વો સાંભળે તો તેમના હૃદયમાં એક જાતનો નવીન વિચાર પેદા થાય. કેટલાક જૈન શ્રાવકના કુળમાં ઉત્પન્ન થઇને પણ જૈન સિદ્ધાન્તોનું શ્રવણ કરતા નથી તેથી તેઓની આસ્તિકતા વધતી નથી. જે મનુષ્યો શ્રીવીર પ્રભુનાં કથિત તત્ત્વો સાંભળે છે તેઓ શ્રીવીર પ્રભુની સર્વજ્ઞતા તથા ઉત્તમતા સંબંધી પૂજ્ય અભિપ્રાય બાંધી શકે છે. જે લોકો તીર્થંકરોની નિન્દા કરે છે અને જૈન ધર્મ સંબંધી શ્રદ્ધા રાખતા નથી તેઓ જો જૈન સિદ્ધાન્તોનું શ્રવણ કરે તો ખરેખર તેઓના હૃદયમાં સારી અસર થઇ શકે. જૈન ધર્મતત્ત્વોને બરાબર સમજવામાં આવે તો મનુષ્યોના હૃદયમા

જ્ઞાનનો પ્રકાશ જામત થાય. જૈન ધર્મ અપૂર્વ અને અનાદિ કાળથી ચાલતો આવેલો એવો ધર્મ છે. અનેક તીર્થંકરો ભૂતકાળમાં થયા અને થશે, તે સર્વે જૈન ધર્મનો ઉપદેશ આપે છે. જેઓ જૈન ધર્મનાં તત્ત્વોનો ગુરૂગમપૂર્વક અભ્યાસ કરે છે તેઓ જૈન ધર્મની ઉત્તમતા સંબંધી મુક્ત કંઠે આલાપ કરે છે. હાલમાં જૈન સાધુઓમાં વિદ્યાનો ફેલાવો થતો જાય છે. ઘણા સાધુઓ સૂત્રો વાંચી શ્રાવકોને સમજાવે છે પણ દિલગીરીની વાત છે કે કોઈ સિદ્ધાંત શ્રવણનો બરાબર લાભ લેતા નથી. જો સિદ્ધાંતનું શ્રવણ કરવામાં આવે તો મનુષ્યોનું જીવન ઉચ્ચ થયા વિના રહે નહીં.

જ્યારે યુરોપ વગેરે દેશોમાં જૈન ધર્મ તત્ત્વોનો તે તે દેશના પ્રોફેસરો અભ્યાસ કરે છે, અનેક પ્રકારની ચર્ચા ચલાવે છે ત્યારે આપણા જૈન બાંધવો જૈન સિદ્ધાંતોનું બરાબર શ્રવણ પણ કરી શકતા નથી. ગુરૂની પાસે જૈન સિદ્ધાન્તોનું શ્રવણ કરવાથી ગુરૂગમપૂર્વક જૈન તત્ત્વજ્ઞાન મળવાથી, આત્માની પરિણતિ સુધરે છે—મલીન વિચારોનો નાશ થાય છે અને જૈ ધર્મની શ્રદ્ધા પ્રતિદિન વૃદ્ધિ પામે છે.

હાલના વખતમાં પિસ્તાલીશ આગમો છે. આગમો એ રત્નનાં ભંડ છે, તત્ત્વજ્ઞાનના ખજાના છે. તેમાંથી જેટલાં બને તેટલાં આગમોનું શ્ર કરવા પ્રયત્ન કરવો જોઈએ. આ દુઃષમ કાળમાં જિનાગમનો આધાર સુવિહિત પૂર્વાચાર્યોના ગ્રંથોનું પણ શ્રવણ કરવાથી શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થ છે. જે કોઈ નાટક વગેરેમાં જઈ કંઈ એક ઘડીના આનંદની ખાતર કામો વખત ગુમાવે છે અને જૈન ધર્મતત્ત્વોનું શ્રવણ કરવાને જોઈએ તે સમય આપતા નથી. તેઓએ સમજવું જોઈએ કે, આ ભવમાં અને પ ભવમાં જિનાગમનું શ્રવણ તેજ હિતકારી છે. મારા આત્માનો ઉદ્ધાર તે થવાનો છે, એમ ખાસ લક્ષમાં રાખવું જોઈએ.

સાધુ અને સાધ્વીઓએ જિનાજ્ઞા વિધિપૂર્વક સૂત્રોનું વાચન જોઈએ અને શ્રાવકોએ જિનાજ્ઞા વિધિપૂર્વક શ્રવણ કરવું જોઈએ. [ન્તોના વાચનમાં મન લાગવાથી મન બીજે ઠેકાણે પરિભ્રમણ કરતું સિદ્ધાન્તોનું વાચન કરતાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો નાશ થાય છે ધર્મધ્યાનની વૃદ્ધિ થાય છે. સાધુઓ અને સાધ્વીઓ જેમ જેમ સિદ્ધા વાચનમાં લીન બને છે તેમ તેમ નવું નવું શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે, અ ચાની ખટપટને ભૂલી જાય છે, તેમજ ચારિત્રમાં પણ સ્થિર થાય છે, શુભ અધ્યવસાયની ધારા વૃદ્ધિ પામતી જાય છે, અનેક પ્રકારની [--- લાભ થાય છે. સાધુઓ અને સાધ્વીઓને સિદ્ધાન્ત વાચન

મોટું આલંબન છે. સિદ્ધાન્તના વાચનથી અનેક પ્રકારની શંકાઓનો નાશ થાય છે અને અન્ય લોકોને બોધ આપવામાં સુગમતા થાય છે. સિદ્ધાન્ત વાણી રૂપ ગંગા નદીમાં સ્નાન કરવાથી અનંત ભવની કર્મરૂપ મલિનતાનો નાશ થાય છે. પ્રથમના સમયમાં જૈન સિદ્ધાન્તોનું શ્રવણ વાચન સારી રીતે ચાલતું હતું તેથી તે વખતમાં જૈન ધર્મનો ફેલાવો સારી રીતે થયો હતો. હાલમાં સુભાગ્યે પુસ્તકો છપાઇને ઘણાં બહાર પડે છે પણ જોઇએ તે પ્રમાણમાં વાંચન શ્રવણ થતું નથી. બાળજીવોને રૂચિ થાય એવાં કથાનાં પુસ્તકો પણ ઘણાં છપાઇને બહાર પડયાં છે, અને હજી ઘણાં બહાર પડતા જાય છે. શુદ્ધ જૈનોએ પુસ્તકોને રખડતાં મૂકી તેઓની કોઇ પણ રીતે આશાતના કરવી નહીં. કારણ કે પુસ્તકોની આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

જૈનાગમોનું રહસ્ય જાણ્યાવિના ખરા જૈન થવાતું નથી. જે ખરા જૈનો છે તે જૈનાગમોનું પ્રભુની પેઠે માન કરે છે. જૈનાગમો ઉપર પરમ પ્રેમભક્તિ ઉત્પન્ન થયા વિના હૃદયમાં જ્ઞાનનો ખરો પ્રકાશ પડી શકતો નથી. જૈનાગમોનું શ્રવણ કરનારા ભવ્ય જીવોને ધન્યવાદ ઘટે છે. અનન્ત ભવપરિભ્રમણ કરતાં કોઈ વખત જિનવાણી શ્રવણનો લાભ પ્રાપ્ત થાય છે. જૈનાગમોને સાંભળતાં ધર્મની શ્રદ્ધા થાય છે અને જૈન ધર્મની શ્રદ્ધા થયા બાદ ચારિત્રની પ્રાપ્ત થાય છે.

જૈનાગમોમાં સર્વ પ્રકારનું જ્ઞાન છે. જેને જેટલી બુદ્ધિ હોય છે તે પ્રમાણે તે ગ્રહણ કરી શકે છે. ગુરૂગમનપૂર્વક પુસ્તકો સાંભળવાથી ઘણા ફાયદાઓ થાય છે. સૂત્રો પર લખાયલી ટીકાઓ, ચૂર્ણિ વગેરેના આધારે મૂળ સૂત્રોના આશય સારી રીતે સમજાય છે પૂર્વાચાર્યોના ગ્રન્થોના અનુસારે મૂળ સૂત્રનો અર્થ બરાબર સમજી શકાય છે.

ગુરૂઓ શિષ્યોને યોગ્યતાના અનુસારે સૂત્રોનું જ્ઞાન આપે છે આ સંબંધમાં ઘણું ગુપ્ત રહસ્ય છે. અમુક અવસ્થા થતાં શિષ્યોની બુદ્ધિનો વિકાશ થતાં અમુક સૂત્ર શિખવવામાં આવે છે, તેનો જો અનુભવ કરવામાં આવે તો સત્ય ભાસ્યા વિના રહે નહિ. જ્ઞાનપૂર્વક યોગાદિની ક્રિયા કરવાથી બહુ ફાયદો થાય છે. સૂત્રોને શુદ્ધ કરી સારા કાગળો ઉપર લખાવવામાં વા યોગ્ય લાગે તે છપાવવામાં આવે તો ભવિષ્યના મનુષ્યોને ઘણો લાભ મળી શકે અને સૂત્રોનું સંરક્ષણ પણ થાય.

હાલમાં જ્ઞાનનો જમાનો વધતો જાય છે તેથી જૈન પુસ્તકોની મદના આંકવાનો વખત નજીક આવી લાગ્યો છે. પરદેશી પ્રજાનું લક્ષ પણ જૈન

યુરોપ પર લાગ્યું છે, અને વિદ્વાનો જૈન ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા છે અને જૈન ધર્મની પ્રાચીનતા સ્વીકારતા જાય છે. બૌદ્ધ ધર્મથી જૈન ધર્મ જુદો છે એમ હવે નક્કી થયું છે.

જૈન ધર્મ સંબંધી અન્ય ધર્મીઓએ જે જે ભૂલો કરી છે તેનો ઉત્તરો આપવાને હવે વખત આવી લાગ્યો છે. જૈન વિદ્વાનો પણ હવે સારા ઉત્તરો આપી જૈન ધર્મની સેવા બજાવવા તૈયાર થયા છે. જૈન સિદ્ધાન્તોનું જેમ જેમ પઠન-પાઠન કરનારાઓને ઉત્તેજન આપવામાં આવશે તેમ તેમ જૈન સિદ્ધાન્તોનો ફેલાવો થશે ખરો.

ધનાઢ્ય શ્રાવકોએ ઉદાર મન રાખવા માટે પોતાના ધનનો સદુપયોગ કરવો જોઈએ. જેઓ સાધુઓ તથા સાધ્વીઓને જૈન સિદ્ધાન્તો ભણવા ભણાવવામાં સહાય કરે છે તેઓ અનન્તગણું ફળ પ્રાપ્ત કરે છે. જૈન સિદ્ધાન્તોનો ફેલાવો કરનાર સાધુઓ છે, માટે સાધુઓને સહાય આપવાથી સર્વ પ્રકારે જૈન ધર્મની ઉન્નતિ થાય છે. સાધુઓ અને સાધ્વીઓએ અવશ્ય જૈન સિદ્ધાન્તોનું વાચન કરવું અને પ્રચાર કરવા જૈન ધર્મનો ઉદ્ધાર કરવા કટિબદ્ધ થવું કે જેથી અન્તે અનન્ત સુખમય પરમાત્મપદ પ્રાપ્ત કરી શકાય.

दीलनुं दर्द टाळी शकाय छे.

કોઈનું માથું દુખે છે તો તેનો નાશ ઔષધથી થાય છે. તેમજ કોઈના પેટમાં દુખે છે તો તેનો પણ ઉપાય છે. આંખના રોગો ટાળવાને માટે પણ શાસ્ત્રો અનેક ઉપાયો કરી વિજય પામ્યા છે અને પામે છે. તેમજ શરીરમાં જગતમાં જેટલા રોગો છે તેટલાને નાશ કરવાના ઉપાયો શોધ્યા છે અને તેમાં ઘણું કરીને વિજય મળે છે. ક્ષયરોગ, સન્નિપાત (પ્લેગ)નો રોગ હિન્દુસ્તાનમાં શ્રી મુનિસુંદરસૂરિ મહારાજના વખતમાં ભયંકર ફેલાયો હતો તેના પણ પૂર્વે તથા હાલ ઔષધો, મંત્રો વગેરે ઉપાયો શોધાય છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે શરીર રોગનાં ઔષધો તથા તેને નાશ કરવાના ઉપાયો જગતમાં ઘણા હોય છે, પણ જ્ઞાનગુરુ બીજા વિના તે જણાતા નથી. જે જે મનુષ્યો જે જે ઔષધોને માટે ઉદ્યમ કરે છે તે તે પ્રકારના ઉપાયોને તે શોધી કહાડે છે. બાહ્ય શરીરના રોગોને નિવારવા માટે જેમ ઔષધો છે તેમ મનમાં થતા રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અને ચિન્તા આદિ રોગોનો નાશ કરનાર પણ ઔષધો છે. બાહ્ય શરીર નિરોગી અને મન-

પુત હોય છે તોપણ તેવો મનુષ્ય મનના રોગથી પીડાય છે અને ટાંટીયા ઘસે છે. હાય, હાય કરતો જ્યાં ત્યાં ભટકયા કરે છે તેવા મનુષ્યને પુછીએ કે કેમ સુખી છો કે ? ત્યારે તે કહેશે કે ભાઇ સુખ નથી. અરે હું તો બળું છું. કોઇ લક્ષાધિપતિ શેઠીયાને પુછો કે કેમ હાલ તમને આનન્દ વર્તે છે ! ત્યારે કહેશે કે ભાઇ આનંદનાં સ્વપ્ન પણ આવતાં નથી. મારા ઘેર પુત્ર નથી, અરેરે મારી લક્ષ્મી કોણ ખાશે ? અન્ય સગાંઓ મારી લક્ષ્મીના વારસ બને તે હું ઇચ્છતો નથી. અરે ! હવે શું કરૂં ! ક્યાં જાઉં ? ઘણાં ઔષધો તથા ઘણા મંત્ર કર્યા પણ હજી કંઇ થયું નથી. ઘરમાં સ્ત્રી હાયવરાળ કરે છે, સુખે ખાતી પણ નથી. ક્યાં જાઉં, કોને કહું ? અરેરે ! હવે શું થશે. આ પ્રમાણે બાહ્યથી નિરોગી છતાં દુઃખની અગ્નિને શબ્દધૂમાડાથી જણાવે છે. ફલાણા ગાડીમાં બેસનારા શેઠિયા કે જેની ઉમર વીશ વર્ષની લગભગ છે, જેના શરીરે ગૌરતા વ્યાપી રહે છે, ઘોડાઓને મારી ગાડીને ધમધમ દોડાવે છે, પત્થરને પાટુ મારે તો પત્થરને તોડી નાખે તેવી તેની શક્તિ છે, લાખો રૂપૈયાનું ધન છે, હજારો સેવકો આજીજી કરે છે, આંખે ચશમાં ઘાલી દેખતાં છતાં પણ ભભકામાં અંજાવા હાઠ સજે છે, તેને પુછીએ કે કેમ ભાઇ ! ખાવાનું તો સારી રીતે મળે છે ને ? ત્યારે કહેશે કે એમાં શું પુછવું ! ખૂબ પાન ચાવો છો, ત્યારે કહેશે કે અમારે શી ખોટ છે ! પણ તેનાં મનનાં દુઃખો તપાસીએ તો માલુમ પડશે કે તેને મહાન્ ઇલ્કાબની ઇચ્છાઓએ ઘેર્યો હોય છે. સરકારમાં સી. આઇ. ઇ., રાવ., સર, નાઇટ, આદિની પદવીઓ મેળવવા સરકારને હજારો રૂપૈયાની સખાવત કરવી કે કેમ તેના વિચારમાં પડ્યો છે. મ્હારી જ્ઞાતિ મને કેવો કહેશે ? તેની ચિંતામાં ખૂબ નિમગ્ન થાય છે; મુખ્ય અમલદારોની કેવી રીતે પ્રસન્નતા મેળવવી તેના સંબંધી અનેક ચિન્તાઓ કરે છે. હજારો રૂપૈયાની લક્ષ્મીના ભોગે પદવીનાં પુચ્છો હવે મળશે કે કેમ તેનો વિશ્વાસ નહીં આવવાથી લક્ષ્મી ઓછી થવાની ચિન્તા કરે છે. શી રીતે માનની ભિક્ષા માગું તેની રીત શિખીને તે મોટાઓનું મન મેળવવા અનેક પ્રકારની આજીજી કરે છે. પદવીની ભિક્ષા મળતાં પોતાના મનમાં ફુલાય છે. જ્ઞાતિ, કોમ અને ધર્મીઓના ભલા માટે ઉપર ઉપરથી આપ્યું ન આપ્યું જેવું કહી છબરડો વાળે છે. જ્યાં ત્યાં માનની ઇચ્છાઓ માટે દોડે છે, પદવી વગેરેની ઇચ્છાઓમાં વિઘ્ન આવે છે તો ખાનગીમાં ઢોલીઆમાં પડીને અનેક ચિન્તાઓ કરે છે. ઉંઘવા મહેનત કરે છે તો પુરી ઉંઘ પણ આવતી નથી. તેથી તેની તબીયત બગડવાથી ડાક્તરોનાં ખીસ્સાં તર થાય છે. આ બધાનું કારણ મનમાં થતી ફોગટ

ચિન્તાઓજ જણાય છે. અમુક શેઠને પુછીએ કે કેમ શેઠ! ખુશીમાં છોને! ત્યારે કહેશે કે ખુશી ક્યાંથી લાવીએ! શેઠને મનમાં રોગ થવાથી ખુશી જણાતા નથી. તેના મનનો રોગ તપાસતાં માલુમ પડે છે કે તેને બધાંની લક્ષ્મીને પડાવીને પોતાને કોઠ્યાં કરવાનો વિચાર થયો છે. બીજાઓના ભાગ કેવી રીતે પોતાને લેઈ લેવા તેની આતુરતામાં ધરશેઠોની માફક અનેક જાતની ચિન્તાઓને કરે છે બાપડાઓને કેવી રીતે સપડાવી પોતાની નેમ પુરી પાડવી તેના વિચારમાં તે રાત્રી દીવસ ઉંઘતો પણ નથી, અનેક તર્કો ઉભાં કરવાના વિચારોમાં શ્રમ પડતાં છતાં પણ નિદ્રાદેવી આવતી નથી, પોતાના કાર્યમાં વિઘ્નો આવતાં તે કપાળે હાથ દેઈ ગરીબ જેવો બની અનેક જાતનો શોક કરે છે. આવી તેના મનના રોગની સ્થિતિમાં તેને સુખનું સ્વપ્ન પણ ક્યાંથી આવી શકે! ઘરમાં વાજુ વગાડી ગાયનોને લલકારતા મુસલમાનને પુછીએ કે કેમ મહેરબાન તમે બહુ સુખી દેખાઓ છો! ત્યારે તે કહેશે કે યાર અમે તો બહુ સુખચૈન માત્ર માંગીએ છીએ. તેના હૃદયના રોગને તપાસતાં માલુમ પડશે કે તે અનેક પ્રકારના ધંધાઓને શોધવા રાત્રી દીવસ અનેક જણાઓની સાથે વાતોના ગપાટા માર્યા કરે છે. આગળ પાછળના પ્રસંગોનો વિચાર કરી ગરીબ જેવું મુખ કરી દે છે. ઘડીમાં જાણે બધું પ્રાપ્ત થયું હોય તેવો મુખનો ચ્હેરો કરે છે, ઘડીમાં હાય કરી નિસાસા નાંખે છે, ઘડીમાં અનેક મનુષ્યોને અન્ય બ્હાને પોતાના સ્વાર્થની વાત પુછે છે. ઘડીમાં જાણે તેના મનમાં કાંઈ હોયજ નહીં એવો સ્વભાવ આગળ દેખાવ કર્યા કરે છે, પણ એકાંતમાં બેસતાં પાછા તેના તેજ ચિન્તાના વિચારો તેને ઘેરી લે છે. કલાકો ને કલાકો તેમાં પસાર કરે છે. કોઈ શિખામણ આપે કે તું ઘણી ચિંતા કરીશ તો માંદો થઈ જઈશ. ત્યારે કહે છે કે અમને ચિન્તા શું કરનાર છે. પણ હૃદયમાં જાણે છે કે હું જે કહું છું તેની અન્યોને ખબર પડે છે. ત્યારે વળી વિચારે છે કે મારી વાત મેં અમુક મનુષ્યોની આગળ કહી હતી અને આ પુરૂષે શી રીતે જાણી. તે વખતે પોતાના સંબંધીઓનો વ્હેમ કરશે. વળી તેમાંથી અન્ય ચિન્તાઓ પ્રગટવાની એથી ને ચિન્તાઓના વિચારોને રાત્રી દીવસ કર્યાં કરે છે અને અંતે શરીરમાં પણ રોગો પ્રગટાવે છે. આ સર્વેનું કારણ મનમાં રહેલી અનેક આશાઓ છે, અને તેજ રોગ છે. અમુક શેઠને પુછીએ કે કેમ શેઠ! આનંદ છેને! ત્યારે શેઠ કહેશે કે બહુ આનંદનો કોઈ ઠેકાણું જડતું નથી કે જેથી આનન્દ પ્રાપ્ત કરી શકીએ. તે શેઠના મનના રોગો તપાસતાં માલુમ પડે છે કે, તેનો એકનો એક પુત્ર છે અને તે મૂર્ખ છે, અનેક પ્રકારના

વ્યસનોમાં સપડાયો છે, વેશ્યાઓનાં ઘર ભરે છે, ઘરના ખૂણા ખાલી કરે છે, દારૂના બાટલા ચડાવે છે, વૈરીને મારે છે, સટ્ટાઓ કરી લક્ષ્મીનો નાશ કરે છે, પોતાનું કહ્યું તે પુત્ર માનતો નથી, પિતાની શિખામણને વિષ જેવી ગણે છે, પોતાના સામું બોલે છે, કાંણી ઘોડી ને કરડકણીની પેઠે વૃત્તિ ધારણ કરે છે. સાધુઓ પાસે જવાનો ઉપદેશ આપતાં પિતાને ધિક્કારે છે. આથી પિતાના મનમાં શરીરે નિરોગી છતાં અનેક પ્રકારની ચિન્તાઓ ઉડે છે. એક પ્રકારનો શોક શમતાં અન્ય શોક મનમાં દાખલ થાય છે. આથી પિતાનું મુખ રાંક જેવું દેખાય છે. અનેક પ્રકારના શોકથી તે હૃદયમાં ને હૃદયમાં બળે છે. મનમાં વિચારે છે કે પુત્રજ ન થયો હોત તો સારૂં. વળી પરમેશ્વર પાસે અજ્ઞાનપણાથી માગણી કરે છે કે હે પરમેશ્વર! મ્હને કોઈ વખત પુત્ર આપીશ નહીં. શેઠની આવી દુઃખની સ્થિતિનું કારણ તપાસીએ તો તેમના મનમાં થતા શોકનુંજ નામ આપવું પડશે.

ખુરશીપર લમણે હાથ દેઇ બેસનાર પેલા જુવાનીઆને પુછીએ કે કેમ ભાઇ! આનંદમાં છોને? ત્યારે તે ઉપરથી લોકોને આનંદ બતાવવા કહેશે કે અમારે સદા આનન્દ છે. પણ તેના હૃદયમાં ઉતરી તપાસ કરીએ છીએ તો અનેક પ્રકારની વાસનાઓથી તેનું ચિત્ત જલવિહીન માછલાની પેઠે દુઃખથી ટળવળે છે, અમુક સ્ત્રીની સુંદરતાથી તેને મેળવવાના અનેક પ્રકારના ઉપાયોને મનમાં ગોઠવે છે, તે સ્ત્રીનો સંબંધ થવા માટે રાત્રી અને દિવસ અનેક પ્રકારની ઝંખનાઓ કરે છે, કોઇ પણ બાબતમાં તેનું ચિત્ત શાન્ત નથી, અપકીર્તિનો ભય લાગે છે, મરણનો ભય લાગે છે તોપણ તે ખાનગીમાં કાગળો મંગાવે છે અને પાછા લખે છે. ઉપરથી કોઇ પણ ન જાણે તેવો ડોળ કરે છે, કદાપિ કોઈ જાણે એવો વહેમ લાગે છે તો તેને પણ ફસાવવા પ્રયત્ન કરે છે, પોતાની લક્ષ્મીનો ખાનગીમાં વ્યય કરે છે. ઉપરથી એવો ડોળ કરે છે કે જાણે તે બાબતમાં કંઇ પણ જાણતો નથી. મનમાં વારંવાર કામના વિચારોથી બળ્યા કરે છે. આવી તેની સ્થિતિને દેખતાં તેના રોગ માટે ઉત્તમ પુરૂષોને દયા ઉપજે છે. રાજ્ય, લક્ષ્મી, સત્તા, વૈભવ, નોકરી, પદવી, મોટાઇ, કીર્તિ, આહાર, વિહાર અને વિષય સુખો વગેરે બાબતોની ચિન્તાઓ રૂપ ચિતાઓ રાત્રીદીવસ જે મનુષ્યોના મનમાં સળગ્યા કરે છે તેને ક્યાંથી સુખ હોય; અર્થાત્ ન હોય. મનમાં થતી ચિન્તા અને શોકની અસર શરીરપર પણ થયા વિના રહેતી નથી.

મનુષ્યોના મનમાં ભય નામનો રોગ હોય છે તેથી મનુષ્ય નિરોગી છતાં પણ સુખથી પરાઙ્મુખ રહે છે. રાજ્યભય, દેશભય, કીર્તિભય, અપકી-

નિયમ, રેચક, આશ્વાસ્તનક, ગેરમક, અને કુંભક આદિ અનેક પ્રકારના કરણો અને અનેક પ્રકારની ચિન્હમો કરો છે. રજબથી સિદ્ધ થઈ જ-ન્ટું હવે કરતકમોને કરાર લાગ્યો પાડ્યુંના અને મળ પામવાનો ઘણો ભર રહે છે. ગર્ભસિદ્ધ હવે પુદગળને અનેક પ્રકાર ધારો ગોરખ-ધંધો મુકામ હવે ચિન્હમો કરી ધો છે ને ચિન્હમોને હાથમાં એક તે મુક્ત પ્રકાર થો છે કે તેથી ઉલટું પણ ભરવા લાગે ભરે છે. ઉલટું પણ અટકાવ વિઘ્ન લાગી નથી. અધુ પ્રકારની દ્યુતિયા અ-ચરાવને પુછો કે તમે આનન્દમાં છો! એ કે તેવા મનમાં આનંદ ન હોય તેપણ તે આનન્દ છે એવું જણાવવા મેં પુછાવે છે અને ઘણા ચ-ર્મની પ્રતિભા કરે છે પણ જો તેવા હાથની ઇચ્છા કરવામાં આવે છે તે તેને કેટલી અજ્ઞેય એ હતિ લીધી હોય છે તેથી તે બહાર પાડી તે બતાવ કરાવો ભર શકે છે. હઠિ તેના પ્રતિમૂર્તિઓ ન પાડી શકો તે માટે અનેક પ્રકારની યુક્તિઓ કરાવે છે. દુઃખ પ્રસંગે સાધન ગોરખની ઘડીમાં હાથ જ્યારે આપુન થો છે ત્યાં શું મળતો રોગ નથી! અરસન તે મ-નનો રોગ છે. ચિત્તની સંબંધ રીતે પ્રસરેલી છે, એવા એક આચાર્યમાં પુ-રુષને ચિત્તની દિનિધે નાશ થાય તેવા પ્રસંગે મનમાં અનંત ચિંતાનું ઉ-ત્પન્ન થાય છે, તેની ઉપરની પ્રસન્ન વેસ્ટન સન્યાસ કેવી હોય છે. કોઈ કુવિચાર જ્ઞાનનું મમતાંથી પ્રહિત છે તેના ઉપર તેના પ્રતિવાદી મનુષ્ય આરબધને જ્યારે આરોપ મૂકે છે ત્યારે તેઓ ચિત્તનું મમતાં લોકોને અ-બંધિત જણાવવા હિનિવાના રીતે સંકીણો જણાવે છે, લોકોની અમાના ચિત્તની ભઈ ત્યાગ જણાવવા અનેક પ્રકારના પુરતક લખ્યાં કરે છે, અનેક પ્રકારની ચિન્તા કરે છે, મરણાંત ઉંઘ પણ લઈ શકતા નથી, શરીર પણ દુર્બળ થઈ જાય છે. જેમ જેમ જગતની આગળ ચિત્તના મમતાંની વાત જણાવે છે તેમ તેમ જગત પણ ધુનિની જેવી પ્રાગ્નિના રીતે સંકામાં થો છે અને ચિત્તને હેતુ મરણાર ઘર થોડા ન એવું અનંત ઉપદ્રવ બને છે. વિચારો કે વિંટી એક યુવિઘ્નરને પણ મનમાં ઉદ્વેગ જણાવે કેવિ રોગ લાગુ થી તેના ઉપરની મરણાંતક કરે છે. રામ, રૈક, અને સર્વ વગેરે ચિત્તની આશ્વર્ડેન જણાવ્યાથી રાતી અને દિવસ મનમાં બળતા કરે છે, ને તે મનુષ્યની અવસ્થાને પામે છે. નયુઓ! વિચારો કે મનમાં ઉત્પન્ન થતા આર્તધ્યાનોથી કેવા કેવા પ્રકારનાં દુઃખ થાય છે. અહો! આ જગતનાં પ્રતિબ્ન રોગો હસતે મનવા રોગેની ફેરી ભણી પ્રસરતા છે! અહો હૈયાને ભર પણ અનુભવત મનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓને

ઉત્પન્ન કરે છે. કેટલાક મનુષ્યો ભૂત, પ્રેત, પિશાચ, ચુડેલ, અને જન વગેરેના ભયથી રાત્રીમાં કંપી ઉઠે છે, કેટલાક તો રાત્રીમાં ભયના ઠેકાણેથી પસાર થતાં ભયના લીધે ઉંચાસ્વરે કંઈ ગાયન લલકારતા, પગ પછાડતા અને ઘોકા પછાડતા માલુમ પડે છે. કદાપિ તેમ છતાં દેવ ભયથી બીએ છે અને તેના મનમાં થતી ભયની અસરથી તાવ વગેરે રોગના ભોગ થઇ પડે છે. આવા અનેક પ્રકારના દેવ ભયથી મનુષ્યોના મનમાં ચિન્તા, શોક આદિ રોગોના પ્રવેશ થતાં ઝાંઝવાના જળની પેઠે સુખની પણ આશા બધાય છે. અર્થાત્ તેવા મનના રોગીએ સુખથી દૂરને દૂર રહે છે. મનુષ્યોના મનમાં અકસ્માત્ વિજળી વગેરેનો ભયરોગ રહેલો છે, જેથી તેની છાતી અનાદિ કાળની ભય સંજ્ઞાને લીધે ધડકે છે તેથી તે બાહ્યથી નિરોગી છતાં અન્તરમાં રોગી રહે છે. મનુષ્યોના મનમાં અનેક પ્રકારના રોગનો ભય ઉત્પન્ન થાય છે, પ્લેગ આદિ રોગે નજીકના પ્રદેશોમાં સાંભળતાં મનમાં ભય નામના રોગથી કંપારી છૂટે છે અને મનમાં તત્સંબંધી અનેક પ્રકારની ચિન્તાઓ ઉત્પન્ન થતાં ચિત્તની સ્થિરતા રહેતી નથી અને તેથી આનન્દના પ્રદેશથી દૂર રહેવાય છે. આ પ્રમાણે મનમાં રોગ થતાં મનની ખરાબ દશા થાય છે, તેમજ મનુષ્યોના મનમાં અમુક વખતે મરણ થશે એવા મૃત્યુભયથી શરીરમાં કંપારી છૂટે છે. અરે ! શું થશે ! કયાં જઇશ ? વગેરે શોકની લાગણીએ ચારે તરફથી ઘેરી લે છે, તેનું મન ઠેકાણે રહેતું નથી, મૃત્યુભયથી થરથર કંપે છે, મૃત્યુના સમાન કોઇ ભય નથી. આ પ્રમાણે મનમાં ઉત્પન્ન થતા ભય રોગના દર્દથી આત્મિક તેમજ પૌદ્ગલિક એ બે પ્રકારમાંનું કોઇ સુખ અનુભવાતું નથી અને ભય રોગની અસરથી શરીરની નિર્બળતા વૃદ્ધિ પામે છે અને શરીરના અમુક રોગે પણ પ્રગટી નીકળે છે. માટે મનમાં ઉત્પન્ન થતા ભય રોગનું ઔષધ કરવાની જરૂર છે.

મનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના વિચારોની શ્રેણિયો વારંવાર પ્રગટવાથી ખરી શાન્તિનો અનુભવ થતો નથી. આત્માનો ખરો આનન્દ મેળવવા માટે બાહ્યના જે જે વિચારો કરવામાં આવે છે તે ખરા ઉપાય તરીકે સિદ્ધ થતા નથી. અમુક ચૈત્ર પોતાના શત્રુઓનો નાશ કરવા અનેક પ્રકારના ઉપાયોમાં ગુંથાય છે, રાત્રી અને દીવસમાં અનેક પ્રકારના પ્રપંચો ઉભા કરે છે તોપણ તે દીલના દર્દમાં ધસડાય છે, તેનું શરીરબળ ઘટે છે, ચિન્તા કરવાથી તેનું શરીર સુકાઇ જાય છે. આ પ્રમાણે ચૈત્ર પ્રતિદિન હિંસાના દર્દોનો વધારો કરે છે અને તેમજ શારીરિક દર્દોનો પણ વધારો કરે છે અને અન્તે તે મરીને અશુભ અવતાર ધારણ કરે છે.

વિવેકી મનુષ્યો બરાબર વિવેકદૃષ્ટિથી વિચાર કરશે તો માલુમ પડશે કે શરીરના દર્દ કરતાં દીલનાં દર્દ ટાળવાં મહા મુસ્કેલ છે.

દીલનાં દર્દ ટાળવા માટે અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા છે. અધ્યાત્મજ્ઞાનને વેદધર્મ માનનારાઓ આત્મવિદ્યા કહે છે. અધ્યાત્મજ્ઞાનથી આત્મા અને જડ વસ્તુની ભિન્નતા પરખાય છે અને તેથી મનમાં થતા રાગ અને દ્વેષને ટાળવાની અનેક યુક્તિઓ સુઝી આવે છે. જે જે પ્રસંગે અમુક અમુક કારણોને લેઇને અમુક અમુક જાતની ચિન્તાઓ હોય છે, તેને અમુક અમુક સંયમશક્તિથી ટાળવાનું કાર્ય સહેલું થઇ જાય છે. અનેક વખતે આ પ્રમાણે આવી પડતા કર્મના ઉદયોમાં આત્માની સહનશીલતા ખપમાં આવે છે અને રાગદ્વેષના વિચારોના તરંગો શમી જાય છે. ધારો કે કોઇ મનુષ્યના ઉપર એકદમ અનેક જાતની ઉપાધિ પડી. તે જ્ઞાની હોય તો વિચારે કે ઉપાધિઓનું આવાગમન કર્મના ઉદયથી આવી ઉપાધિઓ આવી પડી છે, તે સહન કર્યા વિના છુટકો નથી. આત્મજ્ઞાનના બળવડે સર્વ પ્રકારની ઉપાધિઓને વેઠયા વિના છુટકો થવાનો નથી, મનમાં અનેક પ્રકારની ચિન્તાઓ કર્યાથી કંઇ વળે તેમ નથી. ઉપાધિઓ ક્ષણિક છે. સદાકાળ કોઇને એક સરખી ઉપાધિ રહેતી નથી અને રહેવાની નથી. જે ઉપાધિઓ આવી છે તે જવાની છે. માટે મારે ડરવાની જરા માત્ર પણ જરૂર નથી. મ્હારે ઉપાધિઓની સામે સમભાવથી ઉભા રહેવું જોઇએ. જગતમાં સર્વ જીવોને કર્મના વશથી ઉપાધિઓ ભોગવવી પડે છે. ઉપાધિ કંઇ આત્માનો મૂળ ધર્મ નથી. આ પ્રમાણે વિચારબળથી તે કર્મની ઉપાધિઓ સામે ઉભો રહી યુદ્ધ કરે છે અને મનમાં ચિન્તાનું દર્દ કરતો નથી.

કોઇ લક્ષાધિપતિ શ્રેષ્ઠિવર્ય હોય, ધર્મશીલ હોય, દયાળુ હોય, અને દાતાર હોય તેના ઉપર કર્મના ઉદયથી આફત આવી પડી હોય, પોતાની વ્યાવહારિક મનાયલી પ્રતિષ્ઠાને હાનિ પહોંચી હોય તેવા પ્રસંગે તે શોક જો જ્ઞાની હોય તો વિચાર કરે કે, હે ચેતન! ત્હારે જરા માત્ર પણ શોક કરવો જોઇતો નથી. ત્હારા ગુણોનો કાંઇ નાશ થયો નથી. કર્મ પ્રમાણે લક્ષ્મીનું ગમનાગમન રહે છે, પાપકર્મનો ઉદય થતાં લક્ષ્મી જતી રહે છે તેથી કંઇ શોક કરવાનું જરા માત્ર પ્રયોજન જણાતું નથી. બાહ્યલક્ષ્મી અસ્થિર છે. કોઇની પાસે સદાકાળ રહી નથી અને રહેવાની નથી. સ્વપ્નમાં ભાસેલા પદાર્થો જેવી લક્ષ્મી અને માન પ્રતિષ્ઠા છે. લક્ષ્મી અને માનપ્રતિષ્ઠા એ કંઇ વસ્તુતઃ આત્માનો ધર્મ નથી. માટે હે આત્મન્! તું ત્હારા સ્વભાવમાં રમણતા કર, બાહ્યના પદાર્થો જાય તો શું! અને આવે તોપણ શું! બાહ્ય

પદાર્થોમાં હું અને મ્હારૂં કલ્પવાથી દુઃખના ખાડામાં ઉતરવું પડે છે. મ્હારો આત્મા, સર્વે જડ વસ્તુઓથી ભિન્ન છે. તો હવે જડ લક્ષ્મી કીર્તિ આદિ માટે શોક કેમ કરવો જોઇએ? અશ્રુપાત કદી ન કરવો જોઇએ. જગત્‌માં મોટા પુરૂષોને દુઃખો નડે છે, તેમ મ્હને પણ કર્મના ઉદયથી દુઃખ પડે તે સમભાવથી ભોગવી લેવું જોઇએ અને આત્માના આનન્દને પ્રાપ્ત કરવો જોઇએ, એમ જ્ઞાની શોક વિચાર કરે છે. દુઃખની વેળામાં જરા માત્ર પણ ગભરાતા નથી. અનેક પ્રકારના દુઃખો સામું આત્મજ્ઞાનબળથી યુદ્ધ કરી શકાય છે.

મુનિવરો કે જે આત્મવિદ્યાના અભ્યાસીઓ છે તેઓ પણ આત્મધ્યાનથી દીલમાં ઉત્પન્ન થતાં અનેક દર્દોનો નાશ કરે છે. મનમા રાગ અને દ્વેષના વિચારો ઉત્પન્ન કરવા તેજ દીલનું દર્દ કહેવાય છે. મનમાં ઉત્પન્ન થનાર રાગ અને દ્વેષને ટાળવા માટે જ્ઞાન, ધ્યાન આદિ અનેક ઉપાયો છે અને તેથી દીલનાં દર્દ ટળે છે. અનેક આત્માઓ દીલનાં દર્દ ટાળીને મુક્તિ ગયા, અને જાય છે. ભવિષ્યકાળમાં પણ અનેક આત્માઓ દીલનાં દર્દ ટાળીને મુક્તિ જશે. આત્મધર્મનું એટલે બધું બળ છે કે તે દીલના દર્દ ટાળી શકે છે. આત્માના બળ વડે મનમા ઉત્પન્ન થતા રાગદ્વેષનાં દર્દોને ટાળી શકાય છે. આત્માની અનંતિ શક્તિ ખીલવવાના ઉપાયોને આદરવા જોઇએ કે જેથી મનના રોગ ટળે અને સહજ સુખને ભોગવી શકાય.

સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા જોઇએ.

જગત્‌માં સદ્‌ગુણોની પ્રાપ્તિ કરવી જોઇએ. દુર્ગુણો તો કાંકરાની પેઠે પગલે પગલે જ્યાં ત્યાં દેખાય છે. અમુકનામાં અમુક દુર્ગુણ છે, અમુક લુચ્ચો છે, અમુક કપટી છે ઇત્યાદિ વિચારોમાં જો મન રોકાઇ જાય તો પછી દુર્ગુણોમાંજ મનનો વ્યાપાર વધતો જાય છે અને તેથી આત્મા પરભવમા ભારે થાય છે અને તેથી કાકદ્રષ્ટિની પેઠે પશ્ચાત્ દરેકના દોષો જોવાનોજ અભ્યાસ પડે છે અને તેમજ દરેકના દોષો વદવાનો અભ્યાસ ગાઢ બને છે. આથી પોતાનામાં રહેલા દુર્ગુણોનો નાશ થતો નથી અને અન્યમા રહેલા સદ્‌ગુણો જોવાની ટેવ વધતી નથી. તેથી કોઇકી વખત મોટા મોટા પુરૂષોની સંમતિ કરવાનો ભાવ થતો નથી. એટલાથીજ નહીં પણ કેઇ મનુષ્ય કોઈ સાધુની પ્રશંસા કરે તો તુર્ત સામો મનુષ્ય સાધુમાં રહેલા

ધ્યાનજ્ઞાન આદિ સદ્‌ગુણોને ધારતા છતાં તેના દોષોને જોયા કરી પડે છે. બગલું જેમ કાદવને જુવે છે અને કાદવને પોતાનામાં ધારણ કરે છે તેમ દુર્ગુણોને દેખનારાઓ અન્યોમાં રહેલા સદ્‌ગુણોને પોતાની દૃષ્ટિથી કાઢી નાખે છે અને દુર્ગુણોને દેખી તેને હૃદયમાં ધારણ કરે છે. મુનીના આચારથી કેટલાક ભ્રષ્ટ થયેલા હોય છે. મુનીના આચારમાંથી પણ દોષ આવ્યું જાય છે અને તેમ મનું ભાષણ કરે છે આ પ્રસંગે કેટલાક મનુષ્યો સાધુ વગેરેમાં રહેલા સદ્‌ગુણોને તો દૃષ્ટિમાં ધારતા નથી પણ કોઈ તેમનામાં દોષ રહેલો હોય છે તો તેને પોતાની દૃષ્ટિમાં ધરી રાખે છે અને તેથી તેઓને દોષ જોવાનો પ્યાર વધતો જાય છે. અમે જે સાધુઓની પાસે જાય છે તો દોષદૃષ્ટિને આગળ કરીને જાય છે તેથી સાધુઓમાં તેઓની આત્મા પ્રમાણે તેઓને દોષો નજરે પડે છે. અને સાધુઓમાં રહેલા સદ્‌ગુણોને તેઓ દેખી શકતા નથી. પોતાની દોષદૃષ્ટિ સાધુઓના સદ્‌ગુણો પણ પ્રાયઃ દુર્ગુણોરૂપે તેમના હૃદયમાં અવભાસે છે. કેટલાકને તો પોતાની કલ્પના પ્રમાણે સાધુતાની રુચિ થઈ હોય છે તેથી તેઓ પોતાની કલ્પના પ્રમાણે સાધુઓની ક્રિયા ન દેખે તો પછી સાધુ ખરી ક્રિયા કરતો હોય તોપણ તેઓના સદ્‌ગુણો તરફ પૂજ્યભાવ ધારણ કરતા નથી. અને તેઓ તેવી દૃષ્ટિના યોગે સાધુઓના સમાગમમાં આવીને કંઈ ઉત્તમ લાભ મેળવવાને શક્તિમાન થતા નથી. કેટલાક તો એક સાધુમાં કોઈ જાતનો દોષ દેખે છે તો પશ્ચાત્ સર્વ સાધુઓ ખરાબ હોય છે એવી અધમ દૃષ્ટિને ધારણ કરીને સાધુઓમાં રહેલા અનેક સદ્‌ગુણોને દેખી શકતા નથી અને તે તે સદ્‌ગુણોને મેળવી શકતા પણ નથી. કેટલાક પોતાની મરજી પ્રમાણે સાધુઓ વર્તે ત્યાં સુધી તો તેઓના ગુણો ગાયા કરે છે. આમારા ગુરુ ઉત્તમ છે, જ્ઞાની છે એમ બોલ્યા કરે છે. પણ કદાપિ સાધુ ગુરુવર્ય તેઓને શિક્ષા કરે છે, અને તેઓની મરજી સાચવતા નથી તો તેઓ સાધુગુરુની નિન્દા કરવા મંડી જાય છે અને કહે છે કે અમે તો તેમની પાસે કંઈ દેખ્યું નહીં એમની પાસે જવામાં કાંઈ પણ સાર નથી. એમ દોષદૃષ્ટિને આગળ કરીને અમે તેમ બોલ્યા કરે છે. આવા સદ્‌ગુણ દૃષ્ટિવિનાના પુરુષો અમે ત્યાં જાય છે પણ તેઓના મનમાં સદ્‌ગુણો જોવાની ટેવના અભાવે અમે તે દોષ ખોળી કાઢે છે. પ્રથમ કેટલાક ગુણો મેળવ્યા હોય છે પણ પશ્ચાત્ દોષદૃષ્ટિની વૃદ્ધિથી દુર્ગુણો વધતા જાય છે અને સદ્‌ગુણો ઘટતા જાય છે.

કોઈ વખત કોઈ મનુષ્યો અમુક ગુરુને પોતાના ધારણ કરતાં અધિક

પ્રિય માને છે અને તેઓના ગુણોજ તેમની આંખે દેખાય છે, પણ પશ્ચાત્ કોઇ જાતના પક્ષમાં પડી જવાથી પોતાના માનેલા ગુરૂના વિરૂદ્ધ પક્ષમાં ભળવાથી પૂર્વના ગુરૂપર શ્રદ્ધા રહેતી નથી અને પૂર્વના ગુરૂના દોષો તેની દોષદૃષ્ટિની આગળ ખડા થાય છે અને સદ્‌ગુણદૃષ્ટિથી સદ્‌ગુણો જોવાની ટેવને વધારતા નથી. કોઇ વખત કોઇ પક્ષ તરફ અરૂચિ થઇ જાય છે તો પશ્ચાત્ તે તરફની સદ્‌ગુણ દૃષ્ટિનો બિલકુલ નાશ થાય છે. આવી દૃષ્ટિવાળા મનુષ્યો અન્ય મનુષ્યોના સમાગમમાં આવે છે પણ દરેકમાં રહેલા થોડા ઘણા સદ્‌ગુણો દેખી શકવાને ભાગ્યશાળી બની શકતા નથી.

સાધુ ગુરૂમાં રહેલા સદ્‌ગુણો દેખવાને પ્રથમ પોતાની દૃષ્ટિને નિર્મળ કરવી જોઇએ. ઘુવડ છતી આંખે પણ પોતાની દૃષ્ટિના દોષે સૂર્યને દેખવાને સમર્થ થતો નથી; તેમજ કેટલાક પુરૂષો સાધુઓની પાસે જાય છે, પણ પોતાની દોષદૃષ્ટિના લીધે સાધુઓના ગુણો દેખવાને સમર્થ થતા નથી. આરીસામાં મલીનતા હોય તો અન્ય પદાર્થનું તેમાં પ્રતિબિંબ પડી શકતું નથી. તે પ્રમાણે પોતાની દૃષ્ટિ મલીન હોય તો અન્યોના સદ્‌ગુણોનો પોતાની દૃષ્ટિમાં ભાસ નથી, તેમાં સાધુઓનો દોષ નથી પણ પોતાની દૃષ્ટિનો દોષ છે. વીતરાગ થયાવિના કોઇ પણ બિલકુલ નિર્દોષ થતો નથી, માટે દરેક વ્યક્તિમાં સદ્‌ગુણો અને દુર્ગુણો બન્ને હોય છે; પણ આપણે તો હંસની દૃષ્ટિ ધારણ કરીને દુર્ગુણો તરફ અલક્ષ રાખી સદ્‌ગુણોનું બહુ માન કરવું જોઇએ. શ્રી મહાવીર સ્વામીના સમવસરણમાં આવેલા પાખંડીઓ શ્રી વીરપ્રભુથી બોધ ન પામ્યા તેનું ખરૂં કારણ તપાસીએ તો માલુમ પડશે કે પાખંડીઓમાં દોષદૃષ્ટિનું જોર હતું અને સદ્‌ગુણ જોવાની શક્તિ ખીલી નહોતી અને મિથ્યાત્વ દશાનું જોર હતું તેથી શ્રી વીરપ્રભુમાં પાખંડીઓની શ્રદ્ધા ઠરી નહીં. તે પ્રમાણે હાલ પણ જૈનશાસ્ત્રોના જ્ઞાનના અભાવે કેટલાક મનુષ્યો જ્યાં ત્યાં દુર્ગુણોને પોતાની દોષદૃષ્ટિના પ્રતાપે બોલવા મંડી જાય છે. આવા પુરૂષોને સદ્‌ગુણો પણ દુર્ગુણોરૂપ દેખાય તો તેમાં કંઈ પણ આશ્ચર્ય નથી. અનાદિ કાળથી દોષદૃષ્ટિથી આપણે સદ્‌ગુણોને પ્રકટ કરવા સમર્થ થયા નથી અને ભવિષ્યમાં પણ જો આપણે પોતાની સદ્‌ગુણ દૃષ્ટિને ન ખીલવશું તો કાગડાની પેઠે પોતાના આત્માની નીચ દશા થશે. આ બાબતનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો સદ્‌ગુણદૃષ્ટિવિના સાધુ અમર શ્રાવકપણું પ્રાપ્ત થઇ શકતું નથી એમ અનુભવ આવ્યા વિના રહેશે નહીં. અને તેમજ દોષદૃષ્ટિનો ત્યાગ કરીને સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરવી જોઇએ, એમ નિશ્ચય થયાવિના રહેશે નહીં. પોતાની ભૂલ જ્યારે પોતાને દેખાય છે ત્યારે મનુષ્ય

બીજાના દોષ જોવાની ટેવપર પ્રેમભાવ ધારણ કરી શકતો નથી. તે એમ જાણે છે કે મનુષ્યોમાં દોષ તો કર્મના યોગે છે. જેવા મારામાં દોષ છે તેવા અન્યમાં દોષ છે. કોઇનામાં વિશેષ ગુણ અને અલ્પદોષ હોય છે અને કોઈનામાં અલ્પગુણ ને વિશેષ દુર્ગુણો હોય છે. આપણે તો કોઈના પણ સદ્‌ગુણો તરફ પ્રેમપૂર્વક લક્ષ આપવું જોઇએ એમ પોતાના માટે મનુષ્ય વિવેકદૃષ્ટિથી નિશ્ચય કરે છે. અમે તેના સદ્‌ગુણોને દેખીને પોતાના આત્મામાં રહેલા તેવા પ્રકારના સદ્‌ગુણોને પ્રકટ કરવા જોઇએ. આવી સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરનાર, સાધુઓ, શ્રાવકો તથા અન્યોમાં પણ રહેલા માર્ગાનુસારિપણાના સદ્‌ગુણો દેખવાને શક્તિમાન્ થાય છે, અને તેથી તેના હૃદયમાં પણ સદ્‌ગુણોના સંસ્કાર પડે છે અને તેથી પરભવમાં પણ તે નિમિત્ત પામીને સદ્‌ગુણોને ત્વરિત પ્રગટાવે છે. સદ્‌ગુણદૃષ્ટિ પ્રકટાવવાની ઇચ્છાવાળાએ ક્રોધ, ઇર્ષ્યા, અભિમાન, અને સ્વાર્થ વગેરે દોષોનો નાશ કરવા ઉદ્યમ કરવો જોઇએ. જ્યારે હૃદયમાં ક્રોધ પ્રકટે છે ત્યારે સદ્‌ગુણદૃષ્ટિ તો પાતાળમાં વા આકાશમાં ચાલી જાય છે. ક્રોધના ઉદયે સામાના ગુણો જોવા ઉપયોગ રહેતો નથી. તેમજ મનુષ્યોના મનમાં જ્યારે ઇર્ષ્યા ઉત્પન્ન થાય છે ત્યારે સામા મનુષ્યના અછતા દોષો જોવામાં આવે છે અને બોલવામાં આવે છે. તેમજ ઇર્ષ્યાના જોરે સામા મનુષ્ય ઉપર કલંક મૂકવાના પ્રપંચો પણ ઘડવામાં આવે છે, તે વખતે સામા મનુષ્યના ગુણો જોવાની દૃષ્ટિને દરિયામાં ડાંફી કાઢવામાં આવે છે. તે વખતે અને તેટલા દોષોનો આરોપ પ્રતિપક્ષીપર મૂકવાની પ્રવૃત્તિ સ્વપ્નમાં પણ પોતાનું કાર્ય કર્યા કરે છે. મનુષ્યોના હૃદયમાં અભિમાન પ્રકટે છે ત્યારે પોતાની મહત્તા આગળ અન્યની મહત્તા દેખી અગર સાંભળી શકાતી નથી. અને તેથી પોતાની મોટાઇ કરવા અને સામાની હલકાઈ કરવા અને તેટલી કપટજાળ રચવાનો પ્રસંગ પડે છે. સામો મનુષ્ય સર્વની દૃષ્ટિમાં હલકો દેખાય એવા ચાંપતા ઉપાયો લેવામાં અને અન્યોને સમજાવવામાં દોષદૃષ્ટિના તાબે થઇ અકાર્ય, ઘાત, અને આળ વગેરે પાપ કરવામાં મનુષ્ય જરા માત્ર આંચકો ખાતો નથી; તેમજ અભિમાન પ્રસંગે સામામા રહેલા સદ્‌ગુણો દેખવાની નિષ્કપ્ટ દૃષ્ટિ રહેતી નથી. સામાને હલકો પાડવાનો વિદ્યાર્થી બનીને પોતાની સર્વ શક્તિનો તેમાં ઉપયોગ કરવો પડે છે. આવા વખતે અભિમાનના ઉદયે સદ્‌ગુણદૃષ્ટિને સાતમા દ્વીપે વટાય કરવી પડે છે. મનુષ્યો સ્વાર્થના દોષથી સદ્‌ગુણદૃષ્ટિને પોતાના હૃદયમાંથી રજા આપે છે. પોતાના સ્વાર્થ આગળ સામા મનુષ્યોના સદ્‌ગુણોને જોવાની ઇચ્છા થતી નથી. स्वार्थं साधयामि येन-

કેમ પ્રકારાંતર—અમે તે પ્રકારે હું સ્વાર્થ સાધું આમ તેના હૃદયમાં સ્વાર્થની દોરી મજબૂત કરે છે અને તેમાં સદ્ગુણદૃષ્ટિને [illegible] કરે છે સ્વાર્થી પોતાના સ્વાર્થના [illegible] અનેક [illegible] તરાં કરે છે. મનુષ્યોને મારીને તે હાથ પણ [illegible] નથી [illegible] મનુષ્યના હૃદયમાં સદ્ગુણદૃષ્ટિ રહી શકતી નથી. માટે સદ્ગુણદૃષ્ટિ ધારણ કરવાની ઇચ્છાવાળાએ સ્વાર્થબુદ્ધિનો ત્યાગ કરવો જોઈએ. [illegible] પક્ષ, પોતાની પ્રતિજ્ઞા અને મત્ત, વગેરેમાં [illegible] નિરીક્ષણ કરીને સ્વાર્થદૃષ્ટિને હૃદયમાંથી [illegible] કદાગ્રહી મનુષ્ય પણ સદ્ગુણદૃષ્ટિ ધારણ કરવાને બલિવાન થતા નથી પોતાને કોઈ જાતનો પક્ષપાત હોય તો પક્ષાન્ત [illegible] પણ પોતાના હૃદયમાં આવતો નથી [illegible] પણ કદાગ્રહના લીધે નિષ્પક્ષ જણાતા નથી. [illegible] દૃષ્ટિનું જોર અનિવાર્ય વૃદ્ધિ પામે છે માટે સદ્ગુણદૃષ્ટિના [illegible] કદાગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

જોઇએ. દ્રવ્ય પ્રાણુ અને ભાવ પ્રાણુને જે ધારણુ કરે છે, તેને જીવ કહે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અને ઉપયોગ, એ જીવના ભાવ પ્રાણુ છે. પાંચ ઇંદ્રિયો, ત્રણુ બળ, અને શ્વાસોશ્વાસ તથા આયુષ્ય એ દશ દ્રવ્ય પ્રાણુ છે. એકેન્દ્રિય જીવોને ચાર પ્રાણુ હોય છે. બેરેન્દ્રિય જીવોને છ પ્રાણુ હોય છે, તથા ત્રીન્દ્રિય જીવોને સાત પ્રાણુ હોય છે, ચતુન્દ્રિય જીવોને આઠ પ્રાણુ હોય છે, અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને નવ પ્રાણુ હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને દશ પ્રાણુ હોય છે. જીવતત્ત્વની અંદર દુનિઆમાં રહેલા સર્વે જીવોનો સમાવેશ થાય છે. સિદ્ધ અને સંસારી એ બે પ્રકારના જીવોનો સમાવેશ પણુ જીવતત્ત્વમાં થાય છે. વિષ્ટાના કીડાથી તે ઇન્દ્ર પર્યંત મોટા જીવોનો સમાવેશ પણુ જીવ તત્વમાં થાય છે. જીવવિચાર, નવતત્ત્વગ્રંથ, જીવાભિગમસૂત્ર, અને પન્નવણુાસૂત્ર, વગેરે ગ્રંથોમાં જીવોનું સ્વરૂપ અને તેની સ્થીતિ બહુ સૂક્ષ્મ રીતે વર્ણવી છે. પૂર્વોક્ત જીવતત્ત્વના ચૌદ ભેદ થાય છે, તેમજ તેના પાંચસેં ત્રેસઠ ભેદ પણુ થાય છે. વળી સર્વ જીવોમાં જ્ઞાન સ્વરૂપ ચેતના છે, તેથી ચેતનાની અપેક્ષાએ સર્વ જીવ એક પ્રકારે છે. ત્રસ અને થાવર ભેદમાં જીવોનો સમાવેશ થાય છે, માટે તેની અપેક્ષાએ જીવ બે પ્રકારના સમજવા. વળી દુનીઆમાં કેટલાક જીવો સ્ત્રી વેદી છે. કેટલાક પુરૂષ વેદી છે. અને કેટલાક નપુંસક વેદ વાળા છે જ્યાં જુઓ ત્યાં જગત્માં ત્રણુ વેદ પૈકી ગમે તે વેદવાળા જીવો છે, માટે તે અપેક્ષાએ, જીવ ત્રણુ પ્રકારના જાણુવા. વળી દુનિઆમાં ચાર પ્રકારની ગતિ છે. ૧ દેવગતિ, ૨ મનુષ્યગતિ, ૩ તિર્યંચગતિ, અને ૪ નરકગતિ. સર્વ સાસારિક જીવો કર્મના યોગે ચાર ગતિમાં પરિભ્રમે છે. જ્યાં સુધી જીવના પ્રદેશોની સાથે કર્મ લાગ્યાં છે, ત્યાં સુધી જીવ ચાર ગતિમાંથી ગમે તે ગતિમાં હોય છે. વિશેષ પુણ્ય દેવગતિ અને મનુષ્ય ગતિમાં અવતરી ભોગવવું પડે છે અને તિર્યંચ તથા નરકમાં વિશેષ પાપ ભોગવાય છે. ચાર ગતિની અપેક્ષાએ. જીવો ચાર પ્રકારના છે, પૃથ્વિકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છકાયની અ-પેક્ષાએ જીવો છ પ્રકારના છે. વીતરાગ પ્રભુનાં વચનો એવાં છે કે અપેક્ષાએ જોતાં પરસ્પર કોઇ પણુ વચનોનો વિરોધ આવતો નથી, સ્યાદ્વાદ મુદ્રાએ મુદ્રિત ભગવદ્ વાણીની એવી સંઘટના છે કે તે કોઇ પણુ સ્થળે સ્ખલના પામતી નથી. હવે અજીવ સંબંધી વિવેચન કરે છે.

જેનામાં જીવનું લક્ષણુ નથી, અર્થાત્ જીવથી વિપરીત તે અજીવ કહેવાય છે, શુભ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત પૌદ્ગલિક કર્મ આત્મ પ્રદેશોની સાથે લાગે છે, તેને પુણ્ય તત્ત્વ કહે છે, અને અશુભ, વર્ણ, ગંધ, રસ,

અને સ્વર્ગસુખ ઇત્યાદિક રૂપિ આત્મસંબંધ પ્રદેશોની સાથે લાગે છે, તેને પુણ્યતત્ત્વ કહે છે. શુભાશુભ કર્મ જે દ્વારા આવે છે તેને આશ્રવ તત્ત્વ કહે છે. શુભાશુભ કર્મ જે દ્વારા રોકાય છે તેને સંવર તત્ત્વ કહે છે. પૂર્વોપાર્જિત કર્મનું બાહ્ય અભ્યંતર તપશ્ચરણથી નિર્જરવું તેને નિર્જરા તત્ત્વ કહે છે. ચાર પ્રકારે કર્મનું આત્માની સાથે બંધાવું તેને બંધતત્ત્વ કહે છે. હવે તે બંધાયેલ કર્મનું આત્માથી દૂર થવું તેને મોક્ષ તત્ત્વ કહે છે. આ નવ તત્ત્વની બહિર્ કોઈ પણ વસ્તુ હવે રહેતી નથી એમ અનુભવથી માલુમ પડે છે. જેણે આ નવ તત્ત્વનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણ્યું, તેણે સર્વ જાણ્યું. કારણ કે નવ તત્ત્વના સમ્યક્ બોધથી કોઈ જાણવાનું અવશેષ રહેતું નથી. ચોપાનીયાં, અને પ્રસિદ્ધ આદિ સર્વનું સાર સમજે તો નવ તત્ત્વમાં છે, માટે સમજો કે, જ્યાં નવ તત્ત્વનું સમ્યક્ વિવેચન કરવામાં આવ્યું છે તેજ સત્શાસ્ત્ર સમજવું. નવ તત્ત્વનો વિસ્તાર સૂત્રોમાં વિશેષથી કરવામાં આવ્યો છે. આત્માર્થી ભવ્ય જીવોએ નવતત્ત્વનું સ્વરૂપ ગુરૂગમદ્વારા સમજવું જોઈએ; નવ તત્ત્વમાં સંવર તત્ત્વનો આદર વિશેષથી કરવો. આશ્રવનો ત્યાગ કરવો, વ્યવહારથી પુણ્ય તત્ત્વ આદરવા લાયક છે, પાપ તત્ત્વનો ત્યાગ કરવો યોગ્ય છે. જિનેશ્વર કથિત સ્યાદ્વાદાત્મક બોધ હેતુ છે. સારમાં સાર જગત્માં જિનેશ્વર કથિત ધર્મનું સાધન જાણવું. વીતરાગ ભગવાનની આજ્ઞા ઉપાદેય છે. જિનેશ્વર ભગવાનની આજ્ઞામાં ધર્મ છે, માટે વીતરાગ કથીત વ્યવહાર માર્ગ પ્રમાણે વર્તન કરી, નિશ્ચય દૃષ્ટિ હૃદયમાં ધારણ કરવી. મનુષ્ય જન્મ પામી હે ચેતન! તું સમજે તો સમજ કે, ધર્મજ આદરવા લાયક છે. ધર્મથીજ સત્ય સુખની પ્રાપ્તિ થાય છે. માટે સંવર રૂપ ધર્મમાં લક્ષ રાખવું.

मननीय विचारो.

સજ્જનને ઓળખીને તેની સંગતિ કરવી. દુર્જનને ઓળખી તેનો પક્ષ પણ કરવો નહિ.

સ્નેહી પણ ઓછા કરવા, અને ઘણા કરવા હોય તોપણ સજ્જનનેજ કરવા.

ગમે તેવી લાલચ મળતી હોય તોપણ દુર્જનનો સંગ કરવો નહિ.

આપણે ખાસ જે જે કાર્ય કરવાનાં છે, તેમાં પ્રમાદ કરવો નહિ.

સહજ વાત કરતાં અથવા કારણસર ક્રોધનો જુસ્સો આવે, તોપણ તેને સમાધાન પ્રમાણે રોકવો અને તેજ ક્રોધના જુસ્સાને અંતરમાંજ દાબી દેવો.

ક્રોધના આવેશમાં આવી ગમે તેમ બોલી વિરોધ વધારવો નહિ; એજ નિરૂપાધિ પદ પ્રાપ્ત કરનારા સાધકોનું કર્તવ્ય છે.

તત્કાળના અથવા થોડા વખતના સ્નેહિ મનુષ્યોનો પૂર્ણ ભરોસો રાખવો નહિ, પણ તેની સ્નેહિ કે સ્વાર્થ બુદ્ધિની કોઈ યુક્તિ પ્રયુક્તિથી પરિક્ષા કરી લેવી અને પછી શુદ્ધ પ્રેમ જણાય તો ઉત્તરોત્તર પ્રતીત ક્રમથી સ્નેહમાં તથા વિશ્વાસમાં વધારો કરવો અને તેના શુદ્ધ સ્નેહનો ઉપકાર કરવા લક્ષ રહેવું.

સ્ત્રીઓના ચરિત્ર અગમ્ય છે, માટે સ્ત્રીઓના સંબંધથી ચેતી ચાલવું.

પુરૂષે પરસ્ત્રી સાથે પ્રેમ બાંધવો નહિ. પરસ્ત્રીના પાસમાં પડેલા બીચારા જીવો સર્વ અધોગતિ ભાક્ થયા છે, થાય છે અને થશે. જેમ કુકડાના બચ્ચાંઓને બીલાડીથી ભય રહે છે, તેમ બ્રહ્મચારીને સ્ત્રીના શરીરથી ભય રહે છે.

બ્રહ્મચર્યરૂપ કલ્પવૃક્ષની સાચવણી નવ વાડ વિના થતી નથી. બ્રહ્મચારી પુરૂષે નવ વાડ અવશ્ય જાળવવી.

આશા એજ જગત્માં સર્વ દુઃખનું મુળ કારણ છે, આશારૂપ પાશમાં સપડાના જીવો મૃગની માફક દુઃખી થાય છે.

જેને આશારૂપ પિશાચિની વળગી, તેને સુખ શાંતિ મળતી નથી.

પ્રવૃત્તિ તેજ દુઃખનું મૂળ છે, જ્યાં જ્યાં જેટલી પ્રવૃત્તિ તેટલીજ ત્યાં અસ્થિરતા જાણવી.

નિવૃત્તિ માર્ગમાં ધર્મ સમાયલો છે.

પરદુષણ જોવામાં જેટલી મનોવૃત્તિ તેટલોજ પરાભવ જાણવો.

પરભાવમાં દુઃખ છે, અને સ્વસ્વભાવ રમણતામાં સુખ છે.

સમયે સમયે જે વિચારીને વાણી વદે છે, તેને ઉપાધિનો પ્રસંગ આવતો નથી.

પંચમ કાળમાં પુણ્ય પવિત્ર જીવોની ન્યુનતા છે, તેથી ધર્મની આરાધના વિરલા જીવો કરી શકે છે.

વ્યવહારમાં વર્તી નિશ્ચય દૃષ્ટિ હૃદયમાં ધારણ કરવી.

આહાર તેવો ઉદ્‌ગાર. આ કહેવત જુઠવા યોગ્ય નથી. ન્યાયવૃત્તિથી ઉપાર્જન કરેલા ધનથી જે આહાર ગ્રહણ કરવામાં આવે છે, તે સદ્બુદ્ધિનો દાયક બને છે.

[illegible]

[illegible]

[illegible]

દુઃખ વિના સુખની પ્રાપ્તિ નથી

જેને માત્ર સુખજ ઈચ્છ્યું છે, તે અવશ્ય દુઃખથી હારે છે.

જેને અનાદિ સુખની ઈચ્છા છે, તે માત્ર [illegible]

[illegible]

[illegible]

સમાપ્ત.

श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाला. ग्रन्थांक ११.

गुणानुराग कुलक.

प्रति ३ ००.

ગુણાનુરાગ.

જગત્માં કોઇના કોઈ ગુણ ખીલ્યા હોય છે અને કોઇનામાં કોઇ ગુણ ખીલ્યા હોય છે. અનેક દોષોનો નાશ થતાં અનેક ગુણો ખીલે છે. કોઈ પ્રાણીમાં ગુણો વિશેષ હોય છે અને દોષો થોડા હોય છે, તેમ કોઇનામાં દોષો વિશેષ હોય છે અને ગુણો થોડા હોય છે. વિવેક દૃષ્ટિધારકે દોષોને ટાળી ગુણો ગ્રહણ કરવા. જેનામાં એક પણ ગુણ હોય તો તેની પ્રશંસા કરવી. દોષોની નિંદા કરવી નહીં. સમ્યકત્વધારી ગુણોને ગ્રહણ કરે છે; તેની દૃષ્ટિએ ગુણો દેખાય છે. કોઇનામાં અવગુણ દેખી આશ્ચર્ય પામવું નહિ; કારણ કે અવગુણો તો અનાદિકાળના છે; ગુણોને દેખી આશ્ચર્ય પામવું.

સદ્ગુણોને દેખનાર જીવ ખરેખર મુક્તિમાર્ગ સન્મુખ થાય છે. કદાગ્રહ અને દૃષ્ટિરાગમાં ફસેલા જીવો બીજાના ગુણોને પણ દોષરૂપે ગણે છે. આત્માર્થી જીવોમાં સદ્ગુણ દૃષ્ટિનો ગુણ ખીલવાથી તેમની દિવ્ય આંખે સત્ય દેખાય છે.

સદ્ગુણદૃષ્ટિધારકો, સદ્ગુણી પુરુષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા કરે છે; માટે આવા ઉત્તમ ગુણની ખીલવણી માટે સાધુઓએ, સાધ્વીઓએ, શ્રાવકોએ અને શ્રાવિકાઓએ સદ્ગુણદૃષ્ટિ ધારણ કરવી.

દરેક ધર્મ પાળનારાઓ જો સદ્ગુણ દૃષ્ટિ ધારણ કરશે તો તેમના આત્માની ઉન્નતિ કરશે અને અન્તે અનન્ત આનન્દમય પરમાત્મપદ પ્રાપ્ત કરશે.

સર્વ આત્માઓની સદ્ગુણદૃષ્ટિ ખીલો એજ આશીઃ—ૐ શાન્તિઃ ૩.

મુનિ બુદ્ધિસાગર.

श्रीमद् बुद्धिसागरजी कृत

गुणानुराग ग्रन्थनुं विवेचन.

ગુણાનુરાગથી થનાર તીર્થંકરને મંગલાચરણમાં નમસ્કાર કરે છે.

सयल कल्लाण निलयं, नमिऊणं तित्थनाह पयकमलं;
परगुणगहणसरूवं, भणामि सोहग्ग सिरि जणयं. ॥ १ ॥

સકલ કલ્યાણના આશ્રયરૂપ, તીર્થનાથ ભગવાન્‌ના પદકમલને નમસ્કાર કરીને સૌભાગ્ય લક્ષ્મીને આપનાર પરગુણ ગ્રહણસ્વરૂપને કહું છું-તીર્થંકર ભગવાન્‌ના આત્માએ પૂર્વ જન્મોમાં પરગુણોના સામી દૃષ્ટિ કરી હતી. પરના અવગુણો દેખતાં અને જાણતાં છતાં પણ કોઇની આગળ તે પ્રકાસ્યા નહોતા. તેમ કરવાથી પોતાને તથા પરને કંઈ લાભ નથી, તેમ ભગવાન્‌ના આત્માએ પૂર્વ ભવમાં જાણ્યું હતું; પરના ગુણમાં લક્ષ રાખી પોતે ભગવાન્ તીર્થંકર થયા, માટેજ તેમને નમસ્કાર કરવો ઉચિત છે. તેઓશ્રી કેવલજ્ઞાનથી સર્વના દોષો જાણતા હતા, તોપણ કોઇની આગળ કોઇનો દોષ કહેતા નહોતા; તેમજ દોષીને તું દોષી છે એમ કહેતા નહોતા. કોઇના આત્માને ખોટું લાગે એવું કેવલજ્ઞાન થયા છતાં પણ બોલતા નહોતા. જ્યાં ત્યાંથી પણ સદ્‌ગુણ દૃષ્ટિથી ગુણો લેવા. હજારો અવગુણ મૂકીને મનુષ્યમાં રહેલો એક પણ ગુણ લેવો, કારણ કે ગુણી થવું હોય તો ગુણ દેખવાનીજ ટેવ પાડવી, એમ ભગવાન્ સમવસરણમાં બેસી કહેતા હતા. એવા ભગવાનનું સ્મરણ અને નમન કર્યાથી આત્મામાં સદ્‌ગુણો પ્રગટે છે, માટે તેમને નમસ્કાર કરવો યોગ્ય છે. જ્યાં ત્યાં ગુણ દેખવાથી ગુણદૃષ્ટિ ખીલે છે અને અવગુણ દૃષ્ટિનો નાશ થાય છે.

આઠ કર્મ એજ અવગુણ છે. વિચારો કે આઠ કર્મ કોને નથી લાગ્યાં ! જેને આઠ કર્મ લાગ્યાં છે તેટલા અવગુણી છે. ત્યારે અવગુણી પોતે અવગુણ દેખે છે અને પ્રકાશે છે, તેથી કંઈ આત્મકલ્યાણ થતું નથી. માટે ભગવાન્‌ને નમસ્કાર કરી ભગવાને જેમ પૂર્વભવોમાં ગુણાનુરાગ ધાર્યો હતો, તેમ ગુણાનુરાગ ધારણ કરવો જોઇએ.

ઉત્તમ ગુણાનુરાગથી સર્વ પદવીઓ મળે છે.

गाथा.

उत्तम गुणाणुराओ, निवसइ हिययंमि जस्स पुरिसस्स

आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धिओ ॥ २ ॥

ભાવાર્થ—જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ હોય છે, તે ભવ્યાત્મા તીર્થંકરની સર્વોત્તમ પદવી પ્રાપ્ત કરે છે; તેને કોઈ પણ પ્રકારની રૂદ્ધિઓ દુર્લભ નથી. સર્વ પ્રકારની ઉત્તમ પદવીઓનું કારણ ગુણાનુરાગ છે. કોઇ પણ પદાર્થની પ્રાપ્તિમાં તેના ઉપર થતો રાગજ પ્રથમ હેતુભૂત છે. રાગ બે પ્રકારનો છે, પ્રશસ્યરાગ અને બીજો અપ્રશસ્યરાગ. અપ્રશસ્યરાગ છે તે ક્ષણિક પદાર્થોપર થાય છે. અપ્રશસ્યરાગથી આત્માની ઉન્નતિ થતી નથી. બાહ્યદુનિયાના પદાર્થો કે જે ક્ષણિક છે, તેના ઉપર, ભ્રાંતિથી પોતાના માની, રાગ ધારણ કરવાથી આત્મા પ્રતિદિન ક્રોધાદિક શત્રુઓના વશમાં પડે છે અને કર્મની વર્ગણાઓ ગ્રહણ કરે છે, રજોગુણ અને તમોગુણમાં પ્રવેશે છે, સત્વગુણને પ્રાપ્ત કરી શકતો નથી, મિથ્યાત્વભાવને ધારણ કરે છે, સુખને બદલે અપ્રશસ્યરાગથી દુઃખ પેદા કરે છે અને તેને જરા માત્ર શાંતિ મળતી નથી, માટે સ્વપ્ન સમાન ક્ષણિક પદાર્થમાં રાગ કરવાની કંઇ જરૂર નથી.

જગતમાં સત્ય આનંદમય આત્માઓ છે. આત્માના અનંતગુણો છે. કામ ક્રોધાદિ અવગુણોને ભૂલી જાઇ, જ્યાં દેખવું ત્યાં આત્માના સંતોષ, સમતા, વિવેક અને જ્ઞાન આદિ ગુણોને દેખવા. બાળક કે વૃદ્ધ હોય પણ ગમે ત્યાં ગુણ હોય તેને જોવા, ગુણનો રાગ કરવાથી અવગુણ ઉપર ચિત્ત જતું નહિ. પ્રથમ સાધક અવસ્થામાં ગુણના રાગની જરૂર છે. ગુણના રાગના ઉત્તમ સંસ્કારો પાડવાથી ફરીથી થનાર જન્મમાં તે તે ગુણો સ્વયમેવ આત્મામાં પ્રગટે છે. સાધનો પણ ગુણાનુરાગને વધારનાર પ્રાપ્ત થાય છે. જે જે રૂદ્ધિઓ દુર્લભ હોય છે તે પણ ગુણાનુરાગીને સહેજે મળે છે. ગુણાનુરાગી અન્ય ઉપર સારાભાવથી જુએ છે તેથી તેના ઉપર પણ અન્ય જીવો સારા ભાવથી જુએ છે, "જેવી કરણી તેવી પાર ઉતરણી," "જેવું વાવશો તેવું લણશો." તાત્પર્યાર્થ કે ગુણાનુરાગથી ઉત્તમ પદવીઓ મળે છે. જરા તે પ્રમાણે વર્તી જુઓ.

ગુણાનુરાગીને ગ્રંથકાર સદા નમસ્કાર કરે છે.

गाथा.

ते धन्ना ते पुन्ना, तेसु पणामो हविज्ज महनिचं;

जेसिं गुणाणुराओ, अकित्तिमो होइ अणवरयं. ॥ ३ ॥

ભાવાર્થ—જેઓને હમેશાં આત્મિક ગુણાનુરાગ હોય છે, જેઓને [illegible] છે. જેઓ, ઉત્તમ છે, જેઓને આપ આપ [illegible] ન હોય તે ગુણાનુરાગ [illegible] આત્મિક અનુરાગ [illegible] છે. [illegible] છે. જેઓ આપણા [illegible] ગુણાનુરાગને [illegible] ધારણ કરે છે, [illegible] છે, તેઓ [illegible] [illegible] જનોનો [illegible] [illegible] પણ [illegible] ગુણને [illegible] છે. [illegible] નથી, તેઓને [illegible] [illegible] પણ [illegible] તેઓ ગુણને [illegible] પણ [illegible] ન દોષ અને [illegible] [illegible] નથી. [illegible] તેવા દોષ [illegible] [illegible] નથી, તેના [illegible] પણ [illegible] દોષ [illegible] પણ [illegible] દોષ તો [illegible] નહીં, [illegible] ગુણાનુરાગ [illegible] [illegible] છે.

બહુ ભણવા વગેરેથી શું ? ફક્ત એક ગુણાનુરાગ ધારણ કરવા યોગ્ય છે.

ગાથા.

किं बहुणा भणिएणं. किंवा गणिएण किंवा झाणेणं;
[illegible]ं गुणानुरायं. सिक्खह सुक्खाण कुलभवणं. ॥ ४ ॥

ભાવાર્થ—બહુ ભણવાથી, ઉગ્ર તપ કરવાથી કે અતિ ધ્યાન દેવાથી [illegible] નથી. સર્વ સુખોનું સ્થાન એવા ગુણાનુરાગને શીખો, અર્થાત્ ગુણાનુરાગ ધારણ કરવાની ટેવ પાડો. અનેક વિદ્યાનો અભ્યાસ કર્યો હોય [illegible] નથી. [illegible] [illegible] ગુણાનુરાગ [illegible] નથી. વિદ્વાનો [illegible] [illegible] છે. [illegible] વિદ્વાન્ પ્રોફેસર [illegible] પણ [illegible] કરે છે, ગુણાનુરાગ [illegible]

ભાવાર્થ—અરે આત્મન્! જો તું ગુણીજનોના લેશ માત્ર દોષને ઇર્ષ્યાથી કહીશ તો ખરેખર અપાર એવા સંસારમાં પરિભ્રમણ કરીશ. ઇર્ષ્યાથી અંધ બનેલા પુરૂષો ઘુવડની પેઠે જ્યાંત્યાં સદ્‌ગુણરૂપ સૂર્યને દેખ્યા વિના પરિભ્રમણ કરે છે; સજ્જન પુરૂષોની અંદર સરસવ જેટલો દોષ હોય તો મેરૂ પર્વત જેટલો કહી બતાવે છે અને ઈર્ષ્યાળુઓ અછતાં આળ પણ ગુણીજનો પર મુકવા અચકાતા નથી. ગુણી પુરૂષોના ગુણ દેખવાને ઈર્ષ્યાળુઓની સદ્‌ગુણ દૃષ્ટિ બંધ થયેલી હોય છે. ધતુર ભક્ષકની પેઠે તેઓ ગુણોને પણ વિપરીત-પણે દેખ્યા કરે છે. ઈર્ષ્યાળુઓ કોઇની પ્રશંસા સાંભળે છે તો તે ઉપર લક્ષ નહિ રાખતાં, સામા પુરૂષોની અંદર કયા દુર્ગુણો છે તેજ જોવામાં ધ્યાન રાખ્યા કરે છે. સમકીતિજીવ પરના સદ્‌ગુણો જોવામાંજ દૃષ્ટિ રાખે છે, ત્યારે તેઓ (ઈર્ષ્યાળુઓ) પરના અવગુણો દેખવામાં દૃષ્ટિ રાખે છે. જેમ કાગડો ચાંદાં દેખે છે તેમ ઈર્ષ્યાળુ પારકા અવગુણ દેખે છે. ઈર્ષ્યાબળથી અધ બનેલો પુરૂષ અનેક અવગુણોને ધારણ કરતો છતો તથા અષ્ટકર્મોની વર્ગણાને ગ્રહણ કરતો છકો ચોરાશીલાખ જીવયોનિમાં પરિભ્રમણ કરે છે.

ગુણ કે દોષ એ બેમાંથી જેનો અભ્યાસ થાય તે પરભવમાં પ્રાપ્ત થાય છે.

जं अब्भसेई जीवो, गुणं च दोषं च इत्थ जम्मंमि;
तं परलोए पावइ, अब्भासेणं पुणो तेणं. ॥ ८ ॥

ભાવાર્થ—આત્મા આ ભવમાં ગુણ કે દોષ એ બેમાંથી જેનો અ-ભ્યાસ કરી શકે છે તે પરલોકમાં પામે છે; જો આ ભવમાં સદ્‌ગુણોનો વિશેષ અભ્યાસ કરવામાં આવે છે તો પરભવમાં વિશેષતઃ સદ્‌ગુણો ખીલી શકે છે અને દોષોને વિશેષતઃ સેવવામાં આવે છે તો પરભવમાં દોષોજ પ્રગટે છે. જે પ્રકારના ગુણનો અભ્યાસ કરવામાં આવે છે તે પ્રકારનો ગુણ પ્રકટી શકે છે. એક મનુષ્ય આ ભવમાં ધૈર્ય અને વિનય એ બે ગુ-ણનો વિશેષ અભ્યાસ કરતો હોય અને કંજુસાઇ દોષને સેવતો હોય તો પરભવમાં અવતાર લેતાં તેનામાં ધૈર્ય અને વિનય ગુણ પ્રગટે છે, પણ કંજુસાઇ હૃદયમાં આવે છે. કોઈ મનુષ્ય આ ભવમાં દયાવંત હોય અને લોભદોષનું વિશેષતઃ સેવન કરતો હોય, તો પરભવમાં દયાવંત થાય છે, પણ લોભી વિશેષ દેખવામાં આવે છે. કોઇ આ ભવમાં પરોપકારી વિ-શેષતઃ હોય પણ મૈથુનની ઇચ્છા વિશેષ હોય, તો પરભવમાં (અવતાર

જન્મમાં) પરોપકારનો ગુણ સ્વભાવે મળેલ છે, પણ તેમની ઇચ્છાથી તે કાર્ય અનંત અદ્ભુત છે. આ ભવમાં જો ચારિત્ર પાળવાનો વિશેષ અભ્યાસ હોય, ચારિત્ર ઉપર વિશેષ રાગ હોય, તો પરભવમાં તે પુરૂષને ચારિત્ર ત્વરિત પ્રાપ્ત થાય છે. કોઈ મનુષ્યને આ ભવમાં સાધુ થવાનો વિશેષ ગુણાનુરાગ હોય છે તો પરભવમાં સાધુ થવાની તીવ્રેચ્છા ધરાવે છે અને તે સાધુ થઈ શકે છે. જો આ ભવમાં સમ્યક્ત્વધર્મ ઉપર વિશેષતઃ ગુણાનુરાગ હોય છે તો પરભવમાં તેને સમ્યક્ત્વગુણ વિશેષતઃ પ્રાપ્ત થાય છે. જો આ ભવમાં જૈન સાધુ ઉપર ભક્તિ થાય છે તો પરભવમાં સાધુ ઉપર ભક્તિ ઉત્પન્ન થાય છે. જો આ ભવમાં દેવની પ્રતિમા ઉપર ભક્તિ થાય છે, તો પરભવમાં દેવના અભ્યાસથી પ્રતિમા (મૂર્તિ) ઉપર ભક્તિ થાય છે; પ્રતિમાનું ખંડન કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ ભવમાં અનેક પ્રકારના મનુષ્યોમાં ભિન્ન ભિન્ન ગુણો દેખવામાં આવે છે, તેનું કારણ તેઓએ પૂર્વ ભવોમાં તે તે સદ્ગુણોનો વિશેષતઃ અનુરાગ કરી તે તે ગુણોને સેવેલા હોવા જોઈએ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે અભ્યાસીઓએ સદ્ગુણનો વિશેષતઃ રાગ કરવો જોઈએ. દેવ, ગુરૂ, ધર્મ, દાન, ચારિત્ર, ધ્યાન અને સમાધિ આદિકો ઉપર તીવ્ર ગુણાનુરાગ કરવો, જેથી પરભવમાં તે ગુણો વિશેષતઃ ખીલી શકે. અને સંપૂર્ણપણે ખીલવાનો અભિલાષ પ્રાપ્ત થાય.

ગુણી પણ પરદોષ વદતાં છતાં નિર્માલ્ય ગણાય છે.

जो जंपइ परदोसे, गुणसयभरिओवि मच्छरभरेणं;
सो विउसाणमसारो, पलाल पुंजव्व पडिभाइ. ॥ ९ ॥

ભાવાર્થ—સેંકડો ગુણથી ભરેલો એવો પણ કોઈ મનુષ્ય ઈર્ષ્યાભરથી પરના દોષો બોલે તો તે આટલો નહિ કિન્તુ છતાં પણ પંડિત પુરૂષોમાં અસાર ઘાસપુંજની પેઠે શોભે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે પરની અંદર છતા વા અછતા દોષોને બોલવાથી ઉત્કૃષ્ટ પ્રાપ્ત થાય છે, પણ કંઈ આત્મલાભ થતો નથી. જ્ઞાનિ પુરૂષો કહે છે કે જેને લાખો ગુણથી ભર્યો હોય, તોપણ જો પરના દોષ બોલવાની ટેવ ન જાય તો તે ઘાસની પેઠે અસાર ગણાય છે. પરાળના પુંજની પેઠે અસાર ગણે છે. મનુષ્ય સર્વ અંગે સુંદર હોય પણ જો નાક વાંકું હોય છે તો તે ખરાબ લાગે છે. તેવીજ રીતે અમે તેવો જ્ઞાની હોય, પ્રતિ-

ષ્ઠિત હોય, તોપણ પરના દોષ બોલવાથી ખરાબ લાગે છે. એ એમ માને છે કે હું સારૂં કરૂં છું, પણ તેથી તે પોતાનું અને પરનું અહિત કરે છે, કારણ કે અવગુણ બોલવાથી પોતાનું તો પ્રસક્ષ અહિત થાય છે તેરીજ રીતે અન્ય પુરૂષો તેની કહેલી વાત સાંભળીને અરૂચિવાળા બને છે. તેથી તેઓ ગુણોને પણ લેઇ શકતા નથી. એક સરોવરમાં પેઠેલો પાડો, પાણી ડહોળી નાખે છે તેથી પોતે પણ નિર્મળ જળ પી શકતો નથી અને અન્ય પશુઓને પણ જળ પીતાં વિઘ્ન કરે છે, તેથી પાડો ગાંડો ગણાય છે. તેવી રીતે ક્ષ નામના મનુષ્યમાં પચ્ચીસ ગુણ છે અને એક દોષ છે. ક્ષ નામનો પુરૂષ ક્ષ નામના પચ્ચીશ ગુણો સામું જોતો નથી અને એક દોષ દેખી જગત્માં જ્યાં ત્યાં નિંદા કરતો ફરે છે, તેથી પરિણામ એ આવે છે કે તે ક્ષની સાથે વેર ઝેર બાંધે છે. ક્ષનો દોષ દૂર કરી શકતો નથી. પચ્ચીશ ગુણ લેઈ શકતો નથી અને અન્ય પુરૂષોને પચ્ચીશ ગુણ લેવામાં વિઘ્ન નાખે છે, માટે તે વિઘ્નસંતોષી લેખાય છે. ક્ષ એમ ધારે છે કે સ્ખેને કોઈ ક્ષનો રાગી બને ? માટે તે એક દોષને ઉઘાડે છે; પણ ક્ષના પચ્ચીશ ગુણોથી સર્વ મનુષ્યો એક દોષ છતાં પણ આકર્ષાય એમાં આશ્ચર્ય નથી. ક્ષની ધારેલી ધારણા નિષ્ફળ જાય છે અને લોકમાં તે નિંદક ગણાય છે, માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે ગુણી પુરૂષ પણ અન્યના અવગુણ બોલતો ખરાબ લાગે છે, તો દુર્ગુણીનું તો શું કહેવું; તે સુજ્ઞો સમજી શકશે.

દુષ્ટ ભાવથી છતા વા અછતા દોષો ગ્રહણ કરવાથી પાપાત્મા બને છે.

जो परदोसे गिण्हइ. संतासंतेवि दुट्ठभावेणं;

सो अप्पाणं बंधइ, पावेण निरत्थएणावि. ॥ १० ॥

ભાવાર્થ—દુષ્ટભાવથી જે આત્મા, પરના છતા વા નહિ છતા દોષોને ગ્રહણ કરે છે તે પાપ વડે પોતાના આત્માને નિરર્થક બંધનમાં નાંખે છે. પરમાં દોષ હોય તોપણ કહેવાની કંઇ પણ જરૂર નથી. ધારો કે ગ નામના પુરૂષમા પંચ મહાવ્રતના ચાર છે અને એક વ્રત નથી. અર્થાત્ તે વ્યભિચારી છે. ટ નામનો પુરૂષ તે જાણે છે અને આખા શહેરમાં તેની ફજેતી કરવા જ્યાં ત્યાં બકબકાટ કરે છે. આથી તે પાપ કર્મથી ટ નામનો પુરૂષ બંધાય છે, પણ કંઈ તે કર્મથી છુટતો નથી; ત્યારે નાહક તેણે નિંદા કરી એમ સિદ્ધ થયું. ટ નામના પુરૂષના નિંદાવ

એ હતી તે કેટલામાં નિંદક અધમ છે. તેને ગતી ભવે વૈર થાય છે. ગામનો પુરુષ તો દેતો હતો અને પાછે જ્યાં કાદવો ઓરડાની પેઠે તે નિંદમાં ઉતરતાં કાદવથી લેપાય છે અને તેનું અધઃપતન થાય છે. નિંદાના હલ્કો બોલવાથી ન સુધરતો પણ નથી. ઉલટો બગડે છે. સુધારવાની રીતિ તો એ છે કે તેની આગળ તેના ગુણોનું વર્ણન કરવું. આત્મીય જેને બોધ કરવો. બોધથી તેનો આત્મા સુધરે છે. એવું જાણી સુશીલોએ અને પુરુષોએ પરાઈ નિંદા કરવાની ટેવ પાડવી. નિંદક દોષોને લીધે તો પોતે પાપ કર્મથી બંધાય છે અને પરને પણ પાપ કર્મમાં સાકાર થાય છે.

કષાયાગ્નિના હેતુઓનો ત્યાગ બતાવે છે.

तं नियमा मुत्तव्वं. जत्तो उप्पज्जए कसायग्गी;
तं वत्थुं धारिज्जा, जेणोवसमो कसायाणं. ॥ ११ ॥

ભાવાર્થ—જેથી કષાયરૂપ અગ્નિ ઉત્પન્ન થાય તેવું કાર્ય અવશ્ય ત્યાગવું જોઈએ, અને જેથી કષાયો શાંત થાય તેવું કરવું જોઈએ. ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષા, અને કામ વગેરે કષાયોનો ઉત્પાદ થાય એવા હેતુઓનો ત્યાગ કરવો જોઈએ. પોતાને કષાયો ઉત્પન્ન થાય અને પરજનોને કષાયો ઉત્પન્ન કરાવે એવા નિંદા વગેરે દોષોનો ત્યાગ કરવો જોઈએ, ગુણાનુરાગથી કષાયો હઠે છે. અર્થાત્ તેઓનું પ્રશસ્તપણે રૂપાંતર થાય છે. માટે જે જે હેતુઓથી કષાયો હઠે તે તે હેતુઓ આદરવા જોઈએ. સમતાને આદરવાથી કષાયોનો નાશ થાય છે. રાગમાં પણ નહિ, દ્વેષમાં પણ નહિ, આવી દશાને સમતા કહેવામાં આવે છે. આ દશા ઉત્તમ છે અને તેના પહેલાંની ગુણાનુરાગની દશા છે. ગુણાનુરાગથી નિંદા—ચાડી વગેરે અનેક દોષો નાશ પામે છે, તેથી કષાયો પણ મંદ પડે છે. જ્ઞાની પુરુષો કહે છે કે ગુણાનુરાગ ધારણ કરવાથી કષાય કોઈ રીતે શાંત થાય તે તમારા અનુભવમાં આવશે. કષાયાગ્નિને ક્ષમા જળથી શાંત કરો. પરના અવગુણ ન બોલવાથી પરને પણ પોતાના નિમિત્તથી કષાયરૂપ અગ્નિ ઉત્પન્ન થતો નથી. ગુણાનુરાગનું એ ફળ છે.

કર્તા, સર્વ પ્રયત્નથી નિંદા છોડી દેવાનું બતાવે છે.

जइ इच्छइ गुरुयत्तं, तिहुयणमज्झंमि अप्पणो नियमा;
ता सव्वपयत्तेणं, परदोसविवज्जणं कुणह.

ભાવાર્થ—જો ત્રણ ભુવનમાં હે આત્મન્ ત્હારે ગુરૂ એવું પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો સર્વ પ્રકારના ઉદ્યમથી પારકા દોષ જોવાના તથા બોલવાના છોડી દે. પરના દોષો જોવાની તથા બોલવાની જ્યાં સુધી ઇચ્છા છે, ત્યાં સુધી માર્ગાનુસારિનાં લક્ષણો પણ પ્રાપ્ત થતાં નથી, તો સમ્યક્ત્વની શી વાત ? સમ્યક્ત્વવંત આત્મા પોતાના દોષો જુએ છે અને તેનો નાશ કરવા પ્રયત્ન કરે છે. લાખો વા કરોડો ઉપાય કરીને પણ પારકા દોષ બોલવાની ટેવ ત્યાગવી જોઇએ, પારકા દોષ બોલવાની ટેવ વાર્યા વિના ઉત્તમ થઇ શકાતું નથી. પુરૂષના ધર્મો તરફ જોતાં પણ એમ જણાય છે કે પારકા દોષો બોલવા એ પુરૂષને છાજે નહિ. માટે પ્રાણીને પણ પરના દોષો બોલવા નહિ.

ભારે કર્મી જીવોની પણ નિંદા કરવી નહિ, તો અન્યજીવોની તો કેમ કરાય; તે પુરૂષોના ભેદોદ્વારા જણાવે છે.

चउहा पसंसणिज्जा, पुरिसा सव्वुत्तमुत्तमा लोए;
उत्तम उत्तम उत्तम, मज्झिम भावाय सव्वेसिं. ॥ १३ ॥
जे अहम अहम अहमा, गुरुकम्मा धम्मा वज्जिया पुरिसा;
ते विय न निंदणिज्जा, किंतु दया तेसु कायव्वा. ॥ १४ ॥

ભાવાર્થ—ચાર પ્રકારના મનુષ્યો પ્રશંસવા યોગ્ય છે, સર્વોત્તમોત્તમ, ઉત્તમોત્તમ, ઉત્તમ અને મધ્યમ. આ ચાર ભેદવાળા મનુષ્યોની તો સદાકાળ સ્તુતિ કરવી જોઇએ. તેઓના ગુણોનું અનુકરણ કરવા ઉદ્યમ કરવો. તેઓના ગુણોમાં ચિત્તવૃત્તિ પરોવવી જોઇએ. ચાર પ્રકારના પુરૂષોનું ધ્યાન ધરતાં આત્મા ઉચ્ચ થતો જાય છે અને નીચ દોષોથી વિમુક્ત થાય છે. અધમ અને અધમાધમ એ બે તો ધર્મથી હીન અને ભારે કર્મી જીવો હોય છે. આવા ભારે કર્મી જીવોની પણ નિંદા કરવી નહિ. પરંતુ તેઓ ઉપર કરૂણા બુદ્ધિ ધારવી જોઇએ.

અધમ અને અધમાધમ જીવોનાં આચરણ ખરાબ હોય છે, તેઓની સંગતિ હિતાવહ નથી, તોપણ તેઓની નિંદા ન કરવી જોઇએ. કેટલાક એમ કહેશે કે તેઓને લોકમાં હલકા પાડવા નિંદા કરવી જોઈએ. આના ઉત્તરમાં કહેવાનું કે—ત્રણ કાળમાં હલકો પાડવાથી કોઈ સુધર્યો નથી અને સુધરવાનો નથી. વૈદ્યો વા ડાક્તરો જો એમ વિચાર કરે કે આપણે રોગીઓને હલકા પાડવા તેઓની નિંદા કરવી જોઇએ, કે જેથી ફરીથી રોગોમાં

કારણ નથી. શું આમ કરવાથી રોગીઓ રોગથી મુક્ત થવાના? ના કદી નહીં. ઉલટું રોગીઓની સંખ્યામાં વધારો થવાનો. તેવીજ રીતે મનુષ્યો એમ વિચારે કે દોષીઓની આપણે જાહેરમાં નિંદા કરીશું એટલે દોષીઓ દોષથી રહિત થવાના, પણ આમ કરવાથી પેલા દાક્તરોની પેઠે થવાનું અને દોષીઓના દોષ દૂર થઇ શકશે નહિ. દાક્તર વા વૈદ્યની ફરજ છે કે રોગ અને રોગના હેતુઓને જાણી રોગીઓની પ્રેમ ભાવથી સારવાર કરી, રોગીઓને આશ્વાસન આપવું. રોગીઓને જેમ બને તે રીતે નિરોગી કરવા પ્રયત્ન કરવો જોઇએ, એજ દાક્તરોની ફરજ છે. દાક્તરોમાં રોગ મટાડવાની શક્તિ હો તો રોગીઓ પાલણ કરતા કરતા તેઓની પાસે આવવાના અને પોતાની સર્વ હકીકત કહેવાના, દવા પણ કરવાના અને પથ્ય પણ પાળવાના, અને નિરોગી પણ થશે. તેવીજ રીતે દોષીઓ પણ અમે દોષી છીએ એમ જાણે છે, પણ જે તેઓની નિંદા કરે છે, તેની પાસે તો તે જતા નથી, ઉલટા તેનું પણ બુરૂ કરવા પ્રયત્ન કરે છે. કહને આડ-નારો બાહ્યણ પણ અભયક્ષ તેમ દોષીઓના દોષ બોલનારા પણ તે તે દોષોના પ્રસંગે સપડાઈમાં આવી જાય છે. દોષીઓની નિંદા કરનારાઓએ સમજવું કે અન્યની નિંદાનાં જાળમાં ફસાવાથી બંધીયણું પ્રાપ્ત થવાનું, અને દોષીઓને નિર્દોષ કરી શકવાના નથી. તમારામાં નિંદા કરવાનો દોષ કાઢી નાંખો, તમો નિંદા કોઇની પાછળ પણ નહીં કરો. એવી ઉત્કૃષ્ટ દશામાં રહેશો ત્યારે દોષીઓ પણ. તમારૂં વર્તન શુદ્ધ પ્રેમવાળું જોઇ, તમો ઉપદેશ નહિ આપો તોપણ પોતાનું વર્તન સુધારવાના પ્રયત્ન કરશે, અને તેના ઉપાયો તમને પૂછશે. પોતાના સર્વ દોષોની હકીકત તમને કહેશે. તેઓ દોષથી મુક્ત થશે. એમ ખાત્રી રાખશો. ગંગાના જળે મલીન જળની નિંદા ન કરવી જોઇએ પણ મલીન જળ પોતાનામાં ગંગાનું જળ ભળશે એટલે મલીન જળ પણ નિર્મળ બની જશે. કોઇના પણ દોષોની નિંદા ન ધારનારા તીર્થંકરો આદિ ઉત્તમ પુરૂષો છે, તેઓની સંગતથી હજારો જીવો દોષ મુક્ત થાય છે. દોષ બોલનારાઓને ભાગ્યશાળી કે તમો પણ તીર્થંકરના જેવી યોગ્યતા મેળવો તો હજારો ઘણા દોષીઓને તમે નિર્દોષી બનાવી શકશો. પણ હે નિંદકો! તમે પોતા-નામાં રહેલા મેરૂપર્વત જેવડા મોટા દોષો જોતા નથી, કોઇની આગળ કહેતા નથી, રખેને કોઇ જાણે તો પ્રાણ જાય એમ વિચારો છો અને અન્યના દોષો જોતા તથા કહેતા મરી જાઓ છો. વિચારો! આ તમારી કેવી અધમતા! માટે યોગ્યતા પ્રાપ્ત કરો, ગંભીર બનો, અધમ અને અધમાધમ મનુષ્યોની પણ નિંદા કરવાનું કર્મ છોડી દો:—

હેનાં-સર્વોત્તમ આદિનાં લક્ષણ કહે છે.

पवं गुणमइ गुणराग, वंदीणं गुणहिमार देहाणं;
गुणाणं मज्झगओ, सगुणम रूवदंसीणं. ॥ १५ ॥
आलस्स पंपयागी, मणावयणाएहिं जो पयइ सील;
गणुममणसो पुण, सो पुरिसो नत्र नमणिज्जो. ॥ १६ ॥
एवं सिद्ध गुणरागओ, जो रागिज्ज करहि इण समयं;
पीय गमणंपि निद्द, तं पावं सव्वपावेगं. ॥ १७ ॥
जम्मंमि शमिय न पुगो, हविज्ज रागो मणंमि जम्म कया;
सोहोइ उगमुणम, म्मां पुरिसो महागत्तो. ॥ १८ ॥
दिग्गइ गुणइ म्नं, सगमा जिणेइ अहव गागंमं;
जो ना करइ अहन्नं, पविन्नंतो हि इन्धाहि. ॥ १९ ॥
माहूवा मईिरा, महार संतोस माहणो हुआ;
गो रममो मणुम्मो, नायन्नो घोर संमारे. ॥ २० ॥
दुहि मरणेसु पावइ, जो पुरिसो धम्मभम्म पमुंहमु;
भन्नुमरागाई, पडिपन्नो हवइ एगो. ॥ २१ ॥

ભાવાર્થ—[illegible]

[illegible]

ધર્મ અર્થ અને કામને પરસ્પર હાનિ ન થાય, તેવી રીતે જે વર્તે તે મધ્યમ પુરૂષ મનાય છે. સ્ત્રીઓનું તે પ્રમાણે સમજી લેવાય.

પૂર્વોક્ત ઉત્તમ પુરૂષોના બહુમાનથી થતાં ફળ.

एएसिं पुरिसाणं, जइ गुणगहणं करेसि बहुमाणं;
तो आसन्नसिवसुहो, होसि तुमं नत्थि संदेहो. ॥ २२ ॥

ભાવાર્થ—એ ચાર પ્રકારના મનુષ્યોનું બહુમાન કરીશ, તેમજ તેઓના ગુણોનું ગ્રહણ કરીશ તો હે આત્મન્! અલ્પકાળમાં તું મોક્ષનાં સુખનો ભોક્તા બનીશ, એમાં સંદેહ નથી. બ્રહ્મચર્ય વ્રતનું દૃષ્ટાંત આપી પુરૂષોનું વર્ણન કર્યું, તેથી ઉપલક્ષણદ્વારા અન્ય વ્રતો અને ક્ષમાદિ અન્ય ગુણોનું પણ ગ્રહણ કરવું, તથા તેઓના ગુણોનું બહુ માન કરવું. અહો! જગત્માં સાધુઓ તથા સાધ્વીઓને ધન્ય છે કે જે પરોપકારને માટે જન્મને આવે છે. શ્રાવક અને શ્રાવિકાઓ ગુણાનુરાગથી એમ ચિંતવે કે અહો! આપણે છકાયનો કુટો કરીએ છીએ, આરંભ કરીએ છીએ. માટે આપણાથી સાધુ અને સાધ્વીઓ અનંતગુણ ઉચ્ચ છે, આત્મભોગ આપીને ગૃહસ્થોને ઉપદેશ આપે છે, દુઃખ વેઠીને પણ ગામો ગામ વિહાર કરે છે, કરૂણાબુદ્ધિથી ગૃહસ્થોને સાધુ વ્રતો આપે છે, પુસ્તકો લખાવી સુધારે છે, ગામોગામ ધર્મનું વર્ણન કરે છે, સાધુ અને સાધ્વીઓ જ્ઞાન અર્પી અજ્ઞાનનો નાશ કરે છે. આલમનો પણ એવાં છે કે તે સ્વપર હિતસાધક છે. તેઓનું મ્હારાથી કંઈ દેવાણું નથી. સાધુ અને સાધ્વીની નિંદા કરવાથી ખરેખર પરભવમાં સાધુપણું પ્રાપ્ત થનાર નથી; ઉચ્ચ ક્યાદિ ગુણો મળનાર નથી. એમ સમજીને શ્રાવક અને શ્રાવિકાઓ નિંદા કરવાની ટેવ દૂર કરે છે. નિંદા દોષને વારનાર મુક્તિ પામે એમાં સંદેહ નથી.

હવે-પાસત્થાદિકની પણ નિંદાનો ત્યાગ બતાવે છે.

पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु;
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झे. ॥ २३ ॥

ભાવાર્થ—હાલમાં ચારિત્રયોગ પાળવામાં શિથિલ થઈ ગયેલાઓની પણ સભામાં નિંદા વા પ્રશંસા કરવી યોગ્ય નથી. તાત્પર્ય કે તેવાઓના સંબંધમાં મધ્યસ્થ ભાવ ધારણ કરવો. જેઓએ સારે ભાવે ચારિત્ર લીધું હોય પણ કર્મના ઉદયથી પાછા પડી ગયા, પચ્ચક્ખાણમાં દોષ લગાડ્યા હોય, બ્રહ્મચર્યનો ભંગ કર્યો હોય, જૂઠું બોલ્યા હોય, આત્મસમાધિમાં

ન રહેતા હોય, રાગદ્વેષ કરતા હોય, તેવાઓની પણ પ્રાણાંતે ઉત્તમ ચારિત્રધારકોએ તથા ભક્ત વા પંડિતનામ ધરાવનારાઓએ નિંદા કરવી નહિ. ચારિત્રમાં ચડતા અને પડતા પરિણામ ઘણી વખત થયા કરે છે. જે ચડે છે તેજ પડે છે, અને જે પડે છે, તેજ ચડે છે. કેટલાક સાધુનાં વ્રતો લેવા કે પાળવા સમર્થ નથી, પોતે સાધુ થતા નથી, સાધુ થાય તેને અટકાવે છે, છતાં અમે તે સાધુના દોષો બોલવા મંડી જાય છે અને જ્યારે કોઈ સાધુ હેને (નિંદક શ્રાવકને) ઠપકો આપે ત્યારે કહે છે કે અમારે શું છે? અમે તો છૂટા છીએ, અમે તો વેશ્યાના ઘેર પણ જઈએ, તમોએ માથું મુંડાવ્યું છે માટે તમને નિંદીશું. ત્યારે સાધુ મહારાજ તેને કહે છે કે, હે શ્રાવક નામધારક! હારે પણ શ્રાવકના ગુણો પ્રમાણે વર્તવું જોઈએ. શ્રાવકના એકવીશ ગુણોમાંથી અને શ્રાવકના બાર વ્રતોમાંથી તમારામાં કેટલાં છે? તમારામાં કેટલા દોષ છે? એનો વિચાર કરો છો કે નહિ? ત્યારે શ્રાવક કહે છે કે ઘીએ ઝુગડે હાથ હોય. અમારે હેમાંનું કંઇ નથી. ત્યારે સાધુ મહારાજ કહેશે કે, હને અમને કહેવાનો કંઈ અધિકાર નથી, હને કોણ કહેવા આવ્યું છે? હારા ઘેર આવીએ ત્યારે વહોરાવીશ નહિ, બોલ હારે મ્હારે કંઈ સંબંધ છે? જા હારૂં થાય તે કરી નાખ, અમારે હવે ક્યાં દીકરી દીકરો લેવો દેવો છે. દેવગુરૂની નિંદા કરે તે સાતમી નરકે જાય. ગુરૂની નિંદા કરતાં પુણ્યનો ક્ષય થઇ જાય છે, અનુભવી જોજો. આ પ્રમાણે નિંદા કરવાથી ચર્ચા ઉત્પન્ન થાય છે. શિથિલસાધુઓને પણ ખાનગીમાં સમજાવી સુધારવા, પણ નિંદા તો કરવી નહિ. પશુ પંખીઓને પણ પાંજરાપોળોમાં રાખી તેમનું હિત કરીએ છીએ, ત્યારે ઉત્તમ પણ શિથિલ એવા સાધુઓની નિંદા કરવી તે યોગ્ય નથી. તેમ તેઓની પ્રશંસા પણ કરવી યોગ્ય નથી. તેવા ઉપર મધ્યસ્થતા રાખવી.

કર્તા કહે છે કે તેવાઓને માર્ગ બતાવવો પણ નિંદવા નહિ.

काऊण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं;
अह रूसइ तो नियमा, न तेसि दोसं पयासेइ. ॥२४॥

ભાવાર્થ—પાર્શ્વસ્થાદિક પર કરૂણા કરીને જો તેઓ માને એમ લાગતું હોય તો સન્માર્ગ પ્રકાશવો, તેઓ ગુસ્સો કરે એમ લાગતું હોય તો ગુણાનુરાગીઓએ તેના દોષો પ્રકાશવા નહિ. મહાત્માઓ ઉપદેશે છે કે દોષીઓને ઉપદેશ વિચાર લાગશે, એમ જણાય તો ઉપદેશ આપવો. જાહેર ઉપદેશ કરતાં ખાનગી ઉપદેશથી દોષીઓ (પાર્શ્વસ્થ) વગેરે શિથિલ સુધરે

[illegible]

કલિકાળમાં અલ્પ ધર્મગુણનું પણ બહુ માન કરવું એમ કર્તા કહે છે.

संपइ दूसम समए, दीसइ थोवोवि जस्स धम्मगुणो;
बहुमाणो कायव्वो, तस्स सया धम्मबुद्धीए. ॥ २९ ॥

ભાવાર્થ—સાંપ્રતકાળ (કલિકાળમાં) વર્તમાન સમયમાં જે પુરુષમાં અલ્પ પણ ધર્મગુણ દેખાય તેનું અનેક ધર્મબુદ્ધિથી બહુ માન કરવું. કારણ કે અલ્પ પણ ધર્મગુણનું બહુમાન પોતાના આત્માને ઉચ્ચ કરે છે. [illegible]

ગુણો જોવા, ગુણો લેવા અને દોષો તરફ લક્ષ્ય આપવું નહિ. ગુણાનુરાગ કદી મૂકવો નહિ. એજ આ કાળમાં તરવાનો પ્રથમાવસ્થામાં મુખ્ય ઉપાય છે. આ કાળમાં જે ગુણાનુરાગી હોય તેને પણ ધન્યવાદ ઘટે છે, કારણ કે ગુણાનુરાગી પુરૂષોનો હાલમાં પ્રાયઃવિરહ દેખાય છે, ગુણાનુરાગમાં પણ કંઇ નથી એમ કેટલાક કહી તેનો મતિ પ્રમાણે અર્થ કરી વિરૂદ્ધ વિચારમાં આશય ખેંચી જાય છે. પરના ગુણને સાંભળતાંજ કેટલાકને તો ઉલટી આવ્યા જેવું થાય છે. દુઃષમ કાળમાં ગુણાનુરાગ પ્રાપ્ત થયો તો અલ્પકાળમાં મુક્તિ મળશે એમ સમજવું. ક્રિયારૂચિની આગળ જ્ઞાનરૂચિની પ્રશંસા કરીએ તો ક્રિયારૂચિ કંઈ પણ નિંદા કર્યા વિના રહેશે નહિ, મનમાં પણ બબડયા કરશે. તેમજ જ્ઞાનવાદીની આગળ ક્રિયારૂચિનું વર્ણન કરીશું તો તેવુંજ બનવાનું. ધર્મના જૂના વિચાર ધારણ કરતા હશે તેની આગળ પણ સુધારાવાળા હીન લાગશે. દોષ મૂકીને ગુણ લેવો વા બોલવો દુર્લભ જણાશે. હાલમાં તો અલ્પ પણ ધર્મગુણનું બહુ માન કરવાની આવશ્યકતા છે. કારણ કે અલ્પ પણ ધર્મગુણ ધારણ કરનારા વિરલા છે. સર્વ ગુણ વીતરાગમાં છે, માટે જેટલા ગુણ તેટલા લેવા. દોષને જોવા નહિ, તેમ બોલવા પણ નહિ.

કર્ત્તા કહે છે કે-સ્વ કે પરગચ્છના સાધુઓની નિંદા કરવી નહિ.

जउं परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणा;
तेसिं गुणाणुरायं, मा मुंचमु मच्छरप्पहओ. ॥ २६ ॥

ભાવાર્થ—હે આત્મન્! પારકા કે પોતાના ગચ્છમાં જે સંવિગ્ન અને વિદ્વાન્ મુનિરાજો હોય, તેઓના પર મત્સરથી હણાએલો એવો તું ગુણાનુરાગ છોડીશ નહિ.

પ્રાયઃ કેટલાક પોતાના ગચ્છને વખાણે છે, અને પરગચ્છના વિદ્વાન્ વા મૂર્ખ સર્વ સાધુઓના છતા વા અછતા દોષો બોલતા મંડી જાય છે. કેટલીક વખત તો ઇર્ષ્યાથી કેટલાક વિદ્વાન્ સાધુઓ જાણી જોઇને અન્ય વિદ્વાન્ કે જે અન્ય ગચ્છના વા સંઘાડાના હોય, વા પોતાનાથી ભિન્ન વિચારવાળા હોય તેઓનું મૂળમાંથી ખોદી કાઢવા માટે અનેક જાતનાં આળ ચઢાવે છે. ગમે તે રીતે પણ હેને શ્રાવકોની આગળ હલકો પાડવા ચુકતા નથી; શાસ્ત્રના પાઠ પણ કુયુક્તિથી આડા ધરીને સામા સાધુઓને હલકા પાડવા શ્રાવકોની આગળ આડું અવળું સમજાવી ઉસ્કેરણી કરાવે છે. ત્યારે અન્ય ગચ્છના કે જેની સામાચારી ભિન્ન છે તેઓ પણ તેઓથી ઉતરતા

નથી. અર્થાત્ તે પણ સામા સાધુઓની ક્રિયા, આચાર, તેમના દોષો પ્રકાશવા તેમના પક્ષના ભક્તોની આગળ કમરકસીને ઉદ્યમ કરે છે. સામાસામી ખંડનમંડન છપાવવામાં આવે છે. શ્રાવકો પણ સામાસામી ખંડનમંડન કરે છે. સાધુઓનો પક્ષ પકડે છે. મ્હારૂં તે સારૂં કરવા મંડી જાય છે. વ્યાખ્યાનમાં પણ અમે તે રીતે નિંદા કરાય છે. ત ગચ્છવાલા સાધુઓ કહે છે કે સ ગચ્છવાળા તો ભીલકુલ ભ્રષ્ટાચારી છે, ઓ સંગી છે, અમુકની સાથે અમુક રીતે વર્તતા હતા. ત્યારે સ ગચ્છવાલા કહે ત ગચ્છવાલાની નિંદા કરવા બાકી રાખતા નથી. અમુક સાધુની કોઈ સ્તુતિ કરે તો સામો નિંદક દુધમાંથી પોરાની પેઠે એક બે દોષ કાઢવાનોજ. અમુક સાધુની કોઈ વિદ્વત્તા વખાણે તો સામો સાધુ તેનું ખંડન કરવાનો. અમુક સાધુ પરોપકારાર્થે પુસ્તક બનાવે તો સામા પક્ષવાળા નિંદા કર્યા વિના રહે નહિ. પોતાના રાગી વા પોતાના ગચ્છના શ્રાવકો કરવા સારૂ રાત્રી દીવસ શ્રાવકોને મીઠાં વચન કહે અને કોઈ અન્ય ગચ્છી સાધુ પાસે આવે તો ત્હેના સામું પણ જોવાય નહિ, એક દેરીનું ફુલ જેમ અન્ય શેરીના કુતરાને મળે અને તેની અવસ્થા થાય, તેવી અવસ્થા થાય. આમ ઘણા લોકો ગચ્છોની હાલના કાળમાં દશા વર્ત્તે છે. જો આમાંનો કેટલોક ભાગ ખરો હોય તો ખરેખર ગુણાનુરાગને દેશવટો આપ્યો છે એમ સમજી લેવું.

સાધુઓના ગચ્છોની આવી દશા દેખીને કેટલાક નવો પંથ કાઢે, અને સાધુઓના કુસંપનો લાભ લેઇ તેવા પંથો ચાલી શકે, અને જૈન સનાતન સંઘના ધર્મો નાશ પામે તેમાં ગચ્છના આચાર્યો તથા સાધુઓનો દોષ છે.

સંપ્રતિકાળમાં પ્રાયઃ ગુણાનુરાગને બદલે દોષદ્રષ્ટિ વધી પડી છે. શ્રાવકોમાં પણ તેવી દશા પ્રાયઃ દેખવામાં આવે છે, નવા પંથ કાઢનારાઓ પણ કેમ જુનાને નિંદે છે, સાધુ અને સાધ્વીઓને નિંદે છે, અને આડું અવળું સમજાવે છે; પણ ગુણાનુરાગની દ્રષ્ટિ વિશેષતઃ દેખવામાં આવતી નથી. નવા પંથવાળાઓ સનાતન પંથવાળાઓનું દરેક ફુલ મૂળમાંથી ખોદી કાઢવા પ્રયત્ન કરે છે, એટલુંજ નહિ; પણ નવા પંથના રાગથી અનેક પાખંડ કરી મત વધારવા ધારે છે, સાધુઓએ તથા શ્રાવકોએ પારકાના ગચ્છોના વિદ્વાન્ સાધુઓ પર ગુણાનુરાગ ધારણ કરવો જોઇએ. પરગચ્છના વિદ્વાનોની કોઈની આગળ નિંદા કરવી નહિ, તેઓ ભુલ કરે હોયપણ તેઓના છતા વા અછતા દોષોનો પ્રકાશ કરવો નહીં. પરગચ્છની સાથે પણ વિશાળ દ્રષ્ટિ રાખી ભ્રાતૃભાવ ધારણ કરવો. પોતાના ગચ્છના વિદ્વાન્ સાધુઓની પણ કદી પ્રાણુને નિંદા કરવી નહિ. શ્રાવકોએ પણ ભિન્ન ભિન્ન ગચ્છવાળાઓ

ઉપર ગુણાનુરાગ ધારણ કરવો, જો ગુણાનુરાગ ધારણ કરવામાં નહિ આવે તો સાધુવર્ગ વા ગચ્છનો નાશ થશે, તેમાં સંશય નથી, કારણ કે નિંદકોની તથા તેમના ધર્મની પડતી થયા વિના રહેતી નથી, પોતાના ગચ્છના વિદ્વાન્ સાધુઓ વા મૂર્ખ સાધુઓની પણ છતા વા અછતા દોષની નિંદા કરવી નહિ, એટલુંજ નહિ; પણ દુનિયાના ગમે તે મનુષ્યની સાધુએ નિંદા કરવી નહિ. સ્વદર્શની હોય વા પરદર્શની હોય તોપણ કોઈના છતા વા અછતા દોષો પ્રકાશવા નહિ.

સાધુઓ કોઈના પણ દોષો પ્રકાશે નહિ, અને ગુણાનુરાગ ધારણ કરે તો ધર્મમાં ઘણા મનુષ્યોને દાખલ કરી શકે, ગુણાનુરાગની દૃષ્ટિ ખીલવવા ક્ષણે ક્ષણે પ્રયત્ન કરવો. પરની નિંદા કરવાથી જગતમાં મોટી લડાઈયો થઈ છે, ઇતિહાસો પણ તે બાબતની સાક્ષી આપે છે. પરસ્પર ભિન્ન ધર્મવાળાઓની નિંદા કરવાથી ઉલટા તેઓ સામા ધર્મ ઉપર દ્વેષ ધારણ કરે છે, તેથી ઘણા કાળ પર્યંત સત્યધર્મના ઉપાસક તે બની શકતા નથી.

સ્વધર્મના સત્ય વિચારો દર્શાવવા, પરધર્મના જે સત્ય વિચારો હોય તે પણ યુક્તિથી મધુર વચને જણાવવા. સત્ય ધર્મનું સ્થાપન કરવું અને અસત્ય કે જે ધર્મથી કરોડો મનુષ્યો દુર્ગતિમાં પડે તેનું અનેક સિદ્ધાંતોની યુક્તિઓથી ખંડન કરવું તેથી ગુણાનુરાગ નાશ પામતો નથી. કોઈની જાતિ નિંદા કરવી નહીં-સત્યધર્મ તેજ ખરેખરો ગુણ છે, માટે તેના ઉપર અનુરાગ કરવો, અન્ય ધર્મમાં રહેલાં મનુષ્યોની છતા વા અછતા દોષ પરત્વે જાત ટીકા કરવી નહિ, અન્ય વ્યક્તિની જાત ટીકા, દોષો બોલી કરવી નહિ. એમ કરવાથી અન્ય ધર્મનાં મનુષ્યો પણ સત્ય ધર્મવાળાના સહવાસમાં આવશે, અને સત્યધર્મ ગ્રહણ કરશે.

કોઇ સ્વધર્મ બંધુઓની મત્સરથી નિંદા કરવી નહીં. હમેશ નિંદાનું ભાષણ નહિ કરવાથી મનુષ્ય જૈન ધર્મની ઉન્નતિ કરી શકે છે, સદ્ગુણ દૃષ્ટિથી ધર્મની વા દેશની ઉન્નતિ થઇ શકે છે.

કર્તા કહે છે કે ગુણિઓનું બહુ માન કરતાં તે તે ગુણો સુલભ થાય છે.

गुणरयणमंडियाणं, बहुमाणं जो करेइ सुद्धमणो,
सुलहा अन्नभवंमिय, तस्सा गुणा हुंति नियमेणं ॥ २७ ॥

ભાવાર્થ—ગુણરત્નોથી વિભૂષિત પુરૂષોનું જે શુદ્ધ મનવાળો છતો બહુમાન કરે છે. તેને અવસ્ય તે તે ગુણો પરભવમાં સુખથી પ્રાપ્ત થાય છે.

દુર્ગુણી ગુણ આવતાં તે તે ગુણો પોતાનામાં પ્રગટી શકે છે. સદ્ગુણો ઉપર રાગ થયા વિના દુર્ગુણીઓનું બહુ માન થતું નથી. જ્યારે સદ્ગુણો ઉપર રાગ થાય છે ત્યારે તેવા સદ્ગુણો પ્રાપ્ત કરવા ઉદ્યમ પણ થાય છે. સદ્ગુણોની સેવા પણ થાય છે, પણ જો ગુણાનુરાગ ન હોય તો કોઈ પણ ગુણ માટે પ્રયત્ન થઈ શકે નહીં. આ ભવમાં જે સાધુઓ અને સાધ્વીઓ નજરે દેખાય છે. તેઓએ અવશ્ય પૂર્વભવમાં સાધુ ધર્મ ઉપર ગુણાનુરાગ ધારણ કરેલો હોવો જોઈએ. આ ભવમાં જે બ્રહ્મચારી છે, તેઓએ અવશ્ય પૂર્વભવમાં શીલગુણાનુરાગ કરેલો હોવો જોઈએ. આ ભવમાં જેઓ ધ્યાન અને સમાધિને આદરે છે, સમાધિમાં રહે છે. તેથી સિદ્ધ થાય છે કે પૂર્વભવમાં તેઓએ ધ્યાન અને સમાધિનો અભ્યાસ આદરેલો હોવો જોઈએ, તેથી પૂર્વભવના સંસ્કારથી આ ભવમાં તેઓને તેપર પ્રીતિ થાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ધર્મના જે જે સદ્ગુણો જેનામાં વિશેષતઃ દેખવામાં આવે છે તેનું કારણ કે તે તે ગુણોનો રાગ કરી પૂર્વભવમાં તદનુરૂપ ધારાએ અભ્યાસ કરેલો હોવો જોઈએ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ગુણાનુરાગ પરભવમાં વિશેષ પ્રગટવા માટે આધાર થાય છે. પૂર્વોક્ત સિદ્ધાંત હૃદયમાં ઉતારીને હવે આ ભવમાં પણ ગુણોનોજ રાગ કરીશું, અને દુર્ગુણીઓનું બહુ માન કરીશું. જેનામાં જેટલા ગુણો તેટલા ગુણો તરફ દૃષ્ટિ રાખીશું અને આ ભવમાં તે તે સદ્ગુણોમાં ચિત્તની સેવા કરીશું તો ખરેખર તે તે સદ્ગુણો પ્રાપ્ત થયા વિના રહેશે નહિ. ધર્મ-મનનરૂપ સુધારો નામનો અસ્તત્ત્વીય ઇત ગ્રંથ વાંચવામાં આવશે તો દોષ તરફ થતું વલણ દૂર થયા વિના રહેશે નહિ, તેમજ આત્મદીપક સમાધિશતક તથા પરમાત્મજ્યોતિ વાંચવામાં આવશે તો સદ્ગુણ દૃષ્ટિની ખીલવણી થશે, અને દોષદૃષ્ટિનો નાશ થશે. ગુણાનુરાગનું પ્રાબલ્ય હળવે હળવે વૃદ્ધિ પામશે, અને તેથી આત્મા સદ્ગુણોના માર્ગ તરફ વળશે મોક્ષપુરી પહોંચશે.

કર્તા સૂરિ કહે છે કે—ગુણાનુરાગ ધારણ કરતો જીવ મોક્ષ પામે છે.

एवं गुणाणुरायं, सम्मं जो धरइ धरणिमज्झंमि;
सिरिसोमसुंदरपयं, सो पावइ सव्वनमणिज्जं. ॥ २८ ॥

ભાવાર્થ—જે આત્માર્થી પુરૂષ રૂડી રીતે જગતમાં ગુણાનુરાગ ધારશે તો તે આભ્યંતર લક્ષ્મીરૂપ ઉત્તમ પદને પામશે, એમ સૂરિ કહે છે. આ

માથામાં કર્તાનું નામ છે, ગુણાનુરાગ ધારણ કરવા ખામી રાખવી નહિ, કારણ કે તેથી ઉત્તરોત્તર મોક્ષ મળે છે એમ આચાર્યો અને વીતરાગ ભગવાનનાં સિદ્ધાંતો જણાવે છે. જેમ જ્યાં જ્યાં ગુણાનુરાગ ધારવામાં આવે તેમ તેમ દોષદષ્ટિ ટળતી જાય છે. નિંદા કરવા જો ઉભરાઈ ઉદય કરે તો તેને ઉભરાઈને વશમાં રાખવી, પ્રત્યક્ષ વા પરોક્ષપણે કોઈની નિંદા કરવી નહીં. નિંદા કરવાથી ઘણાં પાપ થાય છે. અત્ર ભજન સંગ્રહ પ્રથમ ભાગમાંથી નિંદાવિષયક ભજન લખવામાં આવે છે.

(હરી રમતમાં પડીરે સન્તો, હરી રમતમાં પડી. એ રાગ.)

निन्दा पद.

पाप कर्म बहु भारीरे निन्दा, पाप कर्म बहु भारी;
मनमां जोजो विचारीरे निन्दा, पाप कर्म बहु भारी.
निन्दकनी दृष्टि छे अवळी, गुण अवगुण देखाय;
पापीमां पापी छे निन्दक, मरी नरकमां जायरे. निन्दा. १
चांदां देखे कागडो जेम, निन्दक देखे दोष;
धत्तुर भक्षकनी पेठे ए, शुं करवो त्यां रोषरे. निन्दा. २
चाडी चुगली निन्दक करतो, कलंक चढावे शीर;
चंडाळथी पण निन्दक पापी, धोतो परनां चीररे. निन्दा. ३
क्रिया काण्ड निन्दकनां संतो, लेखे नहि गणाय;
नाम देइने निन्दा करतो, मुक्तिपुरी नहि पायरे. निन्दा. ४
साधु सन्त वैरागी त्यागी, जोगी भोगी फकीर;
निन्दा परत्यागी परहरशो, पामशो भवजळ तीररे. निन्दा. ५
निन्दामांही सहु लपटाया, बचीया कोइक सन्त;
निन्दक साथे नथी निंगठाँ, वाणीथी ओळखंतरे. निन्दा. ६
अहंभावनी पुत्री निन्दा, मुक्ति मार्ग प्रतिकूल;
भागवतामां भटकावे, नाखी माथे धूळरे. निन्दा. ७
मनशीनी निंदा नवी करशे, करशे गुणनुं गान;
आनदंनने कृष्ण वखाणे, गुणनुं कर बहु मानरे. निन्दा. ८

सर्व गुणो जाणो जिनवरमां, बाकी दोषी होय;
निजमां अवगुण पोठ भरी छे, जुवे न तेने कांयरे. निन्दा. ९
कर्मवशे सौ दोषे भरीया, करो न निन्दा भाई;
बुद्धिसागर गुणने गातां, जगमां होवे वडाइरे. निन्दा. १०

નિંદાથી આત્માની અધમ દશા થાય છે, એવું જાણી નિંદાની ટેવ ત્યાગ કરવા ક્ષણે ક્ષણે ઉપયોગ રાખવો, અને ગુણાનુરાગ ધારણ કરવા ક્ષણે ક્ષણે ઉપયોગ રાખવો. અશુભ અધ્યવસાયથી (અશુભ પરિણામથી) નિંદા થાય છે, અને શુભ પરિણામથી ગુણોનો રાગ થાય છે. પરિણામે બંધ એ વાક્યને અનુસરી જેનાં અશુભ પરિણામે અશુભ કર્મબંધ અને શુભ પરિણામે શુભ કર્મબંધ જાણી ગુણાનુરાગ ધારણ કરવો.

ति श्री सुरत बंदरे चातुर्मास्यां योगनिष्ठ मुनि बुद्धिसागरेण
गुणानुराग ग्रन्थस्य गुर्जरभाषया विवरणं कृतम्.

गुणानुराग शास्त्रस्य, भाषया विवृतिः कृता;
भव्यानामुपकारार्थम्, बुद्ध्यब्धिमुनिना शुभा.

ॐ शान्तिः शान्तिः शान्तिः





श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाला. ग्रन्थांक १९.

શ્રાવકધર્મ સ્વરૂપ.

પ્રથમભાગ.

આવૃત્તિ બીજી.

श्रावकधर्म.



શ્રાવક નામ માત્રમાં પણ કેટલું રહસ્ય છે! શ્રાવક નામ ધારકવાળાઓમાં વ્યાવહારિક અને નૈતિક કયા કયા ગુણો અવશ્ય હોવા જોઇએ! મુખ્ય આચારો કયા છે! તે આ લઘુગ્રન્થ વાંચીને દરેક શ્રાવકે સદા ધ્યાન રાખવાની જરૂર છે.

શાસ્ત્રકારો કહે છે કે જે શ્રાવકને સાધુ ધર્મ પ્રાપ્ત કરવાની અભિલાષ ભાવના થતી નથી, તેણે શ્રાવકપણું પ્રાપ્ત કર્યું છે એમ કહી શકાય જ નહી. શ્રાવકધર્મ જાણ્યા વિના અને જાણી આચારમાં મૂક્યા વિના શ્રાવકપણું તો શું પણ મનુષ્યપણું પણ નિરર્થક છે, માટે શ્રાવક કુળમાં જન્મી પોતાનું શ્રેય ભૂલી જંજાળમાં પડતાં બચવા માટે દેવેંદ્રસૂરિ રચિત ધર્મરત્ન પ્રકરણ ગ્રન્થમાં વિસ્તારથી વર્ણવેલ શ્રાવકસ્વરૂપના એકવીસ ગુણ ધારણ કરે તે માટે તે ઉપર ટુંકમાં વિવેચન કરવામાં આવ્યું છે.

ધર્મના અર્થી શ્રાવકોએ (મનુષ્ય માત્રે) વધુ નહી તો એક એક ગુણને અવશ્ય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. શુદ્ધ ભૂમિકામાં ચિતરેલ ચિત્ર શુદ્ધ અને પવિત્ર થાય છે, તે માટે અધિકાર પ્રમાણે ગુણો અવશ્ય મેળવવા જોઇએ.

કદાચ દરેક ગુણો ન પ્રાપ્ત થઇ શકે તો થોડા કે અમુક પ્રમાણમાં પ્રાપ્ત થયા હોય કે થતા હોય તે, તે કોઇ રીતે નુકશાનકારક નથી. પણ આ ગ્રન્થમાં બતાવેલ ગુણોથી વિપરીત વર્તન થવું ના કરવું. એ તો શ્રાવકપણાને ઘટતું નથી એમ પ્રત્યેકે સમજવું

[illegible]



श्राद्ध धर्म स्वरूप

યાને

શ્રાવક ધર્મ સ્વરૂપ.

પ્રથમ ભાગ.

मंगलाचरणम्.

नत्वा श्रीमन्महावीरं गुरुं धर्मोपदेशकम् ॥
श्राद्धधर्मस्वरूपं वै रच्यते बोधहेतवे ॥ १ ॥

શિષ્યપ્રશ્ન—હે સદ્ગુરુ મહારાજ! શ્રાવકનો ધર્મ શું છે, તે મને કૃપા કરી સમજાવશો?

ગુરુ—હે શિષ્ય! શાસ્ત્રોમાં શ્રાવકનો ધર્મ સારી રીતે બતાવ્યો છે અને તે ત્હારે અવશ્ય જાણવો જોઈએ.

શિષ્યપ્રશ્ન—તે જાણવાથી શું લાભ થાય?

ગુરુ—શાસ્ત્રોમાં શ્રાવકનો ધર્મ જેવો કહ્યો છે, તેવો જે પાળે તે આગામભવમાં મુક્તિપદ પામે.

શિષ્યપ્રશ્ન—શ્રાવક શી રીતે ઓળખી શકાય?

ગુરુ—શ્રાવકને યોગ્ય કહેલા સદ્ગુણો તથા શાસ્ત્રમાં કહેલા આચારોને યથાશક્તિ પાળે તે ઉપરથી આ શ્રાવક છે એમ ઓળખી શકાય છે.

શિષ્યપ્રશ્ન—ક્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય?

ગુરુ—નિશ્ચયથી ચોથું અને પાંચમું ગુણઠાણું પ્રાપ્ત થાય ત્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. અનન્તાનુબન્ધી ચતુષ્ક, સમકિતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એ સાત પ્રકૃતિયોનો ઉપશમ, ક્ષયોપશમ વા ક્ષાયિકભાવ એ ત્રણમાંથી એક તે સાત ઉપશમ થાય ત્યારે ચતુર્થ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. ચોથા ગુણઠાણાને અવિરતિ સમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક કહે છે. ચોથા ગુણઠાણે અવિરતિ શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. શ્રી નેમિનાથ તીર્થંકરના વખતમાં શ્રીકૃષ્ણ હતા, તેઓ

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હતા; તેમજ શ્રી ચોવીશમા તીર્થંકર મહાવીર પ્રભુના શ્રેણિક રાજા, અવિરતિ શ્રાવક હતા. જ્યારે અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય ટળે છે ત્યારે દેશવિરતિ પાંચમું ગુણઠાણું શ્રાવકને પ્રાપ્ત થાય છે અને તેથી તે વિરતિ શ્રાવક કહેવાય છે.

પ્રશ્ન—અવિરતિ શ્રાવક અને વિરતિ શ્રાવક એ બેમાં મહાન કોણ?

ઉત્તર—અવિરતિ શ્રાવક કરતા વિરતિ શ્રાવક મહાન છે.

પ્રશ્ન—કોની સેવા કરવાથી શ્રાવકપણું પ્રાપ્ત થાય છે?

ઉત્તર—શ્રી સદ્ગુરુની સેવા કરવાથી શ્રાવકપણું પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન—શ્રી સદ્ગુરુ પાસે જઈને બન્ને [illegible] શું કરવું જોઈએ?

ઉત્તર—શ્રી સદ્ગુરુને પ્રશ્ન પૂછવા જોઈએ. ધર્મતત્ત્વ સમજીને જ્ઞાન કરવા માટે મનમાં જે જે શંકાઓ હોય તેનો ખુલાસો કરવો જોઈએ શ્રી સદ્ગુરુની દેશના સાંભળવી જોઈએ. ગુરુને પ્રશ્ન પૂછવાથી તથા તેમની દેશના સાંભળવાથી અનેક પ્રકારના ફાયદા થાય છે. જુઓ શ્રી રાયપસેણી સૂત્ર શ્રી કેશીકુમાર મુનિરાજની પાસે પરદેશી રાજા જે હતો તે પ્રથમ તો અત્યંત નાસ્તિક હતો. દેવલોક, સ્વર્ગ, પુણ્ય, પાપ, મુક્તિ અને આત્મા વગેરે કંઈ છેજ નહિ એમ માનતો હતો. હિંસાદિક વગેરેમાં આસક્ત હતો સાધુઓને તે પાપી-દ્રોહી માનતો હતો. પણ કેશીકુમાર મુનિરાજને પ્રશ્ન પૂછવા તેના મનની શંકાઓ ટળી ગઈ અને આત્માદિ તત્ત્વની શ્રદ્ધા થઈ અને તેનું કેશીકુમારે ધર્મોપદેશ [illegible] પરદેશી રાજાએ શ્રાવકનો ધર્મ અંગીકાર કર્યો. આ ઉપરથી [illegible] કે મુનિરાજને પ્રશ્ન પૂછવાથી [illegible] તત્ત્વની શ્રદ્ધા થાય છે.

પ્રશ્ન—શું શું કરવાથી શ્રાવકપણું પ્રાપ્ત થાય છે?

ઉત્તર—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને ધર્મ [illegible] [illegible] શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. [illegible] [illegible] [illegible] [illegible] નથી હોય, [illegible], વિરતિ, [illegible] [illegible] એ પાંચ કારણથી [illegible] થાય છે. [illegible] [illegible] [illegible] છે તે [illegible] છે, [illegible] [illegible] [illegible] છે તે [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible] નહિ. [illegible] [illegible]

ગુણ આપી છે તે છદ્મસ્થના જ્ઞાનથી જાણી શકાય નહીં, વ્યવહાર પ્રકારે સમ્યક્ત્વને તો પોતાની મેળે તરતમ યોગે જાણી શકાય છે. તત્ત્વજ્ઞાન વિના પ્રકારે વ્યવહાર સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત થતું નથી, માટે શ્રાવક ધર્મ જાણવા માટે પ્રથમ જૈન તત્ત્વોનો અભ્યાસ કરવો જોઈએ. જૈન તત્ત્વોનું શ્રવણ સદ્ગુરુ મુખથી કરવું જોઈએ. શ્રીભગવતી સૂત્રમાં શ્રાવકને लद्धट्ठा, गहियट्ठा, लब्धार्थाः गृहीतार्थाः અર્થને ગ્રહેલા અને અર્થને ગ્રહણ કરેલા એવા કહ્યા છે. शृणोति धर्मं गुरुसकाशात् स श्रावकः ગુરુ પાસેથી જે તત્ત્વ સાંભળે છે તે શ્રાવક કહેવાય છે. દેવ ગુરુ અને ધર્મ તત્ત્વનું જ્ઞાન થયા વિના શ્રદ્ધા થઈ શકતી નથી અને શ્રદ્ધા વિના શ્રાવકપણું પ્રાપ્ત થઈ શકતું નથી, માટે પ્રતિદિન જૈન શાસ્ત્રોનું ગુરુ પાસે શ્રવણ કરવું જોઈએ.

પ્રશ્ન—શ્રાવક થવા માટે અન્ય કયા કયા ગુણો ધારણ કરવા જોઈએ?

ઉત્તર—ઉત્કૃષ્ટ એકવીસ ગુણને ધારણ કરવા જોઈએ.

પ્રશ્ન—એકવીસ ગુણ કયા કયા છે તેમજ તે પ્રત્યેકનું સંક્ષેપમાં સ્વરૂપ સમજાવશો?

ઉત્તર—શ્રી ધર્મરત્નપ્રકરણમાં નીચે પ્રમાણે શ્રાવકના એકવીસ ગુણ કહ્યા છે. तद्यथा

धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रूववं पगइसोमो;
लोगप्पिओ अक्कूरो, भीरु असढो सुदक्खिन्नो. १
लज्जालुओ, दयालू, मज्झत्थोसोमदिट्ठि गुणरागी;
सक्कह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू. २
वुड्ढाणुगो, विणीओ, कयन्नुओ परहियत्थकारी य;
तह चेव लद्धलक्खो, इगवीसगुणेहिं संपन्नो. ३

અક્ષુદ્ર, રૂપવાન, શાન્તપ્રકૃતિવાળો, લોકપ્રિય, અક્રૂર, પાપભીરુ, નિષ્કપટી, દાક્ષિણ્યવાન, લજ્જાળુ, દયાળુ, મધ્યસ્થસૌમ્યદૃષ્ટિવાળો, ગુણાનુરાગી, સત્કથ, સુપક્ષયુક્ત, દીર્ઘદર્શી, ગુણદોષજ્ઞ, વૃદ્ધજનને અનુસરનાર, વિનીત, કૃતજ્ઞ, પરોપકારી અને લબ્ધલક્ષ્ય: એ એકવીસ ગુણને જે મનુષ્ય ધારણ કરે છે તે ધર્મરત્નને પાત્ર થઈ શકે છે.

૧ प्रथम अक्षुद्र गुण.

खुद्दोत्ति अ गंभीरो, उत्ताणमई न साहए धम्मं;
सपरोपयारसत्तो, अखुद्दो तेण इह जुग्गो. १

ક્ષુદ્ર એટલે અગંભીર અર્થાત્ ઉછાંછળી તુચ્છ બુદ્ધિવાળો જે હોય તે ધર્મ સાધી શકે નહીં. જે અક્ષુદ્ર અર્થાત્ ગંભીર હોય છે તે સર્વ જોએલું તથા દેખેલું હૃદયમાં રાખે છે, મોટું પેટ રાખે છે, અર્થાત્ સર્વ મનમાં રાખે છે. ગંભીર મનુષ્ય એકદમ લાભાલાભનો વિચાર કર્યા વિના જે કંઈ જોએલું વા દેખેલું હોય તત્સંબંધી બકબકાટ કરે નહીં, અમે તેવું જાણ્યું હોય તોપણ અનર્થકારક હોય તો તે અન્યને કહે નહીં, ક્રોધ, લોભ, માન અને માયા આદિ દોષોના વશ થઇ કોઇની વાત કોઇને કહી દે નહીં, તે ગંભીર ગુણવાળો સમજવો. તુચ્છ બુદ્ધિવાળો મનુષ્ય કોઇના મર્મોને ઉઘાડા પાડે છે, કોઇના દોષોનું કથન કરે છે, તેથી તે સ્વપરનું હિત કરી શકતો નથી અને ઉછાં-છળી બુદ્ધિના યોગે તે જ્યાં ત્યાં અશાન્તિ કરનાર થઇ પડે છે. તુચ્છ બુદ્ધિ-વાળો મનુષ્ય જરા વાતમાં છેડાઈ જાય છે અને તેથી સામાનાં છતાં વા અછતાં છિદ્રો જ્યાં ત્યાં બોલવા મંડી જાય છે. ખાનગી (ગુપ્ત) વાતોને તથા કૃત્યોને પણ તે ઉઘાડાં પાડી દે છે તેથી તે પોતાના આત્માનું હિત કરી શકતો નથી. તુચ્છ બુદ્ધિવાળો મનુષ્ય કોણ જાણે કઈ વખતે શું કરશે તેનો પણ નિશ્ચય થતો નથી.

તુચ્છ બુદ્ધિવાળો અનેક સંકટોનાં વાદળાં મનરૂપ આકાશમાં ઉભાં કરે છે, તુચ્છ બુદ્ધિવાળો મનુષ્ય પોતાનું તથા પોતાના સંબંધીઓનું ભલું કરવા સમર્થ થઇ શકતો નથી. તુચ્છબુદ્ધિવાળો મનુષ્ય સંસારવ્યવહારમાં પણ પ્રતિષ્ઠા પામી શકતો નથી અને તેવો મનુષ્ય જગત્માં ઉચ્ચ પદવીપર ચઢી શકતો નથી. તુચ્છ બુદ્ધિવાળો મનુષ્ય સર્પની પેઠે ભયંકર લાગે છે. તે પોતાના કુટુંબને પણ શાન્તિમાં રાખી શકતો નથી. તુચ્છ બુદ્ધિવાળો મનુષ્ય પોતાના સંબંધીના દોષો વદીને તેની હેલના-નિન્દા કરાવે છે અને તેથી કોઇ વખતે કોઇના પ્રાણનો નાશ પણ થાય છે. તુચ્છ બુદ્ધિવાળાને કોઇ પોતાના હૃદયની ખાનગી વાત કહી શકતું નથી, અનેક દોષોને આકર્ષનાર તુચ્છ બુદ્ધિજ છે; માટે મનુષ્યોએ તુચ્છ બુદ્ધિનો ખરા અંતઃકરણથી ત્યાગ કરવો જોઇએ અને ગંભીર ગુણને ધારણ કરવો જોઇએ.

ગંભીર ગુણ ધારણ કરવાથી થતા ફાયદા.

ગંભીર ગુણ ધારણ કરવાથી પોતાના આત્માને અને અન્યના આત્માને શાન્તિમાં રાખી શકાય છે. ગંભીરતાથી મનુષ્ય પોતાના આત્માને ઉચ્ચ દશા તરફ પ્રેરે છે અને બીજાને સારી સુબોધ આપવા સમર્થ થાય છે. ગંભીર પુરૂષ અન્ય મનુષ્યોનો વિશ્વાસ મેળવી શકે છે અને તે અન્ય મનુષ્યોનાં હૃદય જોવા સમર્થ થાય છે. લોક ધર્મમાં સદ્ગુણો અને દોષો ક્યાં ક્યાં ભરેલાં છે તે જોઈ શકે છે, પણ તે ગંભીર હોવાને લીધે પરને અપ્રિય થઈ પડતો નથી. ગંભીર મનુષ્ય હજારો વાતોને મનમાં રાખી શકે છે અને તે કોઈની રીતે પ્રકાશતો નથી; તેથી તે સર્વત્ર માનનીય થઈ પડે છે. કોપાદિ દોષોની મન્દતાના લીધે ગંભીર મનુષ્ય હૃદયની શુદ્ધિ કરે છે અને તેથી તે યોગ્ય કાર્યોને વિચાર કરી જોઈ શકે છે. અમે તેવા પ્રસંગોમાં પણ કોઈનાં તે છિદ્ર ઉઘાડતો નથી તેથી તે સર્વનો મિત્ર બની શકે છે. ગંભીરતાના પ્રતાપથી વૈરીઓ પણ સુખે શરણ આવે છે અને તેથી તે પોતાનું અને પરનું ભલું કરવા સમર્થ થાય છે. ગંભીરતાના પ્રતાપે વૈરીના પણ દોષ બોલતો નથી ત્યારે તે સાધુસન્તોના છતા અથવા અછતા દોષોને તો કેમ બોલી શકે? અર્થાત્ બોલેજ નહીં.

મનુષ્ય પોતાના ગંભીર ગુણથી હૃદયને ધર્મયોગ્ય બનાવે છે. ગંભીર મનુષ્યના હૃદયમાંજ ધર્મ ઠરી શકે છે. માટે સર્વ ગુણોમાં પ્રથમ નંબરવાળા ગંભીરગુણને મનુષ્યોએ ધારણ કરવો જોઈએ. જ્યારે ગંભીર ગુણ વિના શ્રાવકપણું રહી શકતું નથી, ત્યારે ગંભીર ગુણ વિના સાધુપણું તો ક્યાંથી હોઈ શકે? અર્થાત્ ન હોઇ શકે. ગંભીર ગુણરત્ન સાગરની ઉપમાને ધારણ કરે છે; સાગરના મધ્ય ભાગમાં શું રહ્યું છે તે ઉપરથી જોતાં માલુમ પડે નહીં, તેમ ગંભીર પુરૂષના હૃદયમાં શું રહ્યું છે તેની અન્ય સામાન્ય મનુષ્યોને ખબર પડતી નથી. ગંભીર પુરૂષનું હૃદય વિશાળ હોય છે તેથી તે જે સાંભળે છે તે હૃદયરૂપ સમુદ્રના તળીએ મૂકે છે; તે કારણ વિના અને લાભ વિના કોઈ વાતને એકદમ કહેતો નથી તેથી તે સંસાર વ્યવહારમાં પણ એક મનુષ્ય છે અને ધર્મ રત્ન માટે પણ યોગ્ય મનુષ્ય છે. ગંભીર પુરૂષના હૃદયને કોઈ કળી શકતું નથી. જગતમાં ઉચ્ચ પદવી પર તે આવે છે અને તે મનની શાન્તતા રાખી શકે છે. માટે ધર્મરત્નના અર્થીઓએ ગંભીર ગુણને અવશ્ય ધારણ કરવો.—

---

૨ द्वितीय–रूपवान् गुण.

संपुन्नंगोवंगो, पंचिंदियसुंदरो सुसंघयणो;
होइ पभावहेऊ, खमोय तह रूववं धम्मे. ૨

સંપૂર્ણ અંગોપાંગવાળો પાંચ ઇન્દ્રિયોથી સુંદર દેખાતો અને સારા બાંધાવાળો હોય તે રૂપવાન્ ગણાય છે. તેવો પુરૂષ ધર્મ પાળવામાં સમર્થ થાય છે. અખંડિત અંગવાળો પચેન્દ્રિયથી શોભનો મનુષ્ય વિશેષતઃ ધર્મરત્નને યોગ્ય થાય છે. પહેલા સંઘયણ વાળોજ ધર્મ પામી શકે એવો અર્થ કરવો નહીં, કારણ કે સર્વ સંસ્થાન અને સર્વ સંહનનોમાં ધર્મ પામી શકાય છે. સારા બાંધાવાળો હોય તે તપ સંયમાદિક અનુષ્ઠાન કરવામાં સમર્થ રહી શકે છે એમ આ વિશેષણ આપવાનો અભિપ્રાય છે; એવો પુરૂષ, તીર્થની ઉન્નતિનું કારણ થઇ શકે છે.

નંદિષેણ અને હરિ કેશિબળ વગેરે કુરૂપવાન્ છતાં ધર્મ પામ્યા છે, એમ કહી રૂપવાન્પણાનો દોષ ન બતાવવો જોઈએ, કારણ કે તેઓ પણ સંપૂર્ણ અંગોપાંગાદિક કરી યુક્ત હોવાથી રૂપવાનજ ગણી શકાય છે અને આ વાત પણ પ્રાયિક છે; કારણ કે અન્ય ગુણોનો સદ્ભાવ હોય તો પછી કુરૂપપણું હોય અથવા કોઇ બીજા અમુક ગુણનો અભાવ હોય તેથી કંઈ દોષ આવતો નથી. કહ્યું. છે કે, ચોથા ભાગે ગુણેહીન હોય તો મધ્યમ પાત્ર અને અર્ધાગુણેહીન હોય તો અધમ પાત્ર જાણવા. શરીર મજબૂત બનાવવું કે જેથી શરીર દૃઢ થવાથી ધર્મની સાધના બરાબર થાય એમ છેવટનો લેખક તરફથી સારાંશ સમજવો.

---

૩ त्रीजो सौम्य स्वभाव गुण.

पयई सोम सहावो, न पावकम्म पवत्तए पायं,
होइ सुहसेवणिज्जो, पसमनिमित्तं परेसिंपि. ૩

સ્વભાવે શાન્ત સ્વભાવવાળો ઘણું કરીને પાપકર્મમાં પ્રવૃત્તિ કરતો નથી અને સુખે સેવી શકાય છે અને અન્યોને પણ શાન્તિનો નિમિત્તભૂત બની શકે છે. જેનો ભયાનક આકાર ન હોય તેની પાસ અન્ય મનુષ્યો જઈ શકે છે. તે મનુષ્ય ક્રોધ પામશે એમ અન્યોના મનમાં વિચાર આવતો નથી,

તેમજ તે પોતે પણ એકદમ ક્રોધથી ધમધમાયમાન થઈ શકતો નથી. શાન્ત સ્વભાવવાળો એકદમ વિચાર્યાવના પગલું ભરતો નથી, તેથી તેવા મનુષ્યની દુનિયામાં ઘણી કિમ્મત થાય છે અને તે ઉચ્ચ પાયીપર ચઢે છે અને અન્યોને પણ પોતાના સદ્વાક્યથી ફાયદો કરે છે. ગુંચવણ ભરેલ કામોમાં પણ શાન્તસ્વભાવવાળો ગુંચવાતો નથી. પોતાના શાન્ત સ્વભાવના લીધે અન્ય-મનુષ્યોના સંસર્ગમાં રહીને પણ ધારેલ કાર્ય સિદ્ધ કરે છે. તે એકદમ કોઇને શાપ આપી શકતો નથી. સર્વ મનુષ્યોના ભલા માટે તે શુભ વિચારો કરી શકે છે. ચંદ્રમાપર જેમ સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાય છે, તેમ તેનાપર અન્ય મનુષ્યોનો સ્વાભાવિક પ્રેમ થાય છે. ગમે તેવા ક્લેશના વાતાવરણમાં પણ તેની પ્રવૃત્તિ શાન્ત દેખાય છે.

તેથી તે અન્યોને પણ આશ્રય કરવા યોગ્ય થાય છે. હિંસા, ચોરી, વગેરે દુષ્ટ કાર્યોમાં તે પ્રવૃત્તિ કરી શકતો નથી. લોકોને તે અત્યંત વલ્લભ લાગે છે. તે પોતાના આત્માના ઉદ્ધાર માટે યોગ્ય બોધને ધારણ કરી શકે છે. સત્યાસત્યનો વિચાર અને તેહેવો કરી શકે છે, માટે સ્વભાવે શાન્ત સ્વભાવવાળો મનુષ્ય ધર્મરત્નના યોગ્ય બને છે.

---

૪ चौथो लोकप्रिय गुण.

इह परलोयविरुद्धं, न सेवए दाणविणय सीलड्ढो
लोयप्पिओ जणाणं, जणेइ धम्मंमि बहुमाणं. ४

જે પુરૂષ, દાતાર, વિનયવંત, શીયળવંત હોય છે તે આ લોક અને પર-લોક વિરૂદ્ધને સેવતો નથી તેથી તે લોકોમાં પ્રિય થઈ પડે છે અને મનુષ્યોનું ધર્મમાં બહુ માન ઉત્પન્ન કરે છે.

"આલોકવિરૂદ્ધ કાર્યો નીચે પ્રમાણે છે."

સર્વ કોઈની નિન્દા કરવી અને તેમાં પણ વિશિષ્ટ ગુણવન્ત સાધુઓ, મહાત્માઓ વગેરેની નિન્દા કરવી અને એોને આવે ધર્મ કરનારની હાંસી કરવી, તેમજ જગતમાં પૂજનીક પુરૂષોનું અપમાન કરવું, તેમજ ઘણા લોકોથી જે વિરૂદ્ધ હોય તેની સોબત કરવી, તેમજ દેશ, કુલ, જાત, વગેરેના જે જેમ આચર્યો હોય તેનું ઉલ્લંઘન કરવું,

સમજ્યા વિના ગમે તે બાબતનો ગમે ત્યાં બકવાદ કરવો; ઇત્યાદિ કાર્ય લોક વિરૂદ્ધ જાણવાં.

પરલોકથી જે જે કાર્યો શાસ્ત્રાધારે વિરૂદ્ધ ગણાય તે પરલોક વિરૂદ્ધ કાર્ય જાણવાં. તેવાં કાર્ય કરવાથી અશ્રદ્ધા આદિ દોષોનું આવાગમન થાય છે અને આત્મા, પાપકર્મથી બંધાય છે.

"ઉભયલોકવિરૂદ્ધ કાર્યો નીચે પ્રમાણે છે."

જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન, આ સાત વ્યસનો આ જગતમાં અતિ પાપી પુરૂષોમાં હમેશ રહે છે.

વ્યસની મનુષ્ય અહિં પણ, સારા મનુષ્યોમાં નિંદાય છે અને મરણ બાદ દુર્ગતિમાં જાય છે.

એ સાત વ્યસનોથી આ ભવમાં પણ દુઃખ થાય છે અને પરભવમાં પણ નરકાદિગતિમાં દુઃખ ઉત્પન્ન થાય છે; માટે ઉભયલોક વિરૂદ્ધ એવાં સાત વ્યસનોનો ત્યાગ કરવો જોઇએ. એ સાત વ્યસનોના ત્યાગથી લોકોમાં પ્રિય થવાય છે.

લોકપ્રિય થએલ મનુષ્ય, સર્વ મનુષ્યોને પોતાના તરફ ખેંચે છે અને અન્ય મનુષ્યોને ઉપકારક થઈ પડે છે. લોકપ્રિય મનુષ્ય જગતમાં ઉત્તમ કાર્ય કરવા માટે સમર્થ બને છે. જગતમાં લોકપ્રિય મનુષ્ય જ્યાંસાં ધર્મનો ફેલાવો કરવા સમર્થ થાય છે. લોકપ્રિય મનુષ્ય ધર્મગુરૂનો પ્રેમ મેળવી શકે છે. લોકપ્રિયપર સર્વ લોકો વિશ્વાસની નજરથી જુએ છે. લોકપ્રિયગુણ ગ્રહણ કરવાની ઇચ્છાવાળાએ કદી કટુકવાણી વદવી નહીં. લોકપ્રિયતા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે જે ઉપાયોથી પ્રાપ્ત કરી શકાય તે તે ઉપાયોનો સ્વીકાર કરવો જોઈએ. કીર્તિઆદિની મુખ્ય વાંચ્છાવડે જે લોકપ્રિય થવા માગે છે, તે ઉત્તમ સિદ્ધાન્ત કથિત નિષ્કામ વૃત્તિથી દૂર જાય છે.

દાન આપવું તે પોતાની સ્વભાવિક ફરજ સમજીને દાન આપવું, તેમજ વિનય એટલે યોગ્ય પુરૂષનો ભક્તિ અને બહુમાનથી મન, વચન, અને કાયાથી સત્કાર કરવો, શીલ એટલે સદાચારમાં તત્પર રહેવું. શુભ આચારો પાળવાથી મનુષ્ય, લોકોમાં માનનીય થઈ પડે છે. આ સર્વગુણ ખરા અન્તઃકરણથી કરનાર ખરી લોકપ્રિયતા મેળવી શકે છે; જે કરવું તે આત્માના ગુણો ખીલવવા માટેજ કરવું.

દાન, વિનય આદિ ગુણોમાં તત્પર થનારે મારા વિષે લોકોનો પ્રેમભાવ વધ્યો કે નહીં તે જોવા જરા માત્ર લક્ષ આપવું નહીં, તેણે તો લોકોની

વિરતાના કાર્યોનું સ્મરણ કરતા જરા માત્ર જ્ઞાનને મહેનત આપતી નથી. દાન, વિનય, સદાચારમાં પ્રવર્તવું એ મ્હારૂં કર્તવ્ય છે અને એ કરવું જોઇએ, એમ નિશ્ચય કરી પ્રયત્ન કરશે. એમ તેની પ્રવૃત્તિથી તે લોકમાં પ્રિય થઈ પડે છે અને તે ધર્મરત્નને યોગ્ય થાય છેજ. સ્વભાવથી પ્રત્યેક પ્રાણી સર્વેને વશીભૂત થાય છે. દાન સિવાયી વૈરો ભૂલાય છે, દાનથી અન્ય મનુષ્યો અનુકૂલ થાય છે, માટે હરરોજ દાન કરવું. લોક પ્રિય મનુષ્યથી સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ખુશી થાય છે અને સ્વપરના આત્માની ઉન્નતિ કરવા તે સમર્થ થાય છે. લોકપ્રિય ધર્મલાભ પ્રાપ્ત કરવા રહેતી નથી અર્થાત્ તે અક્રૂર બને છે તે હવે જણાવે છે.

५–पांचमो अक्रूर गुण.

कूरो किलिट्ठभावो, सम्मं धम्मं न साहिउं तरइ ॥
इय सो न इत्थ जोगो, जोगो पुण होइ अक्कूरो ॥ ५ ॥

ક્રૂર (ક્લિષ્ટ) પરિણામી હોય છે તે ધર્મને સમ્યગ્‌પ્રકારે સાધવા સમર્થ થઈ શકતો નથી. તેથી તેવો ક્રૂર પુરૂષ આ શુદ્ધ ધર્મમાં યોગ્ય નથી, પણ જે અક્રૂર છે તેજ યોગ્ય જાણવો.

ઈર્ષ્યા, ક્રોધ, વૈરઆદિથી ક્લિષ્ટ પરિણામવાળો હોય તે સમ્યગ્દૃષ્ટિના ધર્મ સાધવાને યોગ્ય થઈ શકતો નથી.

વૈર દુઃખદાયક છે. ક્રોધથી વૈર ઉત્પન્ન થાય છે. વૈરી મનુષ્યો દાવ સાધીને પ્રતિપક્ષીઓનાં મસ્તક છેદી દે છે. વૈરથી સામાન્ય ઉપકારો તરફ લક્ષ રહેતું નથી. વૈરી વિશ્વાસનો ઘાત કરે છે. વૈરથી અસંખ્ય જીવો પરિભ્રમણ કરે છે. વૈરથી મનુષ્યનું હૃદય કઠણ બને છે અને તેથી તે ધર્મના સંસ્કાર ધારવા માટે યોગ્ય બનતું નથી. વૈરથી અક્રૂર બની શકાતો નથી. તેવા હૃદયમાં દયાનો વાસ હોતો નથી. વૈરવાળો મનુષ્ય ઈર્ષ્યા અને ક્રોધથી જેવું હૃદય ધારણ કરે છે, તે ક્રૂર પરિણામવાળો ક્રૂર કહેવાય છે. [illegible] ક્લિષ્ટ પરિણામથી [illegible] મનુષ્યોના [illegible] ક્લિષ્ટ પરિણામ [illegible]

પ્રવાહ સર્વત્ર પ્રસરાવી શકતો નથી. ક્લિષ્ટ પરિણામી મનુષ્ય, સહજ વાતમાં મહાન્ કલેશનું યુદ્ધ આરંભે છે, જ્યાં ત્યાં વૈર ઝેરનાં બી રોપે છે અને તેનાં ફલ ભવોભવમાં પોતે ભોગવીને દુઃખ પામે છે. ક્રૂરપરિણામ ધારક, પોતાના દોષોને પોતે દેખી શકતો નથી.

ગુરૂ પણ ક્રૂર મનુષ્યને ઉપદેશ આપતાં ભય પામે છે કારણ કે જો તે મનો ઉપદેશ ક્રૂર મનુષ્યના મનમાં ન રૂચ્યો તો ગુરૂને પણ ઉપાધિ કરે છે, માટે ક્રૂરપણાનો ત્યાગ કરી અક્રૂરભાવ પ્રાપ્ત કરવો જોઇએ.

અક્રૂરભાવથી મનુષ્યોનું ભલું કરી શકાય છે. વૈરની પરંપરાનો નાશ કરવો હોય તો અક્રૂરભાવ ધારણ કરવો જોઇએ. અક્રૂર પરિણામથી દુષ્ટ મનુષ્યોનુ પણ ભલું કરી શકાય છે. અક્રૂર પરિણામથી અન્ય મનુષ્યોનો પ્રેમ મેળવી શકાય છે. અ ર પરિણામથી વૈરીઓનાં વૈર નાશ કરી શકાય છે અને ધર્મરત્નની યોગ્યતા પ્રાપ્ત કરી શકાય છે, માટે મનુષ્યોએ શ્રાવકપણું પ્રાપ્ત કરવા અક્રૂર પરિણામ ધારણ કરવો જોઇએ. અક્રૂર મનુષ્ય પાપકર્મથી બીએ છે, માટે અક્રૂરગુણ કથા પછી પાપભીરુતા ગુણને વર્ણવે છે.

---

६. छट्टो पापभीरु गुण.

इह परलोयावाए, संभावंतो ने वट्टए पावे ॥
बीहइ अजसकलंका, तो खलु धम्मारिहो भीरू ॥ ६ ॥

આ લોક ને પરલોકના સંકટો વિચારીનેજ પાપમાં પ્રવર્તતો નથી અને અપયશના કલંકથી ડરતો રહે છે તે ભીરૂ: કહેવાય છે; એવા પ્રકારનો ભીરૂ પુરૂષ, ધર્મને યોગ્ય ગણાય છે.

આ લોકના અપાય એટલે, રાજ તરફથી થતી ધરપકડ, લોકમાં હેલના, લોકોને ધિક્કાર અને પરલોક અપાય (નરકગતિ ગમનાદિકને) માનતો છતો હિંસા જૂઠ વગેરે કાર્યોમાં પાપભીરૂ મનુષ્ય, પ્રવેશ કરતો નથી. પાપભીરૂ, જે જે હેતુઓથી પાપ આવે તે તે હેતુઓથી બ્હીનો રહે છે અને તે તે હેતુઓને આદરતો નથી. પાપના કાર્યમાં ભમે તે લાલચથી પગ મૂકતાં ડરે છે અને તે પાપીઓની સંગતિથી પણ ડરે છે. ગમે તેવા કલેશપ્રસંગોમાં પણ અન્યનું બુરૂં કરતાં ભય પામે છે. કારણ કે તે જાણે છે કે અન્યનું

અશુભ કરતાં પોતાના હાથમાં જે અશુભ પરિણામ છે તેજ પોતાનું બુરું કરે છે અને તેથી ખરાબ અવતારો ધારણ કરવા પડે છે.

પાપકર્મથી બ્હીનાર મનુષ્ય પાપીઓની અપેક્ષાએ શૂરવીર ન બનાય પણ તે ધર્મીઓની અપેક્ષાએ શૂરવીર બનાય છે. પાપીઓ પાપથી ભય પામનારાઓને કેટલીક વખત પ્રવૃત્તિ માર્ગમાં હઠાવી દે છે અને પાપભીરુને પોતાના તાબામાં રાખે છે. પાપીઓ લડાઈ, ટંટા, મારામારી, હિંસા કર્મ વગેરેથી ડરતા નથી તેથી તેઓ પાપભીરુઓની સાથે યુદ્ધ વગેરેમાં ફાવી જાય છે અને પાપભીરુઓ રંકજન તરીકે સદાકાળ પાપીઓના પંજામાં ફસાય છે અને તેથી કોઈ વખતે તેઓ ધર્મનો બચાવ કરવા પણ સમર્થ થતા નથી, તેથી મુસલમાનના જોરથી કેટલાક હિન્દુઓ મુસલમાન થઈ ગયા તેમ પોતાના કુટુંબને પણ અન્ય ધર્મ સ્વીકારવાની ફરજ પડે છે. આમ કોઈ આશંકા કરી પાપભીરુપણાને ઉડાવે તેને ઉત્તરમાં કહેવાનું કે પાપભીરુત્વનું પણ અમુક અપેક્ષાઓ હોય છે, તેથી પૂર્વોક્ત દોષાપત્તિનું સ્હેજે ઉડી જાય છે. ધર્મ રક્ષણ આદિ માટે. હૃદયમાં પાપનો ભય રહે તોપણ, બાહ્યથી અમુક સ્થિતિએ વર્તવું પડે છે અને ધર્મની રક્ષા માટે શૂરવીર થવું પડે છે, વગેરે અનેક અપેક્ષાઓ ઉત્સર્ગ અને અપવાદ માર્ગમાં સમજતાં, પાપભીરુ થવામાં જે જે અપેક્ષાએ શૂરવીર રહેવાનું છે, તેમાં કોઈ જાતનો બાધ આવતો નથી. શ્રી મહાવીર સ્વામીના શ્રાવક ચેડા મહારાજે પોતાની ક્ષત્રિય ધર્મની નીતિ સાચવવાને માટે ઘોર યુદ્ધ કર્યું હતું અને તેમાં પોતાની સામે લડવાને ચમરેન્દ્ર આવ્યા હતા તોપણ તે ડર્યા નહોતા. કુમારપાળ, ભરતરાજા, બાહુબલિ વગેરેના દાખલા મોજુદ છે. વિશેષ માટે જૈન શૈલીના જ્ઞાનને પુછી ખુલાસો કરવો. પાપભીરુ બનવાથી આશાઓ ઘણાં લાભો છે. પાપભીરુ, અન્યાય વડે કદી પ્રવૃત્તિ કરતો નથી, તેમજ તે રાજ્યના કાયદાઓ કે જે પ્રજાના ભલા માટે કર્યાં છે તેને માન આપી રહે છે; રાજ્યવિરુદ્ધ કૃત્ય કરવામાં પાપભીરુ ડરે છે. અનીતિના કાર્યોમાં માથું મારતો નથી અર્થાત્ પ્રવૃત્તિ કરતો નથી, તેથી નીતિ માર્ગમાં તેનો જે પ્રવેશ થાય છે. પાપના ભયથી તે વૈર, ઝેર અને ધર્મવિરુદ્ધ કાર્ય કરી શકતો નથી. પાપના ભયથી તે સાધુ મહાત્માઓને કદી પીડી શકતો નથી, તેમજ અછતાં આળ કોઈના ઉપર મૂકી શકતો નથી. પાપના ભયથી તે દુઃખીનું મન ભાંગી શકતો નથી. વિનાકારણે પાપભીરુ, કોઈ પણ જીવનો ઘાત કરવા અશુભ પ્રવૃત્તિ આચરતો નથી. પાપના ભયથી તે વૈર, ઝેર અને ધર્મની નિંદા કરતાં તેમજ હિંસા, જૂઠ, ચોરી, અભિગ્રહ વગેરેમાં

પ્રવૃત્તિ કરતાં અચકાય છે. કદાપિ પ્રમાદથી કોઈ પાપ થઈ ગયું હોય છે તો તેના મનમાં અત્યંત ભય રહે છે. એવો પાપભીરૂ મનુષ્ય, શ્રાવક ધર્મ-રત્નને યોગ્ય બને છે.

પાપભીરૂ હોય છે તે શઠપણું કરતો નથી, માટે હવે અશઠ નામનો સાતમો ગુણ કહે છે.

---

૭ सातमो अशठ गुण.

असढो परं न वंचइ, वीससणिज्जो पसंसणिज्जो य ॥
उज्जमइ भावसारं, उचिओ धम्मस्स तेणे सो ॥ ७ ॥

અશઠ પુરૂષ અન્યને છેતરતો નથી—તેથી તે વિશ્વાસ કરવા યોગ્ય અને પ્રશંસા કરવા યોગ્ય બને છે અને ભાવપૂર્વક ઉદ્યમ કરે છે માટે તે ધર્મને યોગ્ય ગણાય છે.

નિષ્કપટી મનુષ્ય અન્યને વંચતો નથી તેથી તે વિશ્વાસ કરવા યોગ્ય બને તેમાં કંઈ પણ આશ્ચર્ય નથી. કપટી પુરૂષ કદાપિ કોઇનો અપરાધ ન કરે તોપણ તે પોતાના દોષના જોરે સર્પની પેઠે અન્યોને વિશ્વાસ કરવા યોગ્ય થતો નથી. અશઠ પુરૂષનું લક્ષણ કહે છે.

॥ श्लोक ॥

यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथा क्रिया ॥
धन्यास्ते त्रितये येषां, विसंवादो न विद्यते. ॥ १ ॥

જેવું ચિત્ત હોય તેવી વાણી હોય અને જેવી વાણી હોય તેવું આચરણ (ક્રિયા) હોય. એ રીતે ત્રણ બાબતોમાં જે પુરૂષોને અવિસંવાદ હોય તેઓને ધન્ય છે.

અશઠપુરૂષ ધર્માનુષ્ઠાનમાં સદ્ભાવપૂર્વક વર્તે છે. ઘણા લોકો અન્યના ચિત્તને ચમત્કાર કરનાર મળી આવે છે, પણ જેઓ પોતાના ચિત્તને રંજન કરે છે એવા તો અલ્પજ હોઈ શકે છે. શઠપણું ત્યાગ્યાવિના કદાપિકાળે ધર્મપાત્ર બની શકાતું નથી. અન્યોને અનેક પ્રકારના બનાવટી આડંબરોથી ખુશી કરી શકાય છે, પણ આત્મા તો સત્ય બનાવોથીજ સંતુષ્ટ થાય છે, માટે અશઠપણું તેજ જગતમાં આદરવા યોગ્ય છે.

શાઠ્યથી થતા નુકસાનો.

શઠતાથી દુષ્કર્મ, ક્લેશ, ઉપદ્રવ વગેરેની વૃદ્ધિ થાય છે. શઠતાથી જ્યાં ત્યાં લોકોમાં અપમાન થાય છે. શઠમનુષ્ય પોતાના સ્વાર્થને માટે ગમે તેવા મિત્રને પણ છેતરતા આંચકો ખાતો નથી. શઠતાથી અમર સભાઓમાં પણ દુષ્ટતાના લીધે માનનીય થઈ શકતો નથી. શઠમનુષ્ય વાતચીતમાં મનુષ્ય ઉપરથી મધુ મીઠો લાગે છે પણ પેટમાં પેસીને તે અન્યને પગ વાંકા કરે છે. શઠમનુષ્ય અન્યોને દુઃખના ખાડામાં નાખે છે. શઠમનુષ્યની વાણી મીઠી હોય છે અને હૃદય ઝેરી હોય છે. શઠમનુષ્યની વાણી અનેક પ્રકારની હોય છે અને મન જુદા પ્રકારનું હોય છે. શઠમનુષ્યની વાણી સર્વ જુદા જુદા અન્યના પ્રાણ, ધન, પ્રતિષ્ઠા અને કીર્તિને લુંટી લે છે. તે કૃત્રિમપ્રેમ દેખાડીને પોતે ઠગીને બેસતો નથી અને અન્યોને ઠગીને બેસતા દેખતો નથી. ગમે તે અવસ્થામાં તે કુટુંબ, રાજ્ય વગેરે સર્વની સાથે શઠતાએ વર્તે છે, તેથી તે દેવ, ગુરુ, મિત્ર, કરતો નથી. નિષ્કપટભાવ થયા વિના હૃદયની શુદ્ધિ થતી નથી અને હૃદયની શુદ્ધિ થયા વિના ધર્મની ક્રિયાઓ એરંડની પેઠે ખરાબ ફળ આપનારી થાય છે. કપટથી ભક્તિ ફળતી નથી. કપટથી ગુરુની સેવા ફળ આપતી નથી. કપટથી કોઈ મહાત્માનો આશીર્વાદ ફળતો નથી. કપટથી ચારિત્રની સાધના થતી નથી. કપટથી કોઈ મિત્ર બનતો નથી. કપટથી જ્યાં ત્યાં અવિશ્વાસનું સ્થાન બની જવાય છે. કપટથી ધર્મોપદેશપણ પણ સમ્યક્ પરિણમતો નથી. શઠતાથી અનેક મનુષ્યોની હિંસા થાય છે. શઠતાથી અનેક મનુષ્યોની આંતરડીઓ દુઃખવવામાં આવે છે અને તેથી તે ખરાબ આશીર્વાદને પામે છે. શઠતાથી સત્ય બોલાતું નથી. શઠતાથી ચોરી થાય છે. શઠમનુષ્યની ઉપરની શાન્તતા હિમના જેવી પાણી કરનારી થાય છે. શઠમનુષ્યની વાણી પ્લેગની પેઠે અશાન્તિ ફેલાવે છે. શઠતારૂપ અશુદ્ધ વિચારોથી પોતાના આત્માનેજ પ્રથમ છેતરવામાં આવે છે અને પોતેજ તેથી દુઃખી થાય છે. શઠ મનુષ્યની દુષ્ટિધારીથી તેને દુર્ગમાં કંઈ સુખ દેખાય છે પણ વિષમિશ્રિત અન્નની પેઠે અન્તે તેનો આત્મા ચારે તરફથી દુઃખોવડે ઘેરાય છે. મનમાં, વાણીમાં અને કાયામાં રહેલું શઠપણું બરોબર દુઃખની પરંપરા લાવે છે અને અન્ય જીવોને પણ વૈરઝેર વગેરેની ઉત્પત્તિ કરાવે છે, જેથી અન્ય જીવો પણ દુઃખી થાય છે; માટે શઠતાનો નાગના ઝેરની પેઠે ખરા અંતઃકરણથી ત્યાગ કરવો જોઇએ અને સરલપણું ધારવું જોઇએ.

આર્જવ ભાવથી થતા ફાયદાઓ.

મન, વચન અને કાયાથી ધારેલું સરલપણું પોતાના આત્માની નિ-

મંળતા કરે છે અને અન્યના આત્માઓને પણ નિર્મળતામાં નિમિત્તભૂત બને છે. અશઠ ભાવથી થોડું પણ કરેલું ઘણું ફળ આપે છે. અશઠભાવથી કપટ પરિણામનો નાશ થાય છે અને ઘણા મિત્રોને મેળવી શકાય છે. સભાઓમાં, કુટુંબમાં, રાજ્ય વ્યવહારમાં પણ અશઠ મનુષ્ય પ્રખ્યાતિ પામે છે અને તેના બોલને સર્વ લોકો શ્રદ્ધાથી માન્ય કરે છે. અશઠ મનુષ્યનું પ્રમાણિકપણું સર્વત્ર ફેલાય છે. તેની સરલતાથી હજારો સંકટોનો અન્તે વિલય થાય છે. અશઠપણાથી પોતાના આત્માનું હિત થાય છે અને પરજીવોના આત્માનું પણ હિત કરી શકાય છે. અશઠભાવથી જ્યાં ત્યાંથી સત્યનું તેના પ્રતિ આકર્ષણ થાય છે. સંસાર વ્યવહારમાં તેની પ્રતિષ્ટા પડે છે અને તેથી તે ગમે તે ધંધો સુખે ચલાવી શકે છે. હજારો મનુષ્યો તેના ભલામાં ઉભા રહે છે અને સંકટો પડતાં ગમે ત્યાંથી તેને અણધારી સહાય મળી આવે છે. ધર્મ ગુરૂને પણ તેના બોલવા ઉપર વિશ્વાસ આવે છે, તેથી ધર્મગુરૂ પણ તેને અંતઃકરણથી ઉપદેશ આપે છે. સરલ પુરૂષ, શ્રી શ્રીપાલ રાજાની પેઠે, અનેક પ્રકારના સંકટોમાંથી પસાર થાય છે અને શઠમનુષ્ય, ધવલશેઠની પેઠે, ગમે તેવી કપટ પ્રપંચોની જાળો રચે અને ગમે તેવા હુંશિયારીથી દાવપેચો રમે તોપણ તે દુઃખના ખાડામાં ઉતરે છે; માટે અશઠભાવને સદાકાળ હૃદયમાં ધારવો કે જેથી ધર્મની યોગ્યતા પામી શકાય. અશઠમનુષ્ય સુદાક્ષિણ્ય ગુણને ધારણ કરવા સમર્થ થાય છે માટે અશઠ ગુણ પછી સુદાક્ષિણ્ય ગુણને હવે કહે છે.

८ आठमो सुदाक्षिण्य गुण.

उवयरइ सुदक्खिन्नो, परेसिमुज्झियसकज्जवावारो ॥
तो होइ गज्झवक्को, णुवत्तणीओ य सव्वस्स ॥ ८ ॥

સુદાક્ષિણ્ય ગુણવાળો પોતાનો કામ ધંધો મૂકીને અન્યને ઉપકાર કરે છે. તેથી તેનું વાક્ય સર્વે કબુલ રાખે છે તથા સર્વે મનુષ્યો તેને અનુસરીને ચાલે છે. અન્ય મનુષ્યોના ભલા માટે તેઓની પ્રાર્થનાને સ્વીકારીને પરોપકાર કરતો છતો આત્માની ઉચ્ચદશા કરી શકે છે. અન્યના ભલા માટે પોતાના તન, મન, ધનને હોમનાર આત્મભોગી મનુષ્ય સર્વત્ર પૂજ્ય થઇ પડે છે. સુદાક્ષિણ્યપણાથી પોતાના આત્માનું ભલું થાય છે અને અન્યના આત્માનું પણ ભલું કરી શકાય છે. મનુષ્યોની પાસે વિદ્યા હોય, લક્ષ્મી

હોય, સત્તા હોય તોપણ તે સુદાક્ષિણ્ય ગુણ વિના શોભી શકતા નથી. પરોપકારી મનુષ્ય, પરોપકારનું રહસ્ય જાણે છે અને તેથી તેના ઉપર ઉપકાર કરનારાઓનો ગુણ જાણવા ને સમર્થ થાય છે. સુદાક્ષિણ્ય ગુણ ખરેખર પરને ઉપકાર કરનાર હોવાથી પરોપકારરૂપજ જણાય છે. પોતાના શ્રેય માટે તો આખું જગત્ પ્રયત્ન કરે છે, પણ અન્યની સુપ્રાર્થનાઓને જે સફળ કરે છે, તેજ પુરુષોજ દુનિયાના ઉપકારનું દેવું પાછું વાળવા સમર્થ થાય છે. અન્ય વસ્તુઓ જેમ મનુષ્યોને ઉપકાર કરે છે તેમ મનુષ્યોએ પણ સુદાક્ષિણ્ય ગુણથી અન્યને ઉપકાર કરવો જોઈએ. પાણી, પૃથ્વી, વાયુ, અગ્નિ, વનસ્પતિ વગેરે પણ અન્યોને પોતાનું સર્વસ્વ અર્પણ કરી ઉપકાર કરે છે, ત્યારે મનુષ્યોએ તો વિશેષતઃ અન્ય મનુષ્યોની સુપ્રાર્થનાનો સ્વીકાર કરી, નિષ્કામપણે પોતાનાં કાર્ય તજીને પણ ભલું કરવું જોઈએ. સુદાક્ષિણ્ય ગુણવાળો મહાન્ પદવીએ ચડી શકે છે. જગત્માં સુદાક્ષિણ્ય ગુણનું અવલંબન કરનાર અનેક સદ્ગુણોને પ્રાપ્ત કરી શકે છે. સુદાક્ષિણ્ય ગુણથી અનેક મનુષ્યોને પોતાનાં કરી શકાય છે. અને મહાન્ પુરુષોની તથા દેવતાઓની કૃપા મેળવી શકાય છે, માટે શ્રાવક ધર્મની યોગ્યતા અર્થે સુદાક્ષિણ્ય ગુણ પ્રાપ્ત કરવો જોઈએ.

સુદાક્ષિણ્ય ગુણવાળો, લજ્જા ગુણને ધારણ કરી શકે છે, માટે સુદાક્ષિણ્યગુણ પછી લજ્જા ગુણનું કથન કરવામાં આવે છે—

९ नवमो लज्जागुण.

लज्जालुओ अकज्जं वज्जइ दूरेण जेण तणुयंपि ॥
आयरइ सयायारं, न मुयइ अंगीकयं कहवि ॥ ९ ॥

લજ્જાવાળો પુરુષ નાનામાં નાના અકાર્યને તજી દે છે, તેથી તે સદાચારને આદરે છે અને જે અંગીકાર કરે છે તે કોઈ પણ પ્રકારે મૂકતો નથી. સત્પુરુષો પર્વત જેવા મોટા દુઃખથી મરણ પામે તોપણ અકૃત્યને કદાપિ કરતા નથી. લજ્જાળુ પુરુષો સારા આચારોને સદાકાળ આચરે છે અને તેમાં કોઈ પણ જાતની શરમ રાખતા નથી. લજ્જાળુ મનુષ્ય અકાર્ય આચરવામાં પડતાં શરમાય છે. એટલુંજ નહિ પણ તે પોતાની મર્યાદા રાખવા સદાકાળ પ્રવૃત્તિ કરે છે. સર્વ પ્રકારના દુર્ગુણોનું ઘર હોય પણ જો લજ્જાગુણ હોય તો સર્વ પ્રકારના ગુણોનું ઘર તે બને છે. લજ્જાળુ મનુષ્ય કોઈ પોતાને

કંઈ પણ કપટ ન આવે એવી કાળજી રાખે છે. લજ્જાળુ પુરૂષ સાધુ પુરૂષોના સામો થતો નથી અને મોટા પુરૂષની વાતને સ્વીકારી શકે છે. લજ્જાળુ પુરૂષ ભૂલ આવે છે તો બીજાઓની આગળ મુખ દેખાડતાં પણ શરમાઈ જાય છે; આવો લજ્જાળુ પુરૂષ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાને ત્યાગે નહીં એ બનવા યોગ્ય છે, માટે શ્રાવકધર્મની યોગતા પ્રાપ્ત કરવા માટે લજ્જાળુ ગુણને ધારણ કરવો જોઈએ. લજ્જાળુ પુરૂષ દયાનું પાલન કરવા સમર્થ થાય છે. માટે હવે દયા ગુણને વર્ણવે છે.

---

१०. दशमो दया गुण.

मूल धम्मस्स दया, तयणुगयं सव्वमेवगुणट्ठाणम् ॥
सिद्धं जिणिंद समये, मग्गिज्जइ तेणिह दयालु ॥ १० ॥

ધર્મનું મૂળ દયા છે અને દયાને અનુકૂળજ સઘળું અનુષ્ઠાન જૈન શાસ્ત્રોમાં કહ્યું છે; માટે દયાળુપણું માગવા યોગ્ય છે.

આચારાંગ સૂત્રમાં શ્રીમહાવીરે નીચે પ્રમાણે કહ્યું છેઃ—

सेबेमि जे अइया जेय पडुपन्ना जे आगमिस्सा अरहंता भगवंतो ते सव्वे एवमाइक्खंति एवं भासंति एवं पन्नवेंति एवं परुवेंति सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता, न हंतव्वा, न अज्जावेयव्वा, न परितावेयव्वा, न उद्दवेयव्वा, एस धम्मे सुद्धे निइए सासए समिच्चलोयं खेयन्नेहिं पवेइए इत्यादि.

જે તીર્થંકરો ભૂતકાળમાં થયા, જે હાલ વર્તે છે અને જે આવતા કાળમાં થશે તે સર્વે આ રીતે બોલે છે, જણાવે છે, વર્ણવે છે અને પ્રરૂપણા કરે છે કે, સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ, અને સર્વ સત્વોને હણવા નહિ, તેમના પર હુકુમત ચલાવવી નહીં; તેમને પરિતાપ કરવો નહીં અને તેમને ઉપદ્રવ કરવો નહીં. આવો પવિત્ર અને નિત્ય ધર્મ, લોકોના દુઃખને જાણનાર શ્રી મહાવીર ભગવાને બતાવ્યો છે.

દયાની રક્ષા માટેજ બાકીનાં વ્રતો છે. કહ્યું છે કેઃ—

श्लोक.

अहिंसैव मता मुख्या स्वर्गमोक्षप्रसाधनी ॥
अस्याः संरक्षणार्थं च न्याय्यं सत्यादिपालनम् ॥ १ ॥

દેવગુરૂ અને મોક્ષને આપનારી શુદ્ધપણે દયાજ મનાઈ છે, દયાને કે જે મસ્તાદિ મનનું પાલન છે.

દયાના ઘણા ભેદ છે. સર્વ જીવોનું જે રક્ષણ ભણી કો છે તે રક્ષણ દયાનો અધિકારી બને છે. પઢમં નાણં તઓ દયા, પ્રથમં જ્ઞાનં તતો દયા પ્રથમ જ્ઞાન અને પશ્ચાત્ દયા સૂત્રોમાં પ્રતિપાદન કરી છે.

મનુષ્યો વગેરે જીવોનાં દુઃખો નિવારણ કરવા માટે પ્રથમ દયાની જરૂર છે. દયા વિના, કોઈનું પણ ભલું કરી શકાતું નથી. કેટલાક દયા, દયા પોકારે છે પણ દયાનું મર્મ સ્વરૂપ નહીં જાણવાને લીધે સમ્યક્ દયાથી પરાઙ્મુખ રહે છે. દયાના પરિણામવડે પ્રથમ પોતાના હૃદયની શુદ્ધિ થાય છે અને તેથી સર્વ જીવો પર દયાનો ભાવ પ્રસરે છે. સર્વ જીવોનો ઉદ્ધાર કરો. સર્વ જીવોને સુખ આપો. સર્વ જીવોનું યથાશક્તિ દુઃખ હરોઃ ઇ. ત્યાદિ દયાના પરિણામથી આત્માની ઉચ્ચતા પ્રાપ્ત થાય છે અને અન્ય જીવોને પણ ઉચ્ચ કરી શકાય છે. સર્વ પ્રકારના ધર્મોમાં દયા ધર્મ શ્રેષ્ઠ છે. દયાળુ મનુષ્ય કોઈના મનની લાગણીને દુઃખવતો નથી, દયાળુ મનુષ્ય કોઈની નિંદા કરતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના નિંદા થઈ શકતી નથી. દયાળુ મનુષ્ય કોઈના ઉપર વૈર કરતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના વૈર બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. દયાળુ પુરૂષ કદાપિકાલે કોઈનો વિશ્વાસઘાત કરતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના વિશ્વાસઘાત થતો નથી. હિંસાના પરિણામથીજ વિશ્વાસઘાત થાય છે. દયાળુ પુરૂષ કોઈને આળ દેતો નથી, કારણ કે હિંસાના પરિણામથીજ આળ દેવાય છે. દયાળુ પુરૂષ વ્યાપાર વગેરેમાં લોકોને ઠગતો નથી, કારણ કે વ્યાપાર વગેરેમાં હિંસાના પરિણામથીજ ઠગાઈ થાય છે. દયાળુ પુરૂષ કોઈને દગો દેતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના દગો દેવાતો નથી. દયાળુ પુરૂષ કદાપિકાલે કોઈ પણ મનુષ્યનું બુરૂં ઇચ્છતો નથી, કારણ કે હિંસાના પરિણામથીજ કોઈનું બુરૂં ઇચ્છાય છે. દયાળુ પુરૂષ કોઈનું અપમાન કરતો નથી, કારણ કે અન્યનું અપમાન કરવાથી તેને દુઃખ થાય છે અને વખતે મરી પણ જાય છે; તેથી હિંસાની સિદ્ધિ થાય છે. અન્યનું બુરૂં કરવાની ઇચ્છા તેજ એક પ્રકારની હિંસા સમજવી. દયાળુ પુરૂષ કોઈને કડવું વેણ કહેતો નથી, કારણ કે અન્યને કડવું વેણ કહેવાથી તેનો આત્મા દુઃખાય છે અને તેનો આત્મા ક્રોધ વગેરે હિંસાના પરિણામોને ધારણ કરે છે. દયાળુ પુરૂષ કોઈના છાના અગર અછતા દોષોને કહેતો નથી, કારણ કે હિંસાના પરિણામથીજ અન્યના દોષોને પ્રગટ કરાય છે. દયાળુ પુરૂષ મરે તે મનુષ્ય જાતિને

તિરસ્કાર આપતો નથી, કારણ કે તિરસ્કારથી અન્યનું મન દુઃખાય છે અને એનો આત્મા સદાકાળ બળ્યા કરે છે. શરીરના ઘા રૂઝે છે પણ વચનના ઘા રૂજતા નથી. દયાળુ પુરૂષ અન્યને શ્રાપ આપતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના શ્રાપ દેવાતો નથી. દયાળુ પુરૂષ કોઈની નિન્દા સાંભળતો નથી, કારણકે અન્યની નિન્દાને સાંભળવાથી કોઈ વખત જેની નિન્દા કરવામાં આવે છે તેની લાગણી દુઃખાય છે. દયાળુ પુરૂષ કોઈની જૂઠી સાક્ષી ભરતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના જૂઠી સાક્ષી પુરાતી નથી. દયાળુ પુરૂષની ચક્ષુમાંથી દુઃખી મનુષ્યોને દેખી અશ્રુઓ ખરે છે. લુલા, આંધળા, ગરીબ વગેરેને દેખી તેના મનમાં દયાનો ઝરો વહેવા માંડે છે. અજ્ઞાન વગેરે દોષોથી મનુષ્યો પીડાય છે. માટે દયાળુ પુરૂષ અન્ય મનુષ્યોમાં રહેલા અજ્ઞાન, દ્વેષ, ક્લેશ, શોક વગેરે દોષોજ મટાડવા ખરા દયાના પરિણામથી કાર્ય કરે છે. દયાળુ પુરૂષ કોઈના ઉપર તહોમત મૂકતો નથી, કારણ કે હિંસાના પરિણામ વિના તહોમત મૂકાતું નથી. દયાળુ પુરૂષ અન્ય જીવોના ઉપસર્ગોને પણ દયાનો પરિણામ રાખી સહન કરે છે. દયાળુ પુરૂષ આત્મભોગ આપીને અન્યોનો ઉદ્ધાર કરી શકે છે. તેથી શ્રાવકધર્મની પ્રાપ્તિ માટે દયા ગુણને સેવવો જોઈએ, કેમકે દયાળુ પુરૂષ માધ્યસ્થત્વ ગુણ ધારણ કરવા શક્તિમાન્ થાય છે.

---

११ अगीआरमो माध्यस्थ सौम्यदृष्टि गुण.

मज्झत्थसोमदिट्ठी, धम्मवियारं जहट्ठियं सुणइ ॥
कुणइ गुणसंपओगं, दोसे दूरं परिच्चयइ ॥ ११ ॥

માધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો પુરૂષ યથાર્થ ધર્મ વિચારને સાંભળે છે. તેમજ ગુણોની સાથે જોડાઈ દોષોનો દૂરથી ત્યાગ કરે છે. મધ્યસ્થ એટલે કોઈપણ દર્શનમાં પક્ષપાતરહિત અને પ્રદ્વેષ નહિ હોવાથી સૌમ્ય દૃષ્ટિ જેની છે તે માધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિવાળો પુરૂષ જાણવો. માધ્યસ્થ દૃષ્ટિવાળો સર્વ ધર્મવાળાઓની સભાઓમાં સર્વનું કથન સાંભળે છે અને તત્સંબંધી સર્વનું કહેવું કઈ કઈ દૃષ્ટિની અપેક્ષાએ સત્ય છે તેનો બરાબર વિચાર કરે છે અને કોઈના કહેવાપર રાગ અગર દ્વેષ કર્યા વિના સત્યને ગ્રહણ કરે છે. માધ્યસ્થ દૃષ્ટિવાળો પુરૂષ સત્ય અને અસત્યનો નિર્ણય કરવા સમર્થ થાય છે. તેવો મનુષ્ય જગતમાં અનેક પન્થોના ધર્મ સંબંધી પુસ્તકોને વાંચે છે પણ ત્યાર

દૃષ્ટિથી સત્યનું ગ્રહણ કરે છે. મ્હારૂં તે સાચું એવી માન્યતા ધારણ કરતો નથી પણ સાચું તે મ્હારૂં એવી માન્યતાને ધારણ કરે છે. અને ધર્મ સંબંધી ભિન્ન ભિન્ન માન્યતાઓ સાંભળવામાં આવે પણ તેથી એકદમ કોઈની નિન્દા કરવા બેસી જતો નથી, તેમજ કોઈની માન્યતા સંબંધી વિચાર સાંભળીને તેના પર દ્વેષ કરતો નથી, તેથી તેની મુખાકૃતિ પણ શાન્ત દેખાય છે અને તેનું વચન પણ નિષ્પક્ષપાતપણાથી સર્વને અસર કરે છે. માધ્યસ્થ દૃષ્ટિથી તેના હૃદયમાં સત્ય વિવેક સ્ફુરી આવે છે અને તેથી તે ન્યાયબુદ્ધિથી યુક્તિપુરઃસર સ્વતન્ત્ર વિચારોને દર્શાવી શકે છે. માધ્યસ્થ દૃષ્ટિવાળો પુરૂષ દરેક ધર્મમાં જે જે અંશે સત્ય રહ્યું હોય છે, તે જોવા શક્તિમાન્ થાય છે. માધ્યસ્થ દૃષ્ટિથી રાગદ્વેષના પક્ષમાં પતન થતું નથી, પણ સત્યના સન્મુખ ગમન થાય છે. માધ્યસ્થ દૃષ્ટિવાળો સત્યને શીઘ્ર ગ્રહણ કરી શકે છે. જ્યારે ત્યારે પણ માધ્યસ્થદૃષ્ટિ પ્રાપ્ત કર્યા વિના સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ થતી નથી; કેટલીક વખત પ્રથમથી કોઈના પર દ્વેષ બંધાઈ જાય છે તો તેમાં રહેલા ગુણો પણ અવગુણો તરીકે ભાસે છે. કેટલીક વખત કોઈના ઉપર એકાન્ત રાગ બંધાઈ જાય છે તો તેના દુર્ગુણો પણ ગુણ તરીકે ભાસે છે અને તેથી માધ્યસ્થ દૃષ્ટિથી જે દેખવાનું હોય છે અને તેથી જે પદાર્થનો નિશ્ચય થાય છે તેની ગંધ પણ અનુભવમાં આવતી નથી. અમુક મારા કુળની માન્યતા ખરી છે આવો તે માન્યતા ઉપર પ્રથમથીજ એકાન્તે રાગ થવાથી તેના કરતાં અન્ય ઉચ્ચ માન્યતાઓ કોઈ જણાવે છે તો તેના પર રૂચિ પેદા થતી નથી. પ્રથમથીજ અમુક વ્યક્તિપર રાગ બંધાઈ જાય છે તો પશ્ચાત્ અનેક સુયુક્તિઓ આપવામાં આવે તોપણ અન્ય વસ્તુની પ્રિયતા ભાસતી નથી. રાગદૃષ્ટિથી કોઈ પણ પદાર્થ જોતાં તેમાં વસ્તુતઃ જેવો ધર્મ રહ્યો છે તેવો જણાતો નથી, માટે મનુષ્યોએ રાગ અને દ્વેષ વિનાની માધ્યસ્થ-દૃષ્ટિથી સર્વ આગમનો વિચાર કરવો. રાગ અને દ્વેષ વિનાની દૃષ્ટિથી વિચાર કરતાં મુખની આકૃતિ શાન્ત રહે છે, હૃદય પણ શાન્ત રહે છે અને વિવેકનો પ્રકાશ વધતો જાય છે. જગતમાં માધ્યસ્થ દૃષ્ટિવાળો પુરૂષ સર્વના સંબંધમાં આવે છે અને સર્વ લોકોના મન પર તે સારી અસર કરી શકે છે. જગદ્વ્યવહારમાં તે ઉચ્ચ દૃષ્ટિવાળો બને છે અને તેથી તે શ્રાવક ધર્મને યોગ્ય થાય છે, માટે ભવ્ય મનુષ્યોએ માધ્યસ્થ દૃષ્ટિ અને સૌમ્ય ગુણને હૃદયમાં ખીલવવા સદાકાળ પ્રયત્ન કરવો. આવો પુરૂષ ગુણાનુરાગ ગુણ ખીલવવા અધિકારી બને છે, માટે માધ્યસ્થ ગુણ કહ્યા બાદ ગુણાનુરાગ ગુણ કહે છે.

१२. बारमो गुणानुरागगुण.

गुणरागी गुणवन्ते, बहुमन्नइ निग्गुणे उवेहेइ ॥
गुणसंगहेपवत्तइ, संपत्तगुणं न मइलेइ ॥ १२ ॥

ગુણાનુરાગી પુરૂષ ગુણવંતોનું બહુ માન કરે છે અને નિર્ગુણોની ઉપેક્ષા કરે છે. ગુણના સંગ્રહમાં પ્રવૃત્તિ કરે છે અને પામેલા ગુણને મલીન કરતો નથી. ગુણાનુરાગી યતિ અને શ્રાવકોના ગુણોને દેખવા સમર્થ થાય છે. ગુણીઓના ગુણનું બહુ માન કરવું એનો અર્થ એવો થતો નથી કે જે દુર્ગુણીઓ હોય તેની નિન્દા કરવી. "શત્રુમાં પણ ગુણો હોય તો કહેવા અને ગુરૂમાં પણ દોષ હોય તો તે કહી બતાવવા" આવું કોઈ તરફથી કહેવામાં આવે તો તે સત્ય નથી, કેમકે ગમે તે મનુષ્યોમાં દોષો હોય પણ તે કહેવા યોગ્ય નથી, તેથી વિવેકવંતોએ સમજવું કે નિર્ગુણીઓની પણ કદી નિન્દા કરવી નહીં. ગુણાનુરાગી પુરૂષ પોતે સંક્લિષ્ટ ચિત્તવાળો નહીં હોવાથી તેવાઓની પણ નિન્દા કરતો નથી. કહ્યું છે કેઃ—

॥ श्लोक ॥

सन्तोप्यसन्तोऽपि परस्य दोषा, नोक्ताः श्रुता वा गुणमावहन्ति ॥
वैराणि वक्तुः परिवर्धयन्ति, श्रोतुश्च तन्वन्ति परां कुबुद्धिम् ॥ १ ॥

છતા કે અછતા પારકા દોષ કહેતાં કે સાંભળતાં કશો ગુણ થતો નથી. તેઓને કહી બતાવતાં વૈરની વૃદ્ધિ થાય છે અને સાંભળતાં કુબુદ્ધિ આવે છે. એક મનુષ્યમાં સર્વ પ્રકારના ગુણો મળી શકતા નથી. સાધુ અગર શ્રાવક વર્ગમાં જે જે ગુણો જે જે અંશે હોય તેને દેખી સાંભળી પ્રમોદભાવના ધારણ કરવી. અવગુણો સાંભળવામાં અગર કહેવામાં કંઈ પણ ચતુરાઈ નથી પણ ગુણો જોવામાં અગર કહેવામાં ચતુરાઈ છે. વીતરાગવિના છદ્મસ્થ જીવોમાં સર્વ ગુણો હોતા નથી. જીવો અન્યના ગુણોની પ્રશંસા કરી તે તે ગુણોને પ્રાપ્ત કરે છે અને અન્યના દુર્ગુણોને કહી તે તે પ્રકારના દુર્ગુણોને પામે છે. કોઈ પણ જીવમાં કોઈ ગુણ પામવો તે મહા આશ્ચર્યની વાત છે, કહ્યું છે કેઃ—

તેના મનમાં ગુણોનેજ વધારવાની જિજ્ઞાસા વધે છે. ગુણાનુરાગી ગુણવડે નીચ જાતમાં જન્મેલો હોવા છતાં ઉચ્ચ કહેવાય છે અને ઉચ્ચ જાતમાં જન્મેલો પણ ગુણાનુરાગ વિના નીચ કહેવાય છે. ગુણને ગાનાર, બોલનાર, ગ્રહનાર મનુષ્ય ઉચ્ચ છે અને દોષને કહેનાર, ગ્રહનાર મનુષ્ય કાગડાની પેઠે નીચ છે, ગુણાનુરાગી સર્વ જીવોની સાથે ભ્રાતૃભાવ રાખી શકે છે અને તે સર્વ શત્રુઓને પણ પોતાના આત્માના જેવા પોતાના પ્રસંગમાં આવતાં બનાવે છે. ગુણાનુરાગીની આંખે ગુણોજ દેખાય છે. તેના હૃદયની ઉચ્ચતા ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામે છે. ગુણાનુરાગીના મનમાં તથા વચનમાં અમૃત વસે છે. ગુણાનુરાગી ગમે તેવા પ્રસંગોમાં પણ પોતાના આત્માને દુર્ગુણના ખાડામાં ધકેલી દેતો નથી. ગુણાનુરાગી ગુણ તથા દોષ બેને દેખે છે, જાણે છે, છતાં દુર્ગુણો તરફ તેનું લક્ષ રહેતું નથી, પણ ફક્ત ગમે તેના સદ્‌ગુણો તરફ તેનું લક્ષ રહે છે. ગુણાનુરાગી ચંદ્રમાની પેઠે જગતમાં પ્રિય થઈ પડે છે અને તેના તરફ લોકોનું સ્વાભાવિકરીતે વલણ ખેંચાય છે. ગુણાનુરાગી ધર્મદ્વારમાં પ્રવેશ કરે છે અને હજારોને કરાવે છે. ગમે તેવો રૂપવંત પુરૂષ હોય પણ નાકે ચાઠું પડયું હોય તો તે શોભતો નથી. ગમે તેવો વિદ્વાન્ હોય, ગમે તેવો વક્તા હોય, ગમે તેવો ઉચ્ચ હોય, પણ જો તે ગુણાનુરાગી ન હોય તો તે જગતમાં શોભા પામી શકતો નથી. શ્રીકેવલી પ્રભુ સર્વજ્ઞદૃષ્ટિથી સર્વ મનુષ્યોના ગુણો અને દોષોને જાણે છે છતાં પણ કોઇના દોષોને પ્રકાશતા નથી, (જ્યારે મનુષ્ય, પૃચ્છા કરે છે ત્યારે જેવાં કર્મ કર્યાં હોય છે તે તે વ્યક્તિને કહે છે.) નિર્ગુણી હોય તે ગુણીને ઓળખી શકતો નથી. ગુણાનુરાગ વિના ગમે તેવો મનુષ્ય જગતમાં શાંતિને પામી શકતો નથી, અને અન્યને શાન્તિમાં સહાયક બની શકતો નથી, માટે ગુણાનુરાગ ધારણ કરવો કે જેથી શ્રાવક ધર્મની યોગ્યતા મળે. ગુણાનુરાગ સંબંધી વિશેષ હકીકત વાંચવી હોય તો **अस्मदीयकृत गुणानुराग कुलक विवेचन** વાંચવું. ગુણાનુરાગી સત્કથા કરનારો હોય છે માટે ગુણાનુરાગ પશ્ચાત્ **सत्कथनगुण**નું વિવેચન કરાય છે.

---

૧૩. तेरमो सत्कथन गुण.

नासइ विवेगरयणं, असुहकहासंगकलुसियमणस्स ॥
धम्मोविवेगसारुत्ति, सक्कहो हुज्ज धम्मथ्थी ॥ १३ ॥

અશુભ કથા પ્રસંગથી કલુષિત મનવાળાનું વિવેકરત્ન, નાશ પામે છે. ધર્મ તો વિવેક સાર છે. માટે ધર્માર્થી પુરૂષે સત્કથા કરવી જોઈએ. હેય, જ્ઞેય અને ઉપાદેયના સમ્યગ્જ્ઞાનને વિવેક કહે છે. સારી અને ખોટી વસ્તુનું જે જ્ઞાન થાય છે તે વિવેક રત્ન ગણાય છે. અશુભ વાર્તાઓથી વિવેક રત્નનો નાશ થાય છે. જે વાતો કરવાથી પોતાનું શુભ ન થાય અને ઉલટી અનેક પ્રકારની પોતાને તથા અન્યને હાનિ પ્રાપ્ત થાય તેને અસત્ કથાઓ (વિકથાઓ) કહે છે: ઘણા લોકો ચૌટામાં કોઈની દુકાને બેસીને ગામ આડાઅવળા તડાકાઓ માર્યા કરે છે અને પોતાના જીવનની નિષ્ફળતા કરે છે અને અન્યોને તેઓ ઉપદ્રવરૂપ થઈ પડે છે. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એ કહેવત અનુસારે નવરા બેસી રહેલા ગમે તે વખતના ગપ્પો અનેક પ્રકારની નિન્દા—ટીકાટીપ્પણ આડીઅવળી વાર્તાઓ મારે છે અને તેથી તેઓ ઘણાઓના દુશ્મનો બને છે. વિના પ્રયોજને કેટલાક અન્ય મનુષ્યોના પોશાકપર તથા વર્તનપર ટીકાઓ કર્યા કરે છે, તેમાં તેઓનું કાંઈ વળતું નથી અને સામાઓને પોતાના પ્રતિપક્ષી બનાવે છે. જે નકામી કુથલી કરે છે તે પોતાનું તથા પરનું કલ્યાણ કરી શકતો નથી. કેટલાક લોકોમાંથી વાતો ઉપજાવી કાઢી એવી વખતે ગમે તે બાબતમાં એક મોટી ભયંકરતા ઉપજાવે છે અને તેમાં હજારો જીવોનું કેટલીક વખત અકલ્યાણ થાય છે. કેટલાક રાજ્ય સંબંધી અશુભ વાર્તાઓને કરે છે અને તેથી પોતે અનેક પ્રકારના સંકટમાં સપડાય છે. અસત્ કથા કરનારો પ્રાયઃ ઘણા લોકોમાં અપ્રિય થઈ પડે છે. અસત્ કથા કરનાર કદાપિ સત્કથા કરે છે, તોપણ તેનાપર કોઈના વિશ્વાસ આવતો નથી. પોતાના આત્માને અને પરના આત્માને ન્યાયપુરસ્સર જે વાતો કરવાથી લાભ થાય છે તેવી કથાઓ કરવાનો અભ્યાસ પાડવો જોઈએ. જે વાતોમાં પોતાનો અધિકાર નથી અને જે વાતો કરવાથી અંશ માત્ર પણ પોતાનું ભલું થતું નથી તેવી અસત્ વાતોને વિવેકી પુરૂષ કદાપિ કાળે કરતો નથી. કેટલીક વખત તો ક્લેશકારક વાતો કરવાથી નાતજાત અને આખી સમાજમાં અશાંતિ ફેલાય છે. માટે ગૃહસ્થ મનુષ્યોનો ધર્મ છે કે નીતિના આધાર આદિને અનુસરી પ્રેમ વાર્તાલાપ કરવો, તેમજ મોટા મોટા સત્પુરૂષોના ઉચ્ચ ચરિત્રની કથાઓ કરવી, કે જે કથાઓ સાંભળીને અન્ય લોકો પણ પોતાનું જીવન ચરિત્ર સુધારે અને ધર્મના માર્ગમાં દોરાય. અસત્ (ખરાબ) વાર્તાઓ કરનારાઓના મનમાં એવી તો ખરાબ વિચારોની અસર થાય છે કે તેઓ સત્પુરૂષો ના સાધુઓની પાસે જઈને પણ એવીજ વાર્તાઓ બોલીને તેઓને કંટાળે

આપે છે. અને તેઓ સાધુઓની પાસેથી કંઈ પણ ધર્મતત્ત્વ ગ્રહણ કરી આવતા નથી. પુરૂષો અને સ્ત્રીઓમાં નકામી કુથલી કરવાની ટેવો વધી પડવાથી તેઓ જેઓની વાતો કરે છે તેઓને અન્યાય આપે છે અને તેઓનાં દીલ દુઃખવે છે અને પોતાનું હૃદય મલીન બનાવે છે. પ્લેગના દરદી વગેરે પાસે રહેવાથી જેમ કોઈ વખતે ખરાબ હવાનો સ્પર્શ થાય છે, તેમ એવા અસતકથા કરનારાઓની પાસે રહેવાથી કોઈ વખત અસત્ કથા કરવાનો દોષ લાગે છે. ધર્મની કથાઓનો સત્ કથામાં અન્તર્ભાવ થાય છે. ગુરૂની નિન્દાની વાત, દેવની નિન્દાની વાત, ધર્મની નિન્દાની વાત, કોઈના ઉપર કલંક ચઢે તેવી વાત, કોઇની પાયમાલી થઈ જાય; તેવી વાત ઇત્યાદિ વાર્તાઓને અસત્ કથાઓ કહેવામાં આવે છે; શાસ્ત્રાધારે કોઈ પણ તત્ત્વના બોધ માટે કથાઓ કરવામાં આવે છે તેને **સત્કથા** કહે છે. દેવ, ગુરૂ અને ધર્મ સંબંધી જે જે કથાઓ કરવામાં આવે છે તેને સત્કથાઓ કહે છે. માર્ગાનુસારિના ગુણો વગેરેની પ્રાપ્તિ જેનાથી થાય એવી કથાઓને પણ સત્કથાઓ કહેવામાં આવે છે; એવી સત્કથા કહેનારાઓ સદ્ધર્મરત્ન પામવા યોગ્ય થાય છે. સત્કથા કરનાર પોતના ઉચ્ચવર્તનના યોગે સુપક્ષયુક્ત બને છે, માટે હવે સુપક્ષગુણને વર્ણવે છેઃ—

१४ चौदमो सुपक्षयुक्तपणारूपगुण.

अणुकूल धम्मसीलो—सु समायारोय परियणो जस्स ॥
एस सुपक्खो धम्मं, निरंतरायं तरइ काउं ॥ १४ ॥

જેનો પરિવાર અનુકૂળ, ધર્મશીલ અને સદાચારયુક્ત હોય તે સુપક્ષ કહેવાય છે. તેવો પુરૂષ નિર્વિઘ્નપણે ધર્મ સાધી શકે છે.

અનુકૂળ પરિવાર, ધર્મનાં કાર્ય કરતાં ઉત્સાહ ધરાવનાર અને મદદકાર રહે છે. ધર્મ કરતાં છતાં અનુકૂળ પરિવાર, કદી વિઘ્ન નાખનો નથી. જેના પક્ષમાં ઘણા મનુષ્યો હોય છે તેઓ ધર્મનાં અનેક કાર્યો કરી શકે છે અને તેઓને કોઇ વિઘ્ન નાખી શકતું નથી. સુપક્ષવાળો ધર્મનાં મહાન્ કાર્યો કરી શકે છે. સુપક્ષવાળો અનેક ધર્મની સંસ્થાઓને ઉભી કરી શકે છે અને લાખો મનુષ્યોને ધર્મના માર્ગે ચઢાવી શકે છે. સુપક્ષવાળો જે જે કાર્ય ઉપાડે છે તે પાર પાડી શકે છે. સુપક્ષવાળાની સામે પડતાં દુર્જનો પણ

તે તે કાર્યો અન્ય લોકો પ્રશંસે છે અને તેને સાબાશી આપે છે. દીર્ઘદૃષ્ટિ પુરૂષ ભવિષ્યકાલ સંબંધી અનેક લાભોને પ્રાપ્ત કરે છે અને ભાવિ અનેક દુઃખોની પેલી પાર ઉતરી જાય છે; તેવા ગૃહસ્થો, વ્યાપાર, ગમનાગમન અને વિવાહ વગેરેમાં ભવિષ્યકાળ સંબંધી પૂર્ણ વિચાર કરી વર્તે છે; કોઈના કહેવાથી એકદમ ભવિષ્યનો વિચાર કર્યા વિના કોઈ પણ કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી. રાજ્યવ્યવહાર, વ્યાપાર અને હુન્નર, આદિ અનેક કાર્યોમાં મોટા મોટા પુરૂષો પણ તેની સલાહ લે છે, તેથી દીર્ઘદર્શી પુરૂષ, જગત્વ્યવહારમાં પણ ઉચ્ચ પદવીનો ભોક્તા બને છે. તે અનેક પુરૂષોને પોતાના વિચાર પ્રમાણે ચલાવી શકે છે. દીર્ઘદૃષ્ટિવાળો પુરૂષ ધર્મનાં કાર્યો પણ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને કરે છે, તેથી તે ધર્મરત્ન યોગ્ય ગણાય છે. દીર્ઘદર્શી પુરૂષ વિશેષજ્ઞ ગુણ પ્રાપ્ત કરવાને માટે અધિકારી બની શકે છે, માટે દીર્ઘદર્શિત્વ ગુણ કથા બાદ વિશેષજ્ઞ ગુણ કહે છે.

१६ सोल्मो विशेषज्ञ गुण.

वत्थूणं गुणदोसे लक्खेइ अपक्खवायभावेणं ॥
पायेण विसेसन्नू, उत्तमधम्मारिहो तेण ॥ १६ ॥

વિશેષજ્ઞ પુરૂષ અપક્ષપાત ભાવથી વસ્તુઓના ગુણ દોષોને જાણી શકે છે, માટે ઘણું કરીને તેવો પુરૂષજ ઉત્તમ ધર્મયોગ્ય ગણાય છે. મધ્યસ્થ ભાવથી દરેક દર્શનોને વિશેષપણે જાણે છે અને તેની શ્રદ્ધા કરે છે.

કોઈ પણ બાબતમાં વિશેષજ્ઞ મનુષ્ય પડે છે તો તેનો તે પૂર્ણ નિર્ણય કરે છે. સિદ્ધાન્તોમાં કહેલાં તત્ત્વોને તે સારી રીતે જાણે છે અને તેથી પક્ષપાત વિના સત્ય વાતનો નિર્ણય કરીને અન્ય મનુષ્યોને પણ તે માર્ગે દોરે છે. પક્ષપાત વિનાનો જે વિશેષજ્ઞ હોય તેજ વિશેષજ્ઞ જાણવો. પક્ષપાતી, વસ્તુની બરાબર પરીક્ષા કરી શકતો નથી અને તે પોતે જે વાત માની લીધી હોય છે તેનું સમર્થન કરે છે. તે પક્ષપાતથી ગમે તેવો પક્ષ લે છે તેનેજ સિદ્ધ કરી બતાવે છે, માટે પક્ષપાતરહિત વિશેષજ્ઞ ગુણ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે એમ ખાસ સમજવું. પક્ષપાતી પોતે સત્યથી દૂર રહે છે અને અન્યોના હાથમાં પણ સત્ય આવવા દેતો નથી. કહ્યું છે કે:-

॥ श्लोक ॥

आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ॥
पक्षपातरहितस्य तु युक्तिः, यत्र तत्र मतिरेति निवेशं ॥ १ ॥

તે તે કાર્યો અન્ય લોકો પ્રશંસે છે અને તેને સાબાશી આપે છે. દીર્ઘદષ્ટિ પુરૂષ ભવિષ્યકાલ સંબંધી અનેક લાભોને પ્રાપ્ત કરે છે અને ભાવિ અનેક દુઃખોની પેલી પાર ઉતરી જાય છે; તેવા ગૃહસ્થો, વ્યાપાર, ગમનાગમન અને વિદ્યા વગેરેમાં ભવિષ્કાળ સંબંધી પૂર્ણ વિચાર કરી વર્તે છે; કોઇના કહેવાથી એકદમ ભવિષ્યનો વિચાર કર્યા વિના કોઇ પણ કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી. રાજ્યવ્યવહાર, વ્યાપાર અને હુન્નર, આદિ અનેક કાર્યોમાં મોટા મોટા પુરૂષો પણ તેની સલાહ લે છે, તેથી દીર્ઘદર્શી પુરૂષ, જગત્વ્યવહારમાં પણ ઉચ્ચ પદવીનો ભોક્તા બને છે. તે અનેક પુરૂષોને પોતાના વિચાર પ્રમાણે ચલાવી શકે છે. દીર્ઘદષ્ટિવાળો પુરૂષ ધર્મનાં કાર્યો પણ દીર્ઘદષ્ટિથી વિચાર કરીને કરે છે, તેથી તે ધર્મરત્ન યોગ્ય ગણાય છે. દીર્ઘદર્શી પુરૂષ વિશેષજ્ઞ ગુણ પ્રાપ્ત કરવાને માટે અધિકારી બની શકે છે, માટે દીર્ઘદર્શિત્વ ગુણ કહ્યા બાદ વિશેષજ્ઞ ગુણ કહે છે.

---

१६ सोलमो विशेषज्ञ गुण.

वत्थूणं गुणदोसे लक्खेइ अपक्खवायभावेणं ॥
पायेण विसेसन्नू, उत्तमधम्मारिहो तेण ॥ १६ ॥

વિશેષજ્ઞ પુરૂષ અપક્ષપાત ભાવથી વસ્તુઓના ગુણ દોષોને જાણી શકે છે, માટે ઘણું કરીને તેવા પુરૂષજ ઉત્તમ ધર્મયોગ્ય ગણાય છે. મધ્યસ્થ ભાવથી દરેક દ્રવ્યોને વિશેષપણે જાણે છે અને તેની શ્રદ્ધા કરે છે.

કોઇ પણ બાબતમાં વિશેષજ્ઞ મનુષ્ય પડે છે તો તેનો તે પૂર્ણ નિર્ણય કરે છે. સિદ્ધાન્તોમાં કહેલાં તત્ત્વોને તે સારી રીતે જાણે છે અને તેથી પક્ષપાત વિના સત્ય વાતનો નિર્ણય કરીને અન્ય મનુષ્યોને પણ તે માર્ગે દોરે છે. પક્ષપાત વિનાનો જે વિશેષજ્ઞ હોય તેજ વિશેષજ્ઞ જાણવો. પક્ષપાતી, વસ્તુની બરાબર પરીક્ષા કરી શકતો નથી અને તે પોતે જે વાત માની લીધી હોય છે તેનું સમર્થન કરે છે. તે પક્ષપાતથી ગમે તેવો પક્ષ લે છે તેનેજ સિદ્ધ કરી બતાવે છે, માટે પક્ષપાતરહિત વિશેષજ્ઞ ગુણ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે એમ અત્ર સમજવું. પક્ષપાતી પોતે મનથી દૂર રહે છે અને અન્યોના હાથમાં પણ સત્ય આવવા દેતો નથી. કહ્યું છે કેઃ—

॥ श्लोक ॥

आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ॥
पक्षपातरहितस्य तु युक्ति, र्यत्र तत्र मतिरेति निवेशं ॥ १ ॥

છે. અનેકાન્તનયથી સર્વ પદાર્થોનું સ્વરૂપ સમજવાને માટે વિશેષજ્ઞ ગુણની આવશ્યકતા છે અને તેથી ધર્મની પ્રાપ્તિ થાય છે. જે ગુરૂપાસે તત્વનો અભ્યાસ કરતો નથી, અનેક અપૂર્વ શાસ્ત્રોને સાંભળતો નથી, તે વિશેષજ્ઞ બની શકતો નથી માટે ગુરૂપાસે અનેક શાસ્ત્રોનું શ્રવણ કરવું, તેમજ અનેક પુસ્તકોને અધિકાર પ્રમાણે વાંચવાં અને તે ઉપર પૂર્ણ મનન કરવું કે જેથી વિશેષજ્ઞ ગુણ પ્રાપ્ત થાય.

વિશેષજ્ઞગુણની પ્રાપ્તિ માટે વૃદ્ધાનુગ થવાની જરૂર છે. વૃદ્ધ પુરૂષોને અનુસરવાથી ઘણું જાણી શકાય છે, માટે હવે વૃદ્ધાનુગ ગુણનું વિવેચન કરે છે.

---

१७ सतरमो वृद्धानुग गुण.

वुढो परियणवुद्धी, पावायारे पवत्तइ नेव ॥
वुढणुगोवि एवं, संसग्गकिया गुणा जेण ॥ १७ ॥

વૃદ્ધ મનુષ્ય પાકી બુદ્ધિવાળો હોવાથી પાપાચારમાં પ્રવર્તતો નથી, તેથી વૃદ્ધને અનુસરીને ચાલનાર પણ પાપાચારમાં પ્રવર્તતો નથી, કારણ કે સોબત પ્રમાણે ગુણો આવે છે.

પરિપક્વ બુદ્ધિવાળાને વૃદ્ધ પુરૂષ કહે છે, કારણ કે તેવો પુરૂષ અનેક અનુભવોવડે ઘડાયલો હોય છે. વૃદ્ધ પુરૂષોનું લક્ષણ નીચે પ્રમાણે જાણવું.

॥ श्लोक ॥

तपःश्रुतधृतिर्ध्यान विवेकयमसंयमैः ॥
ये वृद्धास्तेऽत्र शस्यन्ते, न पुनः पलिताङ्कुरैः ॥ १ ॥

જેઓ તપ, શ્રુત, ધૈર્ય, ધ્યાન, વિવેક, યમ અને સંયમવડે વધેલા હોય તેજ અત્ર વૃદ્ધ જાણવા અને તેજ વખણાય છે, પણ ધોળા વાળવડે વૃદ્ધપણું કંઈ ગુણો વિના આવી જતું નથી. વળી કહ્યું છે કેઃ—

॥ श्लोक ॥

सत्तत्त्वनिकषोद्भूतं विवेकालोकवर्धितम् ॥
येषां बोधमयं तत्त्वं, वृद्धा विदुषां मताः ॥ १ ॥

ખરા તત્વરૂપ કસોટીથી પ્રગટેલું અને વિવેકરૂપ પ્રકાશથી વૃદ્ધિ પામેલું જ્ઞાનમય તત્ત્વ જેઓએ પ્રાપ્ત કર્યું હોય, તેજ વૃદ્ધો પંડિતોને માનવા યોગ્ય છે. વળી કહ્યું છે કે—

વૃદ્ધને અનુસરનારા મનુષ્યોની હથેલીમાં સંપદા આવે છે. વૃદ્ધોપદેશ આગબોટ સમાન છે. વૃદ્ધપણાથી પ્રાપ્ત થએલ વિવેકરૂપ વજ્ર મનુષ્યોમાં રહેલ મિથ્યાત્વાદિક પર્વતોને તોડવા સમર્થ થાય છે. સૂર્યના કિરણોની માફક વૃદ્ધ સેવાથી મનુષ્યોનું અજ્ઞાનરૂપ અંધકાર ક્ષણવારમાં વિલય પામે છે. વૃદ્ધસેવામાં તત્પર રહેનારા મનુષ્યો સઘળી વિદ્યાઓમાં કુશળતા મેળવે છે અને વિનય ગુણમાં તો અનાયાસે કુશળતા પ્રાપ્ત કરે છે જ્ઞાન ધ્યાનાદિકથી રહિત છતાં પણ જે પુરૂષ વૃદ્ધને પૂજે છે તે સંસારરૂપ અટવીને ઉલ્લંઘી જાય છે. તીવ્ર તપ કરતો થકો અને સકળ શાસ્ત્ર ભણતો થકો પણ જે વૃદ્ધોની અવજ્ઞા કરે છે તે કશું કલ્યાણ મેળવી શકતો નથી. લોકમાં એવું કોઇ ઉત્તમ ધામ નથી, તથા જગત્માં અખંડ એવું કોઈ સુખ નથી, કે જે વૃદ્ધસેવા કરનાર મેળવી શકે નહીં. જેને પામીને મનુષ્યોની સ્વપ્નમાં પણ દુર્ગતિ થતી નથી તે વૃદ્ધસેવા સદાકાલ વિજયવન્તી રહો.

વૃદ્ધ પોપટના ઉપદેશને જેમ જુવાન પોપટોએ નહોતો માન્યો તો તેથી તેઓ જાળમાં ફસાયા અને અન્તે વૃદ્ધ પોપટના ઉપદેશથી છૂટયા. તેમ ભવ્ય મનુષ્યોએ જ્ઞાનાદિકમાં વૃદ્ધ એવા પુરૂષોની સલાહ તેમજ ઉપદેશને અનુસરી ચાલવું. તેવા વૃદ્ધોની પાસે બેસી અનેક અનુભવોની વાતો સાંભળવી, કેમકે તેવા વૃદ્ધ પુરૂષોની વાતોમાં અમૂલ્ય ઉપદેશ રહસ્ય રહ્યું છે. તેઓએ પોતાની જીંદગીમાં જે જે અનુભવો મેળવ્યા હોય છે તે સર્વે પ્રસંગોપાત્ત જણાવે છે અને તેથી કોઇ વખત વિદ્યુત્ની પેઠે સેવા કરનારાઓના મનમાં અસર થાય છે. દરેક બાબતમાં જ્ઞાનદ્વારા અનુભવ પામેલા વૃદ્ધો જીવતા શાસ્ત્રોની પેઠે મનુષ્યોને ઉપકાર કરે છે. દરેક કાર્ય કરવામાં લાભ અને અલાભ શો સમાયો છે તે વૃદ્ધ પુરૂષોની સેવાથી જાણવા મળે છે. વકીલની પરીક્ષામાં પાસ થતાં પણ જેમ અન્ય વકીલ પાસે રહી ધંધાનો અનુભવ મેળવવો પડે છે તેમ દરેક વિદ્યામાં હુંશિયાર થએલાને પણ તે તે કાર્યોમાં પરિપક્વ બુદ્ધિવાળા વૃદ્ધ પુરૂષોની સેવા કરવી પડે છે. જે કાર્યને જે પુરૂષો કરે છે તેઓ તે કાર્યના અનુભવી ગણાય છે, તેથી તે તે કાર્યના તેઓ વૃદ્ધ ગણાય છે. ચારિત્રની બાબતમાં પણ જેણે જ્ઞાનપૂર્વક ચારિત્ર લેઈ પાળ્યું હોય છે, તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે ચારિત્ર સંબંધી પરિપક્વ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી તે ચારિત્રમાં વૃદ્ધ પુરૂષ ગણાય છે. ચારિત્ર સંબંધી અનેક પુસ્તકો વાંચીને પણ તેવા પુરૂષોની સેવા કરવાથીજ, પકું અનુભવ બને છે. દરેક બાબતોમાં વૃદ્ધની સેવા કરનાર વિજયવંત નીવડે છે, તેથી વૃદ્ધાનુગ પુરૂષ અનેક ગુણોને ધારણ કરવા સમર્થ થાય છે અને તેથી તે ધર્મરત્નને યોગ્ય બને છે.

विणओ सव्वगुणाणं, मूलं सन्नाण दंसणाईणं

मुक्खस्सय ते मूलं, तेण विणओ इह पसत्थो ।

જ્ઞાન, દર્શન અને ચારિત્ર [illegible]
તે મુખ્ય [illegible] છે. [illegible] વિનય [illegible] વિનય
[illegible] કરીને [illegible] વિનય [illegible]
કર્યો વિનયનું તેનું [illegible]

વિનયના ભેદ.

દર્શનવિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય, તપવિનય અને ઔપચારિક વિનય એ વિનયના [illegible]

ક્ષાયિક ભાવની [illegible] દર્શનવિનય કહેવાય છે. તેઓનું જ્ઞાન [illegible] જ્ઞાનવિનય કહેવાય છે. [illegible] ચારિત્રવિનય કહેવાય છે. [illegible] તપવિનય કહેવાય છે. [illegible] સાધુઓએ મહર્ષિઓનો વિનય કરવો [illegible] વિનય કરવો. ચારિત્રીનો વિનય કરવો. તપસ્વીનો વિનય કરવો.

ઔપચારિક વિનયના [illegible] (૧) પ્રતિરૂપ યોગયુંજનરૂપ વિનય, (૨) [illegible] વિનય.

પ્રતિવિનય ત્રણ પ્રકારનો છે: કાયિક, વાચિક અને માનસિક. તેમાં કાયિક વિનય આઠ પ્રકારનો છે, વાચિક વિનય ચાર પ્રકારનો છે અને માનસિક વિનય બે પ્રકારનો છે.

કાયિક વિનયના આઠ પ્રકાર નીચે મુજબ છે. ગુણવાન્ પુરુષ આવે ત્યારે ઉઠીને સામા જવું તે અભ્યુત્થાનવિનય, તેના સામું હાથ જોડી ઉભા રહેવું તે અંજલિપ્રગ્રહ વિનય, તેમને આસન આપવું તે આસનપ્રદાન વિનય, તેમની નીચ વસ્તુ બે હાથે ગ્રહણ કરી તે અભિગ્રહ વિનય, તેમને વંદન કરવું તે કૃતિકર્મ વિનય, તેમની આજ્ઞા સાંભળવા તૈયાર રહેવું તે

શુશ્રૂષા વિનય, તેમની પાછળ જવું તે અનુગમન વિનય અને પગચંપી વગેરે તેમનાં જે જે કાર્ય કાયાવડે સાધવા યોગ્ય હોય તે સાધવાં તે સંસાધન વિનય જાણવો.

વાચિક વિનયના ચાર પ્રકાર નીચે મુજબ છે. હિતકારી બોલવું, ખપ જેટલું બોલવું, મધુર બોલવું, અનુસરતું બોલવું.

માનસિક વિનયના બે ભેદ નીચે મુજબ છે. ખરાબ વિચારનો વિરોધ કરવો, અને શુભ ચિંતવના કરવી.

પરાનુવૃત્તિમય પ્રતિરૂપ વિનય છે. અપ્રતિરૂપ વિનય કેવળજ્ઞાનીને હોય છે. અનાશાતના વિનયના બાવન ભેદ છે.

તીર્થંકર, સિદ્ધ, કુળ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય અને ગણી એ તેર પદની આશાતનાથી દૂર રહેવું. તેમની ભક્તિ કરવી, બહુ માન કરવું, તેમજ પ્રશંસા કરવી એમ ચારને તેરે ગુણતાં બાવન ભેદ થાય છે.

આવા પ્રકારનો વિનય કરવાથી આત્મા ઉચ્ચ કોટીના પગથીયા પર ચઢતો જાય છે અને હૃદયની શુદ્ધિ વધારે છે, આવો ઉત્તમ વિનય ખરેખર ધર્મનું મૂળ છે. કહ્યું છે કે:—

॥ श्लोक ॥

विणओ सासणे मूलं, विणीओ संजओभवे ॥
विणआओ विप्पमुक्करस, कओ धम्मो कओ तवो ॥ १ ॥

વિનય, સાસનમાં મૂળ જેવો છે. વિનેય, સંયત થાય છે, વિનય રહી તને ધર્મ ક્યાંથી હોય? તેમજ તપ ક્યાંથી હોય? અલબત ન હોય. વળી કહ્યું છે કે.

॥ गाथा ॥

विणयानाणं, नाणाओ दंसणं दंसणाओ चरणं तु ॥
चरणाहिंतोमुक्खो मुक्खे सुखं अणाबाहं ॥ १ ॥

વિનયથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી દર્શન પ્રાપ્ત થાય છે, દર્શનથી ચારિત્ર પ્રાપ્ત થાય છે, ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત છે અને મોક્ષ થતાં અનન્ત અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે.

જગતમાં જે વસ્તુઓ ધન સત્તાથી મળતી નથી તે વસ્તુઓ વિનયથી મળે છે. સામાન્ય કહેવત છે કે વિનય વૈરીને વશ કરે છે. વિનયથી અનેક કાર્યની સિદ્ધિ થાય છે. ગમે તેવાં કાર્ય કરવાં હોય તો તે વિનયથી

[illegible] (મલિન) [illegible]

[illegible]

॥ શ્લોક ॥

[illegible] ॥

[illegible] ॥ ૧ ॥

[illegible]

[illegible]

[illegible]

કંઈ કિંમત નથી. મનુષ્યોએ ધર્મની યોગ્યતા માટે પરોપકાર કરવાની ટેવ રાખવી. દરરોજ થોડામાં થોડો પણ પરોપકાર તો કરવો જોઇએ. સામો બદલો લેવાની બુદ્ધિ વિના નિસ્પૃહ ભાવથી પરોપકાર કરનારાઓ ઉત્તમ પરોપકારી ગણાય છે. પરોપકારી મનુષ્યો ગમે તેવા દીન થઇ જાય તોપણ તેઓ ઉત્તમ ગણાય છે. જગત્માં સ્વાર્થનો ત્યાગ કર્યા વિના પરોપકાર કરવા કોઈ સમર્થ થતું નથી. સ્વાર્થ ત્યાગીને તેમજ ધન, આયુષ્ય, જ્ઞાન વગેરેનો ભોગ આપીને કોઈ વખત પરોપકાર કરનારાઓને માથે ઉલટી ઉપાધિ આવે છે, તોપણ તેઓ અપમાન-તિરસ્કારની દરકાર રાખ્યા વિના ઉપકાર કરે છે, જેઓએ જગત્ ઉદ્ધારને માટે ઘરબાર, કુટુંબ, લક્ષ્મી, પુત્ર, સ્ત્રી તથા વૈભવ પદાર્થોનો ત્યાગ કર્યો છે અને સઘળું જીવન મનુષ્યોના ભલા માટે ધર્મોપદેશમાં અર્પણ કર્યું છે એવા મુનિ વર્ગને સદાકાળ નમસ્કાર થાઓ. જેઓ જ્ઞાનોપદેશવડે મનુષ્યોનાં માનસિક દુઃખો ટાળીને તેઓને સહજ શાંતિ જણાવે છે, અનુભવાવે છે, ધર્મબોધિ બીજ અર્પે છે એવા પરોપકારી ગુરૂને મ્હારો નમસ્કાર થાઓ. આપણા જીવનની ઉચ્ચતામાં આજ લગી અસંખ્ય ઉપકારો અન્યથી થયા છે તો આપણે અન્યોના ઉપકારોને જેવા લીધા છે તેવા યથાશક્તિ પાછા ઉપકાર વાળવા જોઇએ. મનુષ્યોની પાસે જે જે શક્તિયો છે તે ઉપકાર કરવાને માટે છે, તેથી ઉપકાર કરવાથી અન્યનું ભલું કરતાં પહેલાં પોતાનું ભલું થાય છે. ઉપકારી મનુષ્ય અન્યોને ઉપકાર કરે છે તેમાં કદાપિ અન્યોને ઉપકારનું ફળ બેસે કે ન બેસે તેનો નિશ્ચય નથી પણ ઉપકાર કરનારને તો અવસ્ય ફળ થાય છે. જ્ઞાની બનવું સહેલ છે પણ ઉપકારી બનવું મુશ્કેલ છે. ઉપકારી મનુષ્ય જગત્ જીવોને તારવા માટે સમર્થ થાય છે અને પૂજ્ય બને છે, ઉપકારી મનુષ્ય ધર્મની યોગ્યતા પામે છે. જે પરોપકાર ગુણવંત હોય છે તેજ લબ્ધલક્ષ્યગુણ પ્રાપ્ત કરી શકે છે. માટે પરોપકાર ગુણાનન્તર લબ્ધ લક્ષ્ય ગુણને કહે છે.

---

२१ एकवीसमो लब्धलक्ष्य गुण.

लखेइ लद्धलखो, सुहेण सयलंपि धम्म करणिज्जं ॥
दखखो सुसासणिज्जो, तुरियंव सुसिख्खिओ होइ ॥ २१ ॥

લબ્ધ લક્ષ્ય મનુષ્ય સુખે કરીને સઘળું ધર્મ કર્તવ્ય અવબોધી શકે છે. તે ડાહ્યો અને સુશાસનીય હોવાથી જલ્દી સુશિક્ષિત થાય છે.



श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाला. ग्रन्थाङ्क २०.

શ્રાવકધર્મ સ્વરૂપ.

દ્વિતીય ભાગ.

આવૃત્તિ બીજી.

श्रावकधर्म.

(२)

શ્રાવકના એકવીશ ગુણો ઉપર "શ્રાવકધર્મ સ્વરૂપ"ના પ્રથમ ભાગમાં વિવેચન કર્યું છે તેમ આ બીજા ભાગમાં ભાવશ્રાવકના સત્તર ગુણ વિષે ધર્મરત્ન પ્રકરણના પાઠપૂર્વક વિવેચન કર્યું છે.

ખરા શ્રાવક કોણ કહેવાય? ભાવશ્રાવક એટલે શું? એ આ ગ્રંથનો મુખ્ય વિષય છે, તેમાં નીચલી બાબતો યોગ્ય વિવેચનપૂર્વક સમાવી છે.

શ્રાવક અને સાધુ મુનિરાજોનો સંબંધ કેવો હોય છે, ઉત્તમ શ્રાવકે (માબાપ સમાન, ભ્રાતૃ સમાન, મિત્ર સમાન, શોક્ય સમાન, એ) ચાર પ્રકારમાંથી કયો પ્રકાર સેવવો જોઇએ, કયો પ્રકાર ઉપયોગી અને આદેય છે, વિરતિ અને અવિરતિ શ્રાવકનો તફાવત, શ્રાવકના ભેદ, ભાવશ્રાવક એટલે ખરા શ્રાવકનાં મુખ્ય લક્ષણો, બાર વ્રતનાં નામ, ઉપદેશ કોણ આપી શકે, વાચના માટે કેવા જીવો અયોગ્ય છે, ઉપસર્ગના પ્રકાર, ભાવશ્રાવક કેવા સ્થાને રહે, કેવો વેશ પહેરે, કેવાં વચનો વદે, કેવા ઘરમાં પ્રવેશે, કયા અકાર્યો ન કરે, સ્વાધ્યાય આદિ ક્રિયાઓ મુનિરાજો પાસે કેવી રીતે કરે, ગુરૂ પાસે કેવી રીતે બેસે, પ્રશ્નો કેવા વિનયે પુછે, ઉપજતા વિકલ્પોને કેવી રીતે શમાવે, આજીવિકા કેવી રીતે ચલાવે. ભાવશ્રાવકને મુખ્ય પાંચ પ્રકારની કઇ રૂચિ હોય, જીન વચન ઉપર કેવી પ્રીતિ હોય, સાધુ મુનિરાજો ઉપર કેવી ભક્તિ અને શ્રદ્ધા હોય, ક્રિયાગત છ લિંગો કયાં, વગેરે બાબતો આ ગ્રંથમાં આવી છે. દરેક વિષયો એવા છે કે ગ્રન્થોના ગ્રન્થો લખાય, પણ આ નાનો ગ્રન્થ હર વખત વાંચી મનન કરી શકાય તે હેતુથી આ પ્રકારે રચના કરવામાં આવી છે.

ઉપલી બીનાઓસહ ભાવશ્રાવકના સત્તરગુણો ઉપર વિવેચન આ ગ્રંથમાં છે. તે દરેક ગુણ ખરા શ્રાવકમાં હોવાજ જોઇએ એમ ધ્યાનપૂર્વક મનન કરનાર પોતેજ નિશ્ચય કરશે, તે સાથે તેવા ગુણોએ યુક્ત હોય તેવો શ્રાવક સાધુપદ ગ્રહણ કરે તો કેવું સામર્થ્ય દાખવી શકે, કેવી ઉજ્વળતા ધારી શકે, તે સહેજે સમજાય તેમ છે. ખરા શ્રાવકે સાધુ થવાની શા માટે ભાવના રાખવી જોઇએ, તે સર્વે બાબતોનો નિશ્ચય વાંચકો પોતેજ કરી શકશે, કેમકે ટુંકમાં પણ આવી દરેક બાબતો ઉપર યોગ્ય વિવેચન આ ગ્રંથમાં સમાર્યું છે. ॥ ॐ श्री शान्तिः शान्तिः शान्तिः ॥

વામાં તનમન અને ધનથી સહાય કરે છે. પરમ પ્રેમથી સાધુની ભક્તિ કરે છે. સાધુઓના દુર્ગુણો ઠેરઠેર બોલતા નથી; પણ તેઓમાં જે જે સદ્ગુણો હોય છે, તેને સર્વત્ર ફેલાવે છે. સાધુઓની કોઈ નિન્દા કરે છે, તો તેને વારે છે. સાધુઓને ચારિત્રમાં સ્થિર કરવામાં પૂર્ણ મદદ કરે છે-સાધુઓ પ્રતિ અત્યંત સ્નેહભાવ દર્શાવે છે, તેવા માતા પિતા સમાન શ્રાવકો, સાધુ વર્ગની સદાકાળ વૃદ્ધિ ઇચ્છે છે. સાધુ વર્ગની ઉન્નતિ કરવા સદાકાળ પ્રયત્ન કરે છે. સાધુ વર્ગપર કદાપિ કાળે તેવા શ્રાવકો દ્વેષ કરતા નથી. પડતા એવા સાધુને ગમે તે ઉપાયોવડે ઠેકાણે લાવે છે. કોઈ સાધુ ગુરૂની નિન્દા હેલના કરે છે, તો તેને શિક્ષા-શિખામણ આપી અટકાવે છે.

સાધુઓને વંદે છે, પૂજે છે, અને તેમની સેવા કરે છે. કેટલાક શ્રાવકો ભાઇ સમાન હોય છે-ભાઈ જેમ અત્યંત સ્નેહ રાખે છે-દુઃખમાં સહાય કરે છે-હૃદયમાં ભેદ ભાવ ધારણ કરતા નથી. તેમ સંકટ ઉપસર્ગ આવે છતે તન, મન અને ધનથી મદદ કરે છે, ગુણોના સામું જુવે છે અને દોષોને ઢાંકે છે. ભ્રાતૃ સમાન શ્રાવકો દરરોજ સાધુઓ પાસે આવે છે. ધર્મ કથાઓ સાંભળે છે. સાધુઓના દુઃખે દુઃખી થાય છે. ભ્રાતા સમાન શ્રાવકો સાધુઓના દોષોને ઢાંકે છે અને ગુણોનો સર્વત્ર ફેલાવો કરે છે. સાધુઓને સંકટ વખતમાં પ્રાણ અર્પીને પણ સહાય કરે છે, કોઇ સાધુઓના પ્રતિપક્ષીઓ સાધુની હેલના કરે છે, તો તેનું તેઓ નિવારણ કરે છે. સાધુના ઉપર પૂર્ણ પ્રેમ રાખે છે. સાધુઓની શોભા વધારવામાં અનેક યોગ્ય ઉપાયોને સેવે છે. સાધુઓનાં છતાં દૂષણોને પણ ઢાંકે છે અને તેઓ એકાન્તમાં અત્યંત પ્રેમથી યોગ્ય સલાહ આપે છે. ભ્રાતૃસમાન શ્રાવકો સાધુઓનો કદી વિશ્વાસઘાત કરતા નથી. સાધુ વર્ગની સેવામાં પોતાના પ્રાણને પણ હિસાબમાં ગણતા નથી. ભ્રાતૃસમાન શ્રાવકો, સાધુના મનમાં થતાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને પણ બનતા ઉપાયથી નિવારે છે. સાધુઓને પંચાચાર પાળવામાં ખરા જીગરથી સહાય કરે છે. ગમે તેવા સંયોગોમાં પ્રાણાંતે પણ સાધુઓના પ્રતિપક્ષી બનતા નથી, અને પ્રાણ જતાં પણ સાધુઓના છતા અગર અછતા દોષોની નિન્દા કરતા નથી. ભ્રાતૃસમાન શ્રાવકો, પૂજ્ય ગુરૂ સાધુઓની સેવા, ભક્તિ, પૂજા, બહુમાન કરવામાં કોઈ પ્રકારે ન્યૂનતા રાખતા નથી. ગુરૂઓના વિનયમાં અલ્પ આદરવાળા છતાં મુનિ ગુરૂપર અત્યન્ત સ્નેહ રાખે છે અને મુનિ ગુરૂનો કદાપિકાળે પરાભવ થવા દેતા નથી.

કેટલાક શ્રાવકો, શ્રી મુનિ ગુરૂ પ્રતિ મિત્ર ભાવની દૃષ્ટિથી વર્તે છે. મુનિ વર્ગપર તે અનન્ય દૃષ્ટિથી જુવે છે. મુનિગણુ જો કોઈ ધાર્મિક કાર્યની સ-



દૃષ્ટિથી સાધુઓમાં ગમે તે દોષો જોયા કરે છે. અમુક સાધુ તો પાખંડી છે. અમુક સાધુ તો ધૂર્ત છે, અમુક સાધુને તો વન્દન પણ ન કરવું જોઈએ, અમુક સાધુ તો ક્રિયા કરનો નથી, અમુક સાધુ તો ઉદ્ધત છે; એમ જ્યાં ત્યાં પોતાના સંબંધી મનુષ્યોની આગળ તેવા શોક્ય જેવા શ્રાવકો લવ્યા કરે છે. શોક્ય જેવા શ્રાવકો ભદ્રક સાધુઓની પાસે બેસીને આડી અવળી વાતો કરીને પછી તે સાધુની પુંઠ પાછળ ફજેતી કરે છે. સાધુ વર્ગનો નાશ થાય તેવા માર્ગોને હાથમાં ધરે છે. સાધુઓને અપમાન ભરેલા શબ્દોથી બોલાવે છે. સાધુઓના છતા વા અછતા દોષોને તે કહે છે. સાધુવર્ગ પર અરૂચિ થાય, અને પોતાનું ધાર્યું થાય તેવું ગુપ્ત તન્ત્ર રચવાને પણ ચુકતા નથી. કુળાચારથી ઉપર ઉપરથી સાધુનો વિનય કદાપિ સાચવે છે, પણ તેવા શોક્ય જેવા શ્રાવકો સાધુનું મૂળમાંથી ખોદી કાઢે છે, માટે તેવા શ્રાવકો અયોગ્ય જાણવા. ગુરૂ મહારાજે ઉપદેશેલો સત્યાર્થ જેના મનમાં તાદૃશભાવે પરિણમે તે આરીસા સમાન સુશ્રાવકો શાસ્ત્રમાં કહ્યા છે.

પવનથી ધ્વજા જેમ આડીઅવળી હાલ્યા કરે છે. પણ સ્થિર રહેતી નથી, તેની પેઠે જે શ્રાવકો અન્ય કુબુદ્ધિધારકોના ભમાવ્યાથી ભમી જાય, ઘડીમાં ગુરૂના વચનપર શ્રદ્ધાવાળો થાય, અને ઘડીમાં કોઈ ભમાવે તો ભમી જાય, અને મનમાં નાસ્તિક બની જાય, ઘડીમાં હા જી હા કરે અને ગુરૂનું કહેવું માની લે, અને ઘડીમાં કોઈ તેને ભમાવે તો તેનું કહ્યું પણ મૂર્ખ સાચું માને; પણ ગુરૂના ઉપર પૂર્ણ વિશ્વાસ ધારણ કરે નહીં. તેવા શ્રાવકો પતાકા સમાન જાણવા. એવા શ્રાવકો પ્રાયઃ મૂઢ હોય છે, પોતાની બુદ્ધિથી કાંઈ પણ સત્યનો નિશ્ચય કરતા નથી, તેવા શ્રાવકો શૂન્ય હૃદયના હોય છે. અલ્પ બુદ્ધિવાળા હોવાથી તેઓ ગમે તેવા આડે રસ્તે ચડી જાય છે, એવા મૂઢ શ્રાવકો લક્ષ્મીવંત હોય તોપણ તેઓ ધર્મ બુદ્ધિમાં ન્યૂન હોવાથી આર-રીયા પ્રવાહની પેઠે હા જી હા કરનારા હોય છે; તેવા શ્રાવકો મિથ્યાત્વીઓના પાશમાં કદાપિ ફસાઈ જાય છે. પોતાની બુદ્ધિથી તેવા શ્રાવકો સત્યતત્ત્વનો નિશ્ચય કરી શકતા નથી. પ્રાયઃ તેવા શ્રાવકો મૂઢ હોવાથી ગુરૂઓના ઉપ-દેશનો સૂક્ષ્મસાર સમજવાને માટે પણ લાયક બનતા નથી. તેવા મૂઢ શ્રાવકો પોતાનું કર્તવ્ય કર્મ સમજવાને માટે અધિકારી બની શકતા નથી. તેમજ તેવા મૂઢ શ્રાવકો—સુગુરૂ અને કુગુરૂનો ભેદ પણ સમજી શકતા નથી. તેવા મૂઢ શ્રાવકો મનની ચંચળતાના લીધે ધર્મતત્ત્વમાં સ્થિર રહેતા નથી. તેમજ ગુરૂપર પૂર્ણ શ્રદ્ધા ધારણ કરવાને માટે પણ પૂર્ણ અધિકારી બનતા નથી. મૂઢ શ્રાવકોની ધર્મ સંબંધી શ્રદ્ધા ક્યાં સુધી સ્થિર રહેશે તેનો પણ નિશ્ચય થતો નથી. તેવા મૂઢ શ્રાવકો શ્રીગુરૂના ઉપદેશના પરમાર્થને પૂર્ણપણે પરખવા

ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરવા અધિકારી બની શકતો નથી. શૌરય અને ખરંટ જેવા શ્રાવકો, પોતે પણ સમ્યકત્વ પામી શકતા નથી, અને પોતાની સોબત કરનારાઓને પણ પોતાની કુસંગતિનું ફળ આપે છે. તેવા મિથ્યાતી શ્રાવકો-કેટલાક અનિન્દક માર્ગાભિમુખ એવા મિથ્યાતીઓ કરતાં પણ બુરા જાણવા.

શ્રાવકના ગુણોવડે ભાવ શ્રાવકત્વ પ્રકટે છે. અવિરતિ શ્રાવક-શ્રીદેવ-ગુરૂ અને ધર્મની પૂર્ણ શ્રદ્ધા ધારણ કરે છે, પણ વિરતિપણું અંગીકાર કરી શકતો નથી. વિરતિ શ્રાવકનો નીચે પ્રમાણે અધિકાર છેઃ—

गाथा.

संपत्त दंसणाइ-पइदियहं जइजणा सुणेईय.
सामायारिं परमं-जो खलु तं सावयं विंति ॥ १ ॥
परलोगहियं सम्मं-जो जिणवयणं सुणेइ उवउत्तो.
अइतिव्वकम्म विगमा-उक्कोसो सावगो इत्थं ॥ २ ॥

ભાવાર્થઃ—જે સમ્યકત્વ પામી, પ્રતિ દિવસ યતિજન પાસેથી ઉત્તમ સમાચારી સાંભળે તેનેજ શ્રાવક કહે છે. તેમજ જે પરલોકમાં હિતકારી એવા જિન વચનને સમ્યગ્રીત્યા ગુરૂ પાસેથી ઉપયોગપૂર્વક સાંભળે તે અતિ તીવ્રકર્મનો નાશ થવાથી, ઉત્કૃષ્ટ શ્રાવક જાણવો.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારે શ્રાવકનું સ્વરૂપ જાણવું. કોઈપણ સચેતન વા અચેતન પદાર્થનું શ્રાવક એવું નામ પાડવું તે **નામ શ્રાવક**-પુસ્તકમાં અગર ચિત્રમાં હોય તે **સ્થાપના શ્રાવક**-જે દેવગુરૂ આદિની શ્રદ્ધાથી રહિત હોય અથવા આજીવિકાર્થે શ્રાવકનો આકાર ધારણ કરનાર હોય તે **દ્રવ્ય શ્રાવક** જાણવો. શાસ્ત્રોમાં કહેલા એવા ગુણોને જે ધારણ કરે છે-યથાશક્તિ-દેવ-ગુરૂ અને ધર્મનું ઉપયોગપૂર્વક જે આરાધન કરે છે તે **ભાવ શ્રાવક** જાણવો.

ભાવ શ્રાવકનાં લિંગ કહે છેઃ—

कयवयकम्मो[१] तहसीलवं[२]च गुणवं[३]च उज्जुववहारी[४]
गुरुसुस्सूसो[५] पवयण कुसलो[६], खलु सावगो भावे ॥ १ ॥

૧ વ્રતની ક્રણીએ બજાવનાર હોય, ૨ શીળવાન્ હોય, ૩ ગુણવાન્ હોય, ૪ ઋજુ વ્યવહારી હોય, ૫ ગુરૂની સુશ્રૂષા કરનાર હોય, ૬ અને પ્રવચનમાં કુશળ હોય. તેજ ભાવ શ્રાવક કહેવાય છે.

પૂર્વક શ્રોતાને અધિકાર તપાસ્યા વિના ઉપદેશ આપે, તેથી પોતાને તથા શ્રોતાને લાભ થઈ શકે નહીં, માટે ગીતાર્થ ગુરૂ પાસેથીજ ઉપદેશ સાંભળવો.

ઉપદેશ સાંભળ્યા બાદ અણુવ્રતના ભેદનું જ્ઞાન કરે. શ્રાવકવ્રતના ભંગનું જ્ઞાન કરે. પ્રથમવ્રત સાંભળનારને પહેલાં મહાવ્રતોનું સ્વરૂપ બતાવવામાં આવે છે ત્યાર બાદ તે ન સ્વીકારી શકે તો અણુવ્રતનું સ્વરૂપ કહેવામાં આવે છે. યતિવ્રત લેવામાં અસમર્થને સાધુએ શ્રાવકવ્રતની દેશના દેવી. શ્રાવકે વ્રતોનું ગુરૂગમપૂર્વક સૂક્ષ્મ જ્ઞાન કરવું. બારવ્રતનું સામાન્ય અને વિશેષ પ્રકારે સ્વરૂપ સમજવું. બાર વ્રતનાં નામ નીચે મુજબ જાણવાં.

१ स्थूलप्राणातिपात विरमण, २ स्थूलमृषावादविरमण, ३ स्थूल अदत्तादान विरमण, ४ स्वदार संतोष अने परस्त्रीविरमण व्रत, ५ परिग्रह परिमाण, ६ दिक् परिमाण, ७ भोगोपभोगविरमणव्रत, ८ अनर्थदण्ड विरमण व्रत, ९ सामायिक व्रत, १० देशावगाशिकव्रत, ११ पौषधोपवासव्रत, १२ अतिथि संविभागव्रत. પહેલાં પાંચ અણુવ્રત-અને છેવટનાં ચાર શિક્ષાવ્રત જાણવાં.

એ બારવ્રતનું સ્વરૂપ વર્ણવતાં ગ્રંથ ગૌરવના થાય, માટે અત્ર વિશેષતઃ સ્વરૂપ વર્ણવ્યું નથી. વિશેષ જિજ્ઞાસુએ ગુરૂ પાસેથી બારે વ્રતનું સ્વરૂપ ધારવું. એ બારવ્રતોને ગુરૂની પાસે ટુંકા વખત માટે અથવા યાવજ્જીવ પર્યંત શ્રાવક અંગીકાર કરે છે. કપટી પુરૂષને ગુરૂએ વ્રત આપવાં નહિ, કદાચ છદ્મસ્થપણાથી શઠપણું નહીં ઓળખાવાથી ગુરૂ તેને વ્રત આપે છતાં ગુરૂ તો નિર્દોષ જાણવા, કેમકે ગુરૂના પરિણામ શુદ્ધ છે. શુભ આશયથી કાર્ય કરવાથી દોષ લાગતો નથી. પરિણામ છતાં પણ ગુરૂ પાસે વ્રત લેવાથી વ્રત પાલનની દૃઢતા થાય છે. રોગ અને ઉપસર્ગો આવી પડતાં પણ શ્રાવકો ગ્રહેલ વ્રતોને બરાબર પાળે છે.

દિવ્ય, માનુષ્ય, તિર્યંચ અને આત્મસંવેદની, ઉપસર્ગો પ્રત્યેક ચાર ચાર પ્રકારના છે. ચારને ચારે ગુણતાં ઉપસર્ગના સોળ ભેદ થાય છે. હાસ્ય, પ્રદ્વેષ, ઈર્ષ્યા અને માયા એ ચાર ભેદે દિવ્ય ઉપસર્ગ જાણવા. હાસ્ય, પ્રદ્વેષ, ઈર્ષ્યા અને કુશલ પ્રતિસેવના એ ચાર ભેદે મનુષ્યના ઉપસર્ગો જાણવા. ભયથી, દ્વેષથી, ભોજનાર્થપણાથી અને બચ્ચાં તથા સ્થાનને રાખવાના હેતુથી એ ચાર પ્રકારે તિર્યંચના ઉપસર્ગો જાણવા. કામદેવની માફક અનેક પ્રકારના ઉપસર્ગો આવતાં છતાં પણ અડગ રહીને ભવ્ય શ્રાવક ગ્રહીન વ્રતોને પાળે છે.

કહેતા નથી. રાજસભામાં ખોટું બોલી કોઈને દૂષિત કરતા નથી. મન, વચન, અને કાયાની ક્રિયાઓ તે અન્યને વાંચવા માટે કરતા નથી. ધર્મની ક્રિયાઓમાં પણ છેતરવાની બુદ્ધિ ધારણ કરતા નથી. પોતાના અપરાધો જે જે થયા તે તે અપરાધોનો પ્રકાશ કરીને પાછીથી તે અપરાધોને ન કરવા માટે પ્રતિજ્ઞા કરે છે. ભાવશ્રાવકો ખરા ભાવથી નિષ્કપટ મૈત્રી ભાવને ધારણ કરે છે, સર્વ જીવોની સાથે પરમાર્થ બુદ્ધિથી મૈત્રી ભાવને ધારણ કરે છે જગતના સર્વ જીવોને પોતાના મિત્ર સમાન જાણે છે. ભાવશ્રાવકો કોઇ પણ જીવની સાથે વૈરભાવ ધારણ કરતા નથી. શ્રી શ્રીપાલરાજાની પેઠે સર્વત્ર મૈત્રી ભાવને ધારે છે. શઠતા કરીને જેઓ મિત્ર કરવા ઇચ્છે છે તેઓ પાપ કરીને ધર્મ કરવા ઇચ્છે છે, કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના સર્વ જીવોની સાથે મિત્રતા રાખતાં ચિન્તા, શોક વગેરે માનસિક પીડાઓ ઉત્પન્ન થતી નથી. નિષ્કપટ ભાવથી મૈત્રી કરનારા ભાવશ્રાવકો, રાજા, પ્રધાન વગેરે અનેક મનુષ્યોને પ્રિય થઈ પડે છે. (નિષ્કપટ ભાવથી મૈત્રી કરનારા ભાવશ્રાવકો, સર્વત્ર વિશ્વાસ કરવા યોગ્ય થાય છે.) તેઓની પરમાર્થ, મૈત્રીથી દુશ્મનો પણ તેમના દાસ જેવા બને છે અને તે સર્વત્ર પૂજનીય થઇ પડે છે, મન, વચન અને કાયાથી એમ સરલતા ધારણ કરનારા ભાવશ્રાવકો સત્ય ધર્મને આરાધી શકે છે, ગુરૂનો વિશ્વાસ તથા પ્યાર મેળવી શકે છે, ગુરૂની કૃપાના ધરભૂત તેઓ બને છે, તેઓના ઉપર તેમના પ્રસંગમાં આવેલાને અવિશ્વાસ કદી આવતો નથી. તેવા શ્રાવકોનું સર્વત્ર સર્વથા પ્રમાણિકપણું પ્રસરે છે. પોતાના આત્માનું કલ્યાણ કરે છે, અને અન્યોને પણ ઉચ્ચ પદવી પર ચઢાવી શકે છે.

---

૯. पांचमुं गुरुसेवा स्वरूप.

सेवाइ कारणेणय-संपायणभावओ गुरुजणस्स ॥
सुस्सूसणं कुणंतो-गुरु सुस्सूओ हवइ चउहा ॥ १ ॥

ગુરૂજનની સેવા વડે, અન્યોને તેમાં પ્રવર્તાવવા વડે, ઔષધાદિક આપવા વડે, તથા ચિત્તના ભાવે ગુરૂજનની સુશ્રૂષા કરતો થકો ચાર પ્રકારે ગુરૂ સેવક હોય છે.

મા બાપ વગેરે પણ ગુરૂ ગણાય છે પણ અત્ર ધર્મના પ્રસ્તાવથી આચાર્ય ઉપાધ્યાય સાધુ પ્રસ્તુત છે માટે તેમને ઉદ્દેશીનેજ ગુરૂ સેવકની વ્યાખ્યા કરવી. ગુરૂનું લક્ષણ કહે છે:-

श्लोक

धर्मेषु धर्म कर्मोप–आज्ञा धर्मप्रवर्तक
सर्वेभ्यो धर्मदातारो–गुरवो गुरु रुच्यत [illegible]

ધર્મને: અર્થ, ધર્મને [illegible] ગુરુઓને દરરોજ [illegible] ગુરુ [illegible] ... સર્વ [illegible] ગુરુઓનું [illegible] ઉત્તમ [illegible] કરવું.

શ્રાવક, શ્રીમદ્ગુરુના વૈયાવચ્ચમાં ચિત્ત નહીં લગાવતા વખતમાં [illegible] કરે છે. ગુરુની સેવાથી મોટો મેવ માને છે. ગુરુની સેવા [illegible] કરી ઘણી ખામી કરતો નથી. ગુરુની સેવા કરવાથી અનંત [illegible] કરે છે. ગુરુની સેવાથી તન મન અને ધનનો વ્યય કરે છે.

તેમજ ગુરુના ગુણનું વર્ણન કરીને અન્યોને પણ સેવામાં [illegible] ગુરુ સેવાથી જે ફળ સમજાયું હોય છે તે અન્યોને [illegible] વગેરેથી સમજાવે છે. ગુરુના ખરા ગુણો બોલીને અન્યોને ગુરુના [illegible] થાય છે. ગુરુને ઔષધ અને ભૈષજ્યનું દાન કરે છે. ગુરુને સંયમ [illegible] મદદગાર બને છે. અન્યો પાસે પણ ઔષધ ભૈષજ વગેરે ગુરુને [illegible] અન્ન, પાન અનેક જાતના ઔષધ, રજોહરણ, મુખવસ્ત્રિકા, કંબલ, વસ્ત્ર, પુસ્તક, પાત્ર, અનેક જાતના ઉપાશ્રયો, ઇત્યાદિ ધર્મના ઉપકરણો, [illegible] વગેરે જે જે ધર્મસાધન હેતુઓ હોય તેનું દાન કરે છે અને અન્યોને પણ પ્રશસ્ત વસ્તુઓનું દાન દેવામાં પ્રેરણા કરે છે. મન, [illegible] કાયાએ પ્રતિદિન મુનિઓની ઉત્તમ સેવા કરે છે, તે શ્રાવક [illegible] થાય છે. શ્રાવક સદા ગુરુનું બહુ માન રાખે છે અને [illegible] આજ્ઞાને અનુસરીને ચાલે છે.

---

૬. છઠું પ્રવચન કુશલ સ્વરૂપ.

सुत्ते अत्थे य तहा, उस्सग्गववाय भाव ववहारे ॥
जो कुसलत्तं पत्तो, पवयण कुसलो तओ छद्धा ॥ ६ ॥

[illegible]

શ્રાવક દશવૈકાલિક સૂત્રના છજ્જીવણિયા અધ્યયન સુધીનું સૂત્ર અને અર્થ થકી શ્રાવકને પણ ગ્રહણ શિક્ષા રૂપે રહેલ છે, પંચસંગ્રહ,- કર્મપ્રકૃતિ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરે. સુગુરૂની પાસે સૂત્રનો અર્થ સાંભળે.

